ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૨-૩-૨૦૨૨ શનિવાર AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૬.૪૦
પાઉન્ડ	૧૦૦.૦૦
યુરો	૮૩.૯૬
સઉદી રિયાલ	૨૦.૩૬
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૫૪,૦૮૫.૦૦
ચાંદી (૧ કિલો)	૭૦,૨૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૨૨૨ ● ૮ શાબાન હિજરી ૧૪૪૩ ● 12 MARCH- 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

૨૦૨૪ અંગે વડાપ્રધાનની ટિપ્પણી પર ચૂંટણી રણનીતિકારનો વળતો પ્રહાર

રાજ્યના પરિણામો અંગે નિવેદન 'ચતુર પ્રયાસ', 'સાહેબ' જાણે છે : પ્રશાંત કિશોર

પીએમ મોદી દ્વારા ૨૦૨૨ના પરિણામોએ ૨૦૨૪ના રિઝલ્ટ નક્કી કર્યા અંગેના નિવેદન પર લોકોને ધ્યાન નહીં આપવા પ્રશાંત કિશોરે અનુરોધ કર્યો, ૨૦૨૪માં ભારત માટેની લડાઈ લડાશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૧

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે શુક્રવારે રાજ્યોની ચૂંટણીના પરિણામોને લોકસભા ચૂંટણીઓ સાથે જોડવાના ઉન્માદને વિપક્ષ પર માનસિક રીતે હાવી થવા માટેનો 'ચતુર પ્રયાસ' ગણાવ્યો છે. વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કરતાં

તેમણે જણાવ્યું કે, ''સાહેબ આ જાણે છે'' અને લોકોને આ અભિગમમાં નહીં પડવા માટે અનુરોધ કર્યો હતો. પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી પ્રશાંત કિશોરે લખ્યું કે, ભારત માટેની લડાઈ લડાશે તે ૨૦૨૪ અંગે નિર્ણય કરશે અને આ રાજ્યોની ચૂંટણીઓ નક્કી કરશે નહીં.

પ્રશાંત કિશોરે જણાવ્યું કે, 'સાહેબ આ સારી પેઠે જાણે છે' તેથી વિપક્ષ પર માનસિક રીતે હાવી થવા માટે રાજ્યોના પરિણામ ફરતે માહોલ બનાવવા માટેનો ચતૂર પ્રયાસ કરી રહ્યા છે. ભાજપનો ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવામાં ભવ્ય વિજય અંગે ભાજપની ટિપ્પણી સામે તેમણે આ પ્રતિક્રિયા આપી હતી. ભગવો પક્ષ પંજાબમાં પોતાની હાજરી દર્શાવવામાં નિષ્ફળ રહી છે જ્યાં ભગવંત માનની આગેવાનીવાળી આમ આદમી પાર્ટીએ ભવ્ય જીત મેળવી છે. ઉત્તરપ્રદેશમાં ભાજપ અને તેના સાથી પક્ષોએ ૪૦૩માંથી ૨૫૫ બેઠકો જીતી છે. આવું ૩૭ વર્ષમાં પ્રથમવાર બન્યું છે જ્યારે પાંચ વર્ષની ટર્મ પૂરી કર્યા બાદ કોઇ પાર્ટી ફરીવાર સંપૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવી હોય. વર્ષ ૧૯૮૫માં નારાયણ દત્ત તિવારીએ રાજ્યમાં સતત બીજી ટર્મ માટે જીત મેળવી હતી. ઉત્તરાખંડમાં ભાજપે ૭૦માંથી ૪૭ બેઠકો જીતી હતી. યુપીની જેમ અહીં પણ પાર્ટી સતત બીજીવાર સંપૂર્ણ બહુમતી સાથે પ્રથમવાર સત્તામાં આવી છે. ગોવામાં ભાજપે ૪૦માંથી ૨૦ બેઠકો જીતી અને અપક્ષોનો ટેકો મેળવ્યો છે જ્યારે મણિપુરમાં સત્તાધારી ભાજપે ૬૦માંથી ૩૧ બેઠકો પર જીત મેળવી સત્તામાં આવી છે.

ભાજપે દિવસમાં સપના જોવાનું બંધ કરી દેવું જોઈએ : ટીએમસી સુપ્રીમો

પીએમ મોદીની ૨૦૨૪ની ભવિષ્યવાણી પર મમતા બેનરજીએ પ્રતિક્રિયા આપી

(એજન્સી) કોલકાતા, તા. ૧૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાજપના ચાર રાજ્યોમાં વિજયને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના લોકોના મિજાજ સાથે સરખાવતા નિવેદનને ફગાવી દીધો છે. તેમણે કહ્યું કે, ભાજપે દિવસમાં સપના જોવાનું બંધ કરી દેવું જોઈએ. મમતા બેનરજીએ ઉત્તરપ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં ભાજપની ભવ્ય જીત સામે શંકા ઉભી કરી હતી અને જણાવ્યું કે, આ લોકશાહી મતોથી નહીં પરંતુ ચૂંટણી મશીનરી અને કેન્દ્રીય દળો તથા એજન્સીઓની મદદથી મેળવેલી જીત છે. કોલકાતામાં પત્રકાર પરિષદમાં બોલતાં તેમણે કહ્યું કે, ચૂંટણી મશીનરી અને કેન્દ્રીય દળો તથા એજન્સીઓ થકી તેમણે કેટલાક રાજ્યોમાં જીત મેળવી છે અને તેઓ ઉછળકૂદ કરી રહ્યા છે.

મમતા બેનરજીએ જણાવ્યું હતુ કે, જો જિલ્લા અધિકારી ઈવીએમ મશીનો હટાવવા માટે શંકાસ્પદ હોય તો આ બહુ મોટી બાબત છે. હું માનું છું કે, અખિલેશ યાદવને હરાવાયા છે. આ લૂંટ છે. અખિલેશ યાદવને હતાશ તથા નિરાશ થવાની જરૂર નથી. તેમણે લોકો સમક્ષ જવું જોઈએ અને આને પડકારવું જોઈએ. મમતા બેનરજી સમાજવાદી પાર્ટી દ્વારા ફેલાયેલા ઈવીએમ અંગેના વીડિયો અંગે વાત કરી રહ્યા હતા. લોકોના મતો મેળવવા માટે ઉપયોગમાં લેવાયેલા આ જ મશીનો છે તેની ચકાસણી કરવા માટે ફોરેન્સિક તપાસ કરવી જોઈએ. જો ભાજપ જીત્યો છે તો તે લોકશાહી મતોથી જીત્યો નથી. આ મશીનરી જનાદેશ છે. ૨૦૨૪ની ચૂંટણીઓ અંગે તેમણે કહ્યું કે, ભાજપ સામે લડવા માગતા દરેક રાજકીય પક્ષોએ સંગઠિત થવું જોઈએ. કોંગ્રેસ પર આધાર રાખવાનો કોઈ અર્થ નથી. આ પહેલાં કોંગ્રેસ પોતાના સંગઠન દ્વારા સમગ્ર દેશ પર કબજો જમાવતી હતી પણ તેમને તેથી વધુ કોઈ બાબતમાં રસ ન હતો અને હવે તેઓ પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહ્યા છે. હવે દેશમાં અનેક પ્રાદેશિક પક્ષો છે. હવે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ અને આ અંગે ચોક્કસપણે નિર્ણય લેવો જોઈએ.

ભાજપ વિરૂદ્ધ લડવા માગતા તમામ પક્ષોએ એક મંચ પર આવવાની જરૂર

'જો કોંગ્રેસ ઈચ્છે તો...' : ભાજપ વિરૂદ્ધ ૨૦૨૪ના મોરચા અંગે મમતા બેનરજીનો સંકેત

કોંગ્રેસે પોતાની વિશ્વસનીયતા ગુમાવી છે અને હવે તેણે બધાની સાથે ચાલવા માટે વિચારવું જોઈએ : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા. ૧૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનરજીએ ૨૦૨૪ પર નજર રાખતા જો કોંગ્રેસ ઈચ્છે તો તેની સાથે ગઠબંધનના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે, ભાજપને હરાવવા માગતા તમામ પક્ષોએ સાથે ચાલવું પડશે. મમતા બેનરજીએ વધુમાં જણાવ્યું કે, જો કોંગ્રેસ ઈચ્છે તો આપણે બધા ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સાથે મળીને લઇ શકીએ છીએ. અત્યારે આક્રમક બનવાની જરૂર નથી. ભાજપ વિરૂદ્ધ લડવા માગતા તમામ પક્ષોએ સાથે ચાલવું પડશે. કોંગ્રેસે પોતાની લોકપ્રિયતા ગુમાવી છે. તેના પર આધાર રાખી શકાય નહીં. ચાર રાજ્યોમાં ભાજપના સપાટા બાદ તેની સામે લડવા માટે કોંગ્રેસ સહિતના પક્ષોને સાથે આવવાનું આહવાન તૃણમુલ કોંગ્રેસે કર્યું છે.

તાજેતરમાં સંપન્ન થયેલી ચૂંટણીઓમાં દેશની સૌથી જૂની પાર્ટીનું સૌથી ખરાબ પ્રદર્શન રહ્યું છે જેણે આકરી પ્રતિક્રિયામાં તૃણમુલ કોંગ્રેસને ભાજપની એજન્ટ તરીકે ગણાવી છે. અધીર રંજન ચૌધરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટીએમસી ભાજપની સૌથી મોટી એજન્ટ છે. જો તે ભાજપ વિરૂદ્ધ લડવા માગતી હોય તો તેણે કોંગ્રેસમાં ભળી જવું જોઈએ. ગુરૂવારે કોલકાતાના મેયર તથા ટીએમસીના સિનિયર નેતા ફીરહદ હકીમે કહ્યું હતું કે, ટીએમસીએ દેખાડ્યું છે કે, તમે કેવી રીતે ભાજપ સામે લડી શકો અને હરાવી શકો છો જે રીતે બંગાળમાં હરાવ્યો. આ સારો સમય છે કે, કોંગ્રેસે ટીએમસીમાં ભળી જવું જોઈએ અને મમતા બેનરજીની આગેવાનીમાં ચૂંટણી લડવી જોઈએ. મુખ્યમંત્રીએ કોંગ્રેસના ધબડકા વિશે બોલવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસ વિશે હું કોઇ વાત કરી રહી નથી. તેમણે ડિસેમ્બરમાં યુપીએ વિશે કહ્યું હતું કે, હવે તે ક્યાંય નથી. આ ઉપરાંત તૃણમુલના મુખપત્રમાં પણ કોંગ્રેસને નિષ્ફળ પાર્ટી ગણાવી હતી અને યુપીએનો અંત થયો હોવાનું જણાવ્યું હતું. તેણે એમ પણ લખ્યું હતું કે, કોંગ્રેસે પોતાને ફ્રીઝરમાં બંધ કરી દેવું જોઈએ. વડાપ્રધાન દ્વારા આ પરિણામોને ૨૦૨૪ની છબિ ગણાવવા અંગે તેમણે કહ્યું કે, આ અવ્યવહારિક છે.

ચીનમાં ૨ વર્ષમાં સૌથી મોટો કોરોના વિસ્ફોટ, ૯૦ લાખ લોકોની વસ્તી ધરાવતા શહેરમાં લૉકડાઉન : ૧૦ તથ્યો

(એજન્સી) તા.૧૧

૧. ચીને શુક્રવારે ૯૦ લાખની વસ્તી ધરાવતા ઉત્તરપૂર્વીય શહેર ચાંગચુનમાં લોકડાઉન લાદવાનો આદેશ આપ્યો હતો. આ ક્ષેત્રમાં કોવિડ-૧૯ના વધતા જતા કેસ વચ્ચે ચીને લોકડાઉન લાગુ કરવા માટે આ આદેશ આપ્યો છે.

૨. લોકડાઉન રહેવાસીઓએ ઘરે જ રહેવું પડશે અને સામૂહિક તપાસના ત્રણ રાઉન્ડમાંથી પસાર થવું પડશે. આ સાથે બિન-આવશ્યક વ્યવસાયો બંધ કરવામાં આવ્યા છે અને પરિવહન સ્થગિત કરવામાં આવ્યું છે.

૩. શુક્રવારે દેશભરમાં ચીનમાં લોકલ ટ્રાન્સમિશનના ૩૯૭ વધુ કેસ નોંધાયા હતા, જેમાંથી ૯૮ કેસ જિલિન પ્રાંતમાં આવ્યા છે. જિલિન શહેરમાં માત્ર બે કેસ નોંધાયા છે.

૪. જો કે આરોગ્ય અધિકારીઓએ રોગચાળા પ્રત્યે ઝીરો ટોલરેંટની નીતિના ભાગરૂપે એક અથવા વધુ કેસ ધરાવતા વિસ્તારોમાં લોકડાઉન લાદવાનો નિર્ણય લીધો છે.

૫. ચીનના આરોગ્ય આયોગે કહ્યું છે કે ચીન રેપિડ એન્ટિજેન ટેસ્ટ શરૂ કરશે કારણ કે કોવિડ ૧૯ નો પ્રકોપ ફેલાઈ રહ્યો છે.

૬. ૨૦૧૯ના અંતમાં ચીનમાં કોવિડ-૧૯નો સૌપ્રથમ કેસ મળી આવ્યો હતો, પરંતુ સરકારે તેની સીમાઓ બંધ રાખીને સ્નેપ લોકડાઉન અને માસ ટેસ્ટિંગ દ્વારા મોટાભાગે તેને નિયંત્રણમાં રાખ્યો હતો.

૭. જોકે ચીનની સેન્ટ્રલ ઇકોનોમિક પ્લાનિંગ એજન્સીએ તાજેતરમાં ચેતવણી આપી હતી કે મોટા લોકડાઉન અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે, અને એક ટોચના ચાઇનીઝ વૈજ્ઞાનિકે ગયા અઠવાડિયે કહ્યું હતું કે દેશ અન્ય દેશોની જેમ વાયરસ સાથે સહઅસ્તિત્વ મેળવવાનું લક્ષ્ય ધરાવે છે.

૮. ૨૦૨૦માં કોરોના મહામારી શરૂ થયા બાદથી ચીનમાં હવે કોરોના કેસનો આંકડો પહેલીવાર ૧૦૦૦ને પાર નીકળી ગયો છે. ત્રણ અઠવાડિયા પહેલા દરરોજ માત્ર ૧૦૦ જેટલા જ કેસો મળી રહ્યા હતા.

૯. શુક્રવારે કોરોનાના નવા કેસનો આંકડો ૧૩૬૯ને આંબી ગયો હતો. તેના કારણે શાંઘાઈ તથા અન્ય મોટા શહેરોએ ફરી લોકડાઉનનો નિર્ણય કર્યો હતો.

૧૦. શાંઘાઈએ તમામ શાળાઓને બંધ કરી દેવા અને ઓનલાઈન અભ્યાસ શરૂ કરવા નિર્દેશ આપી દીધો છે.

આગામી રાષ્ટ્રપતિ કોણ?: ચૂંટણીમાં વિજય બાદ ભાજપે શોધ શરૂ કરી

(એજન્સી) તા.૧૧

પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપનો સ્પષ્ટ દબદબો જોવા મળી રહ્યો છે. આ પરીણામોની સાથે જ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપનું પલડુ હવે ભારે થઇ ગયું છે. રાષ્ટ્રપતિની ચૂંટણી આ વર્ષે જ યોજાવા જઇ રહી છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ભાજપની સ્પષ્ટ બહુમત સાથે જ રાષ્ટ્રપતિ પદ માટે કોને પસંદ કરવા તે માટે નરેન્દ્ર મોદીને મોકળુ મેદાન મળી ગયું છે. વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ આ વર્ષે જુલાઇ મહિનામાં પુરો થવા જઇ રહ્યો છે. એવામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી પણ આ જ વર્ષે યોજાઇ જશે. જો ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર બની હોત તો ભાજપે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે પોતાના અન્ય સાથી દળો જેવા કે બીજેડી, ટીઆરએસ, વાયએસઆર કોંગ્રેસનો ટેકો લેવો પડે તેવી સ્થિતિ ઉભી થઇ શકી હોત. એવી શક્યતાઓ છે કે આ વર્ષે બે ત્રણ મહિનામાં જ રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઇ શકે છે. કોંગ્રેસ હાલ પાંચમાંથી એક પણ રાજ્યમાં આગળ નથી. પંજાબમાં તેની સરકાર હતી પણ હાલ આમ આદમી પાર્ટી મજબૂત સ્થિતિમાં

આવી ગઇ છે. સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ નિચલા સ્તર પર છે. જ્યારે આ પાંચમાંથી ચાર રાજ્યોમાં ભાજપની સ્થિતિ મજબૂત છે. એવામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પર વિધાનસભાની ચૂંટણીના આ પરીણામોની મોટી અસર જોવા મળશે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દેશના બધા જ રાજ્યોમાંથી ચૂંટાયેલા ધારાસભ્યો અને સાંસદો મતદાન કરે છે. એવામાં કોંગ્રેસે એક રાજ્ય ગુમાવી દીધુ છે જ્યારે ભાજપ હતુ તે જ સ્થિતિમાં ફરી આવી ગયું છે. હાલ લોકસભામાં એનડીએ પાસે ૬૨ ટકા અને યુપીએ પાસે ૨૦ ટકા અને અન્યોની પાસે ૧૮ ટકા બેઠકો છે. જ્યારે રાજ્યસભામાં એનડીએ પાસે ૪૯ ટકા, યુપીએ પાસે ૨૧ ટકા અને અન્યોની પાસે ૩૦ ટકા બેઠકો છે. વિધાનસભાઓની સ્થિતિ પર નજર કરીએ તો એનડીએ પાસે ૪૪ ટકા, યુપીએ પાસે ૩૦ ટકા, અન્યોની પાસે ૨૬ ટકા બેઠકો છે. તેથી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ ભાજપનું પલડુ ભારે છે. જોકે ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ફરી ભાજપની સરકાર બની રહી હોવાથી ભાજપના ધારાસભ્યોની સાથે સાથે રાજ્યસભાના સાંસદોની સંખ્યામાં પણ વધારો થશે. જેની સીધી અસર રાષ્ટ્રપતિની ચૂંટણી પર જોવા મળશે.

આપના ભગવંત માન ૧૬ માર્ચે પંજાબના સીએમ તરીકે શપથ લેશે, અમૃતસરમાં કેજરીવાલ સાથે રોડ-શો કરશે

● પંજાબ વિધાનસભા ચૂંટણીમાં એક જંગી વિજય સાથે આમ આદમી પાર્ટી (આપ)રાષ્ટ્રીય રાજકારણમાં એક વિકલ્પ તરીકે ઉભરીને સામે આવી છે, પાર્ટીએ પંજાબમાં ૯૨ બેઠકો જીતી છે અને ૧૧૭ સભ્યોની વિધાનસભામાં ત્રણ ચતુર્થાંશ બહુમતી સાથે રાજ્યમાં તેની સરકાર બનાવવા માટે તેની નજીકની હરીફ કોંગ્રેસને સમાપ્ત કરી હતી ● ભગતસિંહના જન્મસ્થળે શપથગ્રહણ સમારંભ યોજાય તેવી શકયતા

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧

આમ આદમી પાર્ટીના ભગવંત માન ૧૬ માર્ચે ભગતસિંહના પૂર્વજોના ગામ ખટકાર કાલાન ખાતે પંજાબના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. માને દિલ્હીના સીએમ અને પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને શપથ ગ્રહણ સમારોહ માટે આમંત્રણ આપ્યું છે. માન ૧૩મી માર્ચે અમૃતસરમાં કેજરીવાલ સાથે એક રોડ-શો પણ કરવાના છે. પંજાબના ચૂંટાયેલા મુખ્યમંત્રીએ રાષ્ટ્રીય પાટનગરમાં દિલ્હીના સીએમના નિવાસસ્થાને દિવસની શરૂઆતમાં તેમની મુલાકાત લીધી હતી. કોંગ્રેસ અને એસએડી-બીએસપીના જોડાણને હરાવીને ૧૧૭ બેઠકોમાંથી રેકોર્ડ ૯૨ બેઠક જીતીને પંજાબમાં આપ સત્તા પર ધસી આવી હતી. આપને ૪૨ ટકા મત મળ્યા, જે ૨૦૧૭ની ચૂંટણીની તુલનામાં ૧૮ ટકા વધારે છે. ૧૯૭૩માં સાન્ગરૂરના સાતોજ ગામમાં જન્મેલા માને તેમની કારકિર્દીની શરૂઆત એક હાસ્ય કલાકાર તરીકે કરી હતી અને ૨૦૧૨માં પંજાબ પીપલ્સ પાર્ટી સાથે જોડાઈને રાજકારણમાં ઝંપલાવ્યું હતું. ૨૦૧૨માં તેમણે લેહરાગાગા મતક્ષેત્રમાંથી ચૂંટણી લડી હતી. પણ હારી ગયા હતા. ૨૦૧૪માં તેઓ આપમાં જોડાયા હતા અને સાંગરૂર લોકસભા બેઠકમાંથી ચૂંટણી લડી હતી. મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્ની, પ્રકાશસિંહ બાદલ, સુખબીરસિંહ બાદલ, અમરિન્દરસિંહ અને નવજોત સિદ્ધુ જેવા ઘણા દિગ્ગજો આપના ઉમેદવારો સામે હાર્યા હતા. આ આપની રાજયમાં સર્વપ્રથમ જીત હતી અને ૨૦૧૭ની ચૂંટણીઓમાં તેના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો થયો હતો.

'વડાપ્રધાન મોદી અને ભાજપ દિલ્હીમાં સ્થાનિક ચૂંટણીમાં વિલંબ માટેના કારણો શોધી રહ્યા છે' : અરવિંદ કેજરીવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર રાષ્ટ્રીય રાજધાનીમાં નાગરિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવામાં વિલંબ કરવા માટે 'કારણો શોધવા'નો આરોપ મૂક્યો છે. શુક્રવાર, ૧૧ માર્ચે મીડિયા સાથે વાત કરતા કેજરીવાલે કહ્યું કે, 'હું હાથ જોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચૂંટણી થવા દેવા માટે વિનંતી કરૂં છું. સરકારો આવે છે અને જાય છે. દેશ મહત્ત્વપૂર્ણ છે રાજકીય પક્ષો નહીં. જો આપણે ચૂંટણી પંચ પર દબાણ કરીએ તો તે સંસ્થાઓને નબળી બનાવે છે. આપણે સંસ્થાઓને નબળી ન પડવા દેવી જોઈએ કારણ કે, તે લોકશાહી અને દેશને નબળું પાડે છે.'

કેજરીવાલના નિવેદનો દિલ્હી રાજ્ય ચૂંટણી પંચે કેન્દ્ર સરકારના પત્રને ટાંકીને બુધવાર, ૯ માર્ચે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવાના તેના નિર્ણય રદ કર્યા પછી આવ્યા છે. આ પત્ર, રાજ્યની ચૂંટણી સંસ્થા અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં ત્રણ નાગરિક સંસ્થાઓ - દક્ષિણ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન, ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને પૂર્વ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને એકીકૃત કરવા માટે સંસદમાં બિલ રજૂ કરવાની કેન્દ્ર સરકારની યોજના સાથે સંબંધિત છે. ચૂંટણી સંસ્થાએ કહ્યું હતું કે, તે નાગરિક સંસ્થાઓના સંભવિત એકીકરણ અંગે લેફ્ટનન્ટ ગવર્નર અનિલ બૈજલના સંદેશાવ્યવહારની તપાસ કરી રહી છે, તેથી તેણે જાહેરાતને ટાળવાનો નિર્ણય લીધો છે. જો કે, કેજરીવાલે કહ્યું છે કે, તેઓ ચૂંટણી મંડળના તર્કથી સંતુષ્ટ નથી અને તેમણે પ્રશ્ન કર્યો કે મ્યુનિસિપલ ચૂંટણીઓનું સમયસર આયોજન નાગરિક સંસ્થાઓને ક્લબ કરવાની સંભાવનાને કેવી રીતે અવરોધે છે. વર્તમાન નાગરિક સંસ્થાના સભ્યોની મુદ્દત ૧૮ મેના રોજ સમાપ્ત થાય છે અને તે પહેલા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવી જોઈએ. લોકો આ પગલાં પર સવાલ ઊઠાવી રહ્યા છે. કેન્દ્રમાં ભાજપને સાત-આઠ વર્ષ થઈ ગયા છે, તેઓએ એકીકરણ પહેલા કેમ ન કર્યું ? તેમને સુનિશ્ચિત પ્રેસ કોન્ફરન્સ બુધવારના એક કલાક પહેલા શા માટે યાદ આવ્યું કે તેઓએ ત્રણ નાગરિક સંસ્થાઓને એકીકૃત કરવાની છે? ભાજપને ખબર હતી કે દિલ્હીમાં AAPની લહેર છે અને તેઓ ચૂંટણી હારી જશે. આ પગલાં પાછળના તર્ક પર સવાલ ઊઠાવતા, તેમણે પૂછ્યું કે, જો આવતીકાલે, ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનોને એકીકૃત કરવામાં આવશે, તો તેઓ કર્મચારીઓ જરૂર મુજબ કરશે, પરંતુ આ માટે ચૂંટણી કેમ ટાળવી જોઈએ? આવતીકાલે જો ભારત સંસદીય પ્રણાલીમાંથી રાષ્ટ્રપતિ શાસન પ્રણાલીમાં જવાનું છે, તો શું ચૂંટણીઓ ટાળવામાં આવશે ? જો બે રાજ્યોને એકમાં વિલીન કરવામાં આવે તો શું ચૂંટણી સ્થગિત થશે ? આ અસંબંધિત ઘટનાઓ છે. કેજરીવાલે કહ્યું કે, રાજયના ચૂંટણી કમિશનર એસ.કે. શ્રીવાસ્તવ 'ઉપરથી' તેમના પર લાદવામાં આવેલા દબાણને વશ થયા છે. હું રાજયના ચૂંટણી કમિશનરને પણ અપીલ કરૂં છું. મહેરબાની કરીને દબાણમાં ન આવો. મને ખબર નથી કે તમે કયા દબાણ હેઠળ છો જો તે EDના દરોડા હોય અથવા CBIના દરોડા હોય અથવા આવકવેરાના દરોડા હોય અથવા બીજું કંઈક હોય અથવા તે એટલા માટે છે કારણ કે, રાજયના ચૂંટણી કમિશનર, જેઓ આ વર્ષે નિવૃત્ત થવાના છે, તેઓને નિવૃત્તિ પછી અનુકૂળ પોસ્ટિંગનું વચન આપવામાં આવ્યું હોય, પરંતુ ગમે તે હોય, સાહેબ, કૃપા કરીને દબાણ કે લોભમાં ન આવો. હિન્દુસ્તાન ટાઈમ્સ અનુસાર, ચૂંટણી સંસ્થાના એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે, ચૂંટણીઓ મુલતવી કે રદ કરવામાં આવી નથી, તેમણે ઉમેર્યું કે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા માટે પૂરતો સમય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, માત્ર જાહેરાત મુલતવી રાખવામાં આવી છે, ચૂંટણી નહીં. ઘોષણા અમુક દિવસો માટે મોકૂફ રાખવામાં આવી છે કારણ કે, અમને કેન્દ્ર તરફથી એક સંદેશાવ્યવહાર મળ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે, તે ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનોને એકીકૃત કરવાની યોજના ધરાવે છે. અમે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. અમે આ મામલે કાયદાકીય અભિપ્રાય લઈ રહ્યા છીએ. ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે તેવો સંકેત આપવો ખોટો છે. ૧૮મી મે પહેલા ચૂંટણી પૂર્ણ થઈ જવાની છે. અમારી પાસે હજુ સમય છે. ચૂંટણી પ્રક્રિયામાં સામાન્ય રીતે લગભગ ૩૦ દિવસનો સમય લાગે છે અને તેથી કોર્પોરેશનોની મુદ્દત પૂરી થાય તે પહેલાં ચૂંટણીઓ સારી રીતે હાથ ધરવા માટે કમિશન પાસે પૂરતો સમય છે. શહેરમાં ત્રણેય કોર્પોરેશનો હાલમાં ભાજપ દ્વારા શાસિત છે, જે ૨૦૧૨માં ભૂતપૂર્વ એકીકૃત મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (એમસીડી)ના વિભાજનથી નાગરિક સંસ્થાઓને નિયંત્રિત કરી રહી છે.

કેરળ બજેટ : યુક્રેનથી પાછા ફરનારા વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ૧૦ કરોડ ફાળવાયા, ૪ નવા આઈટી કોરિડોર અને સિલ્વરલાઈન પ્રોજેક્ટ માટે ૨,૦૦૦ કરોડ

(એજન્સી) તા.૧૧

કેરળના નાણામંત્રી કે.એન.બાલગોપાલે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે શુક્રવારે વિધાનસભામાં બજેટ રજૂ કર્યું. જેમાં એક નવા આઈટી પાર્ક, ચાર આઈટી કોરિડોર અને ૨૦ સેટેલાઈટ આઈટી કેન્દ્ર સ્થાપિત કરવાની જોગવાઈ કરાઈ છે. તેમણે રાજ્યની મહત્ત્વકાંક્ષી સેમી-હાઈ સ્પીડ રેલવે લાઇન પરિયોજના માટે પણ ફંડની ફાળવણી કરી હતી. નાણા મંત્રીએ આશા વ્યક્ત કરી હતી કે સેમી હાઈ-સ્પીડ રેલવે લાઈનના નિર્માણના રાજ્યના પ્રસ્તાવને કેન્દ્રે મંજૂરી આપવી પડશે. તેમણે બજેટમાં કે-રેલ કે સિલ્વર લાઈન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા માટે ૨૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી. બાલગોપાલે કહ્યું કે સિલ્વર લાઈન યોજના માટે જમીન સંપાદન કરવા ૨૦૦૦ કરોડની ફાળવણી કેરળ અવસંરચના રોકાણ બોર્ડને આપવામાં આવશે. તેમણે કહ્યું કે નવા આઈટી પાર્કની સ્થાપના કન્નૂર જિલ્લામાં કરાશે અને ત્યાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હોવાથી આશા છે કે જિલ્લામાં આ ક્ષેત્રને વૃદ્ધિમાં મદદ મળશે. ઉલ્લેખનીય છે કે વિપક્ષી દળો કોંગ્રેસ અને યુડીએફ દ્વારા સિલ્વર લાઈન પ્રોજેક્ટનો સતત વિરોધ કરવામાં આવતો રહ્યો છે. આ સાથે જ યુક્રેનથી પાછા ફરનારા વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ૧૦ કરોડ ફાળવાયા છે.

ભારતીય સેનાનું વધુ એક હેલિકોપ્ટર ક્રેશ થયું

કાશ્મીરમાં બીમાર જવાનને લઈને જતું હેલિકોપ્ટર ક્રેશ

ખરાબ હવામાનને લીધે દુર્ઘટના સર્જાયાનું અનુમાન

(એજન્સી) શ્રીનગર, તા.૧૧

વધુ એક ભારતીય સેનાનું ચિત્તા હેલિકોપ્ટર ક્રેશ થયાની ઘટના બની છે. આ વખતે ઉત્તર કાશ્મીરના અંતરિયાળ ગુરેઝ સેક્ટરમાં શુક્રવારે ઘટના બની હતી. બનાવની સત્તાવાર પુષ્ટી કરવામાં આવી છે. આ ઘટનામાં એક પાયલોટનું મોત થયાનું જાણવા મળ્યું છે જે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ સિવાય ઘટનામાં કોઈ જાનહાની થઈ છે કે નહીં તે અંગે પણ તપાસ ચાલુ છે. હવામાન ખરાબ હોવાથી રેસ્ક્યુ ઓપરેશન પણ અડચણો આવી રહી છે. જે ચોપર ક્રેશ થયું છે તેમાં બીએસએફના બીમાર જવાનોને લઈ જવામાં આવી રહ્યા હતા તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. સેનાનું હેલિકોપ્ટર ટેક ઓફ થતાની સાથે આ દુર્ઘટના બની હોવાનું જાણવા મળી રહ્યું છે. આ હેલિકોપ્ટરને લેન્ડ કરવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ ખરાબ હવામાનના કારણે તેમ થઈ શક્યું નહોતું. જે બાદ હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. આ ઘટના બનવા પાછળના કારણ અંગે ટેક્નિકલ ટીમ દ્વારા વિસ્તૃત તપાસ કર્યા બાદ સામે લાવી શકાશે. હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં જાન-માલનું નુકસાન થયું છે કે નહીં તેની વિગતો હજુ સામે આવી નથી. આ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું તે જગ્યા પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ એલઓસીની નજીક છે. હવામાન ખરાબ હોવાના કારણે રેસ્ક્યુ ટીમે ચાલીને આગળ વધવું પડી રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે બચાવ કામગીરી વધારે તેજ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

યુપીમાં ભાજપનો વિજય થયો હોવા છતાં અહીં અનેક કટ્ટર હિંદુત્વવાદી પોસ્ટર બોય હારી ગયાં

સોમ અને રાણા ૨૦૧૩માં રમખાણો ભડકાવવામાં પણ સામેલ હતા અને તેઓએ કોમવાદી ઝેર ઓકી સમાજમાં ભાગલા પાડવાનું કામ કર્યું હતું, તેના બાદ આ બંને ભાજપ ધારાસભ્યોની ધરપકડ કરાઈ હતી અને સપા સરકારે તેમને જેલમાં ધકેલી દીધા હતા, તેઓ ત્યારબાદ ૨૦૧૭માં ચૂંટાઈ આવ્યા હતા

(એજન્સી) તા.૧૧

ભાજપના નેતાઓ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશ તથા અન્ય ત્રણ રાજ્યોમાં ભાજપના વિજયને નૈતિકતાનો વિજય ગણાવી રહ્યા હોય પરંતુ હિન્દુત્વવાદના પોસ્ટર બોય તરીકે જાણીતા તેના કેટલાક કટ્ટરવાદી નેતાઓ આ યુપીની વિધાનસભા ચૂંટણીમાં પોતાના ગઢમાં જ હારી ગયા છે.

આ નેતાઓનો પરાજય પણ મહત્ત્વપૂર્ણ છે કેમ કે ભાજપ વિરૂદ્ધ ગ્રાઉન્ડ લેવલ પર અસંતોષની લાગણી સ્પષ્ટપણે જોઈ શકાય છે. કારણ કે તેના હિન્દુત્વવાદ પ્રત્યેના કટ્ટરવાદનો સતત વિરોધ થઈ જ રહ્યો છે. મુજફ્ફરનગરના રમખાણોમાં સંગીત સોમ અને સુરેશ રાણા સામેલ હતા. આ બંને નેતાઓએ પોતાની સીટ ગુમાવી દીધી છે. રાણા વર્તમાનમાં યોગી સરકારમાં કેબિનેટ મંત્રી હતા. તેણે આ વખતે શામલીમાં થાણા ભવન ખાતેથી ચૂંટણી લડી હતી. જ્યારે સોમ ભાજપનો ફાયરબ્રાન્ડ નેતા છે અને તેને સમાજવાદી પાર્ટીના અતુલ પ્રધાને પરાજય આપ્યો હતો. તે મેરઠની સરદાણા સીટ પરથી લડ્યો હતો. જ્યારે રાષ્ટ્રીય લોકદળના નેતા રાજપાલ સિંહ બાલયાને ભાજપના ઉમેશ મલિકને જોરદાર પરાજય આપ્યો હતો. ઉમેશ મલિક ઉપર પણ મુજફ્ફરનગર રમખાણોમાં સામેલ હોવાનો આરોપ હતો. તેને બુધાના સીટ પરથી ૮૪૪૪ વોટથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. સોમ અને રાણા ૨૦૧૩માં રમખાણો ભડકાવવામાં પણ સામેલ હતા અને તેઓએ કોમવાદી ઝેર ઓકી સમાજમાં ભાગલા પાડવાનું કામ કર્યું હતું. તેના બાદ આ બંને ભાજપ ધારાસભ્યોની ધરપકડ કરાઈ હતી અને સપા સરકારે તેમને જેલમાં ધકેલી દીધા હતા. તેઓ ત્યારબાદ ૨૦૧૭માં ચૂંટાઈ આવ્યા હતા.

મોબાઈલ રિપેર શોપના માલિક આપ નેતા લાભસિંહ ઉગોકને મળો જેમણે કોંગ્રેસના મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્નીને પરાજય આપ્યો

(એજન્સી) તા.૧૧

પંજાબ વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. પંજાબમાં કોંગ્રેસ આટલી ખરાબ રીતે પાછળ રહી જશે તેની કોઈએ કલ્પના પણ નહોતી કરી. કોંગ્રેસની ૧૧૭ બેઠકો પર યોજાયેલી વિધાનસભાની ચૂંટણી માટે હજુ રિઝલ્ટ આવી રહ્યું છે, પરંતુ પરિણામોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. પંજાબમાં આ વખતે આમ આદમી પાર્ટીએ શાનદાર પ્રદર્શન કર્યું છે અને બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહી છે. આ ચૂંટણીમાં સીએમ ચન્ની પણ પોતાની સીટ હારી ગયા છે. નવાઈની વાત એ છે કે, સીએમ ચન્નીનો મોબાઈલ મિકેનિક દ્વારા પરાજય થયો હતો. આવો અમે તમને આ મોબાઈલ મિકેનિકની કહાની વિશે જણાવીએ. પંજાબના મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્ની બરનાલા જિલ્લાની ભદૌર બેઠક પરથી આમ આદમી પાર્ટી (AAP)ના ઉમેદવાર લાભસિંહ ઉગોકે સામે હારી ગયા. પ્રથમ વખત ચૂંટણી લડી રહેલા ઉગોકે ચન્નીને ૩૭,૫૫૮ મતોથી હરાવ્યા હતા. ચન્ની માટે સૌથી ખરાબ વાત એ છે કે, તે રૂપનગર જિલ્લાની ચમકૌર સાહિબ બેઠક પરથી પણ હારી ગયા છે તેઓ આ બેઠકનું પ્રતિનિધિત્વ કરતા હતા. જેની ચૂંટણી પહેલા કોઈને ખબર નહોતી એ જ લાભસિંહની આજે આખા દેશમાં ચર્ચા થઈ રહી છે. લાભસિંહની માતા સરકારી શાળામાં સફાઈ કામદાર છે અને તેના પિતા ખેતરોમાં મજૂરી કરે છે. લાભસિંહ માત્ર ૨ રૂમના ઘરમાં રહે છે અને આ વખતે તેમણે સીએમ ચન્ની સામે પહેલી ચૂંટણી લડીને ઈતિહાસ રચ્યો છે, તે ગામડાઓમાં પ્રચાર કરવા મોટરસાઈકલ કે જાહેર બસ દ્વારા ગામડે ગામડે ફરતો હતો. લાભસિંહ વિશે તમને જણાવી દઈએ કે તેઓ થોડા વર્ષો માટે જ રાજકારણમાં સક્રિય થયા અને આટલી મોટી જીત હાંસલ કરી. ધારાસભ્ય પહેલા તેઓ પ્રભારી અને પછી બ્લોક ચીફ બન્યા. આ પછી તેમને સર્કલ ચીફ બનાવવામાં આવ્યા હતા. તેમના ચૂંટણી એફિડેવિટ (૨૦૧૪ એફિડેવિટ)માં હીરો હોન્ડા મોટરસાઈકલનો ઉલ્લેખ છે. લાભસિંહના અભ્યાસની વાત કરીએ તો તે ૧૨મું પાસ છે. આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ લાભસિંહના વખાણ કરતા રોકી શક્યા નથી. તેણે કહ્યું, 'ભદૌરથી ચરણજીતસિંહ ચન્નીજીને હરાવનાર લાભસિંહ મોબાઈલ ફોન રિપેરિંગની દુકાનમાં કામ કરે છે. એક સામાન્ય કાર્યકર જીવનજ્યોત કૌરે સિદ્ધુજી અને મજીઠિયા બંનેને હરાવ્યા, અમે ૭૫ વર્ષ વેડફયા અને હવે સમય બગાડો નહીં. કેજરીવાલે કહ્યું, 'લોકોએ મોટી આશાઓ ઊભી કરી છે, આપણે તેમને તૂટવા ન દઈએ. હું કાર્યકરોને કહેવા માંગું છું કે અમારે અપશબ્દોનો જવાબ અપશબ્દોથી આપવાનો નથી. આપણે દેશની રાજનીતિ બદલવી પડશે. આપણે પ્રેમની રાજનીતિ કરવી છે, સેવાની રાજનીતિ કરવી છે.

યુપીમાં ભાજપને મદદ કરવા બદલ ઓવૈસી, માયાવતીને એવોર્ડ મળવા જોઈએ : સંજય રાઉત

માયાવતી, ઓવૈસી માટે પદ્મભૂષણ અને ભારત રત્ન એનાયત કરવા જોઈએ : યુપી મુદ્દે શિવસેનાનો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧

ઉત્તરપ્રદેશમાં ભાજપના રેકોર્ડ વિજયના એક દિવસ પછી, શિવસેનાના નેતા અને સાંસદ સંજય રાઉતે બહુજન સમાજ પાર્ટી (બસપા)ના નેતા માયાવતી અને ઓલ ઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પર એમ કહીને પ્રહાર કર્યો હતો કે, ભાજપના વિજયમાં તેમના યોગદાન બદલ તે બંનેને પદ્મવિભુષણ અથવા ભારત રત્ન એનાયત કરવો જોઈએ. સમાચાર એજન્સી એએનઆઈ દ્વારા સંજય રાઉતને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. યુપી તેમનું જ રાજય છે, અખિલેશ યાદવની બેઠકોમાં ત્રણ ગણો વધારો થયો છે, ૪૨ બેઠકોથી ૧૨૫થી વધુ બેઠકો તેમને મળી છે. માયાવતી અને ઓવૈસીએ ભાજપની જીતમાં યોગદાન આપ્યું છે. તેથી તેમને પદ્મ વિભૂષણ, ભારત રત્ન આપવા જોઈએ. રાઉતે ઉલ્લેખ કર્યો હતો કે ચાર રાજ્યોમાં ભાજપની જીત થઈ હોવા છતાં ઉત્તરાખંડમાં તેના મુખ્યમંત્રી હારી ગયા હતા, તેમજ ગોવામાં બે ઉપમુખ્યમંત્રીઓએ હારનો સામનો કર્યો હતો. અને પંજાબમાં પાર્ટીને સમગ્ર રીતે અસ્વીકારાઈ હતી. સેનાના સાંસદે કહ્યું હતું કે પી.એમ., ગૃહમંત્રી, સંરક્ષણ મંત્રી, તે બધાએ પંજાબમાં જબરજસ્ત પ્રચાર કર્યો હતો, તો પછી પંજાબમાં તમે હારી કેમ ગયા ? યુપી અને ઉત્તરાખંડ તો પહેલાથી જ તમારા છે જે સારી વાત છે. પરંતુ પંજાબમાં તમે કોંગ્રેસ અને શિવસેનાએ યુપીમાં ગુમાવ્યું છે તેવી તુલનામાં ઘણુ બધુ ગુમાવી દીધુ છે. વિપક્ષોમાં ઘણા લોકો દ્વારા સપા અને એઆઈએમઆઈએમને ભાજપની બી ટીમ હોવાનો આરોપ લગાવાયો છે. જેઓ એટલે ચૂંટણી લડે છે. જેથી ભાજપ વિરોધી મતો વિભાજિત થઈ જાય બંને પાર્ટીઓએ વારંવાર આ આક્ષેપોને ફગાવ્યા હતા.

સમાજવાદી પાર્ટી સત્તામાં ફરશે તો 'જંગલરાજ'ના ડરથી BSP સમર્થકોએ ભાજપને મત આપ્યો : માયાવતી

(એજન્સી) લખનૌ, તા.૧૧

બીએસપી વડા માયાવતીએ શુક્રવારે મુસ્લિમોને તેમની બહુજન સમાજ પાર્ટીમાંથી દૂર કરવા માટે "જાતિવાદી મીડિયા" પર દોષારોપણ કર્યું હતું અને કહ્યું હતું કે જો સમાજવાદી પાર્ટી સત્તામાં આવશે તો 'જંગલરાજ'ના ડરથી તેના અન્ય સમર્થકો ભાજપ તરફ વળશે. વર્તમાન ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં માત્ર એક જ બેઠક જીતવાની તેની અત્યાર સુધીની સૌથી નીચી સંખ્યા પર ઉતરતા, માયાવતીએ કહ્યું કે તે મીડિયાના આક્રમક પ્રચારમાં BSPને "ભાજપની બી ટીમ" તરીકે દર્શાવી જેણે મુસ્લિમો અને ભાજપ વિરોધી મતદારો તેનાથી દૂર કર્યા. મુસ્લિમોના આ નિર્ણયથી બીએસપીને નુકસાન થયું કારણ કે ઉચ્ચ જાતિ, પછાત અને અન્ય સમુદાયોમાંના પક્ષના સમર્થકોને ડર હતો કે જો એસપી સત્તા પર ચૂંટાશે તો યુપીમાં 'જંગલ રાજ' ફરી પાછું આવશે. તેથી જ આ સમુદાયો ભાજપમાં ગયા, "માયાવતીએ કહ્યું- બસપા ચૂંટણી લડી રહી છે SP જેટલી મજબૂત નથી એવા જુઠ્ઠાણુંનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવ્યો હતો, જ્યારે સત્ય તેનાથી વિપરિત છે કારણ કે BSPની ભાજપ સાથેની લડાઈ રાજકીય તેમજ વૈચારિક પણ છે," તેણીએ ઉમેર્યું, આનાથી તેમની પાર્ટીમાંથી ભાજપ વિરોધી હિન્દુ મતો પણ છીનવાઈ ગયા. માયાવતીએ એમ પણ કહ્યું કે મુસ્લિમ સમુદાયે "સમય-પરીક્ષણ" બીએસપીને બદલે એસપી પર વિશ્વાસ કરીને "ભૂલ" કરી છે. માયાવતીની આગેવાની હેઠળની પાર્ટીએ તમામ ૪૦૩ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડી હતી પરંતુ મહારાજગંજમાં માત્ર એક-રસરા જીતવામાં સફળ રહી હતી. જો ઉત્તરપ્રદેશમાં ત્રિકોણીય મુકાબલો થયો હોત તો પરિણામ BSPની અપેક્ષા મુજબ જ આવ્યા હોત અને ભાજપને સત્તામાં આવતા અટકાવી શકાયું હોત. કુલ મળીને, મુસ્લિમ સમુદાય BSP સાથે હતો પરંતુ તેનો મત સપાને ગયો,"તેણીએ કહ્યું- માયાવતીએ તેમની પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને પરિણામોથી ભયભીત ન થવા પરંતુ હારમાંથી શીખવા અને પક્ષને આગળ વધારવા અપીલ કરી. BSPએ ૨૦૨૨ની ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ૯૭ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા જ્યારે SPએ લઘુમતી સમુદાયમાંથી ૬૪ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

ઉત્તરપ્રદેશમાં ભાજપની ભારે જીત કેન્દ્રીય દળો અને એજન્સીઓથી થઇ

"મશીનરી જનાદેશ, લોકોના મતોથી નહીં" : મમતા બેનરજી

અખિલેશ હાર્યા નથી પણ તેમને કેન્દ્રીય શક્તિઓ દ્વારા હરાવાયા છે, સમાજવાદી પાર્ટી દ્વારા ઈવીએમ અંગે ફેલાવાયેલા કેટલાક વીડિયો અંગે તપાસ થવી જોઈએ, અખિલેશે હતાશ થવાની જરૂર નથી, હવે ભાજપ વિરોધી પક્ષોએ કોંગ્રેસ પર આધાર રાખવો જોઈએ નહીં, ભાજપ સામે તમામ પક્ષોએ એક મંચ પર આવવાની જરૂર : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા. ૧૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શુક્રવારે ઉત્તરપ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં ભાજપની ભવ્ય જીત સામે શંકા ઉભી કરી હતી અને જણાવ્યું કે, આ લોકશાહી મતોથી નહીં પરંતુ ચૂંટણી મશીનરી અને કેન્દ્રીય દળો તથા એજન્સીઓની મદદથી મેળવેલી જીત છે. કોલકાતામાં પત્રકાર પરિષદમાં બોલતાં તેમણે કહ્યું કે, ચૂંટણી મશીનરી અને કેન્દ્રીય દળો તથા એજન્સીઓ થકી તેમણે કેટલાક રાજ્યોમાં જીત મેળવી છે અને તેઓ ઉછળકૂદ કરી રહ્યા છે. તેઓ કીટલી ડ્રમ વગાડે છે પણ સંગીત વગાડી શકતા નથી. સંગીત માટે તમને હાર્મોનિયમની જરૂર છે. મમતા બેનરજીએ સાથે જ કહ્યું કે, ૨૦૨૪માં કોંગ્રેસ પર ગણતરી રાખવાનો કોઈ અર્થ નથી. રાજ્યોની ચૂંટણીઓના પરિણામોના એક દિવસ પછી વિરોધ પક્ષોના સંયુક્ત ગઠબંધન માટે મંચને પુનર્જિવિત કરવાથી કેન્દ્રમાં સત્તાને જંગી પ્રોત્સાહન મળ્યું છે. મમતા બેનરજીએ જણાવ્યું હતુ કે, જો જિલ્લા અધિકારી ઈવીએમ મશીનો હટાવવા માટે શંકાસ્પદ હોય તો આ બહુ મોટી બાબત છે. હું માનું છું કે, અખિલેશ યાદવને હરાવાયા છે. આ લૂંટ છે. અખિલેશ યાદવને હતાશ તથા નિરાશ થવાની જરૂર નથી. તેમણે લોકો સમક્ષ જવું જોઈએ અને આને પડકારવું જોઈએ. મમતા બેનરજી સમાજવાદી પાર્ટી દ્વારા ફેલાયેલા ઈવીએમ અંગેના વીડિયો અંગે વાત કરી રહ્યા હતા. લોકોના મતો મેળવવા માટે ઉપયોગમાં લેવાયેલા આ જ મશીનો છે તેની ચકાસણી કરવા માટે ફોરેન્સિક તપાસ કરવી જોઈએ. જો ભાજપ જીત્યો છે તો તે લોકશાહી મતોથી જીત્યો નથી. આ મશીનરી જનાદેશ છે. ૨૦૨૪ની ચૂંટણીઓ અંગે તેમણે કહ્યું કે, ભાજપ સામે લડવા માગતા દરેક રાજકીય પક્ષોએ સંગઠિત થવું જોઈએ. કોંગ્રેસ પર આધાર રાખવાનો કોઈ અર્થ નથી. આ પહેલાં કોંગ્રેસ પોતાના સંગઠન દ્વારા સમગ્ર દેશ પર કબજો જમાવતી હતી પણ તેમને તેથી વધુ કોઈ બાબતમાં રસ ન હતો અને હવે તેઓ પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહ્યા છે. હવે દેશમાં અનેક પ્રાદેશિક પક્ષો છે. હવે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ અને આ અંગે ચોક્કસપણે નિર્ણય લેવો જોઈએ. તેમણે ભાજપના ચાર રાજ્યોમાં વિજયને ૨૦૨૪ની સેમીફાઈનલ ગણાવવાની વાતને પણ ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે, ભાજપે દિવસમાં સપના જોવાનું છોડી દેવું જોઈએ.

પાંચ રાજ્યોમાં પરાજય કોંગ્રેસ માટે મંથનનો સમય

ચૂંટણી હાર્યા, હિંમત નથી હાર્યા : રણદીપ સૂરજેવાલા

અમે ક્યાંય નથી જઈ રહ્યા, જ્યાં સુધી વિજય ન મળે અને તે જીત જનતાની જીત ન હોય ત્યાં સુધી અમે લડતા રહીશું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

તાજેતરમાં યોજાયેલી ૫ રાજ્યોની ચૂંટણીમાં મળેલી હાર મામલે કોંગ્રેસે જણાવ્યું કે, અમે ચૂંટણી પરિણામોથી નિરાશ જરૂર થયા છીએ પરંતુ હતાશ નથી થયા. અમે ફક્ત ચૂંટણી હાર્યા છીએ, હિંમત નથી હાર્યા. મહાસચિવ રણદીપ સુરજેવાલાએ જણાવ્યું કે, અમે ક્યાંય નથી જઈ રહ્યા, જ્યાં સુધી વિજય ન મળે અને તે જીત જનતાની જીત ન હોય ત્યાં સુધી અમે લડતા રહીશું. અમે નવા ફેરફાર અને નવી રણનીતિ સાથે પાછા આવીશું. અમારૂં માનવું છે કે, જનતાના વિવેક, નિર્ણય પર કદી સવાલ ન કરી શકાય. વધુમાં કહ્યું કે, અમને ઉત્તરાખંડ, ગોવા અને પંજાબમાં વધુ સારા પરિણામોની અપેક્ષા હતી. કોંગ્રેસે સ્વીકાર્યું કે, કેપ્ટન અમરિંદર સિંહની ૪.૫ વર્ષની સત્તાવિરોધી લહેરમાંથી બહાર ન નીકળી શકાયું. જનતાએ પરિવર્તન માટે મતદાન કર્યું. સુરજેવાલાએ ભગવંત માન અને અરવિંદ કેજરીવાલને પણ શુભેચ્છાઓ પાઠવી હતી. સુરજેવાલાએ સ્વીકાર્યું કે, યુપીમાં તેઓ કોંગ્રેસને જમીની સ્તરે પુનર્જીવીત કરવામાં તો સફળ રહ્યા પરંતુ જનમતને બેઠકોમાં ન ફેરવી શક્યા. ગોવા અને ઉત્તરાખંડમાં ખૂબ સારી રીતે લડ્યા પરંતુ લોકોના મન ન જીતી શક્યા. તેમના મતે ભાવનાત્મક મુદ્દાઓ લોકોના જીવન સાથે સંકળાયેલા મુદ્દાઓ પર ક્યાંકને ક્યાંક હાવી થઈ ગયા. ૫ રાજ્યોમાં મળેલી હાર અંગે સમીક્ષા કરવા માટે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી જલ્દી જ CWCની બેઠક બોલાવશે. પાર્ટી હારના કારણો પર ગહન દૃષ્ટિથી આત્મમંથન અને આત્મચિંતન કરશે. બેઠકમાં એક વ્યાપક અંતર મંથન કરવામાં આવશે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, જનાદેશનો વિનમ્રતાપૂર્વક સ્વીકાર કરીએ છીએ. જે લોકો જીત્યા છે તેમને શુભેચ્છાઓ. તમામ કોંગ્રેસી કાર્યકરો અને સ્વયંસેવકોને તેમની આકરી મહેનત અને સમર્પણ માટે શુભેચ્છા. અમે આમાંથી સબક લઈશું અને ભારતના લોકોના હિતમાં કામ કરતા રહીશું.

શિલ્પા શેટ્ટી કાનૂની કેસમાં ફસાઈ, છેતરપિંડીનો આરોપ

(એજન્સી) તા.૧૧

એક જાણીતા મીડિયાના અહેવાલ અનુસાર અભિનેત્રી શિલ્પા શેટ્ટી કુન્દ્રા અંધેરીમાં એક મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટના માધ્યમથી તેમના પરિવાર વિરૂદ્ધ છેતરપિંડીના એક કેસમાં પ્રોસેસ જારી કરાયા બાદ કાનૂની સંકટમાં ફસાઈ હતી.

એક ઓટોમોબાઈલ ડીલરે ફરિયાદ કરી હતી. તેણે દાવો કર્યો હતો કે, શેટ્ટી પરિવાર દ્વારા ચલાવવામાં આવતી કંપનીએ તેમનાથી ૨૧ લાખ રૂપિયાની લોન લીધી હતી. તેઓએ ત્યારબાદ આ રકમ ચૂકવવાનો ઈનકાર કરી દીધો હતો. જો કે ઓટોમોબાઈલ ડીલરના આવા દાવા બાદ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, તેની બહેન સમિતા શેટ્ટી અને તેની માતા સુનંદાએ ડિંડોશી સેશન કોર્ટમાં આ અરજીને પડકારી હતી. જેમાં તેઓને કોર્ટમાં હાજર થવાનો આદેશ કરાયો હતો.

માર્વિન ઓટોમોટિવ કંપનીઓ પ્રોપરાઈટર પ્રહાદ અમરાએ કહ્યું કે, શિલ્પાના પિતા સુરેન્દ્ર શેટ્ટીએ તેમની પાસેથી ૨૦૧૫માં લોન લીધી હતી. તેમના નિધન બાદ ૨૦૧૬માં તેમના પરિવારે આ લોનની રકમ ચૂકવવાનો જ ઈન્કાર કરી દીધો હતો. શેટ્ટીના પરિવાર દ્વારા દાખલ અરજી પર સુનાવણી હાથ ધરતાં એડિશનલ સેશન જજ એ.ઝેડ.ખાને ડીલરને નોટિસ જારી કરી હતી અને આગામી સોમવારે આ મામલે સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ સતત જારી

રશિયન સેનાના અધિકારીને મારી નાંખ્યાનો યુક્રેનનો દાવો

આ પહેલાં રશિયન સેનાના મેજર જનરલ ગેરાસિમોવ, એન્ડ્રી સુખોવેત્સ્કીને મારી નાંખવાનો દાવો કરાયો હતો

(એજન્સી) કીવ, તા.૧૧

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા જંગમાં યુક્રેન રશિયન આર્મીના મોટા અધિકારીને મારી નાંખવાનો દાવો કર્યો છે. યુક્રેનનુ કહેવુ છે કે, રશિયન ફોર્સ હેડક્વાર્ટરના ડેપ્યુટી ચીફ મેજર એન્ડ્રી બુરલાકોવને ખારસનમાં મારી નાંખવામાં આવ્યા છે.તે રેજિમેન્ટ ચીફ ઓફ સ્ટાફ પણ હતા.યુધ્ધ માટે તેમને મોટી જવાબદારીઓ સોંપાઈ હતી. યુક્રેનના દાવા પ્રમાણે આ જંગમાં રશિયન આર્મીના ત્રીજા મોટા ઓફિસરનુ મોત થયુ છે.આ પહેલા રશિયન સેનાના મેજર જનરલ વિતારી ગેરાસિમોવ, રશિયાના મેજર જનરલ એન્ડ્રી સુખોવેત્સ્કીને મારી નાંખવાનો દાવો પણ યુક્રેન કરી ચુકયુ છે. દરમિયાન આ યુધ્ધ ૧૬મા દિવસમાં પ્રવેશી ચુકયુ છે.જોકે હજી સુધી યુક્રેનની રાજધાની કીવ રશિયાના હાથમાં આવી નથી.યુક્રેનના બીજા શહેરો પર રશિયાનો ભીષણ બોમ્બમારો ચાલુ જ છે.રશિયન સેનાએ કીવને ત્રણ તરફથી ઘેરીને રાખ્યુ છે. જયારે યુક્રેનની ઉત્તરમાં આવેલા ઈરપિન, પૂર્વમાં બ્રોવરી અને મારિયુપોલ શહેર પર રશિયા બોમ્બ અને મિસાઈલ વડે સતત હુમલા કરી રહ્યુ ચે.મારિયુપોલ શહેર પર તો દર અડધા કલાકે રશિયા બોમ્બ વરસાવી રહ્યુ છે. દરમિયાન અમેરિકાની એક ખાનગી કંપનીએ દાવો કર્યો છે કે, રશિયન સેનાનો ૬૦ કિમી લાંબો કાફલો હવે વિખેરાઈને ચારે તરફ ફેલાઈ ગયો છે.આ કાફલો કીવ પાસે છેલ્લા કેટલાક દિવસથી જોવા મળી રહ્યો હતો.

ભારતીય રેલવેએ લિનન, બ્લેન્કેટ, પરદાની જોગવાઈ પરના પ્રતિબંધ પાછા ખેંચ્યા

(એજન્સી) તા.૧૧

રેલવે મુસાફરો માટે સારા સમાચાર છે. હવે તેમને એસી કોચમાં ટ્રેનની મુસાફરી દરમિયાન ધાબળા, બેડશીટ લઈ જવાની જરૂર નહીં પડે. ભારતીય રેલવેએ ટ્રેનની અંદર લિનન, ધાબળા અને પડદાની જોગવાઈ પરનો પ્રતિબંધ પાછો ખેંચવાની જાહેરાત કરી છે. રેલવે દ્વારા ટ્રેનોના એસી કોચમાં ધાબળા અને લિનન (પથારી માટે ઉપલબ્ધ ચાદર) આપવાની સેવા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવેએ કહ્યું છે કે, સામાન્ય જનતાની માહિતી માટે તે સૂચિત કરવામાં આવે છે કે, રેલવેએ તાત્કાલિક અસરથી ટ્રેનની અંદર લિનન, ધાબળા અને પડદાના સપ્લાયને લગતા પ્રતિબંધો પાછા ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે અને તેને કોવિડ પહેલાના સમયગાળા દરમિયાન જ આપવામાં આવશે. રેલવે દ્વારા આપવામાં આવતી આ સુવિધા કોવિડને કારણે વર્ષ ૨૦૨૦માં બંધ કરવામાં આવી હતી. રેલવે બોર્ડ દ્વારા તમામ રેલવે ઝોનના જનરલ મેનેજરોને આપવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે એસી કોચની અંદર લિનન, ધાબળા અને પડદાનો સપ્લાય તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવે. તમને જણાવી દઈએ કે, કોરોનાને કારણે રેલવે દ્વારા બેડરોલ, ધાબળા વગેરેની વ્યવસ્થા પર લગભગ ૨ વર્ષ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, આ સમય દરમિયાન, રેલવે દ્વારા તે મુસાફરોને બેડરોલ કીટ આપવામાં આવી રહી હતી જેઓ ખરીદવા માંગતા હતા.

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS

સમાજવાદી પાર્ટીએ બતાવી દીધું છે કે ભાજપનું સંખ્યાબળ ઘટી શકે છે : અખિલેશ યાદવ

(એજન્સી) લખનૌ, તા.૧૧

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો ૧૦ માર્ચના રોજ જાહેર થયા બાદ પ્રથમ વખત બોલતા, સમાજવાદી પાર્ટી (SP)ના અધ્યક્ષ અખિલેશ યાદવે મતદારોનો આભાર માન્યો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટીએ બતાવી દીધું છે કે ભારતીય જનતા પાર્ટી (BJP)ની સંખ્યા ઘટાડી શકાય છે. ભાજપે ૨૫૫ બેઠકો જીતી હતી અને તેના સાથી પક્ષો, અપના દળ અને નિષાદ પાર્ટી સાથે તેની સંખ્યા ૨૭૩ થઈ છે જ્યારે સપાએ ૧૧૧ બેઠકો જીતી છે, જે તેના ૨૦૧૭ના ૪૭ના સ્કોરથી છલાંગ લગાવી છે. સપાનું રાષ્ટ્રીય લોકદળ (૮) સાથે જોડાણ અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (૬) હવે ૧૨૫ પર છે. એસપીની પોતાની સંખ્યા અઢી ગણી અને

મતની ટકાવારી દોઢ ગણી વધારવા બદલ મતદારોનો આભાર માનતા, યાદવે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, "તેમણે બતાવ્યું છે કે ભાજપની સીટો ઓછી થઈ શકે છે. ભાજપનો આ ઘટાડો અવિરત ચાલુ રહેશે. અડધાથી વધુ મૂંઝવણ અને ભ્રમણા દૂર થઈ ગઈ છે અને બાકી મૂંઝવણ થોડા દિવસોમાં દૂર થશે. જનહિત માટેના સંઘર્ષની જીત થશે.સપાએ એવો આરોપ મૂક્યો છે કે એમનો સાચો જનાદેશ ચોરી કરવા માટે EVM હેક કરવામાં આવ્યા હતા. ૧૦ માર્ચે મોડી સાંજ સુધી તેઓ તેમના સલાહકારો સાથે બંધ રહ્યા હતા. તેઓ ૧૧ માર્ચે મીડિયાને સંબોધિત કરીને પરિણામો અંગે વિસ્તૃત નિવેદન આપે તેવી અપેક્ષા છે. યાદવ લોકસભાના સાંસદ છે અને આ ચૂંટણીઓમાં કરહાલ વિધાનસભા મતવિસ્તારમાંથી જીત્યા છે, તેમણે હવે લોકસભા બેઠક અને વિધાનસભા બેઠક વચ્ચે પસંદગી કરવાની રહેશે.

'તમે જેવું વાવો છો તેવું લણો છો' : પંજાબના ચૂંટણી પરિણામો પર કોંગ્રેસના નેતા નવજોત સિદ્ધુની પ્રતિક્રિયા

'પંજાબે એક ઉત્કૃષ્ટ નિર્ણય લીધો': આપના વિજય અંગે પંજાબ કોંગ્રેસ પ્રમુખની ટિપ્પણી

(એજન્સી) ચંદીગઢ, તા. ૧૧

આમ આદમી પાર્ટી સામે કોંગ્રેસના કારમા પરાજય બાદ પ્રથમવાર મીડિયા સમક્ષ બોલતાં પંજાબ કોંગ્રેસના પ્રમુખ નવજોત સિદ્ધુએ કહ્યું કે, તમે જેવું વાવો છો, તેવું લણો છો. આ પરિવર્તનની રાજનીતિ છે. તેમણે પત્રકારો સમક્ષ જણાવ્યું કે, હું એક નવી સિસ્ટમને લાવવાના ઉત્તમ નિર્ણય બદલ પંજાબના લોકોને અભિનંદન આપું છું. તેમને પૂછવામાં આવ્યું કે તેઓ પંજાબ કોંગ્રેસના પ્રમુખ તરીકે આવું કઈ રીતે કહી શકો ત્યારે તેમણે જણાવ્યું કે, લોકોએ પરિવર્તન પસંદ કર્યું ત્યારે તેઓ ખોટા ના હોઈ શકે. લોકોનો અવાજ ભગવાનનો અવાજ છે. અમારે શરમ સાથે સમજવું

જોઈએ અને ઝુકી જવું જોઈએ. કોઈપણ હતાશા નહીં દેખાડતા તેમણે જણાવ્યું કે, પંજાબનો વિકાસ તેમનું મિશન છે અને તેનાથી તેઓ ક્યારેય ભટકશે નહીં. સિદ્ધુએ પત્રકારો સમક્ષ જણાવ્યું કે, જ્યારે યોગી ધર્મયુદ્ધ પર હોય ત્યારે તે તમામ સંબંધો તોડી નાખે છે અને મર્યાદાઓથી મુક્ત હોય છે. તેમને મોતનો પણ ડર હોતો નથી. હું પંજાબમાં છું અને અહીં જ રહીશ. જો કોઈના ઊંચા લક્ષ્યાંકો હોય અને પંજાબ સાથે પ્રેમ હોય તો તેણે હાર અને જીતની પરવા કરવી ના જોઈએ. લોકો સાથે મારા સંપર્ક મર્યાદિત નથી તે આધ્યાત્મિક અને દિલથી છે. તેમની સાથે મારા સંબંધો ચૂંટણી જીતવા અથવા હારવા સુધી મર્યાદિત નથી. હું પંજાબના લોકોમાં ભગવાનને જોવું છું અને મારૂં કલ્યાણ તેમનું કલ્યાણ છે. સિદ્ધુ આપના જીવનજ્યોત કૌર સામે ૬૦૦૦ કરતાં વધુ મતોથી હારી ગયા છે. તેમને ૩૨,૯૨૯ જ્યારે કૌરને ૩૯,૫૨૦ મતો મળ્યા હતા. ૨૦૧૭માં તેઓ અમૃતસરમાંથી ૪૨,૦૦૦ મતોથી જીત્યા હતા.

ઉત્તરપ્રદેશ વિધાનસભામાં મુસ્લિમ ધારાસભ્યોની સંખ્યામાં વધારો

(એજન્સી) લખનૌ, તા.૧૧

ઉત્તર પ્રદેશમાં નવા ચૂંટાયેલા ૪૦૩ સભ્યોની વિધાનસભામાં મુસ્લિમ ધારાસભ્યોની સંખ્યામાં વધારો થયો છે અને તે સંખ્યા ૧૨ જેટલી વધી ગઈ છે. ૧૭મી યુપી વિધાનસભામાં મુસ્લિમ ધારાસભ્યોની સંખ્યા ૨૪ હતી જે હવે વધીને ૩૬ થઈ ગઈ છે. ટકાવારીની દ્રષ્ટિએ, નવા ચૂંટાયેલા મુસ્લિમ ધારાસભ્યો રાજ્યના કુલ ૪૦૩ ધારાસભ્યોમાંથી ૮.૯૩ ટકા હિસ્સો ધરાવે છે. રાજ્યના કેટલાક અગ્રણી મુસ્લિમ ધારાસભ્યોમાં મોહંમદઆઝમ ખાન, તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાન, મુન્નાર અંસારીના પુત્ર અબ્બાસ અને ભત્રીજા મશુનો સમાવેશ થાય છે. આશ્ચર્યજનક રીતે, આ વખતે, SPએ ખૂબ ઓછી સંખ્યામાં મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હોવા છતાં આ સંખ્યા વધી છે. યુપીના દસ મંત્રીઓ તેમની સીટ જીતવામાં નિષ્ફળ રહ્યા છે. દરમિયાન, યોગી આદિત્યનાથ સરકારના ૧૦ મંત્રીઓ ચૂંટણીમાં તેમની બેઠકો જીતવામાં નિષ્ફળ રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી અને સિરથુથી ભાજપના ઉમેદવાર કેશવ પ્રસાદ મૌર્ય પણ સમાજવાદી પાર્ટીની પલ્લવી પટેલ સામે ૭,૩૩૭ મતોથી હારી ગયા હતા. અન્ય મંત્રીઓ જેઓ તેમની બેઠકો જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યા છે તે આ છે. ૧. શેરડી મંત્રી સુરેશ રાણા ૨. મહેસૂલ મંત્રી છત્રપાલ સિંહ ગંગવાર ૩. ગ્રામીણ વિકાસ મંત્રી રાજેન્દ્રપ્રતાપ સિંહ ૪. રાજ્યકક્ષાના જાહેર બાંધકામ મંત્રી ચંદ્રિકા પ્રસાદ

ઉપાધ્યાય ૫. આનંદસ્વરૂપ શુક્લ ૬. ખેલ મંત્રી ઉપેન્દ્ર તિવારી ૭. રણવીર સિંહ ધુન્ની ૮. લખનસિંહ રાજપૂત ૯. મૂળભૂત શિક્ષણ પ્રધાન સતીશ ચંદ્ર દ્વિવેદી.

શું યુપીની ચૂંટણીમાં મુસ્લિમોએ ભાજપને વોટ આપ્યા છે ?

RSS-સંલગ્ન મુસ્લિમ રાષ્ટ્રીયમંચ (MRM) એ દાવો કર્યો હતો કે ભાજપ યુપી ચૂંટણીમાં આઠ ટકાથી વધુ મુસ્લિમ મતો મેળવવામાં સફળ રહી છે. યુપીમાં ભગવા પક્ષની જીતને વધાવતા, તેમણે કહ્યું કે રાજ્યના લોકોએ વિરોધ પક્ષોની "નકારાત્મક રાજનીતિ"ને નકારી કાઢી અને "મોદી-યોગી શાસનની શૈલી"માં તેમનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અગાઉ, MRM કાર્યકર્તાઓએ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ડોર ટુ ડોર કામગીરી કરી હતી. તેણે ચાર રાજ્યોમાં ભાજપ માટે પ્રચાર કર્યો હતો.

અસદુદ્દીન ઓવૈસીની પ્રતિક્રિયા

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસી જેમણે યુપી વિધાનસભા ચૂંટણીમાં ૧૦૦ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા તેમણે કહ્યું કે તેઓ જનતાના નિર્ણયનું સન્માન કરે છે. કેટલાક રાજકીય નેતાઓ દ્વારા કરવામાં આવેલા દાવાઓને ફગાવી દેતા ઓવૈસીએ કહ્યું કે આ પરિણામ EVM ની ખામીને કારણે નથી. અમારી પાર્ટી યુપીમાં કામ કરવાનું ચાલુ રાખશે. તેમની ભાવનાઓ ઉચ્ચ હોવાનું જણાવતા, AIMIMના સુપ્રીમોએ કહ્યું છે કે તેમનો પક્ષ ગુજરાત, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ લડશે.

મેંગ્લુરૂ : હિજાબ પહેરેલ વિદ્યાર્થિની વિરૂદ્ધ કોલેજમાં ઝઘડો કરવા બદલ FIR, તેણીએ દાવો કર્યો કે તેણીને 'નિશાન બનાવવામાં' આવી રહી છે

(એજન્સી) મેંગ્લુરૂ, તા.૧૧

મેંગ્લુરૂ પોલીસે ૭ માર્ચે અન્ય છ મુસ્લિમ વિદ્યાર્થીઓ સાથે હિજાબ પહેરેલી કોલેજ વિદ્યાર્થિની હિબા શેખ પર કટ્ટર જમણેરી વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના જૂથ સાથે ૪ માર્ચે કથિત રીતે દુર્વ્યવહાર કરવા, ધમકી આપવા અને હુમલો કરવા બદલ કેસ કર્યો હતો. તેણીએ કહ્યું છે કે, પ્રથમ માહિતી અહેવાલ (FIR) દાખલ કરનાર ફરિયાદી તે દિવસે કોલેજમાં બોલાચાલી વખતે હાજર ન હતી. આ ફરિયાદી કવાના શેટ્ટી પણ એબીવીપી સાથે જોડાયેલી છે. હિબા શેખે કહ્યું કે, કવાના ૪ માર્ચે કોલેજના ગેટ પર હાજર ન હતી, તો તે અમારી વિરૂદ્ધ FIR કેવી રીતે નોંધાવી શકે કે અમે તેના પર અમે કેમ હુમલો કર્યો ? હિબા અને તેના મિત્રો અને એબીવીપી સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના ટોળા વચ્ચે મેંગ્લુરૂની કાર સ્ટ્રીટ ખાતે આવેલી દયાનંદપાઈ-સતીશપાઈ સરકારી ફર્સ્ટ ગ્રેડ કોલેજના ગેટ પર બોલાચાલી થઈ હતી, તે કેમેરામાં રેકોર્ડ કરવામાં આવ્યું હતું અને શેખ અને એબીવીપી સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના જૂથ વચ્ચે થયેલ બોલાચાલીનો વીડિયો વાયરલ થયો છે. ૭ માર્ચે મેંગ્લુરૂ નોર્થ પોલીસ સ્ટેશનમાં ચાર છોકરીઓ અને ત્રણ છોકરાઓ વિરૂદ્ધ નોંધાયેલી આ એફઆઈઆરમાં શેટ્ટીએ આરોપ મૂક્યો હતો કે શેખ અને અન્ય છ મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ હિજાબ પહેર્યા બાદ ૪ માર્ચે કોલેજના ગેટ પર તેને અને તેના સાથીઓને ધમકીઓ આપી હતી. આ વિદ્યાર્થિનીઓને ૩ માર્ચે કોલેજની પરીક્ષા આપતા અટકાવવામાં આવી હતી.

કર્ણાટક હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા વચગાળાના આદેશ અનુસાર, જ્યાં સુધી કર્ણાટક સરકાર વિરૂદ્ધ મુસ્લિમ વિદ્યાર્થિનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં ચુકાદો ન આવે ત્યાં સુધી સરકારી શાળાઓ અને કોલેજોના પરિસરમાં કોઈ ધાર્મિક પોશાક પહેરી શકાશે નહીં. શેટ્ટીની એફઆઈઆર મુજબ, શેખ અને અન્ય છ મુસ્લિમ વિદ્યાર્થીઓ કોલેજના ગેટ પર ઊભા હતા જ્યારે તેઓ કોલેજમાં પ્રવેશ્યા ત્યારે શેટ્ટી અને તેના મિત્રો સાથે દુર્વ્યવહાર કર્યો હતો. એફઆઈઆરમાં આરોપ છે કે, શખે કહ્યું કે, ગઈકાલે તમે અમારી વિરૂદ્ધ ફરિયાદ કરી હતી અને અમને પરીક્ષા આપવા દીધી ન હતી. તમે લોકો અમારી શેરીઓમાં ચાલો છો ને ? અમે તમને ત્યાં મળીશું. શું આ તારા પિતાની કોલેજ છે ? અમે કોલેજની ફી પણ ચુકવીએ છીએ અને અમે કોલેજમાં આવીશું. શેટ્ટીએ તેની એફઆઈઆરમાં ઉમેર્યું હતું કે શેખ અને તેના મિત્રોએ સોશિયલ મીડિયા પર સાથી વિદ્યાર્થી સાઈ સંદેશને ધમકી પણ આપી હતી કે, મેંગ્લુરૂમાં, સંદેશની લાશ ગટરમાં મળશે. બંદર પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી રાઘવેન્દ્રએ ધ વાયરને પુષ્ટિ આપી છે કે, શેખ અને અન્ય છ લોકો સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ FIR દાખલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, ઝઘડાનો વીડિયો સાત મુસ્લિમ વિદ્યાર્થીઓને બૂક કરાવવા માટે

પૂરતો પુરાવો છે. આ એફઆઈઆર ભારતીય દંડ સંહિતા (આઈપીસી) કલમ ૩૨૩ (સ્વૈચ્છિક રીતે ઈજા પહોંચાડવા માટેની સજા), ૫૦૬ (ગુનાહિત ધમકી માટે સજા) અને ૫૦૪ (શાંતિ ભંગને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વક અપમાન) હેઠળ નોંધવામાં આવી હતી.

હિબા શેખની FIR

શેટ્ટીની એફઆઈઆર જો કે, ૪ માર્ચે શેખ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરનો વિરોધાભાસ છે, જેના આધારે પોલીસે ૩ માર્ચે હિજાબ પહેરેલા વિદ્યાર્થિનીઓને કોલેજની પરીક્ષા આપતા અટકાવવા બદલ ABVP સાથે સંલગ્ન ૧૯ વિદ્યાર્થીઓ સામે કેસ નોંધ્યો હતો. પોલીસે શેખને પૂછ્યું કે શું કોલેજના પ્રિન્સિપાલે મુસ્લિમ છોકરીઓને તેમના હિજાબ પહેરીને પરીક્ષા લખવાની પરવાનગી આપી હતી અને જ્યારે ૧૯ વિદ્યાર્થીઓએ છોકરીઓને લખતા અટકાવ્યા ત્યારે કોઈ લેક્ચરર હાજર હતા કે કેમ તે અંગે પોલીસે ૪ માર્ચે જ ૧૯ વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધ્યો હતો. શેખે આ બંને પ્રશ્નોના જવાબ હકારાત્મક આપ્યા હતા. શેખની એફઆઈઆર મુજબ, જ્યારે તેઓ પરીક્ષા લખી રહ્યા હતા ત્યારે તેઓએ તેમના ફોનથી છોકરીઓની વીડિયોગ્રાફી કરી હતી, તેમની પાસેથી તેમની આન્સરશીટ છીનવી લીધી હતી અને છોકરીઓને ત્યાંથી જવા કહ્યું હતું કારણ કે, તેમને પરીક્ષા આપવાની પરવાનગી ન હતી કારણ કે તેઓએ હિજાબ પહેર્યા હતા. શેખની એફઆઈઆરમાં એવો પણ આરોપ છે કે, ABVP સાથે જોડાયેલા વિદ્યાર્થીઓએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો, તેમને 'આતંકવાદી' અને 'રાષ્ટ્રવિરોધી' કહ્યા હતા અને શેખના ધર્મ વિશે બદનક્ષીભરી ટિપ્પણીઓ કરી હતી અને તેના પર શારીરિક હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. કોલેજના બીજા વર્ષની વિદ્યાર્થિની શેખે દાવો કર્યો હતો કે કોલેજના હિજાબ પહેરેલા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ તેમની આંતરિક પરીક્ષાઓ લેવાની પ્રિન્સિપાલ પાસેથી લેખિત પરવાનગી મેળવી હતી. આ છોકરીઓને મુખ્ય પરીક્ષા ખંડમાં નહીં, પણ પુસ્તકાલયમાં અલગથી બેસવાની હતી. બીજા વર્ષના વિદ્યાર્થીઓની વાત કરીએ તો, પ્રિન્સિપાલે અમને પરવાનગીની સ્લિપ આપી ન હોવા છતાં, તેમણે અમને અમારા હિજાબને બદલે અમારા યુનિફોર્મનો ભાગ હોય તેવા દુપટ્ટાથી અમારા માથાને ઢાંકવાની સૂચના આપ્યા પછી અમારી પરીક્ષા લેવાની મંજૂરી આપી હતી. જ્યારે હિબાને ખબર પડી કે તેણી અને તેના છ સાથીદારો પર પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે, ત્યારે તેણે ટ્વિટ કર્યું કે તેઓને 'ખાસ કરીને ફસાવી દેવામાં' આવ્યા છે. તેણીના ટ્વિટ સાથેના વીડિયોમાં શેખે ૧૯ વિદ્યાર્થીઓની વર્તણૂક 'પૂર્વ આયોજિત કાવતરૂં' ગણાવ્યું છે. આ વીડિયોમાં તેણીએ સંદેશનું નામ પણ લીધું છે અને દાવો કર્યો છે કે, પોલીસે તેણીના ઈરાદા મુજબ 'સતામણીના આરોપો' હેઠળ કેસ નોંધ્યો નથી. તેણીએ કહ્યું કે, અમને બહાર જવાનું કહેનાર સાંઈ સંદેશ કોણ છે ? તે અમારા જેવો વિદ્યાર્થી છે. કોલેજના પ્રિન્સિપાલ વિરૂદ્ધ જવા માટે તે અધિકાર ધરાવે છે ? અમારા પ્રિન્સિપાલ ખૂબ જ શાંત માણસ છે, તેમના પર દબાણ કરવામાં આવી રહ્યું છે અને અમે તે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. તેણીએ એમ પણ કહ્યું હતું કે તેણીના કોલેજના આચાર્ય અને સ્ટાફ 'અન્યથા ખૂબ જ સહાયક' છે અને આરોપ મૂક્યો હતો કે આ સમગ્ર પરિસ્થિતિ એબીવીપી અને તેમની ગેંગ દ્વારા ઊભી કરવામાં આવી છે. તેણીએ કહ્યું કે, લાઈબ્રેરીની અંદર મોબાઈલ ફોન લઈ જવાની મંજૂરી નથી, સાઈ સંદેશ લાઈબ્રેરીમાં આવ્યો જ્યાં અમારા જુનિયર બેઠા હતા અને તેમની સંમતિ વિના તેમના વીડિયો ઉતાર્યા હતા. બીજા દિવસે તેઓએ પોલીસને બોલાવી અને મારા કોલેજના સાથીઓને ધમકી આપી કે તેઓ અમારૂં જીવન બરબાદ કરી નાખશે. શેખે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, તેની કોલેજની હિજાબ પહેરેલી વિદ્યાર્થિનીઓ કોલેજના પટાવાળા દ્વારા ભેદભાવનો સામનો કરી રહી છે, તે અમને કહે છે કે, કોલેજમાં ખાવા-પીવું નહીં. અમને કહેવામાં આવ્યું હતું કે અમારા માટે અલગ નળ રાખવા જોઈએ જેથી અમે અન્ય લોકો સાથે સંપર્ક ન કરીએ. તેણીએ ધ વાયરને એમ પણ કહ્યું કે તેણી નિરાશ છે કે, ABVP સાથે સંલગ્ન વિદ્યાર્થીઓની દાદાગીરી તેમની વિરૂદ્ધ કોઈ અવાજ ઊઠાવતું નથી. હું તેમનો ડર સમજું છું, પણ હું ડરતી નથી. હું પીછેહઠ કરીશ નહીં.

વાયરલ વીડિયો

૪ માર્ચે કોલેજના ગેટ પર ઝઘડાનો વીડિયો લેવામાં આવ્યો હતો જેમાં ABVPના સંલગ્ન વિદ્યાર્થીઓના એક જૂથે શેખને 'રાષ્ટ્રવિરોધી' અને 'આતંકવાદી' ગણાવતા કોલેજમાં પ્રવેશવા માટે રસ્તો રોક્યો હતો. શેખે જવાબમાં કહ્યું કે, શું આ તારા પપ્પાની કોલેજ છે ? અમે પણ ફી ભરીએ છીએ અને અહીં આવીએ છીએ. આ બોલાચાલી પોલીસ કર્મચારીઓની હાજરીમાં થઈ હતી, જેમણે કોલેજના સ્ટાફ સાથે મળીને આખરે દરમિયાનગીરી કરી હતી. જ્યારે આ વીડિયો વાયરલ થયો, ત્યારે ABVP સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના ટોળાને બહાદુરી સાથે પ્રતિસાદ આપવા બદલ શેખની સોશિયલ મીડિયા પર પ્રશંસા કરવામાં આવી હતી. તેણીની સરખામણી હિજાબ પહેરેલી મુસ્લિમ છોકરી મુસ્કાનખાન સાથે કરવામાં આવી હતી, જેણે ૮ ફેબ્રુઆરીના રોજ હિન્દુ યુવકો જેઓ તેને રોકીને શ્રીરામના સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા તેમની સામે 'અલ્લાહુ અકબર' કહ્યું હતું.

ઉત્તર પ્રદેશની ૧૮મી વિધાનસભામાં ૩૬ મુસ્લિમોએ સ્થાન મેળવ્યું

(એજન્સી) લખનૌ, તા.૧૧

દેખીતી રીતે ધ્રુવીકૃત ચૂંટણીના વાતાવરણમાં સત્તાધારી ભાજપ અને વચ્ચે સીધી હરીફાઈ જોવા મળી હતી મતદારોએ ૧૮મી ઉત્તર પ્રદેશ વિધાનસભામાં ૩૬ મુસ્લિમ ઉમેદવારોને મોકલ્યા છે, જે અગાઉની વિધાનસભા કરતાં બે ગણા વધુ છે. નવા ચૂંટાયેલા ધારાસભ્યો ૨૦ ટકાથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા રાજ્યમાં કુલ ૪૦૩ ધારાસભ્યોમાંથી ૮.૯૩ ટકા હિસ્સો ધરાવે છે.ચૂંટાયેલા અગ્રણી મુસ્લિમ ધારાસભ્યોમાં મોહમ્મદ આઝમ ખાન, તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાન, મુન્નાર અંસારીના પુત્ર અબ્બાસ અને ભત્રીજા મશુનો સમાવેશ થાય છે. રામપુરમાં જેલમાં બંધ SP નેતા આઝમ ખાને ૧,૨૧,૭૫૫ મતો મેળવીને બેઠક જીતી હતી, જ્યારે ભાજપના આકાશ સક્સેના ૫૬,૩૬૮ મતો સાથે બીજા ક્રમે હતા.સુઆર વિધાનસભા ક્ષેત્રમાં, આઝમના પુત્ર અબ્દુલ્લા આઝમને ૧,૨૬,૧૬૨ મત મળ્યા હતા જ્યારે અપના દળની ટિકિટ પર ચૂંટણી લડેલા હૈદર અલી ખાન ઉર્ફે હમઝા મિયાંના ૬૫,૦૫૯ મતો હતા.મઉમાં મુન્નાર અંસારીના પુત્ર અબ્બાસ અન્સારીએ SBSPની ટિકિટ પર લડીને ભાજપના અશોક કુમાર સિંહને ૩૮,૨૨૭ મતોથી હરાવ્યા હતા.મોહમદાબાદ (ગાઝીપુર)માં

પૂર્વ ધારાસભ્ય સિબગતુલ્લા અંસારીના પુત્ર અને મુન્નારના ભત્રીજા સુહેબ અન્સારી ઉર્ફેમન્નુએ ભાજપના વર્તમાન ધારાસભ્ય અલકા રાયને હરાવીને ૧૮,૧૯૯ મતોના માર્જિન સાથે વિજય મેળવ્યો હતો. કૈરાના સીટ પર, સપાના નાહિદ હસન સામે ૧,૩૧,૦૩૫ મત મળ્યા પછી જીત મેળવી.કૈરાના સીટ પર, સપાના નાહિદ હસને ૧,૩૧,૦૩૫ મત મેળવ્યા બાદ જીત મેળવી હતી જ્યારે ભાજપના ઉમેદવાર મૃગંકા સિંહના ૧,૦૫,૧૪૮ મતો હતા. નિઝામાબાદ (આઝમગઢ), એસપીના ૮૫ વર્ષીય દિગ્ગજ નેતા, આલમ બાદી, ભાજપના મનોજને ૩૪,૧૮૩ મતોના માર્જિનથી હરાવીને ફરીથી ચૂંટાયા હતા. મેરઠની કિથોર વિધાનસભા સીટ પર સપાના શાહિદ માઝુર અને ભાજપના સતવીર સિંહ વચ્ચે ગાઢ મુકાબલો જોવા મળ્યો હતો. માઝૂરે ૨,૧૮૦ મતોના પાતળા માર્જિનથી સીટ જીતી હતી. આ વખતે, જ્યારે સપાએ તેના મુખ્ય મતવિસ્તાર તરીકે તેના સ્ટ્રૂ (મુસ્લિમ - યાદવ) સંયોજનના ટેગને છીનવી લેવાના પ્રયાસમાં ઘણી ઓછી સંખ્યામાં ૬૪ મુસ્લિમ ઉમેદવારો ઉતાર્યા હતા. ત્યારે BSPએ ૮૮ અને કોંગ્રેસે અન્ય ૭૫મુસ્લિમોને મેદાનમાં ઉતાર્યા હતા. જો કે, તેઓ સૌથી વધુ પાતળી માર્જિનથી પાછળ રહેલા સપાના ઉમેદવારો માટે પ્રદર્શન ખરાબ કરી રહ્યા હતા.

'સૌથી ખરાબ પ્રદર્શન છતાં પ્રિયંકા ગાંધીએ યુપીમાં ટકી રહેવું જોઈએ'

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૧

માત્ર બે બેઠકો અને બે ટકા મતભાગીદારી સાથે ઉત્તરપ્રદેશમાં પ્રિયંકા ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસે અત્યારસુધીનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. ઝંઝાવાતી પ્રચાર અને મહિલા ઉમેદવારોને ૪૦ ટકા અનામત આપવાના નિર્ણય કોઈ સકારાત્મકતા લાવી ના શક્યા પણ પાર્ટી નેતાઓએ કહ્યું કે, તેમણે

રાજ્યમાં ધ્યાન આપવાનું ચાલુ રાખવું જોઈએ અને પાર્ટીને ઉગારવા માટે ત્યાં જ કામ કરવું જોઈએ. પ્રિયંકા ગાંધીએ ૧૬૦ સભાઓ કરી અને ૪૦ રોડ શો કર્યા પણ તેમણે ચૂંટણીઓના અંત સમયે ધ્યાન આપવાનું શરૂ કર્યું હતું. પાર્ટીના સિનિયર નેતાએ કહ્યું કે, જો તેમણે પહેલાં શરૂઆત કરી હોત અને દોઢ વર્ષ પહેલાં મહેનત કરી હોત તો બાબતો થોડી સારી રહી હોત.

યુવાનોને પુસ્તકો વાંચવાની જીજ્ઞાસા થાય તે માટે પ્રયાસો કરવા જરૂરી : શાલિની અગ્રવાલ

વડોદરામાં શ્રીમંત સયાજીરાવની જન્મજયંતી પ્રસંગે સેમિનાર અને પુસ્તક મેળાનું આયોજન

વડોદરા, તા.૧૧

વડોદરાના બેંક રોડ માંડવી સ્થિત મધ્યવર્તી પુસ્તકાલય ખાતે રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન, કલકતાના આર્થિક સહયોગથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આઝાદી કા અમૃત્ત મહોત્સવ અને વડોદરાના રાજવી શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૯ જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમનો પ્રારંભ જિલ્લા કલેકટર અતુલ ગોરે કરાવ્યો હતો. આ પ્રસંગે કલેકટર અને મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે આઝાદી કા અમૃત્ત મહોત્સવ પુસ્તક પ્રદર્શન પણ ખૂલ્લું મૂક્યુ હતુ.

દીપ પ્રાગટ્ય કરી કલેકટર અતુલ ગોરે કહ્યુ કે, પુસ્તકાલયોની સ્થાપના કરી મહારાજા સયાજીરાવે સમાજની સેવા કરી છે, જે આજે પણ નોંધનીય છે. નાના ગામડાઓમાં પણ પુસ્તકાલય સ્થાપી તેમણે પુસ્તકો અને વાંચન થકી જ્ઞાનના દ્વાર ખોલી આપ્યા. રાજય સરકારે વાંચે ગુજરાત અભિયાનની શરૂઆત કરાવી વાંચનની પ્રેરણા આપવાનું કાર્ય પુનઃ શરૂ કરાવ્યું.

મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે કહ્યું કે, માત્ર નોકરી મેળવવા જ નહિ પરંતુ જીવન સારી રીતે જીવવા માટે શિક્ષણ અને વાંચન જરૂરી છે. હકારાત્મક વિચારો અને હકારાત્મકતા માટે વાંચન જરૂરી છે. જ્ઞાનના દીવા સમાન પુસ્તકો અને ગ્રંથાલયો સમાજમાં જ્ઞાનનો પ્રકાશ પાથરે છે. મહારાજા સયાજીરાવના પ્રયાસો થકી છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ પુસ્તકાલય, પુસ્તકો, શિક્ષણ અને વાંચનનો વ્યાપ થયો. વિશ્વના સાતત્ય માટે વાંચન જરૂરી છે, વાંચન થકી વિચારો અને વિચારો થકી લેખન અને અભિવ્યક્તિની કળા વિકસી શકે છે. યુવાનોને પુસ્તકો વાંચવાની જીજ્ઞાશા થાય તે માટે પ્રયાસો કરવા જરૂરી છે. વિચાર ઘડતર અને વ્યક્તિત્વ વિકાસ માટે પુસ્તકોનું વાંચન મહત્વના છે.

પાલેજ રેલવે સ્ટેશને રોડની કામગીરીમાં લોલમલોલ

પાલેજ સ્ટેશને શેડની કામગીરી ગોકળ ગતિએ ચાલે છે. અહીં અપ અને ડાઉન પ્લેટફોર્મ પર પતરાંના ચાર શેડનું બાંધકામ એક વર્ષથી ચાલું છે. ઉનાળામાં મુસાફરોને પતરાંના શેડ નીચે બેસવાની સુવિધા મળે એવી આશા હતી. પરંતુ શેડ માત્ર ગડર ઊભા કરી કામગીરી બંધ પડી છે. અહીં અપ પ્લેટફોમ પર એક શેડ પર ફક્ત પતરાં મારવાનું કામ બાકી છે એ પણ હાલમાં બંધ પડ્યું છે. બીજા ત્રણ શેડ પણ ધૂળ ખાઈ રહ્યાં છે. રેલવેમાં ખાનગી કોન્ટ્રાક્ટરથી થતાં કામોમાં લોલમલોલ ચાલે છે. રોજિંદા મુસાફરો તડકામાં ગરમીમાં ટ્રેનની પ્રતીક્ષામાં સમય પસાર કરે છે તંત્ર આ તરફ ધ્યાન આપશે ખરૂં? મુસાફરોમાં ચર્ચાઈ રહ્યું છે.

ખેડાના વડાલા પાસે બાઈકની ટક્કરે રિક્ષાચાલકનું મોત

નડિયાદ, તા.૧૧

ખેડા નજીકના હાઈવે પર આગળ જતી રિક્ષાને મોટર સાયકલે ટક્કર મારતાં રિક્ષા ત્રણ-ચાર ગુલાંટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષા ચાલક ઉછળીને ફંગોળાઈને રોડ પર પટકાતાં તેનું કરૂણ મૃત્યુ થયું છે. જયારે મોટરસાયકલ ચાલક પણ ઘવાયો છે. મળતી માહિતી મુજબ મૂળ આણંદના સોજિત્રાના અને હાલ અમદાવાદના ઘોડાસર ખાતે રહેતા ૫૬ વર્ષિય જયેશભાઈ બાબુભાઈ ઉપાધ્યાય પોતે રિક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ ૯મી માર્ચના રોજ પોતાના મૂળ વતન સોજીત્રા મુકામે આવ્યા હતા. જયેશભાઈ પોતાની માતાને મૂકી બીજા દિવસે પરત અમદાવાદ જઈ રહ્યા હતા. ગતરોજ સાંજના છએક વાગ્યાના સુમારે જયેશભાઈ પોતાની ઉપરોક્ત રિક્ષા નંબર (GJ1 BU 0182) ચલાવીને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. ત્યારે ખેડાના વડાલા પાટીયા પાસે પૂરપાટે આવતી મોટરસાયકલ નંબર (GJ 07 EA 4280)એ રિક્ષાને પાછળથી ટક્કર મારી હતી. આથી રિક્ષા રોડ ઉપર જ બે-ત્રણ ગુલાંટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષાચાલક જયેશભાઈ પોતે રિક્ષામાંથી ફંગોળાઈને રોડ ઉપર પટકાયા હતા. જેના કારણે જયેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી તેમનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજયું હતું. જયારે મોટરસાયકલ ચાલકને પણ ઈજાઓ પહોંચી હતી. આ બનાવ સંદર્ભે જયેશભાઈના નાના ભાઈ મહેશભાઈએ ખેડા ટાઉન પોલીસ મથકે ઉપરોક્ત મોટરસાયકલ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

નવસારીના એડવોકેટ ઉપર થયેલ હુમલાનો વિરોધ

હુમલાખોરોનો બચાવ કરવા કોઈપણ વકીલે વકીલપત્ર રજૂ નહીં કરવા રજૂઆત

(સંવાદદાતા દ્વારા) તા.૧૧

ખટોદરા ખાતે બે દિવસ પહેલાં કેસ નહિ લડવા મુદ્દે નવસારીના એડવોકેટ ઉપર થયેલા હુમલા મામલામાં હુમલાખોરોના બચાવ કરવા કોઈપણ વકીલે વકીલપત્ર રજૂ નહિ કરવા સુરત ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશને રજૂઆત કરી હતી. બે દિવસ પહેલાં નવસારી ખાતે રહેતાં એડવોકેટ વિજય એ.નાયક સુરત ખાતે સંબંધીને મળવા આવ્યા હતા. સંબંધીને મળીને તેઓ તુર્ત જ નિકળી ગયા હતા. દરમિયાન સરસાણા ડોમ ખાતે એડવોકેટ વિજય નાયકને જાનથી મારી નાંખવાના ઈરાદે તેમની કાર ઉપર ચારેય તરફથી હુમલાખોરો દ્વારા જીવલેણ હુમલો કરાયો હતો. જો કે, વિજય નાયક જે તે સમય સૂચકતા વાપરી હુમલાખોરોથી બચીને ભાગી જવામાં સફળ રહ્યા હતા. એડવોકેટ ઉપર કેસ નહિ લડવા બાબતે હુમલો કરાયો હતો. જેને લઈને વકીલોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે સુરત ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશને એડવોકેટ વિજય નાયક ઉપર થયેલા હુમલા બાબતે વકીલોને એક વિનંતી પત્ર લખી જણાવ્યું હતું કે એડવોકેટ ઉપર થયેલા હુમલાખોરોનો બચાવ કરવા વકીલ મિત્રો વકીલ પત્ર રજૂ નહિ કરે અને હુમલાખોરોની તરફેણમાં વકીલ તરફે હાજર પણ નહિ રહે તેવી માંગ કરી છે. વધુમાં અમદાવાદ બાર એસોસિએશનના એક મહિલા વકલી સાથે થયેલા અમાનવીય વ્યવહારની ઘટનાને તેમજ ધી નવસારી ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશનના સભ્ય પર જાહેરમાં થયેલા જીવલેણ હુમલાના બનાવને સુરત જિલ્લા વકીલ મંડળે સખ્ત શબ્દોમાં વખોડ્યું હતું.

સોનાની ચેન અને મંગળસૂત્ર ખેંચી બદમાશો ફરાર

સુરતમાં ચીલઝડપના બે બનાવ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૧

શંખેશ્વર કોમ્પલેક્ષની સામે આવેલા કેવલ ચોક પાસે બાઈક પર આવેલા બે અજાણ્યા બદમાશોએ મહિલાના ગળામાંથી સોનાની ચેન ખેંચી ફરાર થઈ ગયા હતા. જહાંગીરપુરામાં એક મહિલાના ગળામાંથી એક અજાણ્યા ચેઈન સ્નેચર મંગળસૂત્ર ખેંચી ફરાર થઈ ગયો હતો. કૈલાશ નગર લાલવાડી બાજુમાં અનંત આવાસ એપા.માં રહેતા ચાંદની બેન કુશલ ભાઈ શાહ બુધવારે રાત્રે કેવલ ચોક શંખેશ્વર કોમ્પલેક્ષની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટરસાઈકલ ઉપર આવેલા ૨ અજાણ્યા બદમાશોએ અચાનક તેમની પાસે આવી તેમના ગળામાંથી પહેરેલી સોનાની ચેન ખેંચી ક્ષેત્રપાળ મંદિર તરફ ભાગી છૂટ્યા હતા આ અંગે ચાંદની બેને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જહાંગીરપુરા સુભાષ ગાર્ડનની પાછળ સંસ્કૃતિ કોમ્પલેક્ષમાં રહેતા ધરતી બેન કૌશિક ચૌહાણ ગઈકાલે સાંજે જહાંગીરપુરા ડોક્ટર પાર્ક સામે પાણીની ટાંકી પાસે લક્ષ્મીવાડી તરફ જઈ રહ્યા હતા ત્યારે એક્ટિવા ઉપર આવેલા અજાણ્યા શખ્સે તેમના ગળામાંથી રૂપિયા ૫૩૭૭૧ની કીમતનું મંગળસૂત્ર તેમના ખેંચી ફરાર થઈ ગયો હતો આ અંગે ધરતી બેનને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તુલસી સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા

પાવીજેતપુર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મફત કોચિંગ કલાસ શરૂ થશે

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૧૧

પાવીજેતપુર તુલસી સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા પાવીજેતપુર કોલેજ ખાતે ૧૫ માર્ચથી બાહ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મફત કોચિંગ ક્લાસની શરૂઆત કરવાની જાહેરાત થતાં જ છોટાઉદેપુર જિલ્લાના આદીવાસીઓ સહિત ગરીબ અને મધ્યમ વર્ગના બાહ્ય સ્પર્ધાત્મક પરીક્ષા આપવા ઈચ્છનાર પરીક્ષાર્થીઓમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

તુલસી સેવાશ્રમ ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ રાઠવા દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું કે બાહ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં છોટાઉદેપુર જિલ્લાના અને એમાં પણ સવિશેષ આદિવાસી બાળકો પરીક્ષાનું યોગ્ય માર્ગદર્શન ન મળવાના કારણે તેમજ જરૂરી મટીરીયલ ન મળવાના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નિષ્ફળ જાય છે. જેને લઈ નોકરીઓથી વંચીત રહેવું પડે છે. છોટાઉદેપુર જિલ્લાના બાહ્ય સ્પર્ધાત્મક પરીક્ષા આપવા ઈચ્છતા દરેકે દરેક પરીક્ષાર્થીને મફત યોગ્ય સલાહ તેમજ મટીરીયલ મળી રહે તે માટે ૧૫ માર્ચથી મોહનસિંહ છોટુભાઈ રાઠવા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પાવીજેતપુર ખાતે મફત કોચિંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે. છોટાઉદેપુર જિલ્લાના તમામ પરીક્ષાર્થીઓ માટે તુલસી સેવાશ્રમ ટ્રસ્ટ પાવીજેતપુરના સૌજન્ય થી તદ્દન મફત કોચિંગ ક્લાસ શરૂ થઈ રહ્યા છે. જેમાં ગુજરાત । ગૌણ સેવા પસંદગી મંડળ/જી.પી.એસ.સી. આયોજીત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે ક્લાસ-૩ તલાટી, બિન સચિવાલય, મ્યુનસિપલ કોર્પોરેશન કારકુન અને અન્ય જાહેર પરીક્ષાઓની સંપૂર્ણ લેખિત તૈયારી માટે નિઃ શુલ્ક વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. તો રસ ધરાવતા પરીક્ષાર્થીઓ ફી કોચિંગ ક્લાસનો લાભ લેવા માટે ફેસબુક, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ પર જઈને તુલસી સેવાશ્રમ ટ્રસ્ટને સર્ચ કરી, ફોલો કરીને આપેલ લિંકમાં જરૂરી માહિતી ભરી પોતાનું રજિસ્ટ્રેશન કરાવિ શકાશે.

અમરેલી મોણપુર ગામે ચાર વર્ષના બાળક સાથે નરાધમે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું

અમરેલી, તા.૧૧

અમરેલીના મોણપુર ગામ શેરીમાં રમી રહેલ ચાર વર્ષના બાળકને પાડોશી શખ્સે ચીકુ આપવાની લાલચ આપી પોતાના ઘરે લઈ જઈ બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરતા અને આ ઘટના બાળકના પિતા જોઈ જતા પાડોશી શખ્સને ઠપકો આપતા પાડોશી શખ્સે બાળકના પિતા સાથે ઝપાઝપી કરી અને પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપતા અમરેલી તાલુકા પોલીસમાં ભોગ બનનાર બાળકનાં પિતાએ પાડોશી શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતા એક ચાર વર્ષના બાળકને પાડોશી વશરામ અરજણભાઈ ડાભી નામના શખ્સે બાળક શેરીમાંમાં રમી રહ્યો હતો ત્યારે વશરામ ડાભીએ બાળકને ચીકુ આપવાની લાલચ આપી પોતાના ઘરે લઈ જઈ ઘરની ઓસરીમાં ચાર વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું અને તે દરમિયાન બાળકના પિતા આ ઘટના જોઈ જતા પાડોશી શખ્સને ઠપકો આપતા વશરામ ડાભી ઉશ્કેરાઈ ગયો હતો અને પોલીસમાં ફરિયાદ કરશે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ભોગ બનનાર બાળકના પિતા સાથે ઝપાઝપી કરી ઈજા પહોંચાડતા બાળકના પિતાએ અમરેલી તાલુકા પોલીસમાં વશરામ અરજણભાઈ ડાભી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ શખ્સે અગાઉ પણ આ બાળક સાથે બેથી ત્રણ વખત સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું. આ બનાવને લઈ વિકૃત વિચાર ધરાવતા શખ્સ સામે લોકોમાં ફિટકારની લાગણી વરસી રહેલ છે.

સુરત કલેક્ટર સમક્ષ વાંધા અરજી નોંધાવી

રેલવે ટ્રેક માટે જમીન સંપાદન પ્રક્રિયાના વિરોધમાં ખેડૂતોની વાહન રેલી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૧

હજીરા-ગોથાણ રેલવે ટ્રેક માટે ખાનગી કંપનીના લાભમાં કરવામાં આવી રહેલી જમીન સંપાદન પ્રક્રિયાના વિરોધમાં આજે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ દ્વારા જહાંગીરપુરા જીનિંગ મિલ ખાતેથી ખેડૂતોની વાહન રેલી કલેક્ટ્રાલય ખાતે પહોંચી હતી અને અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા કલેક્ટર સમક્ષ જમીન સંપાદન અંગે સામૂહિક વાંધા નોંધાવાયા હતા.

હજીરાથી ગોથાણ વચ્ચે બીજો રેલવે ટ્રેક નાંખવા વરિયાવ, સરોલી, જહાંગીરપુરા, વિહેલ, વણકલા, ઓખા, ભેસાણ, મલગામા, આસરમા, ઈચ્છાપોર, દામકા, ભટલાઈ, મોરા અને શિવરામપુરના ખેડૂતોની જમીન સંપાદન થઈ રહી છે. ભૂતકાળમાં ગેસ-પાણીની લાઈન, રેલવે લાઈન, હાઈવે સહિતના પ્રોજેક્ટમાં મહામૂલી જમીન ગુમાવનારા ખેડૂતો બીજો ટ્રેક નાંખવાની કામગીરીનો વિરોધ કરી રહ્યા છે. ખાનગી કંપની માટે ખેડૂતોની જમીન સંપાદન કરવાને બદલે હયાત ટ્રેકનો જ ઉપયોગ કરવાની માંગ સાથે ખેડૂતોએ લડી લેવાનો નિર્ધાર કર્યો છે.

સુરત જિલ્લા કલેક્ટર સમક્ષ વાંધા અરજી નોંધાવી ખેડૂત સમાજ નવી રેલ લાઈન માટે હયાત ટ્રેકનો ઉયોગ કરવાની માંગણી સાથે જમીન સંપાદન પ્રક્રિયા અંગેનું જાહેરનામું રદ કરી દેવાની માંગણી પણ ખેડૂતોના જાહેર હિતમાં કરવામાં આવી હતી.

નડિયાદમાં ત્રણ દિવસમાં ૭ ઈકો કારના સાઈલેન્સરો ચોરાઈ જતાં ચકચાર

નડિયાદ, તા.૧૧

નડિયાદમાં પાર્ક કરેલ ઈકો કારમાંથી સાઈલેન્સરો ચોરાઈ જવાના કિસ્સાએ ભારે ચકચાર જગાવી છે. નડિયાદ પૂર્વમાંથી ૩ દિવસમાં જ પાર્ક કરેલ ૭ જેટલી ઈકો કારમાંથી સાઈલેન્સરો ચોરી કરીને તસ્કરો છુ થયા છે. આ બનાવ સંદર્ભે નડિયાદ ટાઉન પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આ સાઈલેન્સર ચોરી કરતી ટોળકીને પકડી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ નડિયાદમાં ગત ૭મી માર્ચથી ૧૦મી માર્ચના સવારના સમયગાળા દરમિયાન શહેરના ૭ સ્થળોએ પાર્ક કરેલ ઈકો કારના સાઈલેન્સરો ચોરી થયા છે. જેમાં શહેરના ન્યુ શોરક ગ્રાઉન્ડ સામે આવેલ અયોધ્યાપુરી સોસાયટીમાં સંગીતાબેન શાહની ઈકો કાર, રણમુકતેશ્વર સોસાયટીમાં હેમલતાબેન તૈલીની ઈકો કાર, નારાયણ પાર્ક સોસાયટીમાં રહેતા મુકેશભાઈ દેવરેની ઈકો કાર, સિન્ધી ચાલીમાં રહેતા દિનેશસિહ પાવરની ઈકો કાર, હેમદી પાર્ક સોસાયટીમાં રહેતા મોહસીન મોટાની ઈકો કાર, ફૈસલ પાર્ક સોસાયટીમાં રહેતા જાવેદભાઈ વડતાલાની ઈકો કાર અને હિલ પાર્ક ખાતે રહેતા મોહસીન અલાદની પાર્ક કરેલ ઈકો કારના સાઈલેન્સરો તસ્કરો ચોરી ગયા હોવાનું કાર માલિકોના ધ્યાને આવ્યું હતું. ૩ દિવસ દરમિયાન થયેલ આ ચોરી સંદર્ભે ગતરોજ કાર માલિકોએ પોલીસ મથકે દોડી આવ્યા હતા આથી નડિયાદ પોલીસે સંગીતાબેન શાહના પતિ અશોકભાઈ શાહની ફરિયાદના આધારે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે. નોંધનીય છે કે આ ટોળકી ફરી એક વખત જિલ્લામા સક્રીય બની છે. આ સાઈલેન્સરોની ચોરી કરતી ટોળકી પોલીસ પકડે તેવી માંગ ઉઠી છે.

જેણે રોટલો અને ઓટલો આપ્યો તેને જ પતાવી દીધો

ભત્રીજાની હત્યા કરનાર હત્યારાને અરવલ્લી LCBએ દબોચી લીધો

મોડાસા, તા.૧૧

ભિલોડાના શોભાયડા ગામે ૧૨ વર્ષ અગાઉ સગા પિતાની નજીવી બોલાચાલીમાં મોતને ઘાટ ઉતારનાર મગન કટારા હત્યાના ગુનામાં જેલની સજા ભોગવી ત્રણ વર્ષ અગાઉ જેલમાંથી છૂટ્યો હતો અને શોભાયડા ગામે રહેતો હતો જો કે ગુનાહિત માનસ ધરાવતા મગન કટારાના કુટુંબમાં હત્યારાને ગામમાં રહેવા ન દેવાયની ચર્ચા કરતા મગન કટારા સાંભળી જતા ઝનૂની બની ભત્રીજા હિમાંશુની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરી કૌટુંબીઓને પણ પતાવી દેવા ધારિયા અને લોંખડની પાઈપ વડે હુમલો કરી ફરાર થઈ જતા હત્યા ઘટનાના પગલે શામળાજી પોલીસ સહિત એલસીબી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હત્યારાને ઝડપી લેવા ચક્રોગતિમાન કરી એલસીબી પોલીસે ભવાનપુર પાટિયા પાસેથી મગન કટારાને લોંખડની પાઈપ સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

વીરપુરના રોઝાવ ગામે પતિ અને સાસુના ત્રાસથી પરિણીતાએ ગળેફાંસો ખાધો

વીરપુર, તા.૧૧

વીરપુર તાલુકાના રોઝાવ ગામે રહેતાં દિલીપભાઈ પુજાભાઈ બારિયા સાથે સુશીલાબેન ઉર્ફે સુમીબેનના લગ્ન થયા હતા. સુશીલાબેન રોઝાવ ગામે ૯મી માર્ચના રોજ તેના પતિ દિલીપભાઈ તથા સાસુ ચંપાબેન બારિયાનાએ સુશીલાબેન સાથે ઝઘડો કર્યો હતો. દિલીપભાઈને સુશીલાબેનએ કહ્યુ વાદળ આયુ છે અને ઘઉં કાઢવા ઉતાવળ કરો તેમ કહેતાં દિલીપભાઈએ સુશીલાબેન સાથે ઝઘડો કરીને મારમાર્યો હતો. પતિ દીલીપભાઈ અને સાસુ ચંપાબેનના માનસિક અને શારીરિક ત્રાસ ગુજારતા અને મારઝુડ કરતાં સુશીલાબેનને મનમાં લાગી આવતાં સાડીના ફાટેલા છેડા વડે અડારિયાના લાકડાના મોભ સાથે બાંધીને ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરતાં વીરપુર પોલીસ મથકે પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધાઈ હતી.

કોડીનાર તાલુકાના ગેસલાઈન પીડિત ખેડૂતોએ સુનાવણીમાં ભારે વિરોધ નોંધાવ્યો

કોડીનાર, તા.૧૧

કોડીનાર તાલુકાના સરખડી-કડોદરા અને બાવાના પીપળવા સહિતના ગામના ગેસ પાઈપલાઈન પીડિત ખેડૂતોએ આજરોજ કોડીનાર મામલતદાર કચેરીમાં ગાંધીનગર ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડના અધિકારો દ્વારા ગેસ પાઈપલાઈન લોક સુનાવણીમાં ગેસ પાઈપલાઈનનો ઉગ્ર વિરોધ કરી ગેસ પાઈપલાઈન કંપનીની જમીનમાંથી જ કાઢવા માગણી કરી હતી.

કોડીનાર મામલતદાર અને ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ કંપનીના અધિકારીઓ દ્વારા યોજવામાં આવેલ લોક સુનાવણીમાં ગેસ પાઈપલાઈન પીડિત ખેડૂતોએ આવતા ગેસ પાઈપલાઈન પીડિત ખેડૂતોએ

આ ગેસ પાઈપલાઈન ખેડૂતોની ફળદ્રુપ જમીનની જગ્યાએ શાપુરજી પાલનજી કંપની જે જમીન ખરીદી રોડ કાઢે છે તે રસ્તા ની બાજુમાંથી ગેસ પાઈપલાઈન નાંખવા ખેડૂતોએ માંગણી કરી હતી. તેમ છતાં જો કંપની કે સરકાર દ્વારા બળજબરી પૂર્વક ગેસ પાઈપલાઈન પસાર કરવામાં આવશે તો ગેસ પાઈપલાઈન પીડિત તમામ ખેડૂતોએ પરિવાર સાથે સામુહીક આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ લોક સુનાવણીમાં ખેડૂત આગેવાનો શનિભાઈ બારડ, સુરપાલસિંહ બારડ, સરખડી ગામના પ્રતાપભાઈ વાળા, રોહિતભાઈ વાળા વગેરે એ ઉપસ્થિત રહી જવાબદાર અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી ગેસ પાઈપલાઈન અંગે વિરોધ નોંધાવ્યો હતો.

રાજ્યમાં સિનિયર સિટીઝનની ક્રિકેટ સ્પર્ધામાં ખેડા જિલ્લાની ટીમનો સુંદર દેખાવ

નડિયાદ, તા.૧૧

રાજય કક્ષાની સિનિયર સિટીઝન ક્રિકેટ સ્પર્ધામાં જામનગર ખાતે ખેડા જિલ્લાની ટીમનો સુંદર દેખાવ કર્યો હતો. યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર થકી દર વર્ષે વરિષ્ઠ નાગરિકો માટે શિયાળામાં વિવિધ રમતોનું આયોજન થાય છે. જે પૈકી રાજય કક્ષાની સિનિયર સિટીઝન ક્રિકેટ સ્પર્ધાનું આયોજન જામનગર ખાતે યોજાયું હતું. જેમાં ખેડા જિલ્લા સહિત ગુજરાતમાંથી (અગિયાર) ટીમોએ ભાગ લીધી હતો. ખેડા જિલ્લાની સિનિયર સિટીઝન ક્રિકેટ ટીમના મેનેજર ઉમાબેનએ જણાવ્યું છે કે ખેડા જિલ્લાની ટીમે સ્પર્ધામાં ખેલ દિલીપૂર્વક ભાગ લઈ સુંદર દેખાવ કર્યો છે. આ ટીમના નડિયાદના અશોકભાઈ પુરોહિત ઓલ રાઉન્ડર પ્લયર" મેન ઓફ થે મેચ જાહેર કરાયા હતા.

તેઓએ સુંદર બોલિંગ અને ૪૫ રન સાથે અણનમ રહ્યા હતા. અન્ય પ્લયર પૈકી પ્રકાશ શાહ વિકેટ કિપર અને ઓપનિંગ બેટ્સમેન મહેશભાઈનો ટીમને જીતાડવામાં મહત્વનું યોગદાન હતું. ૭૨ વર્ષના રમેશભાઈ પટેલ અને ૭૫ વર્ષના નરેન્દ્ર મોદીએ પણ સારી ફિલ્ડિંગ કરી સામેની ટીમના રન અટકાવ્યા હતા. સમગ્ર રમતનું આયોજન નડિયાદના રમત-ગમત અધિકારી ચૈતનભાઈ તથા સિનિયર સિટીઝન કોરમ-મહેમદાવાદના સંસ્થાપક ડો.મહેશભાઈ પરિખના સંકલન દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ષે રાજય કક્ષાની ચેમ્પિયન તરીકે રાજકોટ શહેર ટીમને વિજેતા ટ્રોફી અને સુરેન્દ્રનગરની ટીમને રનર અપ જાહેર કરેલ છે.

ફાયર NOC રિન્યુ કરવામાં ઉદાસીનતા બદલ વડોદરાનું માણકી કોમ્પલેક્ષ સીલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૧

વડોદરામાં ફાયર વિભાગ એક્શનમાં આવ્યું છે. અને ફાયર એન.ઓ.સી. રિન્યુ કરાવવામાં ઉદાસીનતા દાખવતા વાઘોડિયા રોડ પર આવેલા માણકી કોમ્પલેક્ષ સીલ મારી દેવામાં આવ્યું છે. ફાયર વિભાગની કાર્યવાહીને પગલે ફાયર એનઓસી નહીં લેનારાઓમાં ફફડાટની લાગણી જોવા મળી રહી છે.

ફાયર સેફ્ટીને લઈને બેદરકાર લોકો સામે કાર્યવાહી કરવા માટે કોર્ટ પણ લાલ આંખ કરી ચુકી છે. છતાં હોસ્પિટલ, શાળા સહિત અનેક સંકુલના સંચાલકો દ્વારા બેદરકારી દાખવવાનું હજી પણ ચાલું છે. તેવામાં વડોદરા ફાયર વિભાગ દ્વારા ફાયરનું ઓનઓસી મામલે ઉદાસીનતા દાખવતા પરિસરને સીલ મારવાની કામગીરી પુન હાથ ધરવામાં આવી છે. આજરોજ ફાયર વિભાગ દ્વારા વાઘોડિયા રોડ પર આવેલા માણકી રેસીકમ પ્લાઝાને સીલ મારી દેવામાં આવ્યું છે. અને ત્યાં નોટીસ મારી દેવામાં આવી છે. માણકી કોમ્પલેક્ષના વહીવટ કર્તાઓ દ્વારા ફાયર એન.ઓ.સી રિન્યુ નહિ કરાવાતા વિભાગ દ્વારા સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને ઈલેક્ટ્રીસીટી બંધ કરી દેવામાં આવી છે. જે અંગે સ્થાનિકોનું માનવું છે કે, બિલ્ડર દ્વારા ફાયર એનઓસી લેવામાં આવી નથી. જેને કારણે તેઓને ખોટી રીતે હેરાન થવાનો વારો આવ્યો છે.

પંચાયત મહાસંમેલનમાં જનપ્રતિનિધિઓને ગામડાઓને સમૃદ્ધ બનાવવા મોદીનું આહ્વાન

ગામડાની સામૂહિક તાકાત વિકાસનું મોટું માધ્યમ ઓગસ્ટ-૨૦૨૩ સુધીમાં ગામડા સમર્થ બનાવીએ

ગ્રામ પંચાયતોને જાહેર વહીવટમાં પ્રાધાન્ય આપવાનો ગુજરાતનો ઈતિહાસ છે : મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૧

ગ્રામીણ વિકાસએ પૂજ્ય બાપુનું મહત્વનું સ્વપ્ન હતું. લોકતંત્રને મજબૂત કરવામાં પંચાયતી રાજ વ્યવસ્થાનું ખુબ મહત્વ છે. તેમાં પરિણામલક્ષી ગતિ, પરિવર્તન લાવવાનું કામ સરપંચો-જનપ્રતિનિધિઓ કરે છે ત્યારે ગુજરાત રાજ્યની પંચાયતી રાજ વ્યવસ્થા સમગ્ર દેશ માટે પ્રેરક બનશે તેવો વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યક્ત કર્યો છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગુજરાત પંચાયત મહાસંમેલનમાં જનપ્રતિનિધિઓને સંબોધતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, ગુજરાતએ ગાંધી અને સરદારની ભૂમિ છે. પૂજ્ય બાપુએ હંમેશા ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતાની વાત કરી છે. આપણે જયારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે પૂજ્ય બાપુના ગ્રામ વિકાસ અને આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ. તેમણે કહ્યું કે કોરોનાની વૈશ્વિક મહામારીએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો, પરંતુ દેશભરના ગામડાઓની સ્વયં જાગૃતિએ કોરોનાને હરાવ્યો છે. ગામડાઓએ કોરોના નિયંત્રણ માટે પોતે અનેક નિયમો બનાવ્યા. તેને પગલે કોરોનાના કાળખંડમાં ગામડાઓ કોરોનાને સફળતાપૂર્વક દુર રાખી શક્યા તે માટે સૌ અભિનંદનના અધિકારી છે. રાજ્યની પંચાયત વ્યવસ્થામાં મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે, એક સમયે ગામડાઓમાં ચૂંટણીના પગલે કુસંપ વધવાની સ્થિતિને કારણે વેરઝેર જોવા મળતું હતું. વિનોબા ભાવેનું સ્મરણ કરતા તેમણે કહ્યું કે, તેઓ હંમેશાં કહેતા કે બધા સહમતીથી ગામના પ્રતિનિધિ નક્કી કરે તો ગામમાં સંપ જોવા મળે તે વાત આજે ગુજરાતે સાચા અર્થમાં સાકાર કરી છે. આપણી શાળાઓ ગામની પ્રાણ શક્તિ છે ત્યારે શાળામાં ભણેલા લોકોને સામુહિક ચિંતન માટે ભેગા કરવાનો અનુરોધ કરતા મોદીએ કહ્યું કે, રાજ્યનું દરેક ગામ ઓગસ્ટ - ૨૦૨૩ સુધી ઓછામાં ઓછી ૭૫ દિવસ પ્રભાતફેરી યોજી રાષ્ટ્ર ભક્તિની જનચેતના જગાવવાનું કામ કરે તે સમયની માંગ છે. આ ફેરી દરમ્યાન વીરોના બલિદાનોને યાદ કરીએ તો નવી પેઢીમાં પણ રાષ્ટ્ર ભક્તિના સંસ્કારનું સિંચન કરી શકીશું. તેમણે વધુમાં કહ્યું કે, ગામ આખુ ભેગું થાય અને ગામમાં ૭૫ વૃક્ષો વાવવાની પ્રવૃત્તિ કરીને આપણે પર્યાવરણ જાળવવાનું પણ કામ કરી શકીશું. ગામમાં બહારથી આવનાર વ્યક્તિને ગામ પ્રત્યે લગાવ-રૂચિ વધે, સુંદરતા વધે તેવા પ્રયાસ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ કરશે તો વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરી શકીશું. ગામના ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કરતા મોદીએ કહ્યું કે ધરતીને આપણે રસાયણિક તત્વોથી પીડા આપીએ છીએ પણ હવે આપણે પ્રાકૃતિક ખેતીના માધ્યમથી પીડામુક્ત કરીએ અને તેનાથી પર્યાવરણ સુરક્ષા સાથે નાણાં પણ બચશે. ગામનો જન્મદિવસ ઉજવી ગામની બહાર અન્ય સ્થળોએ રહેતા લોકોને નિમંત્રણ આપીએ તો ગામ વિકાસનું નવું સીમા ચિહ્ન પ્રસ્થાપિત કરશે તેવો મને દૃઢ વિશ્વાસ છે તેમ તેમણે ઉમેર્યું હતું. ટેકનોલોજીના વ્યાપના પગલે ઓપ્ટીકલ ફાઈબર આજે ગામડાઓ સુધી પહોચ્યા છે ત્યારે ટેલી મેડિસિન, ટેલી એજ્યુકેશનનો લાભ લેવા જનપ્રતિનિધિઓ સક્ષમ બને. ગામડામાં કોમન સર્વિસ સેન્ટરનો અભિગમ કાર્યવિન્ત કર્યો છે. તેનો ગામની નાનામાં નાની વ્યક્તિ લાભ લઈ સમય-નાણાની બચત કરી શકશે તેમ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સરપંચોને દેશના સર્વોચ્ચ નેતૃત્વનું સીધું માર્ગદર્શન-સંવાદની આ ઘટનાને ઐતિહાસિક ગણાવી હતી. તેમણે કહ્યું કે, ગ્રામ પંચાયતોને જાહેર વહિવટમાં પ્રાધાન્ય આપવાનો ગુજરાતનો ઈતિહાસ છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાને ગુજરાતમાં મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન નિયમિત ગ્રામસભાઓનો જે ઉપક્રમ હાથ ધરેલો તેના જ પદચિન્હો પર રાજ્ય સરકાર ચાલી રહી છે. ગામડાઓમાં લોકો વચ્ચે જઈને એમના પ્રશ્નો સમસ્યાઓ જાણી તેનું નિવારણ લાવવામાં આવે છે.

અમદાવાદના બિસ્માર રોડ-રસ્તા મુદ્દે મ્યુનિ. વિપક્ષ નેતા શહેઝાદ ખાનનો ટોણો

વડાપ્રધાન મોદીને દર છ મહિને અમદાવાદમાં રોડ-શો કરવાની કોંગ્રેસની અપીલ

- વડાપ્રધાનના રોડ-શોના રોડ-રસ્તા માત્ર બે દિવસમાં રી-સરફેસ કરાયા
- ખખડધજ રોડ રી-સરફેસ નહીં કરાય તો કોંગ્રેસની આંદોલનની ચીમકી

અમદાવાદ, તા.૧૧

સામાન્ય જનતા માટેના રોડ-રસ્તા રી-સરફેસ કરવા મામલે એએમસી તંત્ર અને રોડ પ્રોજેક્ટના અધિકારીઓ આંખ આડા કાન કરે છે અને જનતાને ટૂટેલા-ફૂટેલા રોડ-રસ્તા પર જ વાહનો હંકારવા પડે છે. જ્યારે વડાપ્રધાન મોદીના રોડ-શોને લઈ માત્ર બે દિવસના ટૂંકા ગાળામાં જ વડાપ્રધાનના રૂટ પરના તમામ રોડ-રસ્તા રી-સરફેસ કરી દેવાયા છે. ત્યારે જો વડાપ્રધાન મોદી દર છ મહિને અમદાવાદમાં રોડ-શો કરે તો તમામ રોડ-રસ્તા જોરદાર બની શકે છે. આ મામલે વ્યંગ્ય કરતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે કોંગ્રેસ વતી વડાપ્રધાન મોદીને દર છ મહિને અમદાવાદમાં રોડ-શો કરવા અપીલ કરી છે તો અમદાવાદમાં તૂટી ગયેલા બિસ્માર રોડ-રસ્તાઓ તંત્ર દ્વારા તાકિદે રી-સરફેસ કરવામાં નહીં આવે તો કોંગ્રેસ તરફથી ઉગ્ર જનઆંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

વિપક્ષના નેતાના જણાવ્યા મુજબ હાઈકોર્ટની અનેક ફટકાર લગાવવા છતાં અમદાવાદ શહેરના જે બિસ્માર રસ્તાઓ જાડી ચામડીના બની ગયેલા ઈજનેરે અને રોડ પ્રોજેકટના અધિકારીઓ રી-સરફેસ કરતા નહોતા. એ તમામ રસ્તાઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બે દિવસની યાત્રામાં રોડ-શો માટે રી-સરફેસ કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું તમામ વહીવટી તંત્ર તડામાર તૈયારી કરતું થઈ ગયું હતું. રોડ-શોમાં જ્યાંથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો કાફલો પસાર થવાનો છે, તે તમામ રોડ-રસ્તાને સરફેસ કરીને રંગ રોગાન સાથે શણગારવામાં આવ્યા હતા. ફૂટપાથ, ડિવાઈડર, ટ્રાફિક સિગ્નલ જેવી તમામ સુવિધાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ તમામ પ્રક્રિયા જોતા ખરેખર અનુભવ્યું કે અમદાવાદ મ્યુનિ. વહીવટી તંત્ર પાસે અદ્ભુત ક્ષમતા છે. આ જ કારણથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા તમામ વહીવટીકર્તાઓને નમ્ર અપીલ કરવામાં આવે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો રોડ-શો અમદાવાદના તમામ રોડ-રસ્તા પર કરવામાં આવે જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદના તમામ બિસ્માર રોડ-રસ્તા, તૂટેલી ફૂટપાથો, ડિવાઈડર નવા બની જશે. તમામ રોડને શણગાર કરવામાં આવશે. આ તમામ પ્રક્રિયા માટે મ્યુનિ. પાસે બજેટની પણ કમી ન હોય બીજી ખાસ નમ્ર વિનંતી કરવામાં આવે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો રોડ-શો દર છ મહિને રાખવામાં આવે કારણ કે અમદાવાદ મ્યુનિ. કો. દ્વારા બનાવવામાં આવેલ છ મહિનાના ટૂંકા ગાળામાં જ તૂટી જતા હોય છે તેથી દર છ મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો રોડ-શો અમદાવાદના તમામ રોડ-રસ્તા પર કરવામાં આવે તો અમદાવાદની પ્રજાને તૂટેલા રોડ રસ્તાની સમસ્યા નહીં થાય. ખૂબ જ દુઃખની વાત છે કે, અમદાવાદ મ્યુનિ. કો. પાસે અમદાવાદની જનતા માટે પ્રાથમિક સુવિધા તથા બિસ્માર રોડ-રસ્તા રી-સરફેસ કરવા માટે બજેટ હોતું નથી. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે રસ્તા પરથી ફક્ત અમુક મિનિટ માટે પસાર થવાના હોય તે રસ્તાઓને શણગારવા માટે ફંડ હોય છે. આ ખરેખર અમદાવાદની પ્રજાએ વિચારવા જેવો પ્રશ્ન છે. અમદાવાદના તૂટી ગયેલા બિસ્માર રોડ-રસ્તાઓ તાકિદે રી-સરફેસ કરવામાં નહીં આવે તો કોંગ્રેસ પક્ષ તરફથી ઉગ્રજન આંદોલન કરવામાં આવશે.

વિવાદિત ધાર્મિક સ્થળ પીરાણા ખાતે RSSની વાર્ષિક બેઠકમાં વડાપ્રધાન મોદી હાજરી આપશે ??

૧૧ માર્ચથી RSSની ત્રણ દિવસીય મેગા ઈવેન્ટે પીરાણાની આ જગ્યાને કિલ્લામાં ફેરવી દીધી છે

અમદાવાદ, તા.૧૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની અમદાવાદની બહારના ભાગમાં આવેલા શ્રી નિષ્કલંકી નારાયણ તીર્થ ધામ પ્રેરણાતીર્થ ખાતે ભગવા સંગઠનની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા 'અખિલ ભારતીય પ્રતિનિધિ સભા'ની તેની ત્રણ દિવસીય વાર્ષિક બેઠક યોજાઈ રહી છે. આ એક વિવાદિત સ્થળ છે જયાં હિંદુ અને મુસ્લિમ ટ્રસ્ટીઓ, તેના સંચાલન કરવા માટે જવાબદાર છે, તેના નિયંત્રણને લઈને ઝઘડો છે જેના પરિણામે ઘણા કાનૂની કેસ પણ થયા છે.

મુસ્લિમ ટ્રસ્ટીઓએ આક્ષેપ કર્યો હતો કે દરગાહને "હિંદુ મંદિર" તરીકે ગણવામાં આવી રહ્યું છે, જ્યારે હિંદુ ટ્રસ્ટીઓ દાવો કરે છે કે અહીં ક્યારેય દરગાહ ન હતી પરંતુ મંદિર હતું. ૧૧ માર્ચથી આરએસએસની ત્રણ દિવસીય મેગા ઈવેન્ટે આ જગ્યાને કિલ્લામાં ફેરવી દીધી છે અને સેંકડો પોલીસ પરિસરમાં વ્યવસ્થા કરી રહી છે. તેથી આ સ્થળ ૧ માર્ચથી મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યું છે અને સુરક્ષા કારણોસર ૧૭ માર્ચ સુધી બંધ રહેશે. ૧૧-૧૨ માર્ચ એમ બે દિવસ માટે અમદાવાદની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં હાજરી આપે તેવી શક્યતા છે. આરએસએસના વડા મોહન ભાગવત સહિત આરએસએસના વરિષ્ઠ કાર્યકર્તાઓ ઉપરાંત, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા જેવા ભાજપના અનેક નેતાઓ આ કાર્યક્રમમાં હાજરી આપે તેવી શક્યતા છે.

આ કાર્યક્રમના આયોજન સાથે સંકળાયેલા RSSના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન તેમાં ભાગ લઈ રહ્યા નથી પરંતુ અમે અપેક્ષા રાખીએ છીએ કે તેઓ ટૂંક સમયમાં અહીંની મુલાકાત લેશે. અમદાવાદથી લગભગ ૨૦ કિમી દૂર પીરાણા ગામમાં આવેલું, આ "તીર્થ" એક સમયે હિન્દુ-મુસ્લિમ સંવાદિતા માટે પ્રખ્યાત હતું. તે ઈમામશાહ બાવા સંસ્થા ટ્રસ્ટ નામના ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે, જેમાં નવ સભ્યો છે, જેમાં સાત હિંદુ અને ત્રણ મુસ્લિમ છે. ઈમામશાહના હિંદુ અનુયાયીઓને "સતપંથી" કહેવામાં આવે છે, જ્યારે મુસ્લિમો "સૈયદ" છે, જેઓ સૂફી સંતના વંશજ હોવાનું જણાવ્યું છે. હિન્દુ અને મુસ્લિમ ટ્રસ્ટીઓ વચ્ચેનો ઝઘડો ૧૯૮૦ના દાયકામાં શરૂ થયો હોવાનું કહેવાય છે. સૌથી મોટી અથડામણ ૨૦૦૩માં થઈ હતી જ્યારે હિંદુ ટ્રસ્ટીઓએ ઈમામશાહ બાવા દરગાહ સહિત પરિસરના મોટા ભાગમાં વાડ ઊભી કરી હતી, જેને તેઓ "પ્રેરણા તીર્થ અથવા સમાધિ" કહે છે અને ઈમામશાહ બાવાને "ઈમામશાહ મહારાજ" તરીકે સંબોધતા હતા. મુસ્લિમ ટ્રસ્ટીઓ તેની સામે કોર્ટમાં ગયા હતા જ્યાં આ મામલો હજુ પેન્ડિંગ છે. જાન્યુઆરીની શરૂઆતમાં, હિંદુ ટ્રસ્ટીઓએ રાતોરાત વાડની નજીક બાઉન્ડ્રી વોલ ઉભી કરી હતી, જેના કારણે મુસ્લિમ જૂથો દ્વારા ફરી વિરોધ કરવામાં આવ્યો હતો. આ દિવાલ ઈમામશાહ બાવાની દરગાહને મસ્જિદ અને કબ્રસ્તાનથી અલગ કરે છે. સાત હિન્દુ ટ્રસ્ટીઓમાંથી એક હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, આ કોઈ દરગાહ નથી. તે અમારા મહારાજનું મંદિર છે અને આ પહેલીવાર નથી કે આવો કાર્યક્રમ યોજાઈ રહ્યો હોય. અમે બજરંગ દળ, વિશ્વ હિંદુ પરિષદ સહિત અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું છે. મોહન ભાગવત પાસે ઝેડ-પ્લસ સુરક્ષા કવચ હોવાથી સુરક્ષા કારણોસર મુલાકાતીઓ માટે અમે આ પરિસર બંધ કરી દીધું છે. ત્રણ મુસ્લિમ ટ્રસ્ટીઓમાંથી એક સિરાજ સૈયદે કહ્યું કે, સામાન્ય મુલાકાતીઓ વિશે ભૂલી જાવ, આરએસએસના કાર્યક્રમને કારણે મુસ્લિમ ટ્રસ્ટીઓને પણ ઈમામશાહ બાવાની દરગાહમાં પ્રવેશવાની મંજૂરી નથી. અમે ફરિયાદ કરી રહ્યા નથી કારણ કે અમને સાંભળનાર અને લઈ જનાર કોઈ નથી. સમગ્ર વહીવટ હિંદુ ટ્રસ્ટીઓ પાસે છે. જાન્યુઆરીમાં દિવાલનું બાંધકામ આ વાતનો પુરાવો છે કે અમારા વિરોધ છતાં, સેંકડો પોલીસકર્મીઓની હાજરીમાં અને અમને કલેક્ટર સુધી જવાનો સમય આપ્યા વિના આ દિવાલ બનાવવામાં આવી હતી.

વડાપ્રધાન મોદીએ માતા હીરાબાના આશીર્વાદ મેળવી સાથે ભોજન લીધું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવ્યા છે. તેમના બે દિવસના વ્યસ્ત શિડ્યુલની વચ્ચે પણ તેઓ શુક્રવારે સાંજે ગાંધીનગર ખાતે માતા હીરાબાના આશીર્વાદ લેવા પહોંચી ગયા હતા. ગાંધીનગરમાં રહેતા વડાપ્રધાનના નાના ભાઈ પંકજભાઈના નિવાસસ્થાને નરેન્દ્ર મોદી હીરાબાને મળવા પહોંચ્યા હતા. જ્યાં તેમણે માતાની સાથે એક કલાક કરતા વધુ સમય ગાળીને સાથે બેસીને ખીચડીનું સાદું ભોજન પણ જમ્યા હતા.

પોશાક પહેરવેશને લઈ ચર્ચામાં રહેતા મોદીની કેસરી ટોપી ફરી ચર્ચામાં !

અમદાવાદમાં વડાપ્રધાનના રોડ-શોમાં કેસરી ટોપી બની આકર્ષણનું કેન્દ્ર !

મોદીની સાથે મુખ્યમંત્રી- પ્રદેશ પ્રમુખ સહિતના નેતાઓએ પણ ભગવા ટોપી પહેરી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૧

વડાપ્રધાન મોદી જયાં જાય ત્યાં તેમના પોશાક પહેરવેશની ચર્ચા જરૂરથી થાય છે અમદાવાદ રોડ શો દરમ્યાન વડાપ્રધાન મોદીએ કેસરી ટોપી પહેરી તેની ચર્ચા જોર શોરથી થવા પામી હતી. અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર કમલમ સુધી વડાપ્રધાન મોદીએ ખુલ્લી જીપમાં ઉભા રહી રોડ-શો કર્યો. રોડ-શો દરમ્યાન વડાપ્રધાન મોદીએ સુભાષચંદ્ર બોઝ સ્ટાઈલની કેસરી ટોપી પહેરી હતી. આ ટોપી પર આગળની બાજુ ભારતીય જનતા પાર્ટીના ચિહ્ન કમલનું નિશાન હતું તેમજ પાછળની બાજુ ગુજરાતીમાં ભાજપ લખ્યું હતું. વડાપ્રધાન મોદીની આ ભગવા ટોપી અનોખી લાગી રહી હતી. આ કેસરી ટોપી ખાદીમાંથી બનાવેલી હોય એવું દેખાઈ રહ્યું છે. રોડશો દરમ્યાન વડાપ્રધાન સાથે જીપમાં રહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે પણ એવી જ ટોપી પહેરી હતી. આ ઉપરાંત અન્ય નેતાઓ તેમજ કાર્યકર્તાઓએ પણ આ ભગવા ટોપી પહેરી હતી. આ પહેલી વાર નથી કે પીએમ મોદીએ આવી કેસરી ટોપી પહેરી હોય પીએમ મોદીએ ઉત્તરપ્રદેશ ચૂંટણીના અંતિમ તબક્કા પહેલા વારાણસીમાં પ્રચાર દરમ્યાન કરેલા રોડ-શોમાં પણ આ જ પ્રકારની કેસરી ટોપી પહેરી હતી.

યુક્રેનથી પરત આવેલા વિદ્યાર્થીઓ પણ વડાપ્રધાનના રોડ-શોમાં જોડાયા

અમદાવાદ, તા.૧૧

લાંબા સમય પછી ગુજરાતના મહેમાન બનેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એરપોર્ટથી ગાંધીનગરમાં કોબા પાસે આવેલા ભાજપના કાર્યાલય સુધીનો ૧૦ કિલોમીટર લાંબો રોડ શો યોજવામાં આવ્યો હતો. આ રોડ શો દરમિયાન ગુજરાતભરમાંથી ભાજપના કાર્યકર્તાઓ અને અન્ય લોકો ઉમટી પડ્યા હતા. ભારે જનમેદની વચ્ચે જે રસ્તો કાપતા ૧૫થી ૨૦ મિનિટનો સમય લાગે તેના માટે ૨ કલાકનો સમય લાગ્યો હતો. રોડ શો દરમિયાન કેટલાક યુવાનો આકર્ષનું કેન્દ્ર બન્યા હતા. આ એ યુવાનો હતા કે જેઓ ભણવા માટે યુક્રેન ગયા હતા અને યુદ્ધની સ્થિતિ વચ્ચે તેમને યુક્રેનથી હેમખેમ ગુજરાત પરત લાવવામાં આવ્યા છે. જેમાંથી કેટલાક યુવાનો એક સંદેશ લઈને આ રોડ શોમાં જોડાયા હતા. યુક્રેનમાં ફસાયા બાદ ઓપરેશન ગંગા દ્વારા સ્વદેશ લાવવામાં આવેલા વિદ્યાર્થીઓ વડાપ્રધાનના રોડ શોમાં જોડાયા હતા. આ વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન મોદીનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આમાંથી કેટલાક વિદ્યાર્થીઓ બેનર અને પોસ્ટર્સ લઈને ઉપસ્થિત રહ્યા હતા. મેડિકલના અભ્યાસ માટે યુક્રેન ગયેલા વિદ્યાર્થીઓએ રોડ શો દરમિયાન જણાવ્યું કે ઓપરેશન ગંગા દ્વારા ભારત સરકારે અમને સાથ આપ્યો તે બદલ અમે તેમના આભારી છે, ત્યાં પરિસ્થિતિ એકદમ વિકટ બની રહી હતી અને અમે સરકારની મદદ મળતા જીવ બચાવીને પરત આવી શક્યા છીએ. અહીં એકઠા થયેલા વિદ્યાર્થીઓ દ્વારા 'મોદી હે તો મુમકીન હૈ' જેવા નારા પણ લગાવવામાં આવી રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે ત્યારે તેમણે પોતાના પ્રવાસની શરુઆત સવારે એરપોર્ટથી ગાંધીનગરમાં આવેલા કમલમ સુધી રોડ શો યોજીને કરી છે. કમલમમાં વડાપ્રધાન મોદીએ પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકને આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહત્વની માનવામાં આવી રહી છે.

વિદ્યાર્થીઓ બેનર અને પોસ્ટર્સ લઈ હાજર રહ્યા

કોંગ્રેસ-આપ દ્વારા વિરોધ પ્રદર્શનની શક્યતાને લઈ

પોલીસે કોંગ્રેસ-આપના કાર્યકરોને નજરકેદ કર્યા

કેટલાક કાર્યકરોની અટકાયત કરાઈ તો કેટલાકના મોબાઈલ જપ્ત કર્યા

ગાંધીનગર, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય પ્રવાસ દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ-ગાંધીનગર પોલીસે ગુરૂવારે મોડી સાંજથી જ અનેક કાર્યકરોને નજરકેદ કર્યા હતા. તો કેટલાંક કાર્યકરોની અટકાયત પણ કરવામાં આવી હતી. આ સાથે કેટલાંક લોકોના મોબાઈલ ફોન પણ પોલીસે જમ્મ કરી લીધા હતા. અમદાવાદ- ગાંધીનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત દરમિયાન કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, એ આઈ એ મ આઈ એ મના કાર્યકરો દ્વારા રોડ શો કે કાર્યક્રમ દરમિયાન વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસે ગુરૂવારે મોડી સાંજથી જ અનેક કાર્યકરોને નજર કેદ કરવા માટે ઘરે પોલીસ ગોઠવી દીધી હતી. તો કેટલાંક કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસને વિશેષ સૂચના પણ આપવામાં આવી હતી કે જીએમડીસી મેદાન તેમજ સ્ટેડિયમ ખાતેના કાર્યક્રમ દરમિયાન કોઈ વ્યક્તિ ભાજપના કાર્યકર બનીને કે અન્ય રીતે ઘૂસી ન જાય. આ માટેની વોચ રાખવા માટે વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવાની જવાબદારી કાઈમ બ્રાંચને સોંપવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા વડાપ્રધાનનું સ્વાગત કરતા રાજ્યપાલ અને મુખ્યમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વતન રાજ્ય ગુજરાતની બે દિવસીય મુલાકાતે આજે સવારે આવી પહોંચ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર વડાપ્રધાનનું આગમન થયું ત્યારે તેમનો સત્કાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ સાંસદ અને ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે કર્યો હતો. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમાર પોલીસ મહાનિદેશક આશિષ ભાટિયા સહિત વરિષ્ઠ સચિવો અને મુલ્કી અધિકારીઓએ પણ પ્રધાનમંત્રીનું અભિવાદન કરી તેમને આવકાર્યા હતા.

વડાપ્રધાન મોદીને આવકારવા યોજાયેલા રોડ-શોમાં

લોકોને ભેગા કરવા પોલીસ, કોર્પોરેટર્સને અપાયા ટાર્ગેટ !

ગાંધીનગર, તા.૧૧

વડાપ્રધાનના રોડ-શોમાં ભાજપના કાર્યકરો પુરતી સંખ્યામાં આવી નહી શકે તેવી શક્યતાને જોતા પાંચ દિવસ પહેલાંથી જ સ્થાનિક પોલીસ અને કોર્પોરેટર્સને જવાબદારી આપવામાં આવી હોવાની વિગતો જાણવા મળેલ છે જેમાં કેટલાંક પોલીસ સ્ટેશનની હદમાં દારૂ, જુગારના ધંધા કરતા લોકોને પોલીસે બોલાવીને પોતાના ખર્ચે રોડ શોમાં જવા માટે સૂચના આપી હતી. જેમાં કેસરી સાફો પહેરવાની તાકીદ પણ કરવામાં આવી હતી. જ્યારે સ્થાનિક કોર્પોરેટર્સ દ્વારા તેમના વિસ્તારની સોસાયટીના ચેરમેનને કહીને સોસાયટી દીઠ ઓછામાં ઓછા ૫૦ લોકો મોકલવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં તમામને બપોરના સમયે જમવાનું આપવાની ખાતરી પણ આપાઈ હતી.

ભાજપની ગણતરી પડી ખોટી

વડાપ્રધાન મોદીના રોડ-શોમાં ૪ લાખ નહીં માત્ર ૬૫ હજાર લોકો આવ્યા

બે દિવસ પૂર્વે પાટિલે કહ્યું હતું કે વડાપ્રધાનના રોડ-શોમાં ૪ લાખ લોકો આવશે

અમદાવાદ, તા.૧૧

કોરોના મહામારીના કપરા કાળ બાદ ગુજરાતમાં મોટો કાર્યક્રમ યોજાયો છે. પ્રધાનમંત્રી મોદીનો એરપોર્ટથી કમલમ સુધીનો ૯ કિમી રોડ-શો યોજાયો હતો. જો કે આ રોડ-શોમાં ૪ લાખ લોકોને ભેગા કરવાનો ભાજપનો ટાર્ગેટ પૂરો થયો નથી અને માત્ર ૬૫ હજાર જ લોકો રોડ-શોમાં આવ્યા હોવાનું IBના રિપોર્ટ પરથી જાણવા મળ્યું છે. દેશના ૪ રાજ્યોમાં ભાજપની મોટી જીત બાદ ગુજરાતમાં પણ હવે મિશન ૨૦૨૨ સાથે પીએમ મોદી આવ્યા હતા. પીએમ મોદીનો એરપોર્ટથી કમલમ સુધી ૯ કિમીનો રોડ શો યોજાયો હતો. આ રોડ શો માટે ભાજપ દ્વારા તૈયારી કરવામાં આવી હતી. રોડ શોમાં લોકોની ભીડ ભેગી કરવા તમામ સાંસદ, મંત્રી, ધારાસભ્ય, કોર્પોરેટર, વોર્ડ પ્રમુખને જવાબદારી સોંપવામાં આવી હતી. ભાજપના ટાર્ગેટ મુજબ ૪ લાખ લોકો ભેગા કરવાના હતા. જો કે ૪ લાખ લોકોને ભેગા કરવાનો ભાજપ ટાર્ગેટ આજે ખોટો પડ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ IB દ્વારા રોડ શોમાં આવેલ લોકોની સંખ્યાનો સર્વે કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ અને સ્ટેટ આઈબી દ્વારા કરેલા સર્વે મુજબ સમગ્ર રોડ શોમાં માત્ર ૬૫,૦૦૦ લોકો જ હાજર રહ્યા હતા. એરપોર્ટ સર્કલથી ઈન્દિરા બ્રિજ સુધી માત્ર ૩૦,૦૦૦ લોકો જ હતા. ચાલુ દિવસ હોવાને કારણે લોકોએ રોડ શોમાં ખાસ રસ લીધો ના હોવાનું જાણવા મળ્યું છે. નોંધનીય છે કે, બે દિવસ અગાઉ જ PMના કાર્યક્રમને લઈને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી. PMના રોડ શોને લઈને માહિતી આપતાં સી.આર. પાટીલે જણાવ્યું હતું કે PMના કાર્યક્રમમાં ૪ લાખ લોકો અભિવાદન માટે આવશે, જેમાં અલગ-અલગ સમાજ, સંસ્થાઓ, NGO અને કાર્યકર્તાઓ નક્કી કરેલા સ્થળે હાજર રહેશે. જો કે IBના સર્વેમાં આ ગણતરી ખોડી પડી હોવાનું જણાઈ રહ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

SPORTS AUTHORITY OF GUJARAT

૭૫ આઝાદી નો અમૃત મહોત્સવ

૧૧ મો
ખેલ મહાકુંભ
રમશે ગુજરાત જીતશે ગુજરાત...

રમત-ગમત ક્ષેત્રે ગુજરાતને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવનાર આપણા યશસ્વી વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્‌હસ્તે

- ખેલ મહાકુંભના 11મા સંસ્કરણનો ભવ્યાતિભવ્ય શુભારંભ
- ગુજરાતની નવી સ્પોર્ટ્સ પોલિસી 2022ની જાહેરાત

રમશે ગુજરાત જીતશે ગુજરાત

તારીખ: 12-03-2022 | સમય: સાંજે 6 વાગે | સ્થળ: સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, ગુજરાત સરકાર

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
શનિવાર ૧૨ માર્ચ ૨૦૨૨
૮ શાબાન હિજરી ૧૪૪૩
ફાગણ સુદ નોમ સંવત ૨૦૭૮

પાંચ રાજ્યોના પરિણામોનો સંકેત

દેશભરમાં દિવસો નહીં પણ મહિનાઓથી જેની ચર્ચા હતી એ પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો છેવટે આવી ગયા છે. બે બાબતોને કારણે આ પાંચ રાજ્યોના પરિણામોને આગવું મહત્ત્વ મળ્યું હતું. એક તો દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં પણ વિધાનસભાની ચૂંટણી હતી કે જે દેશ પર રાજ કરવા માટે સૌથી વધુ ૮૦ સાંસદો આપનારૂં રાજ્ય છે અને બીજું એ કે ૨૦૨૪માં સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે, તે પૂર્વે આ પાંચ રાજ્યોમાં યોજાનારી ચૂંટણીથી દેશનો મૂડ કેવો છે એનો એક આછેરો અંદાજ પણ રાજકીય નિરીક્ષકો મેળવવા માંગતા હતા. પરિણામ એ મળ્યું કે, ચાર રાજ્યોમાં ભાજપ અને એક રાજ્યમાં 'આપ'નું શાસન આવ્યું... દેખીતી રીતે જ ભાજપને જોરદાર જીત મળી એટલે એવું પ્રાથમિક અનુમાન કરાય કે, ભાજપની સ્થિતિ વધુ મજબૂત છે પરંતુ એમ ન કહી શકાય કે તેની લહેર દેશમાં છે. કેમ કે જો લહેર હોત તો પંજાબમાં જે રીતે આપનું ઝાડું ફરી વળ્યું એ શક્ય બન્યું ન હોત... ત્યાં પણ ભાજપનો દેખાવ સારો રહેત પણ એવું થયું નથી... એ વાત ચોક્કસ સાચી છે કે, ચાર રાજ્યોમાં ભાજપની સરકાર સરળતાથી બની રહી છે એટલે હાલના રાજકીય પરિપ્રેક્ષ્યમાં તે સૌથી મજબૂત જ ગણાય પરંતુ આ મજબૂતાઈ પાછળ વિરોધપક્ષોની નબળાઈ રહેલી છે. વાસ્તવમાં વિપક્ષ સાવ વેરવિખેર થઈ ગયો છે. ભાજપ પાસે મોદી જેવા નેતા છે જ્યારે વિપક્ષ પાસે કોઈ કરિશ્માઈ નેતા જ નથી. કોંગ્રેસ તો સાવ દિશા જ ભટકી ગઈ છે. યોગ્ય સુકાન વગરનું જહાજ દરિયામાં જેમ આમથી તેમ ફંગોળાયા કરે એમ કોંગ્રેસ હાલ રાજકીય દરિયામાં દિશાવિહીન થઈને ભટક્યા કરે છે. આ જ કારણ છે કે તેની દરેક ચૂંટણીમાં હાલત સતત કથળતી જ જઈ રહી છે. પણ તેનો અર્થ એ નથી કે ભાજપ અપરાજિત બની ગયો છે. જો એવું હોત તો પંજાબમાં પણ તેણે સારો દેખાવ કર્યો હોત પણ સારા દેખાવની વાત તો દૂર રહી ત્યાં તે કોઈ ગણતરીમાં પણ નથી... તેનું કારણ એ કે પંજાબમાં રાજ્યની પ્રજા ચોક્કસપણે કોંગ્રેસથી ખૂબ નારાજ હતી અને 'આપ'માં તેને વિકલ્પ પણ દેખાયો એટલે આખું પંજાબ 'આપ' પર વરસી પડ્યું અને ધીંગી બહુમતીથી તેને સત્તા સોંપી દીધી. બીજું ઉદાહરણ ઉત્તરપ્રદેશનું જ લઈએ તો ત્યાં અખિલેશ યાદવે ભલે સત્તા ન મેળવી પણ પોતાના દેખાવમાં બમણાથી સારો સુધારો કર્યો છે. અખિલેશે ગત વિધાનસભાની ચૂંટણી કરતા પોતાની બેઠકો ડબલ જેટલી કરી બતાવી એ જ બતાવે છે કે, ઉત્તરપ્રદેશના લોકોને તેમનામાં આશા દેખાઈ છે અને ભવિષ્યમાં તે હજી સારો દેખાવ કરીને સત્તા પણ પ્રાપ્ત કરી શકે છે. જો કે આ માટે તેમણે હજી ખૂબ મહેનત કરવાની જરૂર છે. ચૂંટણી પરિણામોએ તેમની વ્યુહરચનાની કેટલીક ખામીઓ અને અપરિપક્વતાને ઉજાગર કરી છે પણ આ પ્રકારની ભૂલોમાંથી જ પાઠ શીખવામાં આવે તો સારૂં પ્રદર્શન કરી શકાય છે.

આ ઉપરાંત કેટલાક એવા સમીકરણો પણ છે કે, જેણે અખિલેશ યાદવના પક્ષની બેઠકો ઘટાડી દીધી... જેમાં મત વહેંચણીના એક વિશ્લેષણ મુજબ યુપીમાં સપાનો સાથી પક્ષ રાષ્ટ્રીય લોકદળ ૨૨ જેટલી બેઠકો ૫૦૦ કરતા પણ ઓછા મતે હારી ગયો અને ખુદ સપાએ પણ ૪૪ બેઠકો ૧ હજાર કરતા પણ ઓછી સરસાઈથી ગુમાવી છે. મોટાભાગે બસપા અને ઓવૈસીના પક્ષે સપા-રાલોદનો ખેલ બગાડ્યાનું સમજાય છે. બસપા અને AIMIM યુપીમાં તો સાવ ધોવાઈ જ ગયા છે. 'હું તો મરૂં પણ તને તો વિધવા કરૂં' ઉક્તિની જેમ આવા પક્ષોએ સપા ગઠબંધનને ભારે ઠેસ પહોંચાડી છે. જો કે શક્ય છે કે, આ ૬૬ બેઠકો પર વિજય મળ્યા બાદ પણ સપાની સરકાર ન બની હોત અને ભાજપની જ સરકાર રચાત પરંતુ તે કેટલી પાતળી બહુમતી વાળી હોત અને તેની હાલત પણ કેટલી પાતળી હોત એનો અંદાજો લગાવી શકાય છે. ધીંગી બહુમતી સાથે સત્તા પર બેસવું અને સાવ પાતળી બહુમતી સાથે સરકાર રચવામાં હાથી-ઘોડા જેવો તફાવત છે.

બીજું યોગી એન્ડ કંપની યુપીના મતદારોને ધરાર એ સમજાવવામાં સફળ રહી કે, રાજ્યમાં અપરાધોની સંખ્યા ઘટી છે... જ્યારે વાસ્તવિકતા એ છે કે, ખૂદ નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છે કે, ૨૦૧૭થી યુપીમાં અપરાધોની વિવિધ શ્રૃંખલામાં ૯ ટકાથી ૪૦ ટકા જેટલો ધરખમ વધારો થયો છે પણ ખૂદ વિપક્ષ જ આ હકીકત યુપીના મતદારોને સમજાવી ન શક્યો. આ ઉપરાંત ફાસીવાદી બળો, કોમવાદી પરિબળો વગેરેએ પણ યુપીની આ ચૂંટણીમાં વરવી ભૂમિકા ભજવી છે. જેને પરિણામની સમીક્ષામાં જરાય અવગણી શકાય એમ નથી.

આગજની ? ભારતની રોહિંગ્યા છાવણીઓમાં મધરાત્રે લાગતી આગનું રહસ્ય બહાર આવી રહ્યું છે

ભારતમાં રોહિંગ્યાઓને વધતા ઇસ્લામોફોબિયાનો સામનો કરવો પડે છે, જે હિંદુ રાષ્ટ્રવાદની મજબૂત ભરતી અને ઇમિગ્રન્ટ વિરોધી ભાવના છે, ત્યારે એ દૃષ્ટિકોણ કે શરણાર્થીઓની શિબિરોમાં આગ અકસ્માતોને કારણે છે તે ગળે ઊતરતું નથી.

ભારતમાં રોહિંગ્યા શરણાર્થી શિબિરોમાં એકલા ૨૦૨૧માં ચાર આગ જોવા મળી હતી, જે અગાઉના કોઈપણ વર્ષ કરતાં વધુ હતી. ૨૦૧૯ અને ૨૦૨૧ની વચ્ચે, રોહિંગ્યા શિબિરોમાં ૧૨ રહસ્યમય આગ લાગી. આમાંના મોટા ભાગની આગે એક વિશિષ્ટ વલણ દર્શાવ્યું હતું - તે મધ્યરાત્રિએ ઉત્પેરિત થાય છે, ઘણી વખત વિવાદિત મિલકત પર, તેમને બહાર કાઢવાની અથવા ધર્માંધતાની ધમકીઓથી પહેલા આગ લાગે છે પરંતુ તેને ખરાબ શહેરી આયોજન, ખાસ કરીને શોર્ટ સર્કિટનું પરિણામ હોવાનું નોંધવામાં આવે છે.

આ ખાસિયત દિલ્હી અને હૈદરાબાદ જેવા મહાનગરોમાં રોહિંગ્યા શરણાર્થીઓની વસાહતો સુધી મર્યાદિત નથી પણ હરિયાણા અને જમ્મુ જેવા પ્રદેશોમાં પણ છે. આવા તમામ વિસ્તારોમાં, શરણાર્થીઓ શહેરની બહારના વિસ્તારોમાં કામચલાઉ ઝૂંપડીઓમાં રહે છે અને તદર્થ અને અનૌપચારિક મજૂરી દ્વારા તેમની આજીવિકા કમાય છે. મ્યાનમારમાં વંશીય સફાઈમાં વધારાને પગલે શિબિરોમાં મોટાભાગના રહેવાસીઓ ૨૦૧૨ અને તે પછી આવ્યા હતા. ભારતમાં કેટલા રોહિંગ્યા શરણાર્થીઓને ઘર મળ્યું છે તેના આધારે સંખ્યા અલગ અલગ હોય છે, પરંતુ તાજેતરનો અંદાજ ૪૦,૦૦૦ લોકો પર સ્થિર થાય છે.

ભારતના કિસ્સામાં, વસવાટયોગ્ય અને આગ-પ્રતિરોધક શરણાર્થી શિબિરોની માંગ દેશની પોતાની સમસ્યાઓના કારણે નકારવામાં આવે છે. સામાજિક-રાજકીય દ્રષ્ટિએ, ભારતમાં રોહિંગ્યાઓ વધતા ઇસ્લામોફોબિયા, હિંદુ રાષ્ટ્રવાદની મજબૂત ભરતી, ઇમિગ્રન્ટ વિરોધી લાગણી અને ભારતના બિન-અસ્તિત્વ ધરાવતા શરણાર્થી કાયદાના પીડાદાયક જટિલ જોડાણમાં અસ્તિત્વ ધરાવે છે. આવી અવ્યવસ્થા સેંકડો રોહિંગ્યાઓને અને તેમના દેશમાં પુનઃસ્થાપના બાબતને માત્ર મ્યાનમાર સાથેના ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં મૂકે છે. આવી મૂંઝવણ વચ્ચે, રોહિંગ્યા શિબિરોને જમીન પર નષ્ટ કરતી નિયમિત અને છતાં રહસ્યમય આગ ચિંતાનું વધારાનું તત્વ બની જાય છે.

રહસ્યમય આગ

મોટાભાગની આગ અગ્નિદાહ છે એવું માની લેવું વધુ પડતું નથી. જો કે, સત્તાવાળાઓ અલગ કહે છે.

સત્તાવાર અહેવાલો અનુસાર, નોંધાયેલી ૧૨ આગમાંથી, પાંચ ખામીયુક્ત સર્કિટના પરિણામે હતી, અને સાત અજ્ઞાત કારણોસર હતી. એટલે કે તમામ આગ જેના કારણો જાણી શકાય છે તે શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું કહેવાય છે. નવી દિલ્હીના કાલિંદી કુંજમાં સરેરાશ શરણાર્થીઓના ઘરમાં પ્રવેશવા પર, જે શ્રેષ્ઠ શિબિરો પૈકીની એક છે, તે સ્પષ્ટ થાય છે કે શા માટે ખરાબ શહેરી આયોજનને એક સરળ બલિનો બકરો બનાવામાં આવે છે. બધા ઘરોમાં ગેસ સિલિન્ડરના આવરણ વિના ખુલ્લા સ્ટવ હોય છે અને તે ઘણીવાર તંબુના એક ખૂણામાં, જવલનશીલ કપાસ અને પ્લાસ્ટિક શીટની દીવાલોની ખૂબ નજીક રાખવામાં આવે છે. રસોઈ સિવાય, બધી વીજળી નગ્ન વાયરો દ્વારા આવે છે જે તંબુની ફરતે કોઈલ હોય છે અને ખુલ્લામાં હોય છે. વાંસ, તાર્પ અને કાપડની બનેલી ઝૂંપડીઓના આ સંગ્રહમાં લગભગ ૨૦૦-૨૫૦ લોકો રહે છે.

પ્રતીકારાત્મક તસવીર. બાંગ્લાદેશના કોક્સ બજારમાં, ૨૩ માર્ચ, ૨૦૨૧ના રોજ આશ્રયસ્થાનોમાં રાતોરાત આગ લાગ્યા પછી રોહિંગ્યા શરણાર્થી શિબિરનું સામાન્ય દૃશ્ય.

જ્યારે પ્રાથમિક કારણ તરીકે શોર્ટ સર્કિટને ટાંકીને પોલીસ અહેવાલો વિશે પૂછવામાં આવ્યું ત્યારે, મેહરીન, એક રોહિંગ્યા શરણાર્થી જે ત્રણ બાળકોની માતા છે અને કચરો ઉઠાવનાર તરીકે કામ કરે છે, તેણે કહ્યું, "મોટા ભાગે, તે લોકો જ છે (જેઓ આગ લગાવે છે.) કદાચ અમુક વાર, તે શોર્ટ સર્કિટ હોઈ શકે છે." અન્ય ચાર ઇન્ટરવ્યુ આપનારાઓ મેહરીનના વિચારો સાથે સંમત થયા. બધા ઇન્ટરવ્યુ આપનારાઓએ ઉલ્લેખ કર્યો છે કે ખરાબ શહેરી આયોજન આગને વધારે છે, પરંતુ ભાગ્યે જ તેનું કારણ બને છે.

દૃષ્ટિકોણ
- રિયાસિંહ રાઠોડ

પરિણામે, ૧૨ આગનું સચેત વિશ્લેષણ દર્શાવે છે કે માત્ર બે જ શોર્ટ સર્કિટનું પરિણામ હતું, પાંચ મોટે ભાગે "પ્રેરિત આગ"નું પરિણામ હતું, અને સાત અજ્ઞાત કારણો હતા. સરળ શબ્દોમાં કહીએ તો, ખરાબ શહેરી આયોજન કરતાં શરણાર્થી શિબિરોમાં વધુ આગ માટે અગ્નિદાહ જવાબદાર છે. આશ્ચર્યજનક રીતે, તમામ પાંચ ઉત્તરદાતાઓએ ઉલ્લેખ કર્યો છે કે શરણાર્થી વિરોધી જૂથો વારંવાર આગ માટે જવાબદાર છે.

મેહરીનની ૧૫ વર્ષની પુત્રી નાજિયાએ પણ યાદ કર્યું કે રાજ્ય સરકારના કેટલાક અધિકારીઓએ જૂન ૨૦૨૧માં આગ લાગવાના છથી સાત દિવસ પહેલા શરણાર્થીઓને ત્યાંથી નીકળી જવાની ધમકી આપી હતી. "તેઓ વારંવાર આવું કરે છે, લોકો ધ્યાન આપતા નથી, પછી આગ લાગે છે."

આગ જાણી જોઈને લાગી હોવાનો પહેલો સંકેત એ છે કે ઝાંનમાંથી આઠ આગ રહસ્યમય રીતે રાત્રે શરૂ થઈ હતી. આગ લગાડવાનું બીજું સૂચક એ આગના અધિકારીઓની તપાસ અને શરણાર્થીઓની જુબાનીઓ વચ્ચેની અસંગતતા છે.

કદાચ, સૌથી વધુ સ્પષ્ટ ઉદાહરણ ૨૦૧૮માં નવી દિલ્હીના કાલિંદી કુંજ આગમાં જોવા મળ્યું હતું. જ્વાળા સવારે ૩:૦૦ વાગ્યે શરૂ થઈ હતી, જેમાં ૨૩૦ ઘરોને નુકસાન થયું હતું, જેના માટે અધિકારીઓએ નજીકના શૌચાલયમાં શોર્ટ સર્કિટમાં ખામી સર્જાઈ હતી તે કારણ દર્શાવ્યું હતું.

જો કે, આગના દિવસે, ભાજપના યુવા પાંખના નેતા મનીષ ચંદેલાએ ટ્વીટ કર્યું હતું, "હા, અમે તે કર્યું અને અમે ફરીથી #ROHINGYA QUIT INDIA કરીએ છીએ. (...) અમારા હીરો દ્વારા સારી રીતે કરવામાં આવ્યું છે. હા, અમે રોહિંગ્યા આતંકવાદીઓના ઘર સળગાવી દીધા."

વધુમાં, સમર્થ, રાહત પૂરી પાડતી એનજીઓના સભ્યએ આગ પછી, અમારા ઇન્ટરવ્યુ દરમિયાન ખુલાસો કર્યો કે તે સમયે કેમ્પના બાથરૂમ "પૈડાં પરના શૌચાલય હતા અને તેને વીજળીની જરૂર ન હતી", તેથી તેમણે શોર્ટ સર્કિટના દાવાને રદિયો આપ્યો.

કેટલાક શરણાર્થીઓએ એવું પણ વિચાર્યું હતું કે આગનો ઉપયોગ ઝૂંપડપટ્ટીને દૂર કરવાના સાધન તરીકે કરી રહ્યા છે.

અયાન, રોહિંગ્યા માટે માનવાધિકાર પહેલના સ્થાપક અને પોતે એક શરણાર્થી, જૂન ૨૦૨૧ની આગના કિસ્સાને ટાંક્યો જ્યાં શરણાર્થીઓને તે પ્લોટ પર ફરીથી વસવાટ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી જ્યાં તેમની ઝૂંપડીઓ માત્ર કલાકો પહેલા જ બળી ગઈ હતી.

મેહરીને ઉમેર્યું, "અમુકવાર મિલકતના માલિકે અમને ત્યાંથી જવાનું કહ્યું. પરંતુ લોકડાઉન હતું. અમે કેવી રીતે જઈએ ? અમને કાયદેસર રીતે જવાની મંજૂરી પણ નથી. પછી તેઓ રાત્રે ચૂપચાપ આવ્યા અને અમારી વસાહતોને આગ લગાડી દીધી.

કેમ્પના કોમ્યુનિટી હેડ મોહસિને જણાવ્યું હતું કે કેમ્પના રહેવાસીઓએ તંબુઓ, શૌચાલયો અને રસોડાના સાધનોને કચરાપેટીમાં ફેંકી દેવાના રૂપમાં અધિકારીઓ દ્વારા ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું આ ધમકીઓ અને ત્યારપછીની આગની ક્યારેય પર્યાપ્ત રીતે તપાસ કરવામાં આવી છે, તો બધા ઇન્ટરવ્યુ આપનારાઓએ કહ્યું, "ના." પ્રભારી અધિકારીઓ ભાગ્યે જ આવતા હતા એટલું જ નહીં, પરંતુ જ્યારે તેઓ આવ્યા ત્યારે તેઓએ પણ શરણાર્થીઓને જમીન ખાલી કરવા કહ્યું. આજે, ભારતમાં રોહિંગ્યા શરણાર્થીઓ તેમની પોતાની સ્થિતિસ્થાપકતા અને NGO અને નાગરિક સમાજની સહાય પર જીવે છે.

આગ પછીના પુનઃનિર્માણ વિશેની ચર્ચા દરમિયાન, શરણાર્થીઓએ વર્ણવ્યું કે કેવી રીતે તેઓએ સખાવતી સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ મૂળભૂત જરૂરિયાતો વડે ટેરપ અને કાપડના ઘરો બનાવ્યા છે. તેની અગાઉની ઝૂંપડીની તુલનામાં, મોહસિન હવે વધુ ભીડવાળી જગ્યાએ રહે છે જ્યાં "બધું જ જ્વલનશીલ છે".

નાજિયાએ ઉમેર્યું, "અમારું ઘર અગાઉ પ્લાયવુડનું હતું. હવે તે માત્ર કાપડનું છે." તેણીએ નોંધ્યું કે નવા કેમ્પમાં વાયરિંગ અગાઉના કેમ્પ કરતાં વધુ જોખમી છે.

શરણાર્થીઓ સાથેની ચર્ચા પરથી તે સ્પષ્ટ છે કે આગ પછી બાંધવામાં આવેલા તેમના નવા ઘરો તેમના છેલ્લા ઘર કરતાં આગમાં બળવાની સંભાવના વધારે છે.

ભારતના સતત વધી રહેલા હિંદુ રાષ્ટ્રવાદ અને શરણાર્થીઓના ઘરો દરેક આગ સાથે ઓછા સુરક્ષિત બનતા હોવાથી, શરણાર્થીઓ માટે અગ્નિદાહથી કોઈ રાહત દેખાતી નથી. મોહસિને બીજી આગના કિસ્સામાં તેના બે કિશોરવયના પુત્રો સાથે સ્થાપિત કરેલા પ્રોટોકોલનો ઉલ્લેખ કર્યોઃ "ત્યાં જે પણ હોય, બધું છોડી દો. તમારો જીવ બચાવો. ભલે હું ત્યાં ન હોઉં."

(તમામ ઉત્તરદાતાઓના નામ તેમની ઓળખ બચાવવા માટે બદલવામાં આવ્યા છે.)

(લેખિકા એક સંશોધક અને સંપાદક છે) (સૌ. : ધ વાયર.ઈન)

'ભારતમાં ફાસીવાદનું આગમન થયું છે : ઘણા લોકો માટે ભાજપનું પ્રદર્શન ધર્માંધતાનો વિજય છે

મુસ્લિમ બુદ્ધિજીવીઓએ સાંપ્રદાયિક ધ્રુવીકરણ અને અખિલેશ યાદવ દ્વારા ભાજપનો મુકાબલો કરવા માટે કરેલા વિલંબને જવાબદાર ઠેરવ્યો હતો

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના આંકડા અડધોઅડધ બેઠકો નજીક પહોંચ્યા હોવાથી, ભગવા પક્ષના સભ્યોમાં ઉલ્લાસ છવાઈ ગયો. અલીગઢના જૂના નગરમાં મોહમ્મદ અલી રોડના સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ વિસ્તારમાં, ભાજપના સમર્થકો પોલીસ ચોકીની બહાર એકઠા થયા અને ફટાકડા ફોડ્યા અને જય શ્રી રામના નારા લગાવ્યા. અન્ય ઘણા નગરોમાં, દુકાનો બંધ હતી અને હિંદુ બહુમતી ધરાવતા વિસ્તારોમાંથી આવતા ફટાકડાના અવાજોથી મૌન ભાંગી રહ્યું હતું.

બીજી તરફ, મુસ્લિમ વિસ્તારો અને ઘેટ્ટો પર એક ઉદાસીન શાંતિનું શાસન હતું. વાતાવરણમાં આઘાત અને અસ્વસ્થતાની લાગણી પ્રસરી ગઈ હતી. એક બુરખો પહેરેલી મહિલા કે જેણે ઉજવણીની દેખરેખ રાખી હતી, કહ્યું કે, ''આ ચિંતાજનક સમય છે. અમે ધાર્યું નહોતું કે ભાજપ આટલી આસાનીથી જીતી જશે.'' અલ્હાબાદ (જે હવે પ્રયાગરાજ થઈ ગયું છે) સ્થિત મુસ્લિમ-અધિકાર કાર્યકર્તા આફરીન ફાતિમા, અન્યથા વિચારે છે. ''આ પરિણામો મારા માટે બિલકુલ અણધાર્યા ન હતા. હું હંમેશાં કહેતી હતી કે વિપક્ષની બિનસાંપ્રદાયિક, ઉદારવાદી રાજનીતિ ભાજપની હાર્ડકોર હિન્દુ વોટબેંકમાં ખાડો પાડે તેવી શક્યતા નથી. આ માત્ર એક પુનરોચ્ચાર છે કે ભારતીય રાજકારણ બદલાઈ શકશે નહીં, જ્યાં સુધી તે હિંદુત્વના મુદ્દાને ઓળખશે નહીં અને તેનો સામનો કરશે નહીં. માત્ર પ્રવચનો દ્વારા આનો સામનો કરી શકાતો નથી. મુસ્લિમો માટે બંધારણીય સુરક્ષા હોવી જોઈએ.''

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ફાતિમા કહે છે કે ઉદાસીથી તેણીનું હૃદય ભાંગી ગયું, જે તેણીને ઓળખતા ઘણા મુસ્લિમોમાં સ્પષ્ટ દેખાય છે. ફાતિમાએ કહ્યું, ''મારા પરિવારના લોકો અને મિત્રો વચ્ચેની વાતચીત નિરાશાની છે. મારા પરિવારના કેટલાક લોકોને આશા હતી કે મુસ્લિમો અને ખેડૂતોના સમર્થનથી સમાજવાદી પાર્ટી જીતશે. મારી આસપાસના દરેક લોકો આજે ખૂબ નિરાશ છે.''

એવા ઘણા મુદ્દા હતા કે જેની વિશ્લેષકોએ આગાહી કરી હતી કે જે ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ કામ કરશે - મોંઘવારી, સત્તા વિરોધી વાતાવરણ, ખેડૂતોનો વિરોધ અને કોવિડ-૧૯ની બીજી લહેર દરમિયાન હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ભંગાણ. ઘણા કાર્યકરો આશા રાખતા હતા કે રખડતા ઢોરનો મુદ્દો એક મહત્વપૂર્ણ ચૂંટણી મુદ્દો બની શકે છે અને ભાજપની તકોને નુકસાન પહોંચાડશે. આખરે, બહુજન સમાજ પાર્ટી એક એવી પાર્ટી તરીકે ઉભરી આવી જેણે ભાજપ વિરોધી મતને તોડી નાખ્યા. તેઓ ઘણી જગ્યાએ બીજા સ્થાને હતા અને ઘણા મતવિસ્તારોમાં ૧૦ ટકાથી વધુ વોટ શેર મેળવ્યા હતા – જે આ બેઠકો પર SP અને BJPના ઉમેદવારો વચ્ચેનો તફાવત છે.

લખનૌમાં બુલડોઝર પર ભાજપની ઉજવણી

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર અને સિવિલ સોસાયટીના અગ્રણી સભ્ય પ્રોફેસર મદીહુર રહેમાન શેરવાનીએ ટુસર્કલ્સ.નેટને જણાવ્યું કે ભાજપની જીત પાર્ટી પાસે ચૂંટણી તંત્રના સંસાધનો પરનું પરિણામ છે. તેમણે કહ્યું, ''ભાજપ અને સંઘ પાસે સમર્પિત કાર્યકર્તાઓ, ઘણાં નાણાકીય સંસાધનો અને મીડિયા મશીનરી છે જે તેમના સંદેશને વિસ્તૃત કરે છે અને તેને સામાન્ય માણસ સુધી લઈ જાય છે. જો કોઈ અન્ય સંગઠન આ ઉપકરણની હરીફાઈ કરે તો જ, તેઓ લોકોના મનમાં વાવેલા ધાર્મિક દ્વેષ સામે લડવામાં સક્ષમ હશે.'' શેરવાનીએ ખેડૂતોના વિરોધનો તેમના ફાયદા માટે ઉપયોગ કરવામાં વિપક્ષની નિષ્ફળતા પર પણ ધ્યાન દોર્યું.

ચર્ચા
- ઝેયાદ મસરૂર ખાન

તેમણે ઉમેર્યું, ''સમાજવાદી પાર્ટી ખેડૂતોને તેમના ખોળામાં બેસવાની અપેક્ષા રાખી શકે નહીં. શું તેઓ ખેડૂતો અને કામદારોની ફરિયાદો સાંભળવા માટે પહોંચ્યા હતા? શું તેઓએ તેમને વચન આપ્યું હતું કે તેઓ તેમના હિત માટે કામ કરશે ? દુર્ભાગ્યે, તેમણે આ નથી કર્યું.''

શબનમ હાશ્મી, નવી દિલ્હી સ્થિત સામાજિક કાર્યકર, જે હાલમાં તેમની બીમાર બહેનની સંભાળ રાખે છે, જણાવ્યું હતું કે તેણીને મળેલા સંગઠનાત્મક અહેવાલો સ્પષ્ટપણે સમાજવાદી પક્ષના સત્તામાં પાછા ફરવા તરફ નિર્દેશ કરે છે. હાશ્મીએ કહ્યું, ''હું માનું છું કે કાં તો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોમાં મોટા પાયે હેરાફેરી થઈ છે અથવા ઉત્તર પ્રદેશના લોકોને માન્યતાની બહાર ગુનાહિત કરવામાં આવ્યા છે. આ ખૂબ અનપેક્ષિત છે. અમે જે અપેક્ષા રાખતા હતા તેની વિરુદ્ધ છે. જો આ ખરેખર પરિણામો છે, તો હું જોઉં છું કે ભારતમાં ફાસીવાદનું આગમન થયું છે અને ત્યાંથી પાછા વળવાનું નથી.'' નાગરિક અધિકાર જૂથ મુસ્લિમ્સ ફોર સેક્યુલર ડેમોક્રેસીનું પ્રતિનિધિત્વ કરતા જાવેદ આનંદે ટુસર્કલ્સ.નેટને જણાવ્યું હતું કે ભાજપની સાંપ્રદાયિક રાજનીતિના ખતરા સામે સમયસર ઊભા થવામાં અખિલેશ યાદવની નિષ્ફળતા છે. ''મને લાગે છે કે વિરોધ પક્ષો ભાજપ સામે એકજૂટ વલણ અપનાવવામાં સક્ષમ ન હતા. પશ્ચિમ બંગાળમાં, મમતા બેનર્જીએ બીજેપીના સાંપ્રદાયિક પ્રવચનનો મુકાબલો કર્યો. પરંતુ અખિલેશ યાદવ બેરોજગારી, મોંઘવારી અને રખડતા ઢોરના મુદ્દા પર પાર્ટી સામેના લોકોના ગુસ્સાનો ઉપયોગ કરવામાં નિષ્ફળ રહ્યા. ચૂંટણીના માત્ર ત્રણ મહિના પહેલા જ તેઓ ભાજપને ટક્કર આપવાના કાર્યમાં ઉતર્યા હતા. આ રીતે ચૂંટણી જીતી શકાતી નથી. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં પરિણામો પંજાબથી તદ્દન વિપરીત હતા જ્યાં શાસક કોંગ્રેસને આમ આદમી પાર્ટીએ હાંકી કાઢી હતી. આનંદે કહ્યું, ''યોગી આદિત્યનાથના મુખ્ય પ્રધાનપદ હેઠળ ઉત્તર પ્રદેશ પહેલા દિવસથી જ મુસ્લિમો માટે ખરાબ સમાચાર છે. મુસ્લિમો વિરુદ્ધ ખાસ કરીને તેઓ બીભત્સ છે. તેમની પાસે લવ જેહાદ, ગૌહત્યા પર પ્રતિબંધ, અસંમતિ માટે લોકોની અને પત્રકારોની ધરપકડ જેવા મુદ્દાઓ ઉઠાવવા વગેરે હવે ચાલુ રહેશે.''

મુંબઈ સ્થિત કવિ અને કાર્યકર હુસૈન હૈદરીએ હાશ્મીની નિરાશા શેર કરી અને તેને 'ભારતીય લોકશાહીની નિષ્ફળતા' ગણાવી. ''લોકોએ સાંપ્રદાયિક રાજનીતિ સામે લડવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, પરંતુ સાંપ્રદાયિક શક્તિઓ દ્વારા તેને નિષ્ફળ કરવામાં આવ્યા. લોકો હવે વધુ શું કરી શકે ?'' હૈદરીએ કહ્યું. તેમનું માનવું હતું કે પરિણામો ભારતીય મુસલમાનોને ભારતીય રાજનીતિમાં સત્તાના છેવાડા તરફ ધકેલવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. ''મુસલમાનોને ચૂંટણીની દૃષ્ટિએ અપ્રસ્તુત બનાવવામાં આવ્યા છે. તે વિશ્વ માટે સંકેત છે કે કેવી રીતે ભારતમાં ૧૪ ટકા વસ્તીને ચૂંટણી પ્રક્રિયાની લગભગ બહાર કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી સામે ઐતિહાસિક એકત્રીકરણ થયું હતું, પરંતુ અંતે તેઓ સરળતાથી જીતી ગયા હતા. ''હું એમ પણ નહીં કહું કે જે લોકોએ ભાજપને મત આપ્યો છે તે બધા સાંપ્રદાયિક છે. કેટલાક તેમના કલ્યાણકારી રાજકારણથી પ્રભાવિત હતા, અન્ય જાતિ ગતિશીલતા દ્વારા, કેટલાક સ્થાનિક પરિબળો દ્વારા. પરંતુ હા, હું માનું છું કે નોંધપાત્ર વસ્તીએ ધાર્મિક આધાર પર મતદાન કર્યું છે.

ટુ સર્કલ્સ.નેટ સાથેની ટેલિફોનિક વાતચીતમાં કવિએ કહ્યું કે આ ચૂંટણી પરિણામ અન્ય ચૂંટણીની જેમ જમણેરી પાંખને ઉત્તેજન આપશે. તેમણે ઉમેર્યું, ''હવે વધુ જમણેરી હિંદુઓને હિંદુ ઉગ્રવાદ તરફ ધકેલવામાં આવશે. જો મુસ્લિમો વિરુદ્ધ ફરીથી હિંસા થાય તો મને આશ્ચર્ય થશે નહીં.'' સામાજિક કાર્યકર્તા ઓવૈસ સુલતાનખાને જણાવ્યું હતું કે તેઓ માને છે કે પરિણામો મુસ્લિમ સમુદાયમાં રાજકીય મંથનની નવી લહેર તરફ આગળ વધશે. તેમણે કહ્યું, ''હું આને દુઃખદ દિવસ તરીકે જોતો નથી. હું આને એક સૂચક તરીકે જોઉં છું કે મુસ્લિમ યુવાનોમાં સતત મંથન ચાલી રહ્યું છે કે તેઓએ પોતાનું રાજકારણ બનાવવાની અને પોતાને બચાવવાની જરૂર છે.'' સુલતાને કહ્યું કે તે માને છે કે મુસ્લિમ સમુદાય દ્વારા કરવામાં આવેલ પ્રતિકાર, જેઓ મોટી સંખ્યામાં મતદાન કરવા માટે બહાર આવ્યા હતા, તેની ઉજવણી કરવી જોઈએ. ''ભારતમાં બે પ્રકારની રાજનીતિ છે: એક જે મુસ્લિમોને ખલનાયક તરીકે જુએ છે અને બીજું જે તેમને પીડિત તરીકે જુએ છે. આપણે આ દ્વિસંગીમાંથી બહાર આવવું જોઈએ અને આપણી પોતાની સ્વતંત્ર વાર્તાઓ બનાવવી જોઈએ.'' (સૌ.: ટુ સર્કલ.નેટ)

સંસ્કાર સૌરભ

લાંચ આપનાર અને લેનાર ફિટકારને પાત્ર છે.(હદીસ બોધ)

બોધ વચન

ભલે તમારી પાસે કંઈ ન હોય પરંતુ જો એકલો સંતોષ હશે તો તમારી જિંદગી ઘણી સગવડભરી થઈ જશે. - પ્લૂટ્સ

આજની આરસી

૧૨ માર્ચ શનિવાર ૨૦૨૨
૮ શાબાન હિજરી ૧૪૪૩
ફાગણ સુદ નોમ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૫-૩૭
ખત્મે ઝવાલ ૧૨-૫૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૭

ગુસ્સુરિયું

પત્ની : સેલ્ફી લે અને પછી ડિલીટ કરે અને કેમેરાનો કાચ સાફ કરે.
આમ અડધો કલાક ચાલ્યું, પતિથી ના રહેવાયું અને બોલાઈ ગયું કે એકવાર મોઢું સાફ કરીને ટ્રાય કરો.
પતિ કઈ હોસ્પિટલમાં છે કોઈને ખબર નથી હજી.

આફ્રિકાના ક્રિકેટરોને બાંગ્લાદેશ સામે ઘરઆંગણે રમાનારી શ્રેણીના કારણે

IPLની શરૂઆતની મેચોમાં દ. આફ્રિકાના ક્રિકેટરો ભાગ નહીં લે તો ફ્રેન્ચાઈઝી ટીમોને નુકસાન થશે

નવી દિલ્હી,તા.૧૧

ભારતીય ક્રિકેટ બોર્ડ ૧૫ એપ્રિલ પહેલા ઈન્ડિયન પ્રીમિયર લીગમાં દક્ષિણ આફ્રિકાના ટોચના ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે મધ્યસ્થતા શોધવા માટે ક્રિકેટ દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ ડિરેક્ટર ગ્રીમ સ્મિથનો સંપર્ક કરશે. તમને જણાવી દઈએ તે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૨ ની શરૂઆત ૨૬ માર્ચથી શરૂ થઈ રહી છે. જેમાં પહેલી મેચ ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાશે. જો કે, દિલ્હી કેપિટલ્સને આંચકો લાગી શકે છે કારણ કે એનરિક નોર્કિયાએ નવેમ્બરથી વધુ બોલિંગ કરી નથી અને તે સ્પષ્ટ નથી કે ક્રિકેટ સાઉથ આફ્રિકાની મેડિકલ ટીમ તેને IPLમાં રમવા માટે મંજૂરી આપશે કે કેમ. દક્ષિણ આફ્રિકાના કેટલાક ટોચના ક્રિકેટરોને બાંગ્લાદેશ સામે ઘર આંગણે રમાનારી શ્રેણીના કારણે પ્રથમ ત્રણ સપ્તાહ માટે આઈપીએલ માંથી બહાર રહેવું પડી શકે છે. તમને જણાવી દઈએ કે આ શ્રેણીમાં ૧૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી ત્રણ વનડે અને બે ટેસ્ટ મેચ રમાશે. ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર અને લખનઉ સુપર જાયન્ટ્સની ટીમમાં પસંદગી પામેલા ક્વિન્ટન ડી કોક સિવાય એ વાત નક્કી નથી કે કાગીસો રબાડા, એનરિક નોર્કિયા, માર્કો જેન્સેન, લુંગી એનગીડી બાંગ્લાદેશ વિરૂદ્ધ ટેસ્ટ શ્રેણી પૂરી થાય તે પહેલા ઉપલબ્ધ થશે. ડ્વેન પ્રિટોરિયસ, રાસી વેન ડેર ડ્યુસેન, એઈડન માર્કરામ અને ડેવિડ મિલર સાથે પણ આવું જ છે. જોકે, ફાફ ડુ પ્લેસિસ પહેલા જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. ભારતીય ક્રિકેટ બોર્ડ ના એક ટોચના અધિકારીએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, "બીસીસીઆઈ ગ્રીમ સ્મિથનો સંપર્ક કરશે અને શોધી કાઢશે કે કેટલાક ટોચના ખેલાડીઓ ઓછામાં ઓછા સમય પહેલા ઉપલબ્ધ થઈ શકે છે." જો તેઓ ત્રણ અઠવાડિયા સુધી ઉપલબ્ધ નહીં થાય તો તેનાથી ફ્રેન્ચાઈઝી ટીમોને નુકસાન થશે. ભારતીય ક્રિકેટ બોર્ડ ગ્રીમ સ્મિથ પર નિર્ભર છે.

પિંક બોલથી રમાનારી બીજી ટેસ્ટમાં ૧૦૦ ટકા દર્શકોની મંજૂરી

બેંગ્લોરમાં ભારત-શ્રીલંકા વચ્ચે આજથી ડે-નાઈટ ટેસ્ટ મેચનો પ્રારંભ

કોરોના મહામારી આવી છે ત્યારથી પહેલીવાર કોઈ ટેસ્ટ મેચ દર્શકોની ૧૦૦ ટકા ક્ષમતા સાથે રમવામાં આવશે : પ્લેઈંગ ઈલેવનમાં અક્ષર પટેલના સમાવેશની સંભાવના

બેંગલોર, તા.૧૧

૧૨ માર્ચથી ભારત અને શ્રીલંકા વચ્ચે બેંગલોરમાં યોજાનારી બીજી ટેસ્ટ મેચનો માહોલ બની ચૂક્યો છે. આ ડે નાઈટ પિંક ટેસ્ટ મેચમાં આપને એક પણ સીટ ખાલી મળવાની નથી. કોરોના મહામારી આવી છે ત્યારથી પહેલીવાર કોઈ ટેસ્ટ મેચ દર્શકોની ૧૦૦ ટકા ક્ષમતા સાથે રમવામાં આવશે. બેંગલોર ટેસ્ટ માટે તમામ ટિકિટ વેચાઈ ચૂકી છે.

એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થનારી આ ડે-નાઈટ ટેસ્ટ મેચ માટે દર્શકોના ઉત્સાહને જોતા કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘે ૧૦૦ ટકા ક્ષમતામાં દર્શકોને સ્ટેડિયમ આવવાની અનુમતિ આપી છે. વિરાટ કોહલીના ફેન્સ માટે એ વાત ખાસ છે કે જે પણ તેમની ૧૦૦ મી ટેસ્ટ મેચ જોઈ શક્યા નહીં તે હવે તેમને ૧૦૧મી મેચમાં રમતા જોશે.

સિરીઝની વાત કરીએ તો ભારતે બે ટેસ્ટ મેચની આ સિરીઝની પહેલી મેચ મોહાલીમાં પોતાના નામે કરી લીધી હતી. રવિન્દ્ર જાડેજાને આ મેચ માટે પ્લેયર ઓફ ધ મેચના એવોર્ડથી પણ નવાઝવામાં આવ્યા, તેણે ૧૭૫ રનની ઈનિંગ રમી અને બોલિંગમાં ૯ વિકેટ લીધી.

આ ટેસ્ટમાં ભારતીય ટીમમાં ફેરફાર થઈ શકે છે. ટીમમાં ઓલ રાઉન્ડર અક્ષર પટેલનો સમાવેશ થઈ શકે છે. ગત વર્ષે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે અમદાવાદમાં રમાયેલી પિંક બોલ ટેસ્ટમાં અક્ષર પટેલે ૧૧ વિકેટ ઝડપી શાનદાર પ્રદર્શન કર્યું હતું.

RCB આજે કેપ્ટન સાથે ટીમની નવી જર્સી લોન્ચ કરશે

નવી દિલ્હી, તા.૧૧

બેંગ્લોર ટીમના આઈકોન ખેલાડી વિરાટ કોહલીએ આઈપીએલ ૨૦૨૧ પછી કેપ્ટનશીપ છોડી દીધી છે. ટીમ સુકાની માટે નવું નામ શોધી રહી છે. ટીમે કોહલી સિવાય ગ્લેન મેક્સવેલ અને મોહમ્મદ સિરાજને રીટેન કર્યા હતા. જો કોઈ ભારતીયને બેંગ્લોર ટીમનો કેપ્ટન બનાવવાની વાત કરીએ તો દિનેશ કાર્તિકનું પણ એક નામ છે. તેની પાસે કોલકાતા ટીમમાં કેપ્ટનશિપ કરવાનો ઘણો અનુભવ છે. તે ટીમનો સિનિયર ખેલાડી પણ છે. આ ટીમ સાથે બીજું નામ છે દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ સુકાની ફાફ ડુ પ્લેસિસનું. ફાફ ડુ પ્લેસિસને પણ કેપ્ટનશિપનો ઘણો અનુભવ છે. વિરાટ કોહલીએ લાંબા સમયથી ટીમનું સુકાન સંભાળ્યું છે. આ વખતે તે માત્ર એક ખેલાડી તરીકે જ રમતા જોવા મળશે. આ વખતે વિરાટ કોહલી બેટથી કેવું પ્રદર્શન કરે છે તે જોવું રહ્યું. મહત્વનું છે કે તમામની નજર હવે ૧૨ માર્ચના રોજ બેંગ્લોરની ટીમ પર રહેશે. આઈપીએલ ૨૦૨૨માં અત્યાર સુધી કુલ ૯ ટીમોએ પોતાના સુકાની જાહેર કરી દીધા છે. ત્યારે બેંગ્લોર એક માત્ર એવી ટીમ છે જેણે હજુ સુધી સુકાની જાહેર કર્યો નથી.આઈપીએલ ફ્રેન્ચાઈઝી RCBએ જાહેરાત કરી છે કે તેઓ ૧૨ માર્ચના રોજ એક મોટી ઈવેન્ટ કરવા જઈ રહી છે. આરસીબી આ સિઝન માટે તેમની નવી જર્સી લોન્ચ કરશે. ૧૨ માર્ચે RCBની નવી જર્સીનું અનાવરણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગેની માહિતી ટ્વિટર પર આપવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે આઈપીએલ ૨૦૨૨ ની શરૂઆત ૨૬ માર્ચથી થઈ રહી છે. ટ્વીટમાં લખ્યું છે કે, IPL ૨૦૨૨ આવી ગયું છે અને અમે સીઝન માટે અમારા થ્રેડ બતાવવા માટે રાહ જોઈ શકતા નથી. નવી જર્સીનું અનાવરણ ૧૨ માર્ચે બેંગ્લોરની ટીમ અનબોક્સ ઈવેન્ટમાં કરવામાં આવશે.

કપિલ દેવ જેવો બનવા મીડિયમ ફાસ્ટ બોલિંગ કરતો હતો : અશ્વિન

નવી દિલ્હી, તા.૧૧

ભારતના ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને, જેણે કપિલ દેવની ૪૩૪ ટેસ્ટ વિકેટને વટાવી હતી, તેણે જાહેર કર્યું કે, બાળપણમાં તે બેટ્સમેન બનવા માંગતો હતો અને બાદમાં કપિલ દેવ બનવા માટે મધ્યમ ગતિની બોલિંગ કરતો હતો. ૩૫ વર્ષીય રવિચંદ્રન અશ્વિને તેની ૮૫મી ટેસ્ટમાં કપિલ દેવનો ૪૩૪ ટેસ્ટ વિકેટનો રેકોર્ડ તોડ્યો હતો. તે ટેસ્ટ ક્રિકેટમાં અનિલ કુંબલે પછી ભારતનો સૌથી સફળ બોલર બની ગયો છે. રવિચંદ્રન અશ્વિને તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું, સરસ લાગે છે. ૨૮ વર્ષ પહેલાં કપિલ પાજી માટે હું મારા પપ્પા સાથે તાળીઓ પાડતો હતો. જ્યારે તેણે રિચર્ડ હેડલીનો રેકોર્ડ તોડ્યો હતો. મેં ક્યારેય સપનું નહોતું જોયું કે, હું તેના કરતા વધુ વિકેટ લઈશ, કારણ કે હું બેટ્સમેન બનવા માંગતો હતો. ખાસ કરીને જ્યારે મેં આઠ વર્ષની ઉંમરે રમવાનું શરૂ કર્યું હતું. તેણે વધુમાં કહ્યું કે, ૧૯૯૪માં બેટિંગ મારો શોખ હતો. સચિન તેંડુલકર ઉભરતો સ્ટાર હતો અને કપિલ દેવ પોતે એક દિગ્ગજ ઓલ રાઉન્ડર હતા. મારા પિતાની સલાહ પર, હું મધ્યમ ઝડપી બોલિંગ કરતો હતો. જેથી કરીને હું આગામી કપિલ પાજી બની શકું. ત્યાંથી ઓફ સ્પિનર બન્યો અને આટલા વર્ષો સુધી ભારત માટે રમ્યો. મેં ક્યારેય એવો વિચાર પણ કર્યો ન હતો.

કોહલી મેદાન પર હોય એટલે તેને રાજા જેવું લાગે છે : પ્રદીપ સાંગવાન

નવી દિલ્હી,તા.૧૧

ભારતીય અંડર-૧૯ ટીમ માટે વર્લ્ડ કપ જીતવાથી લઈને ટીમ ઈન્ડિયા માટે ૧૦૦ ટેસ્ટ મેચ રમવા સુધી, વિરાટ કોહલીએ ઘણા વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે અને મોટી સિદ્ધિઓ મેળવી છે. વિરાટ કોહલીની કારકિર્દીના આ નિર્ણાયક તબક્કે, અંડર-૧૯ ટીમમાં તેના સાથી ખેલાડી પ્રદીપ સાંગવાને વિરાટ કોહલીના રમત પ્રત્યેના ક્યારેય ન સમાપ્ત થવાના જુસ્સા વિશે વાત કરી. પ્રદીપ સાંગવાને વિરાટ કોહલી વિશે વાત કરતા કહ્યું કે, અમે બધા જાણતા હતા કે મોટી સદી ફટકારવાની આદતને કારણે વિરાટ કોહલી એક દિવસ ભારત માટે રમશે. આ શરૂઆતથી જ આદત છે. તે ઘણા રન બનાવતો હતો અને તે બધી સારી ટીમો સામે સ્કોર કરતો હતો. તેણે વધુમાં કહ્યું કે, "તેમની માનસિકતા એવી હતી કે જો તે મોટી ટીમો સામે મોટો સ્કોર કરે છે, તો તેની ભારતીય ટીમમાં પસંદગી થવાની સંભાવના વધી જશે. લોકો પૂછશે, તેઓ તેમના વિશે ઓળખશે." ભૂતપૂર્વ ક્રિકેટરે પ્રદીપ સાંગવાને વધુમાં કહ્યું કે, જ્યારે તે મેદાનની અંદર હોય છે, ત્યારે તે ક્યારેય હાર માનતો નથી. તેને લાગે છે કે હું બસમાં છું, મારે એકલાએ બધું કરવાનું છે, હું આ જગ્યાનો રાજા છું. હું મારી ટીમ માટે આ મેચ જીતીશ. ડ્રેસિંગ રૂમની અંદર, તે એવા લોકોની શોધ કરશે કે જેની સાથે તે મજાક કરી શકે. તે ટિપ્પણી કરશે. તે વાતાવરણને હળવું રાખે છે જે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે કેટલીક વાર ડ્રેસિંગ રૂમની અંદરની પરિસ્થિતિ તણાવપૂર્ણ હોય છે.

પશ્ચિમ રેલવે-અમદાવાદ

ગેજ પરિવર્તનના સંબંધમાં સર્વેક્ષણ કાર્ય

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ) V, પ્રથમ માળ, નિર્માણ ભવન, ચામુંડા માતા મંદિર પાસે, જીસીએસ હોસ્પિટલ પાસે, પોસ્ટ-સૈજપુર બોઘા, અમદાવાદ-382345 દ્વારા નીચે જણાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(1) ઈ-ટેન્ડર નં. ડેપ્યુ. સીઈ/સી/વી-એડીઆઈ-એફએલએસ/ડીએસએલ-એનએલવાય/01 (2) કામનું નામઃ** દેશલપુર અને નલિયા (72.50 કિ.મી.) અને નવી લાઈન નલિયા થી વાયોર (24.90 કિ.મી.) વચ્ચે ગેજ પરિવર્તન માટે FLS ના સંબંધમાં બ્રિજોના GADs ની તૈયારી અને રજૂઆત અને વિગતવાર L સેક્શન, પ્લાન્સ અને ESPs સહિત ડ્રોન / લિડર સહિત અંતિમ સ્થાન સર્વેક્ષણ હાથ ધરવું, જમીન સંપાદન, હાઈડ્રોલોજીકલ અને અન્ય ફિલ્ડ ડેટા એકત્રીત કરવા, લેન્ડ રેકોર્ડસની પ્રાપ્તી અને રજૂઆત અને સંપાદન દરખાસ્ત, જમીનની સીમાનું સીમાંકન વગેરે. **(3) કામનું અંદાજિત ખર્ચઃ** ₹ 1,38,19,871.27 **(4) ઈએમડીઃ** ₹ 2,19,100/- **(5) પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 06 (છ) મહિના (ચોમાસા સહિત) **(6) બીડ જમા કરવાનું બંધ થવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.29-03-2022 ના 15:00 કલાકે. અને તા.29-03-2022 ના 15:30 કલાકે ખોલાશે. **(7) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સરનામું જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ. ચીફ એન્જીનીયર, (બાંધકામ)V ની ઓફિસ, પ્રથમ માળ, નિર્માણ ભવન, ચામુંડા માતા મંદિર પાસે, જીસીએસ હોસ્પિટલ સામે, પોસ્ટ-સૈજપુર બોઘા, અમદાવાદ-382345. **વેબસાઈટ : www.ireps.gov.in**

CPM-049

અમને લાઈક કરો: facebook.com/WesternRly

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

સોમવાર, 14 માર્ચ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
વસાણી ફાર્મ, બિદડા, તા. માંડવી, કચ્છ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કુશલ ભગડે, મોબાઈલ : 98988 46478.

સોમવાર, 14 માર્ચ, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કલાનાળા, ભાવનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

સોમવાર, 14 માર્ચ, 2022 અને મંગળવાર, 15 માર્ચ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
આશીર્વાદ રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ્સ, સાકર કોમ્પ્લેક્સ, પહેલો માળ, ન્યુ વીઆઈપી રોડ, સુપર બેકરી પાસે, સરદાર એસ્ટેટ, વડોદરા – 390 019, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અશ્વિની જોષી, મોબાઈલ : 63548 38986.

મંગળવાર, 15 માર્ચ, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કલાનાળા, ભાવનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ સંજય મકવાણા, મોબાઈલ : 63580 83347.

મંગળવાર, 15 માર્ચ, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ સરોવર પોર્ટિકો, વિક્ટોરિયા પાર્ક સામે, ભાવનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

મંગળવાર, 15 માર્ચ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
બ્લુબેરી રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ, નડિયાદ–આનંદ રોડ, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હર્ષ પંચાલ, મોબાઈલ : 83203 87848.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 7:00 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education by HDFC Mutual Fund

કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.
મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

IDFC FIRST BANK LIMITED
(erstwhile Capital First Limited)and amalgamated with IDFC Bank Limited)
Cin : L65110tn2014plc097792
Registered Office : Krm Towers, 8th Floor, Harringtone Road, Chetpet, Chennai-600031. Tel : +91 44 4564 4000 | Fax : +91 44 4564 4022
AUTHORIZED OFFICER – Satyendra Maurya CONTACT NUMBER- 8306001848
AUTHORIZED OFFICER – DebjyotiRoy CONTACT NUMBER- 9874702021

એપેન્ડિક્સ - IV-A (જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ)
સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે દેણદાર(રો)ને અને જામીનદાર(રો)ને ખાસ અને જાહેર જનતાને સામાન્ય રીતે નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ફિઝિકલ કબજો આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** તે આધારે **૨૯ માર્ચ ૨૦૨૨** ના રોજ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે **૧.ઓમ સાઈનાથ જરી, (૨) અશોકકુમાર બાલકૃષ્ણ જરીવાલા અને (૩) નીતાબેન અશોકકુમાર જરીવાલા** પાસેથી લેવાના થતા **રૂ. ૨૮,૭૦,૫૮૭.૭૫/-** ની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. રિઝર્વ કિંમત **રૂ.૧૬,૩૮,૦૦૦ /-** અને અર્નેસ્ટ મની ડિપોઝીટ **રૂ.૧,૬૩,૮૦૦/-** રહેશે.

ગીરવે મિલ્કતનું વર્ણન

સ્થાવર મિલકત, ફ્લેટ નંબર ૪૦૧ અને ૪૦૨ ની જગ્યા,જેનું ક્ષેત્રફળ ૧૩૦૦.૦૦ ચો.ફૂટ, એટલે કે ૧૪૪.૪૪ ચોરસ યાર્ડ્સ, એટલે કે ૧૨૦.૭૭ ચો.મીટર, સુપર બિલ્ટ અપ એરિયા અને ક્ષેત્રફળ ૭૨.૦૯ ચો.મી. બિલ્ટ અપ એરીયા ના વણ વહેંચાયેલ હિસ્સા સાથે ક્ષેત્રફળ ૨૪.૩૬ ચો.મી.ની જમીન, ચોથા માળે, "તુલસી વિલા એપાર્ટમેન્ટ", પર સ્થિત પેટા જિલ્લો અને તાલુકોઃ ચોર્યાસી, સુરત શહેર ગોપીપુરા લીમડીકુઈ મારવાડી એરીયા ધરાવતો સિટી સર્વે વોર્ડ નં.૧૦, સિટી સર્વે નોંધ નં. ૧૧૧૯/૭અને ૧૧૨૦ક્ષેત્રફળ ૧૨૨.૩૫.૩૭ ચો.મી. અને ૫૫.૧૮.૪૫ ચો.મી.કુલ ક્ષેત્રફળ ૧૭૩.૫૨.૮૫ ચો.મી. જમનીની સરખે હિસ્સે કપાત કર્યા પછી બાકીની જમીનનું ક્ષેત્રફળ ૧૫૪.૦૯ ચો.મી. પૈકી.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડની વેબસાઈટ **www.idfcfirstbank.com** પર આપેલ લિંક જુઓ.

તારીખ : ૧૨-૦૩-૨૦૨૨ — અધિકૃત અધિકારી
સ્થળ : સુરત — આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ

PMETની દત્તક યોજના હેઠળ પાંચ વિદ્યાર્થીઓ CA ફાઈનલમાં પહોંચ્યા

રાજ્યમાં CAનો અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને સંપૂર્ણ અભ્યાસની સુવિધા પૂરી પાડતી એકમાત્ર મુસ્લિમ સંસ્થા

અમદાવાદ, તા.૧૧

હાલમાં જાહેર થયેલ CA ઈન્ટરમેડીએટના પરિણામમાં પ્રોગ્રેસિવ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ 'PMET'ની દત્તક યોજના હેઠળ અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓ CA ફાઈનલમાં પહોંચ્યા હતા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ PMETના CA પ્રોજેક્ટનું પરિણામ રાષ્ટ્રીય સરેરાશ પરિણામ કરતાં ઊંચું છે. રાષ્ટ્રીય સ્તરનું પરિણામ પહેલા અને બીજા ગ્રુપમાં અનુક્રમે ૨૧.૭૮% અને ૧૧.૮૧% છે જ્યારે PMETનું પરિણામ અનુક્રમે ૭૨.૭૩% અને ૧૧.૧૧% છે. રાષ્ટ્રીય સ્તરનું બંને ગ્રુપનું પરિણામ ૧૧.૫૬% જ્યારે PMETનું બંને ગ્રુપનું પરિણામ ૨૦% આવ્યું છે.

PMETની દત્તક યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨૮ વિદ્યાર્થીઓ CA બન્યા છે જેમાંથી ૮ હાલમાં USA, UK, સઉદી અરેબિયા, દુબઈ (UAE) અને માલાવી (આફ્રિકા)માં કાર્યરત છે. હાલ ૧૨૦ છોકરા-છોકરીઓ PMET CA સ્કીમ હેઠળ CAનો અભ્યાસ કરી રહ્યા છે. PMET કે જે સમગ્ર રાજ્યમાંથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને મેરિટના આધારે પસંદ કરીને તેમને સંપૂર્ણ અભ્યાસની સુવિધા પૂરી પાડતી ગુજરાતની એકમાત્ર મુસ્લિમ સંસ્થા છે. PMET સમગ્ર રાજ્યમાં પ્રવેશ પરીક્ષાઓનું આયોજન કરે છે અને યોગ્ય વિદ્યાર્થીઓની પસંદગી કરે છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓનો ઈન્ટરવ્યૂ લેવામાં આવે છે અને પાસ થયેલા વિદ્યાર્થીઓને દત્તક લેવામાં આવે છે અને સંસ્થા તેમને રહેવા, પરિવહન, અભ્યાસ અને અન્ય તમામ ખર્ચ અને અભ્યાસ માટે અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડે છે.

ઓનલાઇન ટેન્ડર જાહેર નિવિદા નં.૧૨ સને. ૨૦૨૧-૨૦૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફિસ સામે, અમરેલી ફોન નં.૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના **ક્રમ નં.(૧)થી (૩) રોડ વર્કના કામ** માટે ઈ-ટેન્ડર પદ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટિસ માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com & www.nprocure.com ઉપર જોવા મળશે.

ક્રમ	વિગત	તારીખ/સમય
૧	કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ	૦૬/૦૪/૨૦૨૨ ૧૬:૦૦ કલાકે
૨	ભરેલ ભાવપત્રકો ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ	૦૬/૦૪/૨૦૨૨ ૧૮:૦૦ કલાકે
૩	ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ	૦૭/૦૪/૨૦૨૨ ૧૦:૩૦ કલાકે
૪	ટેન્ડર ડોક્યુમેન્ટ રજિ. પોસ્ટ એ.ડી.થી સબમિટ કરવાની તારીખ	૦૮/૦૪/૨૦૨૨થી ૧૪/૦૪/૨૦૨૨
૫	ક્રમ નં.(૧)ના કામ માટે પ્રિ-બીડ મીટિંગ અ.ઇ.શ્રી મા.મ. વર્તુળ-૨ રાજકોટ ખાતે	૮/૦૩/૨૦૨૨ ૧૨:૦૦ કલાકે

જિમાક/અમર/૩૭૬/૨૨

એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ
રજિસ્ટર્ડ કાર્યાલય : ટાવર ૩, વિંગ-'બી', કોહીનૂર સિટી મોલ, કોહીનૂર સિટી, કિરોલ રોડ, કુર્લા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૭૦
પ્રાદેશિક કચેરીનું સરનામુંઃ ઓફિસ ૩૦૧-૩૦૪, ત્રીજો માળ, થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ, આઈઆઈએમ - પાંજરાપોળ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫
Edelweiss Ideas create, values protect

સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૮(૧) હેઠળની કબજા નોટિસ

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી **એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ** સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (સેકન્ડ) ઓર્ડિનન્સ, ૨૦૦૨ (૨૦૦૨ની ઓર્ડર ૩) સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) રૂલ ૩ સહિત વાંચવું હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરતા નીચે મુજબની દેણદારોને ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરી હતી અને સંબંધિત દેણદારો/રોને નોટિસમાં દર્શાવેલ રકમ તમામ ખર્ચ ચાર્જીસ લાગત પેમેન્ટ ચૂકવવાની ખરેખર તારીખ સુધીના આ નોટિસ મળ્યેથી દિન ૬૦માં પરત ચૂકવવા આહ્વાન કર્યું હતું. ઉપરોક્ત દેણદારો/સહ-દેણદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી અત્રે દેણદારો/સહ-દેણદારો અને ખાસ કરીને જાહેર જનતાને નોટિસ આપવાની કે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) કબજા આર/ડબ્લ્યુ રૂલ ૯ સહિતનો ઉપયોગ કરતા દર્શાવેલ મિલકતોનો દેણદારના સામે દર્શાવેલ તારીખે પ્રતિકાત્મક કબજો મેળવી લીધો છે. ખાસ કરીને દેણદાર અને જાહેર જનતાને ચેતવણી આપવાની કે મિલકત સંબંધી કોઈ સોદાબાજી કરવી નહીં અને મિલકત સંબંધી કોઈપણ સોદાબાજી **એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ**ની વસૂલાતને જો વિષય રહેશે. નિર્દિષ્ટ રકમ માટે ભવિષ્યના વ્યાજ, ખર્ચ, ચાર્જીસનો સંબંધિત તારીખથી લાગુ થશે. **દેણદારો, સહ-દેણદારો અને ગેરેન્ટરો, સિક્યુરિટીઝ બાકી રકમ કલમ ૧૩(૨) હેઠળ મોકલેલ ડિમાન્ડ નોટિસની વિગતો અને દાવા કરેલ રકમ અને કબજા તારીખ નીચે દશવિલ છે.**

૧. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
ઐયુબભાઈ હુસેનભાઈ મેમણ (દેણદાર) સુગરાબેન ઐયુબભાઈ મેમણ (સહ-દેણદાર)
બંને રહે. અત્રે : ૨૮,એ/બી, લાભનગર સોસાયટી, સારજા બંગ્લોઝ પાસે, વિસનગર રોડ, મહેસાણા, મહેસાણા-૩૮૪૦૦૧ **અત્રે પણ :** પ્લોટ નં. ૨૮, લાભનગર કો.ઓ.હા.સો.લિ., જય વિજય સોસાયટી પાસે, ધોબીઘાટ, મહેસાણા -૩૮૪૦૦૧
એલએએન નં.: LMEHSTH0000034612 **લોન કરાર તારીખ:** ૭મી ડિસે, ૨૦૧૭ **ડિમાન્ડ નોટિસ તારીખ:** ૨૧-ડિસે-૨૦૨૧
લોનની રકમ : રૂા.૨૬,૫૦,૦૦૦/- (ફક્ત રૂપિયા છવ્વીસ લાખ પચાસ હજાર)
બાકી રકમ : રૂા.૨૩,૨૪,૮૩૯.૦૬/- (ફક્ત રૂપિયા તેવીસ લાખ ચોવીસ હજાર આઠસો ઓગણચાળીસ અને છ પૈસા)
કબજાની તારીખ : ૦૯.૦૩.૨૦૨૨

સલામત મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સાઓ મિલકત બેરીંગ સ્થિત મહેસાણા, આરએસ નં.૯૨/૧, બ્લોક નં.૨૮/એ અને ૨૮/બી પર બંધાયેલ ઘર, "લાભનગર સોસાયટી", સિટી સર્વે નં.૧૧૯૮, ચલતા નં.૨, શીટ નં.૩૧, તા. અને જિ. મહેસાણા ક્ષેત્રફળ બ્લોક નં.૨૮/એ બિલ્ટ અપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર ૨૯.૦૪ ચો.મી. બિલ્ટ અપ એરીયા પહેલો માળ ૨૯.૦૪ ચો.મી., માર્જિન જમીન ૪૫.૩૦ ચો.મી. કુલ ૭૪.૩૪ ચો.મી. મુ.સે.નં.૧/૪૧/૯૫/૪, બ્લોક નં.૨૮/બી બિલ્ટ અપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર ૨૯.૦૪ ચો.મી. બિલ્ટ અપ એરીયા પહેલો માળ ૨૯.૦૪ ચો.મી., માર્જિન જમીન ૧૭.૪૫ ચો.મી. કુલ ૪૬.૪૬ ચો.મી. મુ.સે.નં.૧/૪૦/૯૫/૮, રજિ. જિ. મહેસાણા, **સેલ ડીડ મુજબ ખૂંટ : ઉત્તર:** મિલકત ઘર નં.૨૭, **દક્ષિણ:** માર્જિન પછી જમીન, પ્લોટ નં.૨૯, **પૂર્વ:** ૧૫ ફૂટ માર્જિન જમીન પછી સરકારી નલિયા, **પશ્ચિમ :** ૨૫ ફૂટ પહોળો આંતરિક રોડ

સ્થળ : મહેસાણા — **સહી/- અધિકૃત અધિકારી**
તારીખ : ૧૨.૦૩.૨૦૨૨ — **વતી, એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ**

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ("આઇએચએફએલ")** ના અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 9 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **25.09.2021** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **સુજિત કે. રાઠોડ ; બી-51, રૂષિકેશ પાર્ક સોસાયટી, ઘુમા, આશ્રમ ઘુમા, અમદાવાદ, ગુજરાત-380058, સુજિત કે. રાઠોડ ; બી-51, રૂષિકેશ પાર્ક સોસાયટી, લાલ ગેબી નજીક, આશ્રમ ઘુમા, અમદાવાદ, ગુજરાત-380058, રાઠોડ સોનલબેન સુજીતભાઈ ; 301, ઈજકોન એલિગન્સ, ઓનેસ્ટ રેસ્ટોરેન્ટ નજીક, ક્રાઉન પ્લાઝાની બાજૂમાં, એસ જી હાઈવે, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત -380015, રાઠોડ સોનલબેન સુજીતભાઈ ; બી-51, રૂષિકેશ પાર્ક સોસાયટી, ઘુમા, આશ્રમ ઘુમા, અમદાવાદ, ગુજરાત-380058,** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **Y003OXXIII (અગાઉ આઇએચએફએલ લોન ખાતું નં. HLAPSND00490155)** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **26.06.2021** થી વ્યાજ દરે **રૂ. 12,08,168.61 (રૂપિયા બાર લાખ આઠ હજાર એક સો અડસઠ અને એકસઠ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે. વધુમાં **આઇએચએફએલ, એ ઈન્ડિયાબુલ્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડની** તરફેણમાં તેના તમામ અધિકારો, શીર્ષક અને વ્યાજ **ઈન્ડિયાબુલ્સ એઆરસી-XXIII, ટ્રસ્ટ ના ટ્રસ્ટી** તરીકે તારીખ **31.12.2021** ના અસાઈનમેન્ટ કરાર દ્વારા સોંપવામાં આવ્યા છે,

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **સાંકેતિક કબ્જો** તારીખ **09.03.2022** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તા **રૂ. 12,08,168.61 (રૂપિયા બાર લાખ આઠ હજાર એક સો અડસઠ અને એકસઠ પૈસા માત્ર) 26.06.2021** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ** ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

બી-51, રૂષિકેશ પાર્ક, બ્લોક નં. 2, અવિષ્કાર સીએચએસએલ, વિદ્યાસાગર સ્કૂલ નજીક, અમદાવાદ, ગુજરાત - 380058.

સહી/-
અધિકૃત અધિકારી

તારીખ : 09.03.2022 — **ઈન્ડિયાબુલ્સ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
સ્થળ : **અમદાવાદ** — **ઈન્ડિયાબુલ્સ એઆરસી-XXIII, વતી ટ્રસ્ટી**

अमृत
Atal Mission for Rejuvenation and Urban Transformation

અમરેલી નગરપાલિકા
જિલ્લો : અમરેલી
ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટિસ

અમરેલી નગરપાલિકા, અમરેલી દ્વારા નીચે આપેલા સમયપત્રકમાં દર્શાવેલ કામ માટે સિંગલ સ્ટેજ બે બીડ સિસ્ટમમાં ઓનલાઈન ટેન્ડરો આમંત્રિત કરે છે.

કામનું નામ	બીડ ડોક્યુમેન્ટ ફોર "ડીઝાઈનીંગ કન્સ્ટ્રક્ટીંગ, ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ ઓફ આર.સી.સી. ઈ.એસ.આર., આર.સી.સી. અન્ડર ગ્રાઉન્ડ સમ્પ, ગ્રેવીટી મેઈન, રાઈઝીંગ મેઈન, ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રીનોવેશન, કમ્પાઉન્ડ વોલ, સ્ટોર રૂમ, બોક્સ કલવર્ટ સાથે સી.સી. રોડ એન્ડ ઈલેક્ટ્રો-મિકેનીકલ વર્ક વીથ ૫ યર ઓ. એન્ડ એમ. ફોર અમરેલી નગરપાલિકા અન્ડર અમૃત યોજના
કામની સમય મર્યાદા	૧૮-માસ (ચોમાસા સાથે)
અંદાજિત રકમ	રૂા.૧૦,૦૧,૭૩,૪૦૦/-
બીડ સિક્યુરિટી/ઈ.એમ.ડી.	રૂા.૧૦,૦૧,૮૦૦/-
ટેન્ડર ફી	રૂા.૧૮,૦૦૦/- (નોન રીફન્ડેબલ)
ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય	તા.૩૧/૦૩/૨૦૨૨, ૧૮:૦૦ કલાક
પ્રી-બીડ મિટિંગ તારીખ તથા સમય	તા.૧૬/૦૩/૨૦૨૨, ૧૨:૦૦ કલાક અમરેલી નગરપાલિકા, જિ. અમરેલી
ઓનલાઈન ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તારીખ તથા સમય	તા.૩૧/૦૩/૨૦૨૨, ૧૮:૦૦ કલાક
ટેન્ડર ફી ઈ.એમ.ડી. પી.ક્યુ. બીડ વગેરે નગરપાલિકામાં પહોંચતા કરવાની છેલ્લી તારીખ તથા સમય	તા.૦૭/૦૪/૨૦૨૨, ૧૮:૦૦ કલાક ચીફ ઓફિસર, અમરેલી નગરપાલિકા, અમરેલી-૩૬૫૬૦૧
ઓનલાઈન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ તથા સમય	તા.૦૮/૦૪/૨૦૨૨, ૧૨:૦૦ કલાક (જો શક્ય હોય તો)
ઓનલાઈન પ્રાઈસ બીડ ખોલવાની તારીખ તથા સમય	માત્ર સફળ બિડર્સને જ પત્ર દ્વારા જાણ કરવામાં આવશે.

વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://www.nprocure.com ઉપર તા.૧૦/૦૩/૨૦૨૨થી ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઈટ પર મૂકવામાં આવશે. અમરેલી નગરપાલિકા કોઈ પણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

(હિતેશ પટેલ) — **(શ્રીમતી એમ.એસ. રામાણી)**
ચીફ ઓફિસર — **પ્રમુખ**
અમરેલી નગરપાલિકા — **અમરેલી નગરપાલિકા**

જિમાક/અમર/૩૮૧/૨૨

યુપીના સૌથી ઈમાનદાર નેતા આલમ બદી પાંચમી વખત નિઝામાબાદથી ધારાસભ્ય ચૂંટાયા

(એજન્સી) યુપી, તા.૧૧

સમાજવાદી પાર્ટીના નેતા ૮૬ વર્ષીય આલમ બદીએ આઝમગઢની નિઝામાબાદ વિધાનસભાથી ચૂંટણી જીતી છે. આલમ બદી ઉત્તરપ્રદેશના સૌથી પ્રામાણિક નેતાઓમાંના એક તરીકે ઓળખાય છે. તેમણે ભાજપના મનોજ યાદવને ૩૫,૦૦૦થી વધુ મતોથી હરાવ્યા હતા. આલમ બદી અહીંથી પાંચમી વખત ચૂંટાયા છે. પૂર્વાંચલમાં મસલ પાવર અને મની પાવરની રાજનીતિ વચ્ચે તેઓ કોઈ મસલ પાવર અને મની પાવરના બળે નહીં પરંતુ સાદગી અને ઈમાનદારીના બળ પર લોકોના દિલ પર રાજ કરે છે. તેથી જ ફરી એકવાર આલમ બદી આ બેઠક પરથી પાંચમી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. નિઝામાબાદમાં સમાજવાદી પાર્ટીમાંથી ધારાસભ્ય તરીકે પાંચમી વખત ચૂંટાયેલા આલમ બદીએ મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. તેમણે શરૂઆતમાં ગોરખપુરમાં નોકરી કરી. પરંતુ જવાહરલાલ નેહરૂ, સુભાષચંદ્ર બોઝ અને મહાત્મા ગાંધીથી પ્રેરણા લઈને તેમણે સમાજ સેવા શરૂ કરી. આલમ બદીએ સમાજવાદી પાર્ટીની ટિકિટ પર ૧૯૯૬માં નિઝામાબાદ વિધાનસભાથી તેમની પ્રથમ ચૂંટણી જીતી હતી. ૨૦૦૨માં ફરીથી એસપીની ટિકિટ પર ચૂંટણી લડી અને જીતી. ૨૦૦૭માં BSPના બાહુબલી અંગદ યાદવ સામે ચૂંટણી હારી ગયા. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં ફરીથી એસપીની ટિકિટ પર ચૂંટણી જીતી અને ૨૦૧૭માં પણ તેમની જીત જાળવી રાખી. તેમના પરિવારમાં તેમની પત્ની સિવાય તેમને ૬ પુત્રો છે. ધારાસભ્ય આલમ બદી જ્યાં રહે છે તે ઘર એક સામાન્ય જૂના ઘર જેવું છે જેમાં બહારના ભાગમાં ટીન શેડ પડેલો છે જ્યાં તેઓ આવેલા લોકોને મળે છે. તેમના વિશે એવું

કહેવામાં આવે છે કે, ઘણી વખત તેઓ પોતે પણ તેમના ઘરની ઝાડૂ લગાવે છે. આલમ બદીના ઘરે કોઈ નોકર નથી, તમામ કામ તેમના પુત્રો અને પૌત્રો કરે છે. આલમ બદી ખૂબ જ સરળ, ખૂબ જ સસ્તા કપડાનો કુર્તા પાયજામા, સાધારણ ચપ્પલ, કાનમાં નાનું સાંભળવાનું મશીન, હાથમાં સામાન્ય મોબાઈલ ફોન રાખે છે. આલમ બદીમાં સાદગી એટલી છે કે, તે પોતાના વિધાનસભા ક્ષેત્રમાં લશ્કર વિના ફરે છે, ચાની દુકાને ગમે ત્યાં બેસીને લોકો સાથે ગપસપ કરે છે અને તેમની સમસ્યાઓ સાંભળે છે. જ્યાં આજે નેતાઓ મોટા વાહનોના કાફલા સાથે ચાલે છે, જ્યારે આલંબડી મોટાભાગે યુપી રોડવેઝ બસમાં મુસાફરી કરે છે, તે લખનૌ વિધાનસભામાં ભાગ લેવા માટે રોડવેઝ બસ દ્વારા લખનૌ જાય છે. રાજકારણીઓ ચૂંટણીમાં કરોડો રૂપિયા ખર્ચે છે, ત્યારે આલમ બદી ચૂંટણી જીતવા માટે પૈસાનો સહારો લેતા નથી. આ વખતે તેનો અંદાજો એ વાત પરથી લગાવી શકાય છે કે ૨૦૧૨ની ચૂંટણીમાં આલમ બદીએ માત્ર ૨ લાખ રૂપિયા જ ખર્ચ્યા હતા. આલમ બદી ક્યારેય પોતાના પ્રમોશનમાં પોસ્ટર અને બેનર્સનો ઉપયોગ કરતા નથી. આલમ બાદી દરરોજ સવારે ૯ વાગે ઘરેથી નીકળે છે અને સાંજે ૫ વાગ્યા સુધી લોકો સાથે રહે છે. આ જ તેને અન્ય નેતાઓથી અલગ પાડે છે. આલમ બદી ધારાસભ્ય ફંડના સમગ્ર નાણાં પ્રજાની સેવામાં ખર્ચી નાખે છે. ધારાસભ્ય આલમ બદી વિશે એક વાત વધુ જાણીતી છે કે, તેઓ જે કામ ધારાસભ્ય ફંડમાંથી કરાવે છે, તે તેમની નજર સામે ઊભા રહીને કરાવે છે અને ધારાસભ્ય ફંડમાંથી કરેલા કામનો હિસાબ રાખે છે. વિધાનસભ્ય આલમ બદીએ સપા સરકારમાં ઘણી વખત મંત્રી પદ ઠૂકરાવી દીધું છે. આલમ બદી વિશે તેમની પ્રામાણિકતાની સાથે-સાથે તમામ ધર્મ અને જાતિઓ માટે સમાન કાર્ય કરવાની નીતિ પણ પ્રચલિત છે. આલમ બદીએ પોતાના કાર્યકાળમાં નિઝામાબાદ ક્ષેત્રના શહીદોના નામ પર ૪ મોટા દરવાજા બનાવ્યા છે, જેમાં એક પણ મુસ્લિમ નથી. આલમ બદી માને છે કે, આ આવનારી પેઢીને પ્રેરણા આપશે.

ઈરફાન સોલંકી કાનપુરથી ત્રીજી વખત ધારાસભ્ય બન્યા

(એજન્સી) કાનપુર, તા.૧૧

સમાજવાદી પાર્ટીના ઈરફાન સોલંકીએ ફરી એકવાર કાનપુર નગર, સિસમાઉની હાઈ-પ્રોફાઈલ સીટ પર જીત મેળવી છે. ઈરફાન સોલંકી સિસામાઉથી ત્રીજી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. હાજી ઈરફાન સોલંકીએ ભાજપના સલિલ વિશ્નોઈને ૧૨ હજાર ૩૨૧ મતોની સરસાઈથી હરાવીને ચૂંટણી જીતી હતી. ઈરફાન સોલંકીને ૭૮ હજાર ૮૫૧ વોટ મળ્યા જ્યારે તેમના નજીકના હરીફ ભાજપના સલિલ વિશ્નોઈને ૬૬ હજાર ૫૩૦ વોટ મળ્યા. કોંગ્રેસના હાજી સુહેલ અહેમદ ૫૫૯૮ મતો સાથે ત્રીજા ક્રમે રહ્યા હતા. સિસામાઉ વિધાનસભાને સમાજવાદી ગઢ માનવામાં આવે છે. સમાજવાદી પાર્ટીએ ફરી એકવાર અહીંથી પોતાના ધારાસભ્ય હાજી ઈરફાન સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે. હાજી ઈરફાન સોલંકી હેટ્રિક ધારાસભ્ય છે તેઓ બે વખત સિસામાઉથી અને એક વખત આર્યનગર વિધાનસભાથી ધારાસભ્ય રહી ચૂક્યા છે. ઈરફાન સોલંકીને તેમના પિતા હાજી મુસ્તાક સોલંકી પાસેથી રાજકારણનો વારસો મળ્યો હતો. હાજી મુસ્તાક સોલંકી પણ બે વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે ઈરફાન સોલંકીની છબી દબંગ ધારાસભ્યની છે. ઈરફાનને મુસ્લિમ

સમુદાયના બુલંદ અવાજ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઈરફાન સોલંકી લાંબા સમયથી વિવાદો સાથે સંકળાયેલા છે. ૨૦૧૪માં અખિલેશ સરકાર દરમિયાન GSVM મેડિકલ કોલેજમાં મેડિકલ વિદ્યાર્થીઓ પર હુમલો કરવા બદલ ઈરફાન સોલંકીનું નામ પણ સામે આવ્યું હતું. આ મામલે દેશભરમાં ઈરફાન સોલંકીની ટીકા થઈ હતી. ૨૦૧૧માં IAS ઓફિસર રિતુ મહેશ્વરીએ પણ ઈરફાન સોલંકી વિરૂદ્ધ ગેરવર્તણૂકની ફરિયાદ નોંધાવી હતી. ઈરફાન સોલંકી વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત આર્યનગરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. આ સાથે તેઓ વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી પબ્લિક એકાઉન્ટ્સ કમિટીના સભ્ય પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત હાજી ઈરફાન સોલંકી રાજ્યની સ્થાનિક સંસ્થાઓમાં ઓડિટ અહેવાલો હેઠળની તપાસ સમિતિના સભ્ય પણ રહી ચૂક્યા છે. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં, તેઓ સિસામાઉથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા, ૨૦૧૭માં તેઓ ફરીથી સિસામાઉથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

અભિપ્રાય : ભાજપની વિશાળ જીત એક તરફ, પરંતુ અખિલેશ યાદવનો ઉદય ભાજપ માટે ચિંતાનો વિષય છે

ઉત્તર પ્રદેશમાંથી આજે બે મોટી ઘટનાઓ બની છે. પ્રથમ, જેની વધુ કે ઓછી અપેક્ષા હતી, તે રાજ્યમાં ભાજપની મોટી જીત છે. બીજી, જે કદાચ મોટી ઘટના એ છે કે અખિલેશ યાદવ અને તેમની સમાજવાદી પાર્ટી (SP) ૨.૦નો ઉદય થયો છે.

તો ચાલો, પહેલા વિજેતા વિશે વાત કરીએ. સામાન્ય સમજણ અમને કહે છે કે રાજ્યની ચૂંટણીના પરિણામોની સરખામણી અગાઉની રાજ્યની ચૂંટણીઓ સાથે થવી જ જોઈએ. આ ઉત્તર પ્રદેશ માટે માન્ય નથી. કારણ એ છે કે યુપી એ પીએમ મોદીની રાજકીય અર્થવ્યવસ્થાની પ્રયોગશાળા છે. અમને ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ નોટબંધીના ચક્રમાં ધકેલી દેવામાં આવ્યા હતા, જેને વ્યાપકપણે આર્થિક આપત્તિ તરીકે જોવામાં આવે છે, તેણે પીએમને ગરીબોના મસીહા (ગરીબોના મસીહા) તરીકે ફરીથી ઊભા કર્યા હતા. તેણે ૨૦૧૭માં યુપીના ગરીબોના મતો જીતવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મોદી સરકારે સરકારી હેન્ડઆઉટ્સ અને ફીબીઝની સિસ્ટમ દ્વારા તેનું નિર્માણ કર્યું હતું.

૨૦૧૯માં, જયંત ચૌધરીની RLD, અખિલેશ યાદવની SP અને માયાવતીની BSP એક મહાગઠબંધનમાં ભાજપને પડકારવા માટે એકસાથે ચૂંટણીમાં આવ્યા હતા. કાગળ પર, આ જોડાણ અજેય દેખાતું હતું. બે મોટા પક્ષોના એકસાથે આવવાથી અન્ય બિન-પ્રભાવી ઓબીસી અને દલિત જાતિઓ ભાજપમાં કેવી રીતે સ્વિચ કરશે તેની કોઈએ અપેક્ષા કરી નહોતી. તે સમયે, એસપીને મોટાભાગે યાદવ પક્ષ તરીકે જોવામાં આવતું હતું, જ્યારે બીએસપીને જાટવ પક્ષ તરીકે માનવામાં આવતું હતું. યાદવો યુપીમાં સૌથી મોટા OBC જાતિ જૂથ છે અને તેઓ રાજ્યની વસ્તીના લગભગ ૧૦-૧૨ ટકા છે. જાટવ એ રાજ્યમાં સૌથી મોટો દલિત જાતિ સમૂહ છે, જે વસ્તીના લગભગ ૧૧ ટકા છે. આ બે જાતિ-સમૂહો ઉચ્ચ જાતિના સંબંધમાં ઓછું વર્ચસ્વ ધરાવે છે, પરંતુ અન્ય OBC અને દલિત જાતિ-સમુદાયોની સરખામણીમાં તેઓ વર્ચસ્વ ધરાવે છે. બે વર્ચસ્વ ધરાવતા જૂથોએ હાથ મિલાવતા, અને પોતાના લાભ માટે સરકારી સંસાધનોને ફરીથી ગોઠવવાના ભયે, ઘણી બિન-યાદવ અને બિન-જાટવ જાતિઓ ભાજપ તરફ વળી ગઈ હતી. વધુમાં પીએમ મોદીની હિન્દુત્વની અપીલ હતી, જે જાતિની બહાર સામાન્ય રાજકીય ઓળખના ક્ષેત્રને વિસ્તૃત કરી શકે છે. જ્યારે આ તત્વો ૨૦૧૭માં પહેલેથી જ હતા, ત્યારે સામાજિક અને આર્થિક એન્જિનિયરિંગ ફક્ત ૨૦૧૯ સુધીમાં પૂર્ણ થયું હતું, ખાસ કરીને PM-કિસાનની જાહેરાત પછી, જેના લીધે નાના અને ગરીબ ખેડૂતોને તેમના હાથમાં થોડી રોકડ મળી હતી. આથી જ ૨૦૧૯માં યુપીમાં પરિણામો માટે બેન્ચમાર્ક તેમજ નોંધપાત્ર રાજકીય ફેરફારોને સમજવા માટે મદદ મળે છે.

એક અર્થમાં ભાજપ માટે આ કોઈ સારા સમાચાર નથી. તેણે બે તૃતિયાંશ બહુમતી મેળવી હોવા છતાં, તેના ગઠબંધનને મતોમાં ૬ ટકાથી વધુનો ઘટાડો થયો છે. જ્યારે લોકસભાના મતો રાજ્યની ચૂંટણીઓમાં ફેરવાઈ જાય ત્યારે આવું થઈ શકે છે, ભાજપ માટે ચિંતાની વાત એ છે કે અખિલેશ યાદવે માયાવતી અને કોંગ્રેસ માટેના મતોનો મોટો હિસ્સો છીનવી લીધો છે. સપાએ અસરકારક રીતે ભાજપ

વિરોધી મતનો મોટો હિસ્સો મજબૂત કર્યો છે, અને યુપીને કેટલાક દાયકાઓમાં પ્રથમ વખત બે પક્ષોની રેસમાં ફેરવી દીધું છે. ૨૦૦૨ અને ૨૦૧૪ની વચ્ચે, યુપીના મતદારો મોટાભાગે ત્રણ મોટા પક્ષો - SP, BSP અને BJP વચ્ચે વહેંચાયેલા હતા. ૨૦૧૪એ આ રમત બદલી નાખી હતી જ્યારે નરેન્દ્ર મોદીએ ભાજપ માટે ૪૦ ટકાનો આંકડો લાવી દીધો હતો. PM મોદીએ ૨૦૧૭માં તેમની પાર્ટી માટે આ રાજ્ય જીત્યું હતું અને એ યાદ રાખવું અગત્યનું છે કે તે સમયે મુખ્યપ્રધાન પદના ઉમેદવાર પણ નક્કી કરવામાં આવ્યા ન હતા. લગભગ અન્ય પાર્ટીઓએ પોતાનો વોટ શેર જાળવી રાખ્યો હતો. એસપી અને બીએસપી, જેઓ એકસાથે અડધાથી વધુ મત મેળવતા હતા, તેઓ પ્રથમ વાર ૪૦ ટકા નીચે આવી ગયા હતા અને પછી, ૨૦૧૯માં, તેમના જોડાણને ૪૦ ટકાથી ઓછા મત મળ્યા હતા અને આ મતો તેમની વચ્ચે સમાન રીતે વહેંચાયેલા હતા.

અખિલેશ માટે આમાં ફેરફાર કરવો, અને તેમની પાર્ટીના વોટ-શેરને ૪૦ ટકાના આંક સુધી લઈ જવાનું મહત્વનું હતું. તે કરવા માટે, તેમણે SP માટે સમગ્ર મુસ્લિમ મત એકત્ર કરવા અને ભાજપ પાસેથી બિન-યાદવ ઓબીસી મતો પાછા મેળવવાની જરૂર હતી; કદાચ, તેઓ કેટલાક બિન-જાટવ દલિત મતો પણ મેળવી શકે છે. ચૂંટણીના ગણિત પર એક સરળ નજર નાખો તો કહી શકાય કે સત્તા વિરોધી કોઈ મોટી લહેર અને સપા અને તેના સાથી પક્ષો માટે મોટાભાગે પ્રતિકૂળ મીડિયાની ગેરહાજરીમાં આ વખતે આ અશક્ય બની જશે. અખિલેશે જે કર્યું છે તે કોઈ નાનું પરાક્રમ નથી. અને તેથી જ રાજ્યમાં ભાજપના વર્ચસ્વને ખરેખર પડકાર ફેંકવા માટે સપા માટે આ સેમિફાઈનલ બની શકે છે. ૨૦૧૭માં, ભાજપને વોટ શેરની દ્રષ્ટિએ SP પર ૧૮ ટકાની લીડ હતી, જે ૨૦૧૯માં વધીને લગભગ ૩૨ ટકા થઈ ગઈ હતી. હવે અખિલેશે આને ૧૦ ટકા કરતા પણ ઓછા કરી દીધા છે. જો ગઠબંધન સ્તરના મતો પર નજર કરીએ તો, ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન અને એસપી-આરએલડીની આગેવાની હેઠળના ગઠબંધન વચ્ચેનું અંતર માત્ર ૮ ટકા છે. આ વખતે, ભાજપને હરાવવા માટે ગઠબંધનને ૧૬ ટકાથી વધુની જરૂર પડશે (૨૦૧૯ના મતોના આધારે). આગલી વખતે, તેને માત્ર ૪ ટકાથી વધુની જરૂર પડશે. તે શક્યતાના ક્ષેત્રમાં સારી રીતે બંધ બેસે છે. એસપી પોતાના પાસા બરાબર રમી શકી નહીં તેનું એક કારણ એ છે કે બીએસપી અને કોંગ્રેસના વફાદાર મતદારો તેમની પાર્ટીઓને વળગી રહ્યા હતા. કેટલાક મુસ્લિમ મતો પણ આ બંને પક્ષોને એવા વિસ્તારમાં ગયા હશે જ્યાં તેમના ઉમેદવારો મજબૂત દેખાતા હતા. સપાની સફળતા કોંગ્રેસ અને બસપાના વફાદાર મતવિસ્તારમાં હાંસિયા પર રહેલા લોકોને સંકેત આપશે કે અખિલેશ અને તેના ભાગીદારો પાસે ભાજપને હરાવવાની વધુ સારી તક છે. આનાથી કોંગ્રેસ અને બસપાના વોટનું વધુ પતન થઈ શકે છે અને એસપીનું મજબૂત રીતે એકીકરણ થઈ શકે છે. ભાજપ આગામી વર્ષોમાં આ બાબત વિશે ઝીણવટપૂર્વક તપાસ કરશે. આ પાંચ રાજ્યોમાંથી ચારમાં ભાજપ પાર્ટીની જીત દર્શાવે છે કે ધ્રુવીકરણ અને આર્થિક-લોકપ્રિયવાદનું સંયોજન હજુ પણ સમૃદ્ધ ફળો આપી રહ્યું છે. સત્તાધારી પક્ષ હવે બિન-યાદવ ઓબીસીના મતો જીતવા માટે તેઓને લાભ પહોંચાડવાના તેના પ્રયાસોને બમણા કરે તેવી શક્યતા છે. યાદવ અને મુસ્લિમ નેટવર્કને તોડવા માટે વધુ સંગઠિત પ્રયાસ કરવામાં આવશે જેના વિના સપાનું જોડાણ વાસ્તવિક રીતે કામ કરી શકશે નહીં. અખિલેશ યાદવ, મોદી-ભાજપ પર પ્રહાર કરી રહ્યા છે તો ભાજપ પણ તેમના માટે આ માર્ગ સહેલો નહીં બનાવે. આગામી બે વર્ષમાં આપણે ઉત્તરપ્રદેશમાં રોજિંદી રાજકીય લડાઈ માટે તૈયાર રહેવું પડશે.

- અનીન્દ્યો ચક્રવર્તી

(લેખક હિન્દી એનડીટીવીની હિન્દી અને બિઝનેસ ન્યૂઝ ચેનલોના વરિષ્ઠ મેનેજિંગ એડિટર હતા.)

(સૌ. : એનડીટીવી.કોમ)

શાર્ક કેટલીકવાર તેમની બંને આંખો પહોળી રાખીને સૂઈ જાય છે, વૈજ્ઞાનિકોએ શોધ્યું

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧

ઘણા જીવવિજ્ઞાનીઓને દાયકાઓથી રસપ્રદ અને મૂંઝવણ પેદા કરતો પ્રશ્ન છે કે શું શાર્ક તેમની આંખો ખુલ્લી રાખીને સૂવે છે. વૈજ્ઞાનિકો પહેલાથી જ જાણતા હતા કે શાર્ક અન્ય સસ્તન પ્રાણીઓની જેમ ઊંઘતા નથી. પરંતુ હવે, તેઓએ શોધી કાઢ્યું છે કે ટોચના શિકારી કેટલીકવાર તેમની બંને આંખો ખુલ્લી રાખીને સૂવે છે. મેલબોર્નની લા ટ્રોબ યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ લાઈફ સાયન્સ અને ન્યુઝીલેન્ડની ઓકલેન્ડ યુનિવર્સિટી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ મરીન સાયન્સ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શાર્કની ઊંઘવાની રીત અન્ય સસ્તન પ્રાણીઓ કરતાં નોંધપાત્ર રીતે અલગ છે. એ તો ખબર છે કે શાર્કની કેટલીક પ્રજાતિઓ ઊંઘ દરમિયાન પણ સતત તરતી રહે છે જેથી તેના જડબા પર ઓક્સિજન ભરેલું પાણી વહેતું રહે. પરંતુ શું તેઓ તે સમયે આરામ કરે છે કે પછી ઊંઘની સ્થિતિમાં પ્રવેશ કરે છે. અભ્યાસમાં જોવા મળ્યું કે શાર્ક ઊંઘે છે ત્યારે શું અન્ય સસ્તન પ્રાણીઓની જેમ ઊર્જા સ્તર બચાવે છે. અભ્યાસ દરમિયાન, ઉત્તરપૂર્વીય ન્યુઝીલેન્ડના હૌરાકી ખાડીમાંથી સાત ડ્રાફ્ટબોર્ડ શાર્ક એકત્રિત કરવામાં આવી હતી. આઉટડોર એક્વેરિયમમાં રાખ્યા પછી તેમનું નજીકથી અવલોકન અને રેકોર્ડ કરવામાં આવ્યા. ટીમે જોયું કે શાર્ક તરવા અને આરામના સમય દરમિયાન તેમની આંખો હંમેશા ખુલ્લી રાખે છે. તેઓએ એ પણ જોયું કે કેટલીક ડ્રાફ્ટબોર્ડ શાર્ક તેમની આંખો એક સમયે પાંચ મિનિટથી વધુ સમય સુધી બંધ રાખીને નિષ્ક્રિય



રહેતી હતી જે ઊંઘનો સંકેત આપે છે. જો કે, લગભગ ૩૮ ટકા સમય તેમની આંખો ખુલ્લી હતી. લેખકોએ જણાવ્યું હતું કે દિવસ દરમિયાન ઊંઘથી આંખ બંધ થઈ જવી એ વધુ સામાન્ય બાબત છે. "જે સૂચવે છે કે આંખ બંધ થવાની શક્યતા બાહ્ય પરિબળ સાથે સંકળાયેલી છે, જેમ કે ઊંઘને બદલે પ્રકાશની હાજરી," અભ્યાસમાં જણાવાયું હતું. એકંદરે, ચયાપચયનો નિમ્ન સ્તર અને સપાટ શરીરની મુદ્રા ડ્રાફ્ટબોર્ડ શાર્કમાં ઊંઘને પ્રતિબિંબિત કરે છે, જ્યારે આંખ બંધ કરવી એ ઊંઘનો નબળો સંકેત છે. અમારા પરિણામો આ મૂળભૂત કરોડરજ્જુ ઊંઘના કાર્ય તરીકે ઊર્જાના સંરક્ષણના વિચારને સમર્થન આપે છે," અભ્યાસમાં જણાવાયું છે. આ પ્રકારનો રસપ્રદ અભ્યાસ આ પહેલા ક્યારેય કરવામાં આવ્યો નથી.

પશ્ચિમ બંગાળમાં ગરીબોની મદદ માટે વર્લ્ડ બેંકે ૧૨૫ મિલિયન અમેરિકી ડોલરની ઓફર કરી

(એજન્સી) તા.૧૧

વર્લ્ડ બેંકે ગુરૂવારે પશ્ચિમ બંગાળને સામાજિક સુરક્ષા સેવા હેઠળ ગરીબો તથા વંચિતોની મદદ કરવાના હેતુસર ૧૨૫ મિલિયન ડોલરની લોન આપવાની ઓફર કરી હતી. આ લોન આઈબીઆરડી (ઈન્ટરનેશનલ બેંક ઓફ રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ) હેઠળ આપવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં સામાજિક સહાયતા, દેખરેખ સેવાઓ અને રોજગારી આપવા સંબંધિત આશરે ૪૦૦થી વધુ કાર્યક્રમો ચલાવાય છે. આ તમામ કાર્યક્રમો જય બાંગ્લા હેઠળ ચલાવવામાં આવે છે. પશ્ચિમ બંગાળ બિલ્ડિંગ સ્ટેટ કેપેબિલિટી ફોર ઈન્ક્લુઝિવ સોશિયલ પ્રોટેક્શન પ્રોજેક્ટ રાજ્ય સ્તરે ખાસ કરીને મહિલાઓ, આદિવાસી, અનુસૂચિત જાતિના પરિવારો અને વૃદ્ધો જેવા નબળા સમૂહો સાથે-સાથે રાજ્યના આપત્તિમાં ફસાયેલા પરિવારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે જણાવ્યું કે, કોરોના મહામારીના સંકટના સમયે સમાવેશી

અને ન્યાયસંગત સામાજિક સુરક્ષા આપતી એક નિર્બાધ પ્રણાલીની જરૂરિયાતને રેખાંકિત કરાઈ છે. આ પરિયોજના રાજ્યમાં ગરીબ તથા નબળા સમૂહો માટે સામાજિક સહાય અને લક્ષિત સેવાઓના કવરેજ અને પહોંચનું વિસ્તરણ કરવા માટે રાજ્ય સરકારની ક્ષમતાઓના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વર્ષોથી વિનામૂલ્યે પાણીની પરબ ચલાવતા પ્રહલાદ રાવલ

અંકલેશ્વરમાં નિઃસ્વાર્થ ભાવે તરસ્યા લોકોની તરસ છીપાવતો યુવક

અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વરના એસટી ડેપો સામે એક યુવક વર્ષોથી વિનામૂલ્યે અને નિઃસ્વાર્થ ભાવે પાણીની પરબ ચલાવી લોકોની તરસ છીપાવી લોકો માટે આશીર્વાદરૂપ બન્યા છે.

પ્રાચીન-અર્વાચીન યુગથી ચાલી આવતી પાણીની પરબ વ્યવસ્થા આધુનિક યુગમાં વિસરાઈ ગઈ છે. ત્યારે અંકલેશ્વર એસટી ડેપો સામે પ્રહલાદ રાવલ ઉર્ફે કીકાભાઈ છેલ્લા ૨૫ વર્ષથી પાણીની પરબ ચલાવી રહ્યા છે. નિઃસ્વાર્થ ભાવે વિનામૂલ્યે ઠંડુ પાણી લોકોને પીવડાવવામાં આવે છે. કોરોના કાળમાં પણ તેઓએ જળ સેવાનો યજ્ઞ ચાલુ રાખ્યો હતો. કોઈ દાતા પાણીની પરબ માટે મદદરૂપ થાય કે ન થાય પરંતુ બારે માસ આ પરબ પર પાણી મળી રહે છે.

(તસવીર - અયાઝ શેખ, અંકલેશ્વર)

શહેરમાં કેટલાક સ્થળે પાણીની પરબ બનાવવામાં આવી છે પરંતુ તે પરબો બંધ હાલતમાં છે. ત્યારે શહેરમાં જે બંધ પડેલી પરબ છે, જેમાં પિરામણ નાકા તાલુકા પંચાયત કચેરીની બાજુમાં આવેલ પરબ વર્ષોથી બંધ હાલત છે તે પુનઃ શરૂ કરવામાં આવે તો ઉનાળામાં ગરીબ, શ્રમજીવી અને મધ્યમવર્ગીય લોકો માટે જળસેવા રૂપી યજ્ઞ વધુ સફળ બની શકે છે. ત્યારે સેવાભાવી પ્રહલાદ રાવલ જળ સેવા યજ્ઞ દ્વારા રાહદારીઓ ગરીબોની વિનામૂલ્યે તરસ છીપાવી રહ્યા છે.

ગામડીમાં ઉર્સની ઉજવણીમાં વિશ્વ શાંતિ માટે દુઆ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૧

ગામડી ગામમાં આવેલી રૂસ્તમશા બાવાની દરગાહનો બુધવારે ઉર્સ મુબારક યોજવામાં આવ્યો હતો જેમાં પીરેતરીકત સૈયદ જલાલીબાપુ કાંરંટાવાળા અને પીરેતરીકત સૈયદ ઈમરાનબાપુનાં હસ્તે દરગાહ શરીફ પર સંદલ મુબારકની રસમ અદા કર્યા બાદ ચાદર ચઢાવી વિશ્વ શાંતી માટે દુવા કરવામાં આવી હતી. આ પ્રસંગે પીરે તરીકત સૈયદ જલાલીબાપુ કારંટાવાળાએ હાલમાં યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લઈને ફેલાયેલી અશાંતી દુર થાય અને બન્ને દેશો વચ્ચે શાંતિ અને અમન પ્રસરે તેમજ યુક્રેનમાં ફસાયેલા ભારતીયો પણ સહીસલામત દેશમાં પરત આવે તે માટે ખાસ દુવા ગુજારવામાં આવી હતી. આ પ્રસંગે મુન્નાભાઈ તેમજ રીયાઝુદ્દીન કાદરી,ો મહેબુબભાઈ સહિત દરગાહ કમિટીનાં અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ ડેપોમાંથી PM કાર્યક્રમમાં ૩૧ બસો ફાળવાઈ

આણંદ બસ સ્ટેન્ડમાં બસના રૂટ રદ થતાં સૂત્રોચ્ચાર સાથે હોબાળો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૧

અમદાવાદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને આણંદ જિલ્લામાંથી ૩ હજાર લોકોને લઈ જવા માટે એસટીની ૬૦ બસો ફાળવવામાં આવતા તેમજ માત્ર આણંદ ડેપોમાંથી ૩૧ બસો ફાળવવામાં આવતા આજે ૧૧૬ ટ્રીપો રદ કરવામાં આવતા અનેક વિદ્યાર્થીઓ અને મુસાફરો અટવાઈ પડતા વિદ્યાર્થીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મળતી વિગતો અનુસાર હાલમાં શાળા કોલેજોમાં પરીક્ષાઓ ચાલી રહી હોઈ અનેક વિદ્યાર્થીઓ શાળા કોલેજ સમયસર પહોંચી નહીં શકતા વિદ્યાર્થીઓને જીવનાં જોખમે ખાનગી વાહનોનો આશ્રય લઈને ગંતવ્ય સ્થાને પહોંચવાની ફરજ પડી હતી. આણંદ શહેરમાં નવા બસ સ્ટેન્ડ ખાતે બસના અભાવે ફસાઈ ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા હોબાળો કરી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આગામી બે દિવસ સુધી ખેલ મહાકુંભ અને સુરત

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

ખાતે ગૃહમંત્રીનો કાર્યક્રમ હોય જેને લઈને પણ જિલ્લામાંથી ૩૦થી ૪૦ બસો ફાળવવામાં આવી છે જેના કારણે બે દિવસ દરમિયાન આણંદ જિલ્લાના તમામ ડેપોના એસ.ટી રૂટોનો સિડ્યુલ ખોરવાઈ ગયા છે. જેને લઈને ગ્રામ્ય વિસ્તારની પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. આંકલાવ, બોરસદ, પેટલાદ, ખંભાત, તારાપુર સહિતના રૂટો રદ કરી દેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારના રૂટો તો બંધ કરી દેવાતા સવારથી શાળા કોલેજોએ આવવા માટેની નીકળેલા વિદ્યાર્થીઓ અટવાઈ ગયા હતા. જેથી વિદ્યાર્થીઓને ખાનગી વાહનોનો આશરો લઈને આવું પડ્યું હતું. હાલ કોલેજોમાં પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે એસટી તંત્ર દ્વારા બસો બંધ કરી દેવામાં આવતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આણંદ એસટી ડેપો ખાતે સવારથી માંડ એકાદ બે બસ મુકાતા એસટી બસોમાં ચઢવા માટે વિદ્યાર્થીઓ અને મુસાફરો ચઢવા માટે પડાપડી કરતા જોવા મળ્યા હતા. આણંદ એસટી ડેપો ખાતે કેટલાક વિદ્યાર્થીઓ એકત્ર થઈને સંચાલકો સામે રોષ ઠાલવીને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. ખેડા જિલ્લાના ડેપોમાં પણ સરેરાશ ૧૦૦ વધુ એસટી બસો રાજકીય કાર્યક્રમોમાં ફાળવવામાં આવી છે. જેને લઈને તમામ ડેપોમાં મુસાફરોને હેરાન થવાનો વખત આવ્યો છે.

અમદાવાદમાં વડાપ્રધાનના કાર્યક્રમને પગલે

નડિયાદ ડિવિઝનની ૨૦૦ જેટલી બસો ફાળવી દેતાં સંખ્યાબંધ રૂટો કેન્સલ થતાં મુસાફરો અટવાયા

નડિયાદ, તા.૧૧

અમદાવાદમાં આજે યોજાયેલા વડાપ્રધાનના કાર્યક્રમમાં નડિયાદ ડિવિઝનની ૨૦૦ જેટલી બસો ફાળવી દેતા સંખ્યાબંધ રૂટો કેન્સલ થતા રોજિંદા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા વિદ્યાર્થીઓ ને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો જયારે બીજીબાજુ ખાનગી વાહનોને ઘી કેળા થઈ ગયા હતા.

આજે અમદાવાદ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં મારૂં ગામ મારૂં ગુજરાત કાર્યક્રમ અંતર્ગત દોઢ લાખથી વધુ પ્રતિનિધિઓને માર્ગદર્શન આપનાર હોય. તેઓ આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના સરપંચ અને સભ્યોને હાજરી આપવાની હોય તમને લઈ જવા માટે એસટી બસો ફાળવવામાં આવી હતી. ખેડા-આણંદ જિલ્લાની વાત કરીએ તો નડિયાદ ડિવિઝનના નડિયાદ, મહુધા, ખેડા, કપડવંજ, ડાકોર, આણંદ, બોરસદ, ખંભાત વગેરે ડેપોમાંથી લગભગ ૨૦૦ કરતાં વધુ બસો ફાળવવામાં આવી હતી જેના કારણે ખેડા-આણંદ જિલ્લામાંથી સંખ્યાબંધ રૂટો આજે કેન્સલ કરવામાં આવ્યા હતા જેના પગલે રોજિંદા મુસાફરોની હાલત કફોડી બની ગઈ હતી.

ખાસ કરીને શાળા કોલેજમાં જતા વિદ્યાર્થીઓને ખાનગી વાહનોમાં ઘેટાં-બકરાની જેમ મુસાફરી કરવી પડી હતી. એક તરફ સરકાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે એસટી પાસ મફત કાઢી આપવાની યોજનાઓ વહેતી મૂકે છે અને બીજી બાજુ એસટી સુવિધા છીનવી રહી છે બિચારા વિદ્યાર્થીઓની હાલત આજે કફોડી જોવા મળતી હતી એસટી બસ બંધ હોય વિદ્યાર્થીઓને ખાનગી વાહનમાં રૂપિયા ચૂકવીને જોખમકારક મુસાફરી કરવી પડી હતી.

બીજી બાજુ ખેડા-આણંદ જિલ્લાના રોજિંદા અપડાઉન કરતાં નોકરી-ધંધા વાળા લોકોને પણ આજે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સરકારના કોઈપણ પ્રકારના મોટા કાર્યક્રમો હોય ત્યારે સૌપ્રથમ એસટી તંત્રની બસો દોડાવવામાં આવે છે આવું કેમ ? તેવા પ્રશ્નો પણ મુસાફરો આજે ઉઠાવતા હતા

અત્રે નોંધનીય છે કે, આવતીકાલે પણ ખેલ મહાકુંભમાં અમદાવાદ ખાતે ૨૦૦ બસની ફાળવણી થઈ છે હજુ બે દિવસ ખેડા-આણંદ જિલ્લાની પ્રજાને આ મુશ્કેલીનો સામનો કરવો પડશે.

કોડીનારના અલીકાસીમ નકવીનું દીવ કલેક્ટરના હસ્તે સન્માન

કોડીનારના પત્રકાર અબ્બાજાન નકવી અને મર્હૂમ કાજીમહુસૈન હાજી ફતેહઅલીના નવાસા અને ગેલેક્સી સ્કૂલ દિવના વિદ્યાર્થી અલીકાસીમ એ. નકવીએ ૫ ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ રાજ્ય પુરસ્કારની પરીક્ષા પાસ કરતા તેઓનું દિવના કલેક્ટર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવતા કોડીનાર મુસ્લિમ સમાજનું ગૌરવ વધારતા અલીકાસીમ એ. નકવીને સમગ્ર મુસ્લિમ સમાજ અને અગ્રણી આગેવાનોએ શુભકામનાઓ પાઠવી હતી.

વિરમગામમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવા ત્રણ સોસાયટીઓને નોટિસ

વિરમગામ, તા.૧૧

વિરમગામ નગરપાલિકા પત્ર ક્રમાંક ન.આ./વરસાદી પાણી નિકાલ/૨૭૦૪/૨૦૨૨ વિરમગામ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રિદ્ધિ સિદ્ધિ રો-હાઉસ સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલનો માર્ગ બંધ થઈ ગયેલ હોઈ સોસાયટી જેમાં અનુસૂચિત જાતિના લોકો વસવાટ કરે છે તેમાં ચોમાસાના વરસાદી પાણી ભરાઈ જાય છે જે અંગે લેખિત રજૂઆતને ધ્યાનમાં લઈ વિરમગામ નગરપાલિકા દ્વારા તારીખ ૮/૩/૨૦૨૨ના રોજ વલ્લભ સિટી, આઈકોનીક વન અને મધુરમ સોસાયટી દ્વારા રસ્તા પરના પાણીનો નિકાલ જે માટી પુરાણ કરી બંધ કરેલ હોઈ તો તે પાણીના નિકાલનો માર્ગ ખુલ્લો કરવા જણાવવામાં આવે છે તેમજ જો અન્ય કોઈ પરવાનગી વિરૂદ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોઈ તે બંધ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નહીં આવે તો અત્રેથી આગળની કાર્યવાહી કરવામાં આવે છે જેની નોંધ લેવા તાકીદ પાલિકા દ્વારા કરવામાં આવી છે.

ધોળકાના કલિકુંડ વિસ્તારમાં લારીઓ હટાવતા વાહનો અને રિક્ષાવાળાનો અડિંગો

ધોળકા, તા.૧૧

ધોળકા નગરપાલિકામાં તાજેતરમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન તેમજ ચીફ ઓફિસરની ખાસ હાજરીમાં મિટિંગ બોલાવાઈ હતી. જેમાં ટેક્સ ભરવા સહિત વિવિધ પ્રશ્નોની ચર્ચા થતા કલિકુંડ વેપારી એસોસિએશન મારફતે કલિકુંડ સર્કલથી સરોડા રોડ ઉપર લારીઓવાળા ઊભા થઈ ટ્રાફિકની સમસ્યા ઊભી કરે છે. જેના લીધે એક્સિડન્ટ થવાની સંભાવના રહેતી હોય છે. જે રજૂઆત સંદર્ભે નગરપાલિકા દ્વારા કલિકુંડ રોડ ઉપર ઊભી રાખતા લારીઓને ફૂટપાથ ઉપર હટાવવામાં આવ્યા છે. તો તે જગ્યા ઉપર ફોર વ્હીલ વાહનો તેમજ રિક્ષાવાળાઓ અડિંગો જમાવા લાગ્યા છે. જે બાબતે નગરપાલિકાની સાથે પોલીસ ખાતું પણ સક્રિય થઈ રસ લે તો કલિકુંડ સરોડા રોડ ઉપર થતો ટ્રાફિક સમસ્યા તેમજ એક્સિડન્ટ થતા બંધ થઈ શકે તેમ છે તેવું વ્યાપારી વર્ગનું માનવું છે એમ સામાજિક કાર્યકર અને વેપારી દિનેશભાઈ મકવાણાએ જણાવ્યું છે.

સુરતની ગ્રીષ્મા બાદ જાહેરમાં વધુ એક હત્યા

વીરપુરના દુધલ ગામે પ્રેમીએ ચપ્પુના ઘા ઝીંકી પ્રેમિકાની હત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

વીરપુર, તા.૧૧

મહીસાગર જિલ્લામાં વીરપુર તાલુકામાં આવેલ દુધલ ગામે એક પ્રેમીએ પ્રેમિકાની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરી નાંખતા ચકચાર મચી છે. સુરત ગ્રીષ્માની હત્યા બાદ આજરોજ વધુ એક યુવતીની જાહેરમાં હત્યા થવાનો ગુનો બનવા પામ્યો છે. વીરપુર તાલુકામાં આવેલ દુધલ ગામે રહેતી રમીલા નામની યુવતી પોતાના ખેતરમાં કામ કરતી હતી. બપોરના સમયે પોતાના ઘરે જમવા જતા સમયે રસ્તામાં જ તેના પ્રેમી સાથે બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ પ્રેમીએ ઉશેકરાઈને રમીલાની

તીક્ષ્ણ ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી. ત્યારબાદ યુવતીના છૂટાછેડા ઓણ થયેલ હતા અને શૈલેષ નામનો પ્રેમી તેની સાથે પ્રેમ સંબંધ રાખવા મજબૂર કરતો હતો તેથી યુવતીએ ના પાડતા પ્રેમીએ તેને હૃદયના ભાગે ચપ્પુ મારી હત્યા કરી નાખી જ્યારે યુવતીની નિર્મમ હત્યાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. તેમજ યુવતીનો પરિવાર શોકમાં ડૂબ્યો હતો. હત્યા કરનાર પ્રેમી પણ તે જ ગામનો હોવાનું જાણવા મળ્યું હતું. વીરપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી યુવતીના મૃતદેહને પીએમ માટે મોકલી આગળની વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ ગુનો નોંધી કાર્યવાહી કરે તે પહેલાં જ શૈલેષ નામના આરોપીએ ઝેરી દવા પી પોતાનું જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે આરોપીને વીરપુર સરકારી હોસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. ત્યારે હાલ આરોપીની તબિયત સ્ટેબલ છે.

પાટણમાં વૃદ્ધ મહિલાને દાગીના ડબલ કરવાની લાલચ આપી ઠગાઈ કરનારો ઝડપાયો

રૂા. ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત, અન્ય એક ફરારને ઝડપી પાડવા તજવીજ

(સંવાદદાતા દ્વારા)

પાટણ,તા.૧૧

પાટણમાં ચાર દિવસ અગાઉ સિનિયર સિટીઝન મહિલાના દાગીના ડબલ કરી આપવાના બહાને રૂા.૧.૫૦ લાખના દાગીનાની છેતરપિંડી કરી નાસી છુટેલા બે ગઠિયાઓને સીસીટીવી ફુટેજના આધારે શોધી કાઢી એકને ઝડપી લીધો હતો. પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી માહિતી મુજબ પાટણ શહેરમાં ગત રવિવારના રોજ મુખ્ય પોસ્ટ ઓફિસની પાછળના ભાગે રહેતી એક સીનિયર સીટિજન મહિલાને બે અજાણ્યા ઈસમો વેગેનાર કારમાં આવી મહિલાએ પહેરેલ સોનાનો દોરો, વીંટી, અને બંગડી એક રૂમાલમાં રાખી આ દાગીના ડબલ કરી

આપવાની વાત કરી હતી. ત્યારે દાગીના ડબલ કરવાની લાલચમાં સિનિયર સિટીજન મહિલાએ આશરે દોઢ લાખની કિંમતના દાગીના ઉતારીને અજાણ્યા ઈસમોના હાથમાં આપ્યા હતા. ત્યાર બાદ આ બંને ઈસમોએ આ દાગીના રૂમાલમાં બાંધી સીફતપૂર્વક બીજા રૂમાલમાં બાંધેલી વસ્તુઓ મહિલાના હાથમાં આપી તેને ઘરે જઈને ખોલવાનું કહ્યું હતું. મહિલાએ ઘરે જઈ રૂમાલની પોટલી ખોલતા તેની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. દરમ્યાન પોલીસે સઘન તપાસ હાથ ધરતા અમદાવાદના ઠક્કરબાપા નગર ખાતે રહેતા ડાભી કનૈયાલાલાની મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવી છે. અને પોલીસે આ આરોપી પાસેથી છેતરપિંડીમાં ગયેલ સોનાના દાગીના, મોબાઈલ તેમજ વેગેનાર કાર મળી રૂપિયા ૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલ અમદાવાદના નરોડા ખાતે રહેતા દિનેશ મારવાડીને ઝડપી પાડવાના ચક્રો પોલીસ દ્વારા ગતિમાન કરવામાં આવ્યા છે.

ઝઘડિયા GIDCના

ગંદા પાણીનો આમલાખાડીમાં નિકાલના ષડ્યંત્ર મુદ્દે તપાસ કરવા અને વળતર ચૂકવવા માંગ

શુદ્ધ કે અશુદ્ધ એફ્લુઅન્ટને આમલાખાડીમાં છોડી શકાય નહીં : પ્રકૃતિ સુરક્ષા મંડળ

અંકલેશ્વર, તા.૧૧

ઝઘડિયા જીઆઈડીસીના ઔદ્યોગિક ગંદા પાણીનો દરિયા સુધી લઈ જતી પાઇપલાઇન અંકલેશ્વર તાલુકાના બોઈદ્રા ગામ પાસેથી પસાર થતી આમલાખાડીની સાથે જ પસાર થાય છે. આ લાઈનમાં અન્ય એક વાલ્વ લગાવવા આવ્યો છે અને તેના દ્વારા દરિયામાં જતા ઔદ્યોગિક ગંદા પાણીની લાઈનને આમલાખાડીમાં ડાયવર્ઝન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ગત ૯/૩/૨૨ના જે બાબતની ફરિયાદ જીપીસીબીને કરવામાં આવતા સ્થળ તપાસ કરવામાં આવી હતી અને રિપોર્ટ વાડી કચેરી ગાંધીનગર મોકલવામાં આવ્યો છે અને NCTને સ્થળ તપાસની નોટિસ આપવામાં આવી છે અને NCT તરફથી જવાબ બાદ આગળની કાર્યવાહી વડી કચેરી ગાંધીનગર તરફથી કરવામાં આવશે. પ્રકૃતિ સુરક્ષા મંડળના સલીમ પટેલે જણાવ્યું હતું કે, આ ઘટનામાં અમોએ ગઈકાલે કરેલ મૌખિક ફરિયાદના આધારે જીપીસીબી દ્વારા કાર્યવાહી થઈ રહી છે. પરંતુ આજે અમોએ એક લેખિત ફરિયાદ જીપીસીબીની વડી કચેરીને અને કલેક્ટરને પણ આપી છે જેમાં ગઈકાલની ઘટનાની યોગ્ય ઉચ્ચસ્તરીય તપાસની માંગ તેમજ પર્યાવરણને થયેલ નુકસાનનું આંકલન અને તેના કાયદામાં નક્કી થયેલ પદ્ધતિ મુજબનું વળતર/દંડની માંગ કરવામાં આવી છે અને NCTના CEOના નિવેદનને રદિયો આપી જણાવીએ છીએ કે શુદ્ધ કે અશુદ્ધ એફ્લુઅન્ટને આમલાખાડીમાં છોડી શકાય નહીં તે કાયદા અને વિવિધ કોર્ટોના હુકમોનું ભંગ ગણાય અને અનિવાર્ય સંજોગોમાં તે બાબતની પૂર્વ મંજૂરી જીપીસીબી તરફથી મેળવવી પડે છે. અન્ય એ કે સમારકામ કરવાનું હોય તો રોજ રાત્રે જ કેમ કરવું પડે ? અને હાલ ૨૦૦ લીટરના ટેંક લગાવવાની વાત કરો છો તો અત્યાર સુધી જે લાખો લીટર ખાડીમાં છોડવામાં આવ્યું એની ભરપાઈ કોણ કરશે ?

સુરત સહિત દ.ગુજરાતમાં આકરા ઉનાળાનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૧૧

અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાવાને પગલે કમોસમી વરસાદની આગાહી આજે પૂર્ણ થઈ ગઈ છે. આ સાથે જ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થતાં રાત્રી સમયે પણ ઊંચું તાપમાન નોંધાવાનું શરૂ થતાં બળબળતા ઉનાળાનો આરંભ થઈ ગયો છે.

સુરત હવામાન વિભાગે જણાવ્યા મુજબ, આજે શુક્રવારે સવારે સુરતમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી ગઈકાલ જેટલું જ નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી નોંધાયું છે. જે ગઈકાલ કરતાં આજે એક ડિગ્રી વધારે છે. સુરતમાં મહત્તમ તાપમાન યથાવત રહેવા સાથે લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં રાત્રી સમયે પણ ગરમીના પ્રમાણમાં વધારો નોંધાયો છે.

છેલ્લા ત્રણ દિવસથી ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદના ઝાપટા પડી રહ્યા છે. આ સિવય સુરત, નવસારી અને વલસાડમાં કમોસમી વરસાદ પડ્યો નથી. વલસાડ અને નવસારીમાં મહત્તમ તાપમાન સુરત કરતા ઊંચું નોંધાઈ રહ્યું છે અને સુરતમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાતા ત્રણ દિવસ વરસાદ પડવાની હવામાન તંત્રની આગાહી આજની તારીખે પૂરી થઈ ગઈ છે.

વરાછામાં લાંચ પ્રકરણમાં વીજ કર્મીના જામીન મંજૂર

સુરત, તા.૧૧

સુરત શહેરના વરાછા ખાતે ડાયરેક્ટ છેડા નાંખી વીજ ચોરી કરતા પકડાયા બાદ સમાધાન પેટે રૂા.૩૫ હજાર ઉપરાંતની લાંચ લેવાના પ્રકરણમાં અત્રેની સેશન્સ કોર્ટે વિજય પરમારના રૂા.૨૫ હજારના શરતોને આધિન જામીન મંજૂર કર્યા છે. આરોપી કોર્ટની પૂર્વે પરવાનગી વિના ગુજરાત રાજ્યની હદ છોડી શકશે નહીં તથા આગામી છ માસ સુધી દર મહિનાની પહેલી અને સોળમી તારીખે પોલીસ મથકમાં હાજર કરવા કોર્ટે આદેશ કર્યો હતો. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટે વીજ કંપનીના કર્મી આરોપી વિજયભાઈના શરતોને આધીન જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે આરોપીએ પૂર્વે પરવાનગી વિના ગુજરાત રાજ્યની હદ ન છોડવી, પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો તથા આગામી ૬ માસ સુધી દર મહિનાની પહેલી અને સોળમી તારીખે પોલીસ મથકમાં હાજરી પુરાવવા સહિતની શરતો સાથે આરોપીને જામીન મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

કરજણના નવી જીથરડી ગામની મુલાકાત લેતાં કલેક્ટર

પાલેજ, તા.૧૧

કરજણ તાલુકાના નવી જીથરડી ગામની વડોદરા જિલ્લા કલેક્ટરે મુલાકાત દરમ્યાન કરજણ પ્રાંત અધિકારી તેમજ મામલતદાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ગામમાં આવતા તેઓનું સ્વાગત ગામના સરપંચ સદસ્યો નાગરિકો દ્વારા કરવામાં આવ્યું હતું. કલેક્ટરે ગામનો રેવન્યુ રેકોર્ડ ચેક કર્યો હતો. ગામમાં લોકોને મળતી સેવાઓ કેમેરા, રસ્તાઓ, શૌચાલયોની કામગીરી નિહાળી હતી. સરપંચ દ્વારા જિલ્લા કલેક્ટરને ફોટાની ભેટ આપવામાં આવી હતી. ગ્રામપંચાયતના સભ્યો તેમજ ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

CHANGE OF SURNAME

I have Changed my old Surname from DAJELA TAHIR USMANADAM To New Surname **KHAKHARIYA TAHIR USMAN** & I Will Be known as new Surname which Please Note.

SD/- KHAKHARIYA TAHIR USMAN

Add.: Babar Colony, At.Po.Valan, Ta.Karjan, Dist.Vadodara

નામ બદલેલ છે.

મારું જૂનું નામ બાલાશેખ સલમા મોહમદ ઈકબાલ હતુ જે બદલીને નવુ નામ બાલાશેખ સલમાબીબી મોહમદ ઈકબાલ કર્યું છે. જેની સર્વે એ નોંધ લેવી.

સરનામુ: ઈ-1032, મોહમદપુરા, ઢાંચીની વાડી પાસે, ભરૂચ-392001. (ગુજરાત)

નામ બદલેલ છે.

મારું જૂનું નામ બાલાશેખ મોહમદ ઈકબાલ ચાકુબ હતુ જે બદલીને નવુ નામ બાલાશેખ મોહમદ ઈકબાલ ચાકુબભાઈ કર્યું છે. જેની સર્વે એ નોંધ લેવી.

સરનામુ: ઈ-1032, મોહમદપુરા, ઢાંચીની વાડી પાસે, ભરૂચ-392001. (ગુજરાત)

સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલના કર્મચારીઓને બોર્ડની પરીક્ષાની કામગીરીમાં પ્રાથમિકતા અપાશે

● ૨૮ માર્ચથી શરૂ થતી પરીક્ષા પહેલાં તમામ કેન્દ્રો પર CCTVની ચકાસણી કરવા આદેશ ● શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ માર્ચથી લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં જે સ્કૂલોને પરીક્ષા કેન્દ્રો બનાવાયા છે તેમને લઈને કાર્યવાહી કરવા માટે તાકીદ કરવામાં આવી છે. બોર્ડની પરીક્ષા વખતે પરીક્ષા કેન્દ્ર ન હોય તેવી સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોના સ્ટાફને પરીક્ષાની કામગીરીમાં પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત પરીક્ષા શરૂ થાય તેના બે દિવસ પહેલાં તમામ પરીક્ષા કેન્દ્રો પર CCTVની ચકાસણી કરી લેવા માટે પણ સૂચના અપાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. બોર્ડની પરીક્ષા પહેલા પુર્વ તૈયારીની સમીક્ષા કરવાનું શિક્ષણ બોર્ડ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે. જેમાં પરીક્ષામાં ઉપયોગમાં લેવામાં આવનાર તમામ બિલ્ડીંગો ખાતે કાર્યવાહી પરીક્ષા પહેલા પુર્ણ કરવા માટે તાકીદ કરવામાં આવી છે. બોર્ડની પરીક્ષામાં ઉપયોગમાં લેવાનારા તમામ બિલ્ડીંગોમાં CCTVની ચકાસણી અને વ્યુઈંગ માટે મોનિટરની સુવિધા તેમજ CCTV યોગ્ય રીતે સમગ્ર વર્ગખંડને આવરે છે કે, કેમ તેની ચકાસણી ૨૬ માર્ચ સુધીમાં કરવા માટે જણાવાયું છે. બોર્ડના ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ તેમની બેઠક વ્યવસ્થા અગાઉથી જોઈ શકે તે માટે ૨૭ માર્ચના રોજ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે નિયત કરેલા સમયે પરીક્ષા સ્થળો ખુલ્લા રાખવાના રહેશે. સ્કૂલોમાં ઉપયોગમાં લેવાનારા પરીક્ષા ખંડોની ઓળખ થાય તે માટે દિશાસૂચકો, પરીક્ષા ખંડના દરવાજા ઉપર બ્લોક નંબર નિર્દેશિત કરવા, પરીક્ષા ખંડમાં બ્લેક બોર્ડ ઉપર બ્લોક નંબર, પરીક્ષા ખંડમાં ફાળવેલા બેઠક નંબરની સિરીઝ, વિદ્યાર્થીઓએ ઉત્તરવહી ઉપર લખવાની વિગતોની સમજ માટે નમૂનારૂપ લખાણ કરવા માટે પણ સૂચના અપાઈ છે. પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓના બેઠક નંબર લખવાની કાર્યવાહી ૨૭ માર્ચ પહેલાં કરવાની રહેશે.

દરેક પરીક્ષા સ્થળ ઉપર ફરજ માટે મુકાતા નિયામક, સરકારી પ્રતિનિધિ, મદદનીશ સ્ટાફ, ખંડ નિરીક્ષકો, સેવક વગેરેની નિમણુંક અધિકારી મારફતે પ્રમાણિત કરાવવાની રહેશે. જે પરીક્ષા માટે કામગીરી સોંપેલી છે, તે પરીક્ષા માટેના ખંડ નિરીક્ષક કે સહાયક સ્ટાફને તેઓ ભણાવતા હોય તે વિષયનું સુપરવિઝન સોંપવાનું રહેશે નહીં. જે સરકારી કે ગ્રાન્ટેડ સ્કૂલોના મકાનનો ઉપયોગ પરીક્ષા સ્થળ તરીકે કરવામાં આવ્યો નથી, તેવી સરકારી કે ગ્રાન્ટેડ શાળાના સ્ટાફને પરીક્ષા કામગીરીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

શિક્ષણ વિભાગની વર્ગ-૧ની ખાલી ૧૦ જગ્યાઓનો હવાલો સોંપાયો

અધિકારીઓએ પોતાની હાલની જગ્યા ઉપરાંત વધારાનો હવાલો સંભાળવો પડશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ગ-૧ની ખાલી પડેલી જગ્યાઓનો હવાલો અન્ય અધિકારીઓને સોંપવાનો નિર્ણય કર્યો છે. જેથી અધિકારીઓ પોતાની હાલની ફરજ ઉપરાંત ખાલી જગ્યાઓનો વધારાનો હવાલો સંભાળશે. શિક્ષણ જમદદનીશ નિયામક (૧૦+૨)નો હવાલો સોંપાયો છે. ઉપરાંત આ જ કચેરીના વિષય નિષ્ણાંત સ્વાતી રાઓલને મદદનીશ નિયામક (ભરતી)નો હવાલો સોંપવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડની કચેરીમાં મદદનીશ સચિવ તરીકે ફરજ બજાવતા તુષાર મહેતાને પરીક્ષા સચિવ (વિજ્ઞાન પ્રવાહ)નો હવાલો, મદદનીશ સચિવ

શિક્ષણ બોર્ડમાં પણ ખાલી પડેલી ૪ જગ્યાઓનો હવાલો સોંપવામાં આવ્યો

વિભાગની ૧૦ જેટલી જગ્યાઓ પર અધિકારીઓને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. જેમાં શિક્ષણ બોર્ડની જગ્યાઓનો પણ સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વહીવટી અનુકુળતાને ધ્યાને લઈને ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ની જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા સમકક્ષ સંવર્ગની ખાલી જગ્યાઓનો હવાલો અન્ય અધિકારીઓન સોંપવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. જે મુજબ કમિશનર ઓફ સ્કૂલની કચેરીમાં શ્રેયાન અધિક્ષક તરીકે ફરજ બજાવતા પ્રવીણ રથવીને કમિશનર ઓફ સ્કૂલની કચેરીમાં (સંશોધન) તરીકે ફરજ બજાવતા ડૉ. ભાવના પટેલને શિક્ષણ બોર્ડના નાયબ નિયામકનો હવાલો, મદદનીશ સચિવ તરીકે ફરજ બજાવતા દિનેશ કલશરિયાને શિક્ષણ બોર્ડ વડોદરાના સચિવનો હવાલો અને મદદનીશ નિયામક (પરીક્ષા) તરીકે ફરજ બજાવતા ફાલ્ગુની વ્યાસને નાયબ નિયામક (પરીક્ષા)નો હવાલો સોંપાયો છે. ઉપરાંત પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં ફરજ બજાવતા શ્રેયાન અધિક્ષક મનીષ પટેલને આયોજન અધિકારીનો હવાલો, શ્રેયાન અધિક્ષક દિલીપ પટેલને વહીવટી અધિકારીનો હવાલો અને મદદનીશ નિયામક પ્રદીપ પટેલને વહીવટી અધિકારી (લીગલ)નો હવાલો સોંપવામાં આવ્યો છે.

CBSEની ધોરણ-૧૦, ૧૨ની ટર્મ-૨ની પરીક્ષા ૨૬ એપ્રિલથી શરૂ થશે

● વિદ્યાર્થીઓની આતુરતાનો અંત, ટર્મ-૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર ● ધોરણ-૧૦ની પરીક્ષા ૨૪ મેના રોજ, ધોરણ-૧૨ની પરીક્ષા ૧૫ જૂનના રોજ પૂર્ણ થશે ● ગરમીના કારણે પરીક્ષા સવારે ૧૦:૩૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની ટર્મ-૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા ૨૬ એપ્રિલથી શરૂ કરવામાં આવશે અને ૨૪ મે સુધી ચાલશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા પણ ૨૬ એપ્રિલથી શરૂ કરવામાં આવશે અને ૧૫ જૂન સુધી ચાલશે. CBSE બોર્ડ દ્વારા આ વર્ષથી પરીક્ષત્રા બે ભાગમાં લેવાની જાહેરાત કરી હતી. જેમાં ટર્મ-૧ની પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ ટર્મ-૨ની પરીક્ષાના કાર્યક્રમની રાહ જોઈ રહ્યા હતા. CBSEની ટર્મ-૨ની પરીક્ષા ઓફલાઈન મોડથી લેવાની જાહેરાત પણ કરાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા દરવર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી હતી. જોકે, આ વર્ષથી બોર્ડ દ્વારા પરીક્ષાના માળખામાં ફેરફાર કર્યો હતો. જેમાં સમગ્ર વર્ષના અંતે એક જ પરીક્ષાના બદલે વર્ષ દરમિયાન બે ટર્મમાં પરીક્ષા લેવાનું આયોજન કર્યું હતું. જે મુજબ CBSE બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની ટર્મ-૧ની પરીક્ષા લેવાઈ ચૂકી છે. ટર્મ-૧ની પરીક્ષા બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોના આધારે લેવામાં આવી હતી. જ્યારે ટર્મ-૨ની પરીક્ષા વર્ણનાત્મક પ્રશ્નોના આધારે લેવાનું નક્કી કરાયું હતું. દરમિયાન CBSE બોર્ડ દ્વારા શુક્રવારના રોજ ધોરણ-૧૦ અને ૧૨ની ટર્મ-૨ની પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કરી દીધો છે. જે મુજબ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ૨૬ એપ્રિલથી શરૂ કરવામાં આવશે. જેમાં ધોરણ-૧૦ની પરીક્ષા ૨૪ મેના રોજ પૂર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૫ જૂનના રોજ પૂર્ણ થશે. સમગ્ર દેશમાં ઉનાળાની શરૂઆત થઈ છે અને એપ્રિલ, મે તથા જૂન માસમાં ઉનાળાના પ્રકોપને જોતા બોર્ડ દ્વારા પરીક્ષાનો સમય સવારે ૧૦-૩૦ વાગ્યાથી રાખવાનું નક્કી કર્યું છે. જોકે, બોર્ડ દ્વારા ભારત સિવાય અન્ય ૨૬ દેશોમાં પણ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી તેના કરતા વહેલા સમય રાખી શકાય તેમ ન હોવાની સ્પષ્ટતા કરાઈ છે.

ઈજનેરીમાં પ્રવેશ માટે લેવાનારી જેઈઈ મેઈન્સ પરીક્ષા CBSE બોર્ડની પરીક્ષા સાથે ન આવી જાય તે માટે પણ બોર્ડ દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી હતી. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે પુરતો સમય મળી રહે તે માટે બે પેપર વચ્ચે પણ યોગ્ય રજાઓ આપવામાં આવી છે. કોવિડના કારણે વિદ્યાર્થીઓનું લર્નિંગ લોસ થયું હતું. જેથી પરીક્ષા વખતે તેમને મુશ્કેલી ન પડે તે માટે બે પેપરો વચ્ચે યોગ્ય ગેપ આપવામાં આવ્યો છે. ઉપરાંત જે પેપરમાં ગેપ ઓછો આપવામાં આવ્યો છે તેવી પરીક્ષાઓ છેલ્લે ગોઠવવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓને તૈયારી માટે સમય મળી રહેશે.

રાજ્યમાં સાવ ધીમો પડતો કોરોના નવા ૪૦ કેસ સામે ૮૨ દર્દીઓ સાજા થયા

રિકવરી રેટ ૯૯.૦૬ ટકા થયો

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેર વધુને વધુ નબળી પડી રહી છે ત્યારે સામાન્ય વધારા બાદ ફરી એકવાર રાજ્યમાં નવા કેસની સંખ્યા ૫૦થી ઓછી નોંધાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૦ કેસ નોંધાયા છે તો વધુ ૮૨ દર્દીઓ સાજા થયા છે. જ્યારે કોરોનાથી એકપણ વધુ મોત આજે નોંધાયું નથી જેને મોટી રાહતના સમાચાર ગણાવી શકાય બીજી તરફ રિકવરી રેટ ૯૯.૦૬ ટકા થયો છે. અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૧૮ કેસ નોંધાયા છે. જ્યારે અન્ય સ્થળોએ ૩-૨ અને ૧ની સંખ્યામાં કેસ નોંધાયા છે તો ત્રણ મહાનગરપાલિકા અને ૨૨ જિલ્લાઓમાં એકપણ નવો કેસ નોંધાયો નથી. રાજ્યમાં હાલ કોરોનાના કુલ ૫૬૬ કેસ એક્ટિવ છે જે પૈકી ૭ દર્દીઓ વેન્ટીલેટર પર છે તો ૫૫૯ દર્દીઓની હાલત સ્થિર છે. અત્યાર સુધી રાજ્યમાં ૧૨,૧૨,૦૧૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે જ્યારે ૧૦,૯૩૮ દર્દીઓને કોરોના ભરખી ગયો છે. જો કે હવે કોરોનાની ત્રીજી લહેર નબળી પડી શાંત પડવા તરફ અગ્રેસર બની છે.

રાજ્યમાં ૨૪ કલાકના નવા કેસ

જિલ્લો/કોર્પોરેશન	કેસ	જિલ્લો/કોર્પોરેશન	કેસ
અમદાવાદ કોર્પોરેશન	૧૮	ભાવનગર કોર્પોરેશન	૦૦
ગાંધીનગર કોર્પોરેશન	૦૩	બોટાદ	૦૦
મોરબી	૦૩	છોટા ઉદેપુર	૦૦
તાપી	૦૨	દ્વારકા	૦૦
વડોદરા	૦૨	ગાંધીનગર	૦૦
વડોદરા કોર્પોરેશન	૦૨	ગીર સોમનાથ	૦૦
આણંદ	૦૧	જામનગર	૦૦
અરવલ્લી	૦૧	જામનગર કોર્પોરેશન	૦૦
દાહોદ	૦૧	જૂનાગઢ	૦૦
ડાંગ	૦૧	જૂનાગઢ કોર્પોરેશન	૦૦
ખેડા	૦૧	કચ્છ	૦૦
રાજકોટ કોર્પોરેશન	૦૧	મહીસાગર	૦૦
સુરત	૦૧	મહેસાણા	૦૦
સુરત કોર્પોરેશન	૦૧	નર્મદા	૦૦
સુરેન્દ્રનગર	૦૧	નવસારી	૦૦
વલસાડ	૦૧	પંચમહાલ	૦૦
અમદાવાદ	૦૦	પાટણ	૦૦
અમરેલી	૦૦	પોરબંદર	૦૦
બનાસકાંઠા	૦૦	રાજકોટ	૦૦
ભરૂચ	૦૦	સાબરકાંઠા	૦૦
ભાવનગર	૦૦	કુલ	૪૦

રશિયા-યુક્રેન યુદ્ધ : પુતિને મધ્ય-પૂર્વમાંથી 'સ્વયંસેવક' લડવૈયાઓ બોલાવવા માટે મંજૂરી આપી; યુક્રેનની આકરી પ્રતિક્રિયા

(એજન્સી) તા.૧૧

રશિયન દળોને યુક્રેનના સૈનિકો તરફથી તીવ્ર પ્રતિકારનો સામનો કરવો પડી રહ્યો હોવાથી રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શુક્રવારે મધ્ય-પૂર્વના 'સ્વયંસેવક' લડવૈયાઓને યુદ્ધમાં સામેલ કરવાની મંજૂરી આપી હતી. સીરિયાનો સ્પષ્ટ ઉલ્લેખ કરી ક્રેમલિને કહ્યું હતું કે, આ લડવૈયાઓમાં ઈસ્લામિક સ્ટેટ સામે લડનારાઓ સામેલ છે. આ દરમ્યાન રશિયાના સંરક્ષણમંત્રી સર્ગેઇ શોઇગુએ કહ્યું હતું કે, મધ્ય-પૂર્વના ૧૬,૦૦૦ લોકો સહિત સંખ્યાબંધ સ્વયંસેવકો ડોનબાસમાં લોકોને મદદ કરવા તૈયાર છે. બીજી તરફ યુક્રેનની સરકારે આ નિર્ણય બદલ રશિયાની ટીકા કરી હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ કાર્યાલયના વડા મિખાઇલ પોડોલિઆકે કહ્યું કે, રશિયાના મંત્રી શોઇગ સહિત ત્યાંના અધિકારીઓએ આઇએસઆઇએસ વતી લડી ચૂકેલા ૧૬,૦૦૦ લડવૈયાઓને ભરતી કરવાની જાહેરાત કરી છે. તેમનો ઉપયોગ રશિયન નાગરિકો વિરૂદ્ધ કરવામાં આવશે. રશિયા યુક્રેનમાં સીરિયા જેવું વાતાવરણ ઊભું કરવા માંગે છે.

મણિપુરમાં મુખ્યમંત્રી પદ માટે ભાજપમાં ખેંચતાણ

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૧

મણિપુરની ૬૦ સભ્યોની વિધાનસભામાં ચૂંટણી પરિણામોમાં ૩૨ બેઠકો સાથે સંપૂર્ણ બહુમતી મેળવ્યા બાદ મુખ્યમંત્રી પદ માટે ભાજપના સભ્યોમાં જ ભારે ખેંચતાણના અહેવાલ મળ્યા છે. પાર્ટીને જીત અપાવવામાં આગેવાની કરનારા નોંગથોમબામ બિરેનસિંહ માટે ભાજપમાં જ કેટલાક સભ્યો વિચારે છે કે, તેઓ જ આ પદ માટે ચાલુ રહેવા જોઈએ. અન્યો કહે છે કે, આનાથી અન્ય નેતાઓ દ્વારા કરાયેલા કામોની અવગણના સમાન ગણાશે જેમણે પાર્ટીને વધુ મજબૂતી આપી છે. બિરેનસિંહ રાજ્યપાલને મુખ્યમંત્રી પદેથી પોતાનું રાજીનામું આપવા ગયા ત્યારે રાજ્ય ભાજપના પ્રમુખ શારદા દેવીએ પત્રકારોને જણાવ્યું કે, અમારી પાસે સંસદીય બોર્ડ છે જે રાજ્યની નેતાગીરી સાથે ચર્ચા કર્યા બાદ આગામી મુખ્યમંત્રીનું નામ જાહેર કરશે.

આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં કેટલાક સ્થળોએ હિટવેવની આગાહી

● રાજ્યમાં આગામી સપ્તાહથી જોવા મળશે કાળઝાળ ગરમીનો માહોલ ● મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર જવાની શકયતા ● હાલ અનેક સ્થળોએ પારો ૩૮ ડિગ્રીને પાર

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં શિયાળાની વિદાય બાદ વાતાવરણમાં પલટો આવતા છેલ્લા ત્રણ દિવસથી રાજયમાં કેટલાક સ્થળોએ કમોસમી વરસાદની સ્થિતિ જોવા મળી હતી. ત્યારે હવે માવઠાની અસર પૂરી થતા ગરમીએ પોતાનું જોર બતાવવાનું શરૂ કર્યું છે જે એકાદ સપ્તાહમાં વધુ તીવ્ર બનશે ત્યારે હોળી-ધૂળેટીના તહેવારો બાદ રાજયમાં કાળઝાળ ગરમી પડવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે જયારે ગરમી પારો ૪૦ ડિગ્રીને પાર જોવા મળશે. જયારે આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં કેટલાક સ્થળોએ હિટવેવની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને ગીર-સોમનાથ, દિવ, રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છમાં કેટલાક સ્થળોએ હિટવેવની સ્થિતિ જોવા મળશે.

ગુજરાતના વાતાવરણમાં પલ્ટો આવતા દક્ષિણ ગુજરાતમાં ઝાપટાં પડ્યા હતા. જોકે, હવે આગામી સમયમાં ઉનાળો આકરો રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી રહી છે. હોળી પછી તાપમાનનો પારો ૪૦ને પાર કરી જશે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. ગરમીની શરુઆત બાદ સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસરના કારણે ગરમીમાં ઘટાડો થયો હતો. આ દરમિયાન અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની સાથે કરા પડ્યા હતા. હાલની સર્જાયેલી સિસ્ટમના લીધે લઘુત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો થયો હતો.જોકે, હવે આગામી સમયમાં ગરમીમાં ફરી એકવાર વધારો થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના નિષ્ણાંતોનું માનવું છે કે બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાશે, જેની અસર ગુજરાતના હવામાનમાં પણ જોવા મળશે. ૧૨ માર્ચ સુધી રાજયમાં વાતાવરણ વાદળછાયું રહેવાની સંભાવના છે. રાજયના હવામાન વિભાગના ડિરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું છે કે, "ઉનાળા દરમિયાન રાજ્યમાં કાળઝાળ ગરમી રહેશે, રાત્રે અને દિવસે બન્ને સમયમાં તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેશે. આ કારણે આકળા ઉનાળાનો અનુભવ થશે." ગરમી વચ્ચે વરસાદની આગાહીના લીધે ઉકળાટનો અનુભવ પણ થઈ શકે છે. ગુજરાતમાં ઉનાળાની શરુઆત થઈ ગઈ છે. રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રીની નજીક નોંધાયું છે. જેમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૬.૯ અને લઘુત્તમ તાપમાન ૨૨.૨ રહ્યું છે. સૌથી ઊંચુ મહત્તમ વેરાવળનું ૩૮.૯ ડિગ્રી નોંધાયું છે. મહત્તમ તાપમાનમાં ૪થી ૫ ડિગ્રીનો વધારો થવાનો છે. ત્યારે રાજયમાં ગરમીનો પારો ૪૦ને પાર જતા વાર નહીં લાગે જેને પગલે આગામી દિવસોમાં લોકોને કાળઝાળ ગરમીનો સામનો કરવો પડશે.

ક્યાં કેટલું તાપમાન

સ્થળ	મહત્તમ તાપમાન
વેરાવળ	૩૮.૯
સુરેન્દ્રનગર	૩૮.૮
ભૂજ	૩૮.૬
કંડલા પોર્ટ	૩૮.૬
પોરબંદર	૩૮.૬
વલસાડ	૩૮.૫
નળિયા	૩૮.૪
કેશોદ	૩૮.૧
કંડલા એરપોર્ટ	૩૭.૯
સુરત	૩૭.૪
અમરેલી	૩૭.૪
અમદાવાદ	૩૬.૯

આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ માટે ટૂથસી ગ્રેટ સ્માઈલ પાર્ટનર બની

અમદાવાદ, તા.૧૧

ભારતની અગ્રણી મિલેનિયલ અને ઝેનઝેડ કેન્દ્રીત D2C સ્માઈલ મેકઓવર અને વેલનેસ બ્રાન્ડ ટૂથસીએ આજે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના સૌથી નવા સભ્ય ગુજરાત ટાઈટન્સ સાથે તેમની ભાગીદારીની જાહેરાત કરી છે. ટૂથસી 'ગ્રેટ સ્માઈલ્સ પાર્ટનર' હશે અને એસોસિએશન ગુજરાત ટાઈટન્સ ટીમને તેમના હેડગિયર પર 'ટૂથસી' લોગો ફ્લોન્ટ કરશે. ટૂથસી ભાગીદારીને વિસ્તૃત કરવા માટે સોશિયલ મીડિયા, ઑફલાઈન મીડિયા, વર્ચ્યુઅલ અને ફિઝિકલ ઈવેન્ટ્સ પર વિવિધ માર્કેટિંગ ઈનોવેશનના માધ્યમ દ્વારા દર્શકો સાથે પણ જોડાશે. ટૂથસીના માર્કેટિંગ હેડ શુચિતા વાધવાએ સહયોગ બાબતે જણાવ્યું કે, 'આઈપીએલમાં તેમના પહેલી સિઝન માટે ગુજરાત ટાઈટન્સ સાથેની અમારી ભાગીદારીની જાહેરાત કરતા અત્યંત રોમાંચિત છીએ.'

મિસ્ટર ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં રોહિત ગોર વિજેતા

અમદાવાદ, તા.૧૧

તાજેતરમાંજ બોડી બિલ્ડીંગ એસોસિએશન અમદાવાદ દ્વારા ૧૫મી સિનિયર મિસ્ટર ગુજરાત સ્ટેટ બોડી બિલ્ડીંગ ચેમ્પિયનશીપ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું જેના વિજેતા અમદાવાદના રોહિત ગોર બન્યા છે. આ સ્પર્ધામાં આશરે ૩૦ લોકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો અને વિવિધ કેટેગરીમાં બોડી બિલ્ડરો દ્વારા ખુબજ સુંદર પ્રદશન કરવામાં આવ્યું હતું. પોતે હાસિલ કરેલ ખિતાબ વિશે વાત કરતા રોહિત ગોર દ્વારા જણાવામાં આવ્યું હતું કે, બોડી બિલ્ડીંગમાં દરેક ખિતાબ જીતવાએ મારો લક્ષ્ય હતો સતત ૮ મહિનાની મહેનતબાદ આ સ્પર્ધા મિસ્ટર ગુજરાત બોડી બિલ્ડીંગ કોમ્પિટિશનમાં મેન્સ ફિઝીકમાં પ્રથમનો ખિતાબ હાંસલ થયો છે જેનો મને ખુબજ ગર્વ છે. આ સ્પર્ધામાં મારી સાથે સમગ્ર ગુજરાતમાંથી લોકો જોડાયા હતા.

કાર્યક્રમ

મંગળ જેઠાભાઈ રાઠોડની ૯મી પુણ્યતિથિએ આજે વ્યાખ્યાનનું આયોજન

કવિ મંગળ જેઠાભાઈ રાઠોડની ૯મી પુણ્યતિથિએ ૧૨ માર્ચને શનિવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ આશ્રમ રોડ અમદાવાદ ખાતે ઓમ કોમ્યુનિકેશન દ્વારા એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. કાવ્યોપનિષદમાં ભરત નાયક મંગળ રાઠોડના જીવન વિશે જયારે કેસર મકવાણા મંગળ રાઠોડની કાવ્ય સૃષ્ટિ વિશે વાત કરશે.

વીજ કર્મચારીઓ લડાયક મૂડમાં

ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા વર્ક ટુ રૂલ આંદોલનની ચીમકી

અમદાવાદ, તા.૧૧

ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના નેજા હેઠળ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ અને જીઈબી એન્જિન્યર્સ એસોસિએશન દ્વારા જેટકો મેનેજમેન્ટને લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈને હડતાળની નોટિસ પાઠવવામાં આવી છે. જેમાં મુખ્યત્વે સરકાર દ્વારા નિયત કરેલ સ્ટાફ સેટ અપનું અમલીકરણ, હોટ લાઈન એલાઉન્સ, જુનિયર ઈજનેર અને અન્ય કેડરમાં ખાલી પડેલ જગ્યાઓમાં ભરતી, જી.એસ.ઓ ૬૯નું અમલીકરણ સત્વરે કરવાની માગણી કરવામાં આવી છે. જીઈબી એન્જિન્યર્સ એસોસિએશનના વિશેષ મહામંત્રી નિરવ બારોટ દ્વારા જણાવવામાં આવે છે કે, જો કંપની દ્વારા તા.૨૮/૩/૨૨ સુધીમાં વિવિધ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો સંકલન સમિતિ દ્વારા તા.૨૮/૩/૨૦૨૨ પછી વર્ક ટુ રૂલ આંદોલન કરવામાં આવશે સાથોસાથ કોર્પોરેટ ઓફિસ, ઝોન ઓફિસ, વર્તુળ કચેરી ખાતે સૂત્રોચાર કરી પ્રદર્શન કરવામાં આવશે. ત્યારબાદ પણ જો પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો લાઈટનિંગ સ્ટ્રાઇક સુધીના પગલાં લેવાની ફરજ પડશે.

૩ દિવસમાં મેડિકલ સ્ટુડન્ટ્સની આત્મહત્યાનો ત્રીજો કિસ્સો

બીજે મેડિકલમાં પ્રવેશ મેળવ્યાના ૨૪ કલાકમાં છાત્રની આત્મહત્યા

હાર્દિક ઈમરજન્સી વોર્ડમાં ફરજ પર હાજર થયો હતો, સોમવારે સવારે તેના ગુમ થયાની જાણ થઈ હતી

અમદાવાદ, તા.૧૧

બીજેમેડિકલ કોલેજમાં એમડી(મેડિસિન) કોર્સમાં પ્રવેશ મેળવનાર મેડિકલ વિદ્યાર્થીએ કથિત રીતે આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા ત્રણ દિવસમાં મેડિકલ સ્ટુડન્ટ દ્વારા આત્મહત્યાનો આ ત્રીજો કિસ્સો છે. અગાઉ ૮મી માર્ચે પાલનપુર અને વડનગર મેડિકલ કોલેજમાં બે મેડિકલ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. અમદાવાદ ગ્રામીણ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, સુરતના રહેવાસી ૨૫ વર્ષીય ડૉ. હાર્દિક રૈયાણીનો મૃતદેહ ગુરૂવારે સવારે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સઈજ ગામમાં એક તળાવમાંથી મળી આવ્યો હતો. અસારવા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી બીજે મેડિકલ કોલેજમાં મેડિસિન કોર્સમાં પ્રવેશ મેળવ્યાના ૨૪ કલાકની અંદર રૈયાણીએ કથિત રીતે આત્મહત્યા કરી લીધી હતી. તેને શનિવારે એડમિશન મળ્યું હતું અને ઈમરજન્સી વોર્ડમાં ફરજ પર હાજર થયો હતો. સોમવારે સવારે તે ગુમ થયાની જાણ થઈ હતી. રૈયાણી ગુમ થયા બાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધવામાં આવી હતી. અમદાવાદ ગ્રામ્ય એસપી વિરેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે ધોળકા ગ્રામ્ય પોલીસમાં અકસ્માત મોતનો કેસ નોંધવામાં આવ્યો છે. બીજે મેડિકલ કોલેજના સૂત્રોએ જણાવ્યું હતું કે રૈયાણીએ ગયા વર્ષે વડોદરા મેડિકલ કોલેજમાં પીજી મેડિસિન કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો. તેણે થોડો સમય ક્લાસમાં હાજરી આપી પણ પછી જવાનું બંધ કરી દીધું. રૈયાણીએ આ વર્ષે ફરીથી નીટ (નેશનલ એલિજિબિલિટી-કમ એન્ટ્રન્સ ટેસ્ટ) આપી અને બીજેમેડિકલ કૉલેજમાં મેડિસિન કોર્સમાં પ્રવેશ મેળવ્યો. એક સાથી વિદ્યાર્થીએ કહ્યું, રૈયાણી એમબીબીએસ કોર્સમાં મારો ક્લાસમેટ હતો. તેમના પિતાનું ૨૦૧૦માં કાર્ડિયાક અરેસ્ટથી અવસાન થયું હતું. તેમની માતા ગૃહિણી છે રૈયાણી એક બ્રાઈટ સ્ટુડન્ટ હતો. વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે રૈયાણી શનિવારે ફરજ પર હાજર થયો હતો ત્યાર બાદ તેણે તેની સાથે તેના કામના અનુભવ વિશે વાત કરી હતી. રૈયાનીના સીનિયરે કહ્યું, 'જો કોઈ વિદ્યાર્થીને ડિપ્રેશન અથવા કામ સંબંધિત સમસ્યાઓ હોય તો અમે તેમને કાઉન્સિલ કરીએ છીએ. રૈયાણીએ કોલેજમાં પોતાની સમસ્યાઓ વિશે કોઈને જણાવ્યું ન હતું. તેમના મૃત્યુ વિશે જાણીને અમે બધા આઘાતમાં છીએ.' ધોળકા ગ્રામીણ પોલીસ અધિકારીએ જણાવ્યું કે મંગળવારે ગ્રામજનોએ સઈજ ગામમાં તળાવ પાસે રૈયાણીનું સ્કૂટર જોયું અને પોલીસને જાણ કરી. જ્યારે પોલીસ સ્કૂટર માલિકને શોધવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે કેટલાક ગ્રામજનોએ રૈયાણીની લાશ તળાવમાં તરતી જોઈ. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે મૃતદેહ પાસેથી તેનો મોબાઈલ ફોન પણ નથી મળ્યો. 'અમને ફક્ત તેનું કૉલેજ ઓળખ કાર્ડ મળ્યું, જેના દ્વારા અમે તેના ક્લાસમેટ્સને જાણ કરી હતી. હાલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પંજાબમાં ઐતિહાસિક જીત બાદ AAPનો જોશ હાઈ

કેજરીવાલની હવે ગુજરાત અને હિમાચલ પર નજર

નવી દિલ્હી, તા.૧૧

ગુરુવારે પંજાબમાં પ્રચંડ જનાદેશ સાથે જીત મેળવ્યા પછી આમ આદમી પાર્ટીનો જોશ હાઈ છે. હવે પાર્ટીની નજર સંભવિત રૂપે આ વર્ષના અંતમાં થનાર ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણી પર રહેશે. ખાસ વાત એ છે કે, પાર્ટી ગુજરાતમાં પહેલેથી જ પ્રચાર મોડમાં કામ કરી રહી છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પંજાબમાં બીજા ક્રમે આવેલી AAPએ આ વખતે ૯૨ બેઠકો જીતી છે. જ્યારે, શાસક પક્ષ કોંગ્રેસ ૧૮ બેઠકો પર સમેટાઇ ગયું હતું. વરિષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર, ગુજરાત અને હિમાચલ પ્રદેશ મુખ્યત્વે AAPના રડાર પર છે. પાર્ટીના એક કાર્યકર્તાએ કહ્યું, "હાલમાં અમે એવું નથી કહી રહ્યા કે, અમે ગુજરાત જીતીશું. પરંતુ મોદીના પદ પર આવ્યા બાદ રાજ્યમાં કંઈક બદલાવ આવ્યો છે, જેમાં પાટીદાર આંદોલન, ઉના આંદોલન અને ૨૦૧૭માં કોંગ્રેસની સારી કામગીરીમાં સામે આવી છે. પરંતુ કોંગ્રેસે હાર માની લીધી છે અને આપ માટે મેદાન ખુલ્લુ મૂકી દીધું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, "આપે પહેલા જ સુરતના પટેલ બેલ્ટમાં ૨૭ સીટો જીતીને કોંગ્રેસનું

મનોબળ ભાંગ્યુ છે. સૌરાષ્ટ્ર બેલ્ટમાં પાર્ટીની શાખ મજબૂત બની છે. ગુજરાતમાં AAP કોંગ્રેસની ખાલી પડેલી જગ્યા ભરવાનો પ્રયાસ કરી રહી છે. રિપોર્ટ અનુસાર આગામી મહિને કેજરીવાલ અને પંજાબના ભાવિ મુખ્યમંત્રી ભગવંત માન વડાપ્રધાનના ગૃહ રાજ્યમાં પહોંચીને AAPના અભિયાનને મજબૂત કરી શકે છે. દિલ્હીમાં કોંગ્રેસનો એક વોટર વર્ગ હતો, જે AAP પાસે ચાલ્યો ગયો છે. જ્યારે પણ કોંગ્રેસે પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું છે, ત્યારે તેનાથી AAPને નુકસાન થયું છે. આવી સ્થિતિમાં આપ હવે હિમાચલ પ્રદેશ તરફ મીટ માંડીને બેઠી છે, જ્યાં ગુજરાત પહેલા મતદાન થશે. પાર્ટીના એક નેતાએ જણાવ્યા અનુસાર, પંજાબમાં જીત બીજા રાજ્યોમાં અમારા માટે દરવાજા ખોલ્યા છે. હિમાચલ પ્રદેશ જેવા રાજ્યમાં અમે એક નવી શરૂઆતની આશા રાખીએ છીએ, કારણ કે પંજાબે અમારા અભિયાનને વધુ મજબૂત અને દ્રઢ બનાવ્યું છે. જોકે, હજુ પાયાનું કામ બાકી છે. હિમાચલમાં રાજનૈતિક જ્ઞાતિ અને ક્ષેત્રીય ગણિત થોડું જટિલતા છે. ખાસ વાત એ છે કે, આપની રાષ્ટ્રીય મહત્વકાંક્ષાઓ નવી નથી. ૨૦૧૩માં દિલ્હીમાં ૨૮ બેઠકો જીત્યા બાદ, પાર્ટીએ ૨૦૧૪માં ૪૦૦ લોકસભા બેઠકો પર ચૂંટણી લડવાનું નક્કી કર્યું હતું. પાર્ટીએ ચાર બેઠકો જીતી હતી અને આ તમામ બેઠકો પંજાબમાં હતી. આ પછી AAPએ દિલ્હી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો અને ૨૦૧૫માં બહુમતી સાથે જીત મેળવી. વર્ષ ૨૦૧૯માં પાર્ટીએ માત્ર ૧૦૦ લોકસભા ઉમેદવારો ઉભા રાખ્યા હતા. અહેવાલ મુજબ, પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ કહ્યું હતું કે, "૨૦૧૪ની ચૂંટણીઓ સાથે અમે અમારી રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓ સ્પષ્ટ કરી દીધી હતી, પરંતુ તેને વિરોધનું સમર્થન નહોતું. ત્યારે અને હવે વચ્ચેનો ફરક એટલો જ છે કે, હવે અમારી પાસે સાબિતી છે.

સ્થિતિ વધુ વણસી તો થઈ શકે છે ત્રીજું વિશ્વ યુદ્ધ

બ્રિટને યુક્રેનને કહ્યું અકળાતા નહીં અમે બેઠા છીએ

બ્રિટને દાવો કર્યો છે કે બ્રિટન યુક્રેન પરના આક્રમણ માટે પુતિનને સજા કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું નેતૃત્વ કરી રહ્યું છે

નવી દિલ્હી,તા.૧૧

હાલ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ છે. યૂક્રેને પહેલાં નાટોમાં સામેલ થવાની વાત કરી હતી. જેને પગલે રશિયાએ તેના પર હુમલો કરી દીધો. આજે સ્થિતિ એ હદે વણસી છેકે, જો આ બન્ને દેશો વચ્ચેની સ્થિતિ નહીં સુધરે તો ત્રીજું વિશ્વ યુદ્ધ પણ થઈ શકે છે. રશિયા પર પ્રતિબંધો લાદીને તેની સામે લડવા માટે બ્રિટને યૂક્રેનને હથિયારો મોકલી આપવાની ખાત્રી આપી છે. બ્રિટનના વડાપ્રધાનને દાવો કર્યો છે કે બ્રિટન યુક્રેન પરના આક્રમણ માટે પુતિનને સજા કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું નેતૃત્વ કરી રહ્યું છે. બ્રિટને ઘણી રશિયન બેંકો અને વ્યવસાયો પર પ્રતિબંધો લાદ્યા છે. રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદવા માટે ન્યુઝીલેન્ડની સંસદમાં સર્વસંમતિથી એક બિલ પસાર કરવામાં આવ્યું છે. રશિયા પર પહેલાથી જ પ્રતિબંધો લગાવી ચૂકેલા ઘણા દેશોથી વિપરીત, ન્યુઝીલેન્ડે અગાઉ આવા પગલાં લીધાં ન હતા અને કહ્યું કે આવા પગલાં સંયુક્ત રાષ્ટ્રના વ્યાપક પ્રયાસનો ભાગ હોવા જોઈએ. આ નવો કાયદો એક જ દિવસમાં લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદો ન્યુઝીલેન્ડને રશિયન સંપત્તિ જમ કરવાની અને જહાજો અથવા વિમાનોને ન્યુઝીલેન્ડમાં પ્રવેશતા અટકાવવાની મંજૂરી આપશે. ન્યુઝીલેન્ડે કહ્યું છે કે તે તેના દેશને રશિયા માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનવા દેશે નહીં. યુક્રેન રશિયન હુમલાઓનો સામનો કરી

શકે તે માટે બ્રિટનને વધુ શસ્ત્રો, ખાસ કરીને ટેક વિરોધી મિસાઈલો મોકલશે. સંરક્ષણ પ્રધાન બેન વોલેસે બ્રિટિશ સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ કોમન્સને જણાવ્યું હતું કે બ્રિટને ૨,૦૦૦ લાઈટ ટેક મિસાઈલો મોકલી છે. હવે વધારાની ૧,૬૧૫ વધુ મિસાઈલો યુક્રેનને મોકલવામાં આવશે. તેમણે કહ્યું કે લાંબા અંતરની જેવલિન મિસાઈલ અને સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલનુ એક નાનુ કન્સાઈન્મેન્ટ પણ હથિયારોના નવા સપ્લાયમાં સામેલ છે. રક્ષા મંત્રીએ સંસદસભ્યોને કહ્યું, અમે ૩,૬૧૫ એલએલએડબલ્યુ ટેક વિરોધી મિસાઈલો મોકલીશું. અમે ખૂબ જ ટૂંક સમયમાં એન્ટી-ટેક જેવલિન મિસાઈલોની નાની બેચની સપ્લાય પણ શરૂ કરીશું. બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોન્સન વારંવાર દાવો કરી ચૂક્યા છે કે બ્રિટન યુક્રેન પર આક્રમણ માટે પુતિનને સજા આપવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું નેતૃત્વ કરી રહ્યું છે. બ્રિટને ઘણી રશિયન બેંકો અને વ્યવસાયો પર પ્રતિબંધો લાદ્યા છે. યુકે સરકારનું કહેવું છે કે તેણે ૨૫૦ બિલિયન પાઉન્ડ કરતાં વધુની રશિયન આર્થિક પ્રવૃત્તિ પર અંકુશ મૂક્યો છે. જોન્સન થોડા દિવસો પહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો અને નેધરલેન્ડના નેતા માર્ક રૂટને મળ્યા હતા અને યુક્રેન પરના આક્રમણ અંગે પશ્ચિમના પ્રતિભાવને વધુ કડક બનાવવાની ચર્ચા કરી હતી. ઉપરાંત બ્રિટનના સંરક્ષણ મંત્રીએ કહ્યુ કે, યુક્રેનની વિનંતીના જવાબમાં, સરકારે સ્ટારસ્ટ્રાઈક એન્ટી એરક્રાફ્ટ મિસાઈલ દાન કરવાની શક્યતા શોધવાનું નક્કી કર્યું છે.

એબીવીપીનો પ્રતિકાર કરવા બદલ કેસ દાખલ, કર્ણાટકની મુસ્લિમ વિદ્યાર્થિનીએ હિજાબ મુદ્દે લડત આપવા પ્રતિબદ્ધતા દર્શાવી

(એજન્સી) તા.૧૧

ગત શુક્રવાર સુધીમાં ૧૮ વર્ષીય હિબા શેખ કર્ણાટકના મેંગ્લોરની એક સામાન્ય વિદ્યાર્થીની હતી. દયાનંદ પાઈ સતીશ પાઈ ગર્વમેન્ટ ફર્સ્ટ ગ્રેડ કોલેજની એક ઘટનાએ તેનું જીવન બદલી નાખ્યું. છોકરાઓ સાથે બાથ ભીડવાનો તેનો વીડિયો વાઈરલ થતાં તે હિજાબ વિવાદ મામલે મુસ્લિમ છોકરીઓ માટે પ્રતિકાર કરવાનું એક પ્રતીક બની ગઈ. ઉલ્લેખનીય છે કે કર્ણાટકમાં હિજાબ વિવાદ વધારે પડતો ચગી રહ્યો છે. વાઈરલ વીડિયોમાં હિબા હિજાબમાં દેખાય છે અને તે વિદ્યાર્થીઓના સમૂહ સાથે બાથ ભીડી રહી છે. તે તેમને પડકારતા કહે છે કે આ તમારા બાપાની કોલેજ નથી? હું પણ અહીં ફી ચૂકવું છું અને અભ્યાસ કરવા આવું છું. તેને કોલેજના પરિસરમાં કેટલાક વિદ્યાર્થીઓ

પ્રવેશવા દેતા નથી અને તેને પરીક્ષા આપતા અટકાવવા પ્રયાસ કરે છે. જોકે કોલેજના પ્રિન્સિપાલે તેને આગમનની મંજૂરી આપી હતી. કેટલીક અન્ય મુસ્લિમ વિદ્યાર્થિનીઓને પણ પરીક્ષા આપવાની છૂટ આપવામાં આવી હતી. જોકે પુરૂષ વિદ્યાર્થીઓએ આ છોકરીને રોકવાનો ઘણો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ અને કોલેજના અધિકારીઓએ ઘટનાસ્થળે હાજર રહીને સ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારથી તેનો આ વીડિયો વાઈરલ થયો છે હિબા કહે છે કે મને જમણેરી પાંખના કટ્ટરવાદી હિન્દુઓ તરફથી સતત હુમલાની અને હેરાનગતિ કરવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. તેની વિરૂદ્ધ મેંગ્લોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. આ મામલે એક જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં તેણે કહ્યું કે મને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી રહી છે. ટ્રોલર્સ મને સતત ટારગેટ કરી રહ્યા છે. તેઓ મને કહે છે કે તેઓ મારી હત્યા કરી નાખશે અને મારો મૃતદેહ પણ કોઈને મળશે નહીં. તે કહે છે કે હું દરેક મુસ્લિમ છોકરીઓ માટે લડવા માટે આગળ રહીશ. હું તેમનાથી ડરવાની નથી.

કેન્દ્રીય કર્મચારીઓને હાલ ૩૧ ટકાનું DA મળે છે

કેન્દ્રીય કર્મચારીઓનું DA ત્રણ ટકા સુધી વધી શકે છે

સરકારના નિર્ણયથી ૫૦ લાખથી વધારે સરકારી કર્મચારીઓ અને ૬૫ લાખથી વધારે પેન્શનર્સને સીધો ફાયદો મળશે

નવી દિલ્હી, તા.૧૧

હોળી પહેલા કેન્દ્રીય કર્મચારીઓને અને પેન્શનર્સને એક મોટી ખુશખબર મળનાર છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો સરકાર કેન્દ્રિય કર્મચારીઓ અને પેન્શનર્સને મોંઘવારી ભથ્થું વધારવા જઈ રહી છે. હોળી પહેલા તેની જાહેરાત થઈ શકે છે. સરકારના આ નિર્ણયથી ૫૦ લાખથી વધારે સરકારી કર્મચારીઓ અને ૬૫ લાખથી વધારે પેન્શનર્સને સીધો ફાયદો મળશે. કેન્દ્રિય કર્મચારીઓને હાલ ૩૧ ટકાનું Dearness Allowance મળે છે, એક રિપોર્ટસ પ્રમાણે, ઓલ ઈન્ડિયા કંઝ્યૂમર પ્રાઈસ ઈન્ડેક્સ ફોર ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સના ડિસેમ્બર ૨૦૨૧ના આંકડાઓને ધ્યાનમાં રાખતા કેન્દ્રિય કર્મચારીઓનું DA ત્રણ ટકા સુધી વધારી શકે છે. તેનાથી કેન્દ્રિય કર્મચારીઓને મળનાર DA ૩૪ ટકા થઈ જશે. દેશના ૫ રાજ્યમાં હાલમાં થયેલી ચૂંટણીઓનું પરિણામ ૧૦ માર્ચે સામે આવી ચૂક્યું છે. તેની સાથે ચૂંટણી આચાર સંહિતા પણ સમાપ્ત થઈ જશે. ત્યારબાદ સરકાર ડીએને લઈને નિર્ણય કરી શકે છે. રિપોર્ટ્સ પ્રમાણે ૧૬ માર્ચ,

૨૦૨૨ એ કેન્દ્રિય કેબિનેટની બેઠક મળવાની છે. આ બેઠકમાં કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત વધારવાની જાહેરાત થઈ શકે છે. જો કેન્દ્ર સરકાર ૧૬ માર્ચે 7th Pay Commission ની ભલામણ પ્રમાણએ કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરે છે તો આ હોળી પહેલા સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સ માટે મોદી સરકારની હોળી ગિફ્ટ હશે. આ વર્ષે ૧૮ માર્ચે હોળી મનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મોંઘવારી સતત વધી રહી છે. એવામાં કેન્દ્રિય કર્મચારીઓની આવક વધારવી જરૂરી હોય છે. સરકાર મોંઘવારીની ઈમ્પેક્ટને ઓછી કરવા માટે પોતાના કર્મચારીઓ અને પેન્શનર્સને DA આપે છે. મોંઘવારી ભથ્થાનું કેલકુલેશ બેસિક સેલરીના આધારે પર કરવામાં આવે છે. સામાન્ય રીતે, કેન્દ્ર સરકાર દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં DA અને DR સંબંધિત લાભોમાં સુધારો કરે છે. શહેરો પ્રમાણે કર્મચારીઓના ડીએમાં તફાવત જોવા મળે છે.

રેસિપ તૈયપ એર્દોગને ઈઝરાયેલના રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું !

(એજન્સી)

અંકારા,તા.૧૧

બુધવારે યોજાયેલા એક સત્તાવાર સમારંભમાં તુર્કીના રાષ્ટ્રપતિ રેસિપ તૈયપ એર્દોગને ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હેરઝોગનું અંકારામાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. હેરઝોગને અંકારા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવકારવા માટે રાષ્ટ્રપતિ એર્દોગનના નજીકના સહયોગી અને પ્રવકતા ઈબ્રાહીમ કાલીન હાજર રહ્યા હતા. રાષ્ટ્રપતિ એર્દોગને ઈઝરાયેલના રાષ્ટ્રપતિ માટે તુર્કીના પ્રેસિડેન્શિયલ કોમ્પ્લેક્ષમાં સમારંભ યોજયો હતો. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ હેરઝોગે ટવીટ કરી એર્દોગનનો આભાર વ્યકત કર્યો હતો. ઈઝરાયેલી રાષ્ટ્રપતિએ તેમની બે દિવસની તુર્કી યાત્રા દરમ્યાન રાષ્ટ્રપતિ એર્દોગન સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. ઈઝરાયેલી રાષ્ટ્રપતિ હેરઝોગની આ મુલાકાતને તુર્કી અને ઈઝરાયેલ વચ્ચેના તંગ સંબંધોને સુધારવાની દિશામાં લેવામાં આવેલા પગલાં તરીકે જોવામાં આવે છે.

જોર્ડન : ઈસ્લામિક સંગઠને ઈઝરાયેલના રાષ્ટ્રપતિની તુર્કીની મુલાકાતની નિંદા કરી

(એજન્સી) અંકારા, તા.૧૦

જોર્ડનના ઈસ્લામિક કાર્યવાહી મોરચા(આઈએએફ)એ ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હેરઝોગ દ્વારા તુર્કીની મુલાકાત લેવાની નિંદા કરી હતી. કુદસ પ્રેસનો અહેવાલ. આઈએએફએ કબજા રાજ્ય સાથે સંબંધોના સામાન્યીકરણ વિરૂદ્ધ તેના મક્કમ વલણનો પુનરોચ્ચાર કર્યો હતો. પેલેસ્ટીનીઓ વિરૂદ્ધ વધતા ઈઝરાયેલી આક્રમણ અને આતંકવાદના સમયે ખાસ કરીને સિયોનવાદી અસ્તિત્વના નેતા માટે તુર્કી દ્વારા સ્વાગતની આઈએએફના અધિકારી અબુલ અયમાન રૂબએ ટીકા કરી હતી. આ પ્રકારની મુલાકાત પેલેસ્ટીનીઓ અને કબજા વિરૂદ્ધ તેમના પ્રતિકારને સમર્થન આપનાર તુર્કીના લોકોના વલણો સાથે બંધ બેસતી નથી અથવા અરબો અને મુસ્લિમોનું વલણ જેઓ ઈઝરાયેલને સમગ્ર ઈસ્લામિક વિશ્વના દુશ્મન તરીકે જુએ છે. અબુલ રૂબએ તુર્કીની સરકારને કબજા સાથે સામાન્યીકરણ કરવાથી દૂર રહેવાની હાકલ કરી હતી. તેમણે ભાર મૂકતા કહ્યું હતું કે આ પ્રકારના માર્ગથી વંશવાદી રાજ્યને પેલેસ્ટીનીઓ અને તેમના પવિત્ર સ્થળ વિરૂદ્ધ વધુ ગુનાઓ આચરવા માટે લીલી ઝંડી મળી જશે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગને બુધવારે અંકારામાં તુર્કી અને ઈઝરાયેલી ધ્વજો સામે હેરઝોગનું સ્વાગત કર્યું હતું. જ્યારે બંનેના રાષ્ટ્રગીતો વાગી રહ્યા હતા. એર્દોગમે કહ્યું હતું કે આ ઐતિહાસિક મુલાકાત તુર્કી અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોમાં એક વળાંક રહેશે. ઈઝરાયલના રાજ્ય સાથે સંબંધોને મજબૂત કરવું એ અમારા દેશ માટે ખૂબ જ મૂલ્યવાન છે.

ભાજપના મોટા વિજયમાં યોગી આદિત્યનાથ સંપૂર્ણ ટર્મ પૂરી કરી ફરી પદ મેળવનારા પ્રથમ મુખ્યમંત્રી બનશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૧

ભાજપે ઉત્તરપ્રદેશમાં શાનદાર જીત મેળવતાની સાથે જ અનેક ઈતિહાસ પણ બનાવ્યા છે જેમાં યુપીમાં અત્યારસુધી સંપૂર્ણ ટર્મ પૂરી કરીને ફરીવાર કોઈ પણ મુખ્યમંત્રી બની શક્યું ન હતું અને હવે પ્રથમવાર યોગી આદિત્યનાથ આ ઈતિહાસ પણ રચી દેશે. ભાજપે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં મોટી જીત મેળવી સત્તામાં વાપસી કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભાજપના કાર્યાલય પર સ્વાગત કરવામાં આવ્યું હતું. છે. પીએમ મોદી કાર્યકર્તાઓને સંબોધિત કરતા કહ્યું હતું કે યુપીમાં

બીજીવાર આટલી મોટી જીત ખુબ મોટી વાત છે. પીએમ મોદીએ કહ્યુ કે, ઉત્તરાખંડમાં પણ ભાજપે ઈતિહાસ રચ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યુ કે, ગોવામાં તમામ એક્ઝિટ પોલ ખોટા પડ્યા છે. પીએમ મોદીએ કહ્યુ કે, આપણે જનતાનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા. પીએમ મોદીએ કહ્યુ કે ઉત્તર પ્રદેશે દેશને અનેક પ્રધાનમંત્રી આપ્યા છે, પરંતુ ૫ વર્ષનો કાર્યકાળ પૂરો કરનાર મુખ્યમંત્રી બીજીવાર જીત્યા હોય તેવું પ્રથમ ઉદાહરણ છે. યુપીમાં ૩૭ વર્ષ બાદ કોઈ પાર્ટીએ સતત બીજીવાર સરકાર બની છે.

અમૂલ દૂધમાં ભાવ વધારા બાદ

બરોડા ડેરીએ દૂધમાં લિટરે રૂા.બેનો ભાવ વધારો કરતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૧

મોંઘવારી અને બેરોજગારી વચ્ચે જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ-ડીઝલમાં પણ તોતિંગ વધારાની શક્યતા છે. તેવામાં હવે બરોડા ડેરી દ્વારા દૂધના ભાવમાં રૂા.બેનો વધારો કરાતા ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.

બરોડા ડેરીના ચેરમેન વાઈસ ચેરમેન અને ડિરેક્ટરોની આજે ડેરીમાં દૂધના ભાવ મુદ્દે સમીક્ષા બેઠક મળવા પામી હતી. જેમાં દૂધના ભાવમાં પ્રતિ લીટર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. અમુલ ડેરી દ્વારા અગાઉ દૂધની કિંમતમાં પ્રતિ લીટર રૂપિયા ૨નો ભાવ વધારો કરવામાં આવ્યો છે. પરિણામે બરોડા ડેરીએ પણ દૂધનો ભાવ વધારો કરવાની તૈયારી કરી હતી. જો કે શહેર-જિલ્લાના ધારાસભ્યોએ દૂધના ભાવ અંગે વિરોધ જાહેર કરતા સંચાલકોએ જે તે સમયે દૂધનો ભાવ વધારવા પર વિચારણા ટાળી હતી. તદુપરાંત રાજકીય પક્ષો દ્વારા પણ દૂધના ભાવ વધારા સામે બાંયો ચઢાવી હતી. સીએનજી એલપીજી બાદ હવે દૂધના ભાવમાં વધારો થયો છે. તો વડી પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ તોતિંગ વધારાનું સંકટ તોળાઈ રહ્યું છે. મોંઘવારી અને બેરોજગારી વચ્ચે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ કુદકેને ભૂસકે વધતા સામાન્ય નાગરિકની કમર ભાંગી તૂટી છે અને ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.

વીજ નિગમના મેન્ટેનન્સના કારણે

વડોદરા શહેરમાં આવતીકાલથી પીવાના પાણીનો કકળાટ સર્જાશે

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૧

મધ્ય ગુજરાત વીજ નિગમ દ્વારા પોઈચા ૬૬ કેવી સબ સ્ટેશન ખાતે તારીખ ૧૩ના રોજ મેન્ટેનન્સની કામગીરી માટે સવારે સાતથી અગિયાર સુધી શટ ડાઉન લેવામાં આવનાર છે. જેના કારણે શહેરના પાણી પુરવઠાને અસર થશે.

મળતી માહિતી અનુસાર, ચાર કલાક સુધી વીજ પુરવઠો બંધ રહેવાનું હોવાથી મહી નદી ખાતે આવેલા કોર્પોરેશનના ફાજલપુર રાયકા, દોડકા અને પોઈચા ફ્રેન્ચ કુવા ખાતે ચાલતા પાણીના પંપને અસર થશે. પાણીના પંપ પુરતી સંખ્યામાં ચલાવી શકાશે નહીં. જેથી પાણી ઓછું મળશે. ફાજલપુર તેમજ રાયકા દોડકા ફ્રેન્ચ કૂવાથી પાણી પુરવઠો મેળવતી ટાંકીઓ જેમકે છાણી ગામ ૨૪ કલાક ટાંકી, છાણી જકાતનાકા ટાંકી, ટીપી૧૩ ટાંકી, સમા, સયાજી બાગ, જેલ, લાલબાગ, માંજલપુર, જીઆઈડીસી ટાંકી, નોર્થ હરણી, કારેલીબાગ, આજવા, નાલંદા પાણીગેટ પૂનમ નગર અને ગાજરાવાડી ટાંકી તેમજ બકરા વાડી બુસ્ટર, એરપોર્ટ બુસ્ટર, વારસિયા, ખોડિયાર નગર, સંખેડા દશાલાડ બુસ્ટર, પોઈચા કૂવાથી પાણી મેળવતી ગોરવા, સુભાનપુરા, વડીવાડી, અકોટા અને કલાલી ટાંકી તેમજ સુભાનપુરા બુસ્ટરને અસર થશે. આમ ૨૧ ટાંકીઓ અને ૬ બુસ્ટર હેઠળના વિસ્તારોની ૧૨ લાખની વસ્તીને પાણી લો પ્રેસરથી અને ઓછા સમય માટે મળશે.

દિયોદર તાલુકાના છીબડા ગામે

શૌચાલય નિર્માણ મુદ્દે હાઈકોર્ટની ટકોર, જો એક ગામમાં આ હાલત તો રાજ્યમાં શું સ્થિતિ હશે ?

હાઈકોર્ટે આગામી તા.૭ જૂન સુધીમાં યોજના અંગે તપાસ અહેવાલ માંગ્યો

ડીસા, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટે બુધવારે રાજ્ય સરકાર પાસેથી સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલય નિર્માણ યોજનાના અમલીકરણ અંગે તપાસ અહેવાલ માંગ્યો છે. ઉત્તર ગુજરાતના એક ગામમાં આ યોજનાના અમલીકરણમાં કથિત કૌભાંડને પગલે પી.આઈ.એલ.ના પગલે આ ઘટના બની છે. અરજદાર શુભભાઈ રાઠોડે પી.આઈ.એલ. દાખલ કરી આક્ષેપ કર્યો હતો કે, બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના છીબડા ગામમાં એક એજન્સીને શૌચાલય બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. એજન્સીને ૨૦૧૫ અને ૨૦૨૦ વચ્ચે ગામમાં શૌચાલય બનાવવાનો દાવો કરાયેલા ૩૬૦ એકમોમાંથી પ્રત્યેક માટે રૂ. ૧૨,૦૦૦ ચૂકવવામાં આવ્યા હતા. પી.આઈ.એલ.માં આરોપ છે કે, સમગ્ર રકમની ઉચાપત કરાઈ હતી અને અરજદારે કથિત કૌભાંડ માટે કાર્યવાહીની માંગ કરી હતી. રાજ્ય સરકારની ખાતરી બાદ હાઈકોર્ટે પી.આઈ.એલ.નો નિકાલ કર્યો હતો અને મામલાની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવશે એવો આદેશ આપ્યો હતો. દિયોદર તાલુકા વિકાસ અધિકારીએ એક કમિટીની રચના કરી હતી. જે ક્યારેય કોઈ તપાસ રીપોર્ટ બહાર આવ્યો ન હતો. આ નિષ્ક્રીયતાને કારણે તેમણે ફરીથી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને તેમના વકીલ જીતેન્દ્ર મલકને કેસનો નિકાલ લાવવા માટે હાલની પરિસ્થિતિ તરફ ધ્યાન દોર્યું હતું. જો કે, મામલાની સુનાવણી કર્યા બાદ ચીફ જસ્ટીસ અરવિંદકુમાર અને જસ્ટીસ આશુતોષ શાસ્ત્રીની બેંચે કહ્યું કે, આનાથી ગામડે-ગામડે ટ્રાયલનો વ્યાપ વધશે. છીબડા ગામની સ્થિતિનો ઉલ્લેખ કરતાં ન્યાયાધીશે કહ્યું કે, જો એક ગામમાં આ સ્થિતિ છે તો સમગ્ર રાજ્યમાં શું સ્થિતિ હશે ? હાઈકોર્ટે માર્ગદર્શિકા મુજબ તા. ૭ જૂન સુધીમાં યોજના અંગે તપાસ અહેવાલ માંગ્યો છે. કોર્ટે રીપોર્ટ માંગ્યા બાદ અરજદારના વકીલે કહ્યું કે, રાજ્ય સ્તરની તપાસ માટે સમિતિઓની રચના કરવાનો આદેશ આપવો જોઈએ. કારણ કે, દિયોદર ટી.ડી.ઓ.એ ગ્રામ્ય કક્ષાએ જ તપાસના આદેશ આપ્યા હતા.

જંબુસરના ચીફ ઓફિસરે જીવનું જોખમ હોવાની અરજી કરતા ખળભળાટ

મહિલા પાલિકા પ્રમુખ અને તેમના પતિથી શારીરિક અસલામતી હોવાની મુખ્ય અધિકારીની રજૂઆત

જંબુસર, તા.૧૧

જંબુસર નગરપાલિકામાં ચીફ ઓફિસર યોગેશ ગણાત્રાને શારીરિક અસલામતી અને જીવનું જોખમ હોવાની ફરિયાદરૂપે અરજી પોલીસને આપતા સોપો પડી ગયો છે. આ પાછળનું કારણ મહિલા પ્રમુખ ભાવનાબેન રામી વતી વહીવટ કરતાં તેમના પતિ ભાવેશ રામી છે. આ અંગે વિરોધ પક્ષના કોંગ્રેસી કોર્પોરેટર શાકિરહુસેન મલેકે મ્યુન્સિપાલટી કમિશનર સાઉથ ઝોનને પણ લેખિત ફરિયાદ કરી હતી, જેમાં પ્રમુખ વતી તમામ કામગીરી તેમના પતિ ભાવેશ રામી કરી વેરાની રકમ પણ પોતાની પાસે રાખી ભ્રષ્ટાચાર આચરતા હોવાનો પણ આક્ષેપ કરાયો હતો, જેમાં કાયદા મુજબ કાર્યવાહી કરવા પણ રજૂઆત કરાઈ હતી. વહીવટ કરતા પતિ-પત્ની આટલું ઓછું હોય તેમ હવે જંબુસર પાલિકા મુખ્ય અધિકારીએ મહિલા પ્રમુખ અને તેમના પતિ સામે પોલીસ પાસે રક્ષણ માંગવું પડ્યું હોવાની અતિ ગંભીર વિગત સામે આવી છે. CO યોગેશ ગણાત્રાએ જંબુસર પોલીસને અરજીરૂપી આપેલી ફરિયાદમાં પ્રમુખ ભાવનાબેન અને તેમના પતિ ભાવેશ રામીથી શારીરિક અસલામતી અને જીવને જોખમ હોવાની રજૂઆત કરી છે, તેઓ પાલિકામાં પોતાની સરકારી ફરજ ઉપર જઈ શકે તે માટે રક્ષણ આપી કાયદાકીય રીતે યોગ્ય કરવા પણ જણાવ્યું છે, તો અગાઉના ચીફ ઓફિસર પરાક્રમ મકવાણાને પણ પ્રમુખે છેડતીના કેસમાં ફસાવી દેવાની કેફિયત પોલીસ અરજીમાં વ્યક્ત કરાઈ છે. બીજી તરફ જંબુસર પોલીસ અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકા કચેરી જંબુસર પાલિકામાં પ્રમુખ પત્નીની જગ્યાએ પોતે રાજ કરતા પતિ સામે શું પગલાં ભરે છે તેના પર સૌ કોઈની નજર સ્થિર થઈ છે.

અંકલેશ્વર ઓએનજીસી કોલોની ખાતે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો પ્રારંભ

ફાયર સેફ્ટી, સિલાઈ કામ અને બ્યુટી પાર્લરની તાલીમ અપાશે

અંકલેશ્વર, તા.૧૧ , અંકલેશ્વર ઓએનજીસી કોલોનીમાં સૂર્યા ઓડિટોરિયમ ખાતે ઓલ ઈન્ડિયા એસસી એસટી એમ્પ્લોઇઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા ફાયર સેફ્ટી, સિલાઈકામ અને બ્યુટીપાર્લરની વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ભરૂચ અને નર્મદા જિલ્લાના ૯૫ જેટલા એસસી એસટી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિની ઓ ટ્રેનિંગ સેન્ટરમાં જોડાયા હતા. અંકલેશ્વર ઓએનજીસી એસસી એસટી એમ્પ્લોઇઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા નવી પહેલ કરવામાં આવી છે, ભરૂચ અને નર્મદા જિલ્લાના એસસી એસટી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરી તેઓને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, અંકલેશ્વર ઓએનજીસી કોલોનીમાં આવેલ સૂર્યા ઓડિટોરિયમ ખાતે ઓએનજીસીના એસેટ મેનેજર અને એક્સિ. ડાયરેક્ટર વિજયકુમાર ગોખલેની અધ્યક્ષતા હેઠળ ફાયર સેફ્ટિ, સિલાઈકામ અને બ્યુટી પાર્લરના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. છ મહિનાની ફાયર સેફ્ટિ ટ્રેનિંગમાં ૨૫ તાલીમાર્થીઓ, ત્રણ મહિનાની બ્યુટીપાર્લર ટ્રેનિંગમાં ૨૫ યુવતીઓ અને સિલાઈકામ ટ્રેનિંગમાં ૪૫ જેટલી યુવતીઓને તાલીમ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે આ પ્રસંગે ઓએનજીસીના એચ આર હેડ એસ ભટ્ટાચાર્ય, પીએલ આહિરવાલ, અંજલી ગોખલે તેમજ ઓલ ઈન્ડિયા એસસી એસટી એમ્પ્લોઇઝ વેલ્ફેર એસોસિએશનના રોહોત પટેલ અને દિનેશ વસાવા સહિત ઓએનજીસીના કર્મચારીઓ અને તાલીમાર્થીઓ સાથે તેમના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતા.

રાજકોટની ધર્મેન્દ્રસિંહ આર્ટ્સ કોલેજમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી

નવનિયુક્ત ડીવાયએસપી રીમાબેન ઝાલાનું મહિલા સશક્તિકરણ અંગે વ્યાખ્યાન યોજાયું

અમદાવાદ, તા.૧૧

ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગ અને કોલેજના મહિલા સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જસુબેન બકરાણીયા, વનીતાબેન રાઠોડ, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજની નવોદિત કવયિત્રી મેમાંરીયા રિદ્ધિ, ભોજવિયા તુલસી, તેરૈયા રશ્મી તથા માતૃશ્રી વીરબાઈ મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ પીઠડિયા કાવ્યા અને બલાસરા પીનલ વગેરે દ્વારા કાવ્ય પાઠ કરવામાં આવ્યું હતું. ડૉ.માલતીબેન પાંડેએ નવનિયુક્ત ડીવાએસપી રીમાબેન ઝાલાનું પુષ્પ દ્વારા સ્વાગત કર્યું હતું. આ ઉપરાત ડૉ.જસ્મીના સારડાએ વક્તાઓનું સ્મૃતિ ચિહ્ન ભેટ આપી અભિવાદન કર્યું હતું. જ્યારે મહિલા સેલના સભ્ય ડૉ.ક્રિષ્નાબેને અધ્યક્ષ રીમાબેન ઝાલાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને મહિલા સેલના સભ્ય ડૉ.જયાબેન વાઢેળે સામાજિક સમાનતા ઉપર વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ અને વક્તા રીમાબેન ઝાલાએ "સ્ત્રી સશક્તિકરણ અને કારકિર્દી" અંગેનું વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. જીગ્નેશ ઉપાધ્યાય પુરૂષોની દૃષ્ટીએ સ્ત્રી સન્માન વિશે હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું. આ સાથે આંતરરાષ્ટ્રીય તહેવાર નિમિત્તે મતદાન જાગરૂકતા અંગે ઝોનલ ઓફિસર ડૉ. ફારૂખ ખાન, કોલેજના ડેજીગ્નેટેડ ઓફિસર ડૉ. ભાવેશ બી.કાછડિયા તેમજ પ્રો. રિતેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નિષ્પક્ષ અને જાગૃત નાગરિક તરીકે મતદાન કરવા શપથ લેવડાવ્યા હતા. અંતે ડૉ. જસ્મીના સારડાએ અતિથિ તેમજ ઉપસ્થિત સર્વે અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હંસા ગુજરિયાએ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય એ.એસ.રાઠોર ડૉ.જીજ્ઞેશ ઉપાધ્યાય, રિતેશ પટેલ, હર્શિદા જગોડદિયા, ભાવેશ કાછડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ દ્વારા

વડોદરામાં દાંડી માર્ચના ૯૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સબરસ' કાર્યક્રમનું આયોજન

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૧

ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ, વડોદરા દ્વારા મહાત્મા ગાંધીજી દ્વારા કરવામાં આવેલ મીઠાના સત્યાગ્રહ દાંડી યાત્રાને ૯૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે "સબરસ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે જણાવતા IGNCAના વડોદરા સેન્ટરના રિજનલ ડાયરેક્ટર અરૂપા લાહિરીએ જણાવ્યું હતું કે, ૧૨ માર્ચના રોજ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ કોલેજના પ્લેબોક્સ ઓડિટોરિયમ ખાતે યોજાનાર "સબરસ" કાર્યક્રમ ડૉ.સચ્ચિદાનંદ જોશીના ડિજિટલ અડ્રેસથી શરૂ થશે. પ્રાદેશિક નિયામક અરૂપા લાહિરી દ્વારા એક ખાસ કોન્સેપ્ટ નોટ રજૂ કરવામાં આવશે. પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત પ્રો.ગુણવંત શાહ પ્રેક્ષકોને "મહાત્મા ગાંધી : એક અસામાન્ય માણસ" વાર્તાલાપ સાથે સંબોધશે. ત્યારબાદ ગેસ્ટ ઓફ ઓનર, એમ.એસ યુનિવર્સિટીના પ્રોફેસર અંજલિ કરોલિયા હાથથી વણાયેલા કાપડ પરના તેમના સંશોધન પર એક વાર્તાલાપ શેર કરશે અને ત્યારબાદ ફોટોગ્રાફર અનુજ અંબાલાલ દ્વારા "૨૩ ગ્રામ ઓફ સોલ્ટ : રીટ્રેસિંગ ગાંધીઝ માર્ચ ટુ દાંડી" પર વ્યાખ્યાન-પ્રસ્તુતિ કરશે. આ ઉપરાંત મોહિનીઅટ્ટમ પરફોર્મન્સ મુંબઈના દિવ્યા વોરિયર દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે, ખાસ કરીને આ પ્રસંગ માટે ક્યુરેટેડ. પ્રદર્શનો, વર્કશોપ, પ્રવચનો અને પ્રદર્શન દાંડી માર્ચના ૯૨ વર્ષ પૂરા કરશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી ગુણવંત શાહ, તેમજ અતિથિ વિશેષ તરીકે પ્રો.રતન પરિમુ, પ્રો.અંજલિ કરોલિયા તેમજ આંતરાષ્ટ્રીય ફિલ્મમેકર તુષાર ઉનડકટ ખાસ ઉપસ્થિત રહેશે. આ ઈવેન્ટ ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટસના સહયોગથી છે અને ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના ડીન ડો. રાજેશ કેલકર દ્વારા પૂરતો સહયોગ આપવામાં આવ્યો છે. આ ઈવેન્ટના એન્કર શ્રીરાધા પોલ છે જે IGNCA વડોદરાના પ્રોજેક્ટ એસોસિએટ અને ધ્વની શાહ ઉપસ્થિત રહેશે.

દાંડી યાત્રાને ૯૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ દ્વારા આયોજન કરાયેલ "સબરસ" કાર્યક્રમ અંગેની માહિતી આપતા IGNCAના રિજનલ ડાયરેક્ટર અરૂપા લાહિરી તસ્વીરમાં મીડિયાને સંભોધન કરતા દશ્યમાન થાય છે.
(તસવીર : અતિક શેખ, વડોદરા)

પ્રાંતિજ ખાતે જમાતે ઈસ્લામી હિંદ દ્વારા વિચાર ગોષ્ઠિનું આયોજન

યુવાનો-સ્ત્રીઓ તમારી તાકાત છે તેનો ખિદમતે ખલ્ક માટે ઉપયોગ કરો : મો.શફી મદની

(સંવાદદાતા દ્વારા)
પ્રાંતિજ, તા.૧૧

(તસવીર : એમ. ઉમર મુન્શી- પ્રાતિજ)

જમાતે ઈસ્લામી હિંદ ગુજરાત દ્વારા સમાજમાં શૈક્ષણિક, સામાજિક અને રાજકીય જાગૃત્તિ માટે ઉત્તર ગુજરાતમાં વિચાર ગોષ્ઠિઓનું અભિયાન ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે આજે સવારે પ્રાંતિજ ખાતે સામાજિક ક્ષેત્રે કાર્યરત વડીલો તથા યુવાનોની એક ગોષ્ઠિ યોજવામાં આવી હતી. જેમાં જમાતે ઈસ્લામી હિંદના રાષ્ટ્રીય સેક્રેટરી જ.મો.શફી મદની, ડો.મો.સલીમ પટીવાલા, અ.કાદર મેમણ-નેતાજી તથા અસલમભાઈ વ્હોરા હાજર રહ્યા હતા.

આ પ્રસંગે બોલતાં ડો.મો.સલીમ પટીવાલાએ સમાજના સશક્તિકરણ માટે માર્ગદર્શન આપતા ત્રણ બાબતો ઉપર ભાર મૂક્યો હતો. જે માટે સૌ પ્રથમ દીનના મામલે આપણે મુકમ્મલ બનવું પડશે અને એક સાચા મુસ્લિમના ગુણો સાથેનું આચરણ કરવું પડશે. તે જ રીતે શૈક્ષણિક ક્ષેત્રે આપણે સૌએ સહિયારા પ્રયાસો કરી બાળકો તથા યુવાનોના ઉત્તમ શિક્ષણ માટે પ્રતિબદ્ધ બનવું પડશે. એ જ રીતે રાજકીય ક્ષેત્રે પણ આપણે મજબૂત બનવું પડશે. તે માટે સક્રિયતા દાખવવી પડશે. આ ત્રણ બાબતો પ્રત્યે આપણે જાગૃત થઈશું તો આખી કોમને સશક્તિકરણ તરફ દોરી જઈશું.

આ પ્રસંગે બોલતાં મો.શફી મદનીએ જણાવ્યું કે, ઈસ્લામ તમને જીવન જીવવાની શૈલી શિખવાડે છે. ઈન્સાને પોતાનું જીવન કઈ રીતે જીવવું જોઈએ ? કુર્આન અને હુઝુરે પાકની શિરત-જિંદગી તમને તેનું માર્ગદર્શન આપે છે. તમારા જીવનનો અહમ હિસ્સો વ્યાપાર છે તે માટે પણ કુર્આને તમને પ્રામાણિકતાનો સબક શીખવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સમાજને સશક્ત બનાવવા માટે પ્રથમ જમાત અને જ્ઞાતિના વાડાઓને તિલાંજલિ આપી એક બનો. યુવાનો તથા સ્ત્રીઓ તમારી તાકાત છે. તેનો ખિદમતે ખલ્ક માટે ઉપયોગ કરો. ઉપરાંત સમાજના શિક્ષિત, સમજુ અને નિવૃત્ત વડીલો ભેગા થઈ સિવિલ સોસાયટીની રચના કરી, બદલાવ માટેના પ્રયાસો હાથ ધરશો તો સમાજની સાથે-સાથે દેશના વિકાસમાં પણ સહભાગી બનશો અને ભાઈચારાના વાતાવરણનું નિર્માણ થશે. આપની નિઃસ્વાર્થ સક્રિયતાથી સમાજ ચોક્કસ સશક્ત બનશે.

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank
(erstwhile Capital First Limited)
and amalgamated with IDFC Bank Limited)
CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,
Chetpet, Chennai-600031. TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
AUTHORIZED OFFICER – Himanshu Singh CONTACT NUMBER- 9621177755
AUTHORIZED OFFICER – Debjyoti Roy CONTACT NUMBER- 9874702021

ખાનગી કરારનામાં દ્વારા સરફેસી એક્ટ, ૨૦૦૨ની જોગવાઈ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

અધિકૃત અધિકારી દ્વારા સદરહુ એક્ટની કલમ ૧૩(૪) ના નીકળતા બાકી લેણાની વસુલાત સંદર્ભમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડનાં અધિકૃત અધિકારીએ મિલકતના તમામ ભાગ સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટના અધિનિયમ, ૨૦૦૨ (ધ સરફેસી એક્ટ, ૨૦૦૨) હેઠળ કબજો લીધો છે, **પ્લોટ નં.આઈ/૪૦ ક્ષેત્રફળ ૬૨.૨૨ ચો. યાર્ડ એટલે ૪૦ X ૧૪ ફીટ એટલે ૫૬૦ ચો.ફૂટ એટલે ૫૨.૯૩ ચો.મી. અને ૧૪૦.૦૯ ચો.મી. બાંધકામ, "ઓરોવિલ સોસાયટી", રેવન્યુ સર્વે નં. ૭૪ પૈકી, ટી.પી. સ્કીમ નં.૬ (ખટોદરા-મજુરા), ફાઈનલ પ્લોટ નં. ૨૪(૨૩) મોજે ગામ મજુરા, સુરત, ગુજરાત-૩૯૫૦૦૩.** ("સુરક્ષિત મિલકત") **જેનો લોન ખાતા નં. ૧૪૨૯૩૩૬૨ જે ૧. કૃષ્ણા મોબાઈલ અને ૨. શ્રી બાબુભાઈ જાદવભાઈ ગોયાણી, ૩. શ્રી જતીનકુમાર બાબુભાઈ ગોયાણી (કરજદારો)** ધરાવતા મિલકતના તમામ ભાગ અને હિસ્સા કે જે અધિકૃત અધિકારીએ ખરીદનાર પાસેથી સરફેસી અધિનિયમ હેઠળ ઉપરોકત સિકયોર્ડ મિલકત અન્ય દ્વારા ખરીદ કરવા રસ દર્શાવ્યો છે. અધિકૃત અધિકારી દ્વારા સલામતીના હિત માટે સરફેસી એક્ટ (એન્ફોર્સમેન્ટ) ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ મુજબ ની શરત હેઠળ મિલકતના વેચાણ અંગેની નોટીસ આપવામાં આવી રહી છે. 'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે' તે મુજબ વેચાણ કરવાના રહેશે.

ખાનગી સંધિ હેઠળ વેચાણની તારીખ ૩૧.૦૩.૨૦૨૨ નિર્ધારિત કરેલ છે અને મિલકતના વેચાણ માટે નક્કી કરેલ અનામત કિંમત રૂા.૪૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાલીસ લાખ પુરા)

અહી કરજદાર અને સહ-કરજદાર નોટીસ દ્વારા બાકી રકમ રૂ. ૭૨,૯૧,૦૧૦.૨૨/- તા. ૩૧.૦૩.૨૦૨૨ પહેલા વ્યાજ અને ખર્ચ સહિત રકમ ચુકવવા સુચિત કરવામાં આવે છે અને જો રકમ ચુકવવામાં નિષ્ફળ થશે તો મિલકતનું ખાનગી સંધિ દ્વારા વેચાણ કરવામાં આવશે.

તારીખ : ૧૨-૦૩-૨૦૨૨ **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**

STL

STERLITE TECHNOLOGIES LIMITED
Registered Office : 4th floor, Godrej Millennium, Koregaon Road, 9, STS 12/1, Pune, Maharastra-411 001, India
CIN : L31300PN2000PLC202408, Phone : +91-020-3051 4000, Fax: +91-020-30514113,
Website : www.sti.tech, Email id : secretarial@sti.tech

NOTICE is here by given that following share certificates of face value Rs.2/- of the Compeny as per details given hereunder have been reported LOST/MISPLACED and if no OBJECTION is recived within 15 days from the date of publication of this notice. we shall consider issue of Duplicate Share Certificates thereof.

SL No.	Shareholder name	follo no.	cert no.	no. of shares	Dist. nos.
1.	ABDUL REHMAN SHAIKH MOHMED KHALID SHAIKH	A22718	180965	500	156814954-156815203 318449209-318449458

Place : Ahmedabad For sterlite Technologies Limited
Date : 11/3/2022 Company Secretary

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank
(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited)CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
AUTHORIZED OFFICER –Satyendra Maurya CONTACT NUMBER- 8306001848
AUTHORIZED OFFICER – Debjyoti Roy CONTACT NUMBER- 9874702021

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** તા.૩૧-૦૩-૨૦૨૨ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ** www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

ક્રમ	(i) ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	(ii) દેણદાર(રો) અને સહદેણદાર(રો)નાં નામ	(iii) મિલકતનું સરનામું	(iv) રિઝર્વ કિંમતની રકમ	(v) ઈએમડી રકમ	(vi) હરાજીની તારીખ અને સમય
૧	રૂા. ૫૦,૫૬,૬૯૭.૪૧/- ૧૧-૧૧-૨૦૧૯	અશ્વિનભાઈ વશરામભાઈ ભુત અને રવિ અશ્વિનભાઈ ભુત	પ્લોટ નં. ૧૧, ૧૨, પટેલ નગર, ગામ , તાલુકો કામરેજ, જિ. સુરત, સુરત-ગુજરાત-૩૯૪૧૮૦.	૪૧,૨૮,૨૬૪/-	૪,૧૨,૮૨૬.૪/-	૩૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૨	રૂા. ૪૨,૬૫,૯૨૦.૯/- ૨૪-૦૧-૨૦૨૦	શ્રી ગૌરાંગ પી સાવલીયા, શ્રીમતી આશિકા ગૌરાંગ સાવલીયા અને શ્રી નિરવ પ્રવિણભાઈ સાવલીયા	મિલકતના તમામ ભાગ અને હિસ્સા સ્થાવર મિલકતનો સમાવેશ થાય છે, જેમાં ફ્લેટ નં. બી/૧૦૩, પ્રથમ માળે ક્ષેત્રફળ ૧૫૦૧ ચો. ફૂટ, ૧૩૯.૪૯ ચો. મી. સુપર બિલ્ટ અપ એરિયા અને ૯૧૨.૮૮ ચો. ફૂટ. એટલે કે ૮૪.૮૪ ચો. મી. જમીનની અવિભાજિત હિસ્સા રોડ અને સીપી સાથે જેનું રેવન્યુ સર્વે નં. ૩૩૬, ૩૫૭, ૩૫૮, ૩૫૯, બ્લોક નં. ૩૪૧, ટીપી સ્કીમ ૨૫ (મોટા વરાછા) ઓરીજનલ પ્લોટ નં. ૩૧, ફાઈનલ પ્લોટ નં. ૩૧ ક્ષેત્રફળ ૧૦૫૮૬ ચો. મી. તેના પર આવેલ "શિવધારા કેમ્પસ, બિલ્ડીંગ નં. બી" મોજે મોટા વરાછા, સુરત શહેર, ચતુર્સીમા : ઉત્તરઃ મકાન નં. એ, દક્ષિણઃ રોડ, પૂર્વઃ રોડ અને પશ્ચિમઃ બ્લોક નં. ૩૪૦	૩૧,૫૨,૧૦૦/-	૩,૧૫,૨૧૦/-	૩૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૩	રૂા. ૪૮,૫૪,૭૪૪.૨૬/- ૧૧-૦૪-૨૦૨૧	શ્રી ગુણવંતીભાઈ ભાણજીભાઈ પટેલ, શ્રીમતી સરસ્વતીબેન ગુણવંતભાઈ પટેલ અને જોગ મિયા ટીમ્બર માર્ટ	પ્લોટ નં. એ-૧૦૨નો તે તમામ ભાગ અને હિસ્સા, ક્ષેત્રફળ૧૬.૬૫ X ૬.૪૦ એટલે ૧૦૬.૫૩ ચો.મી., સાથે ૫૯.૩૮ ચો. "શાંતિનિકેતન બંગ્લોઝ" જમીનની અવિભાજિત હિસ્સા રોડ અને ખુલ્લી જમીન, બ્લોક નં.૫૪ ક્ષેત્રફળ ૩૩૪૮૮ ચો.મી.. મોજે ગામ કડોદરા, તાઃ પલસાણા જિલ્લોઃ સુરત, અને સીમાઃ પૂર્વઃ રોડ, પશ્ચિમઃ સર્વે નં., ઉત્તરઃ પ્લોટ નં. એ-૧૦૩ અને દક્ષિણઃ પ્લોટ નં. એ-૧૦૧	૩૩,૨૦,૫૨૦/-	૩,૩૨,૦૫૨/-	૩૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી

ડિસ્કલેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

તા.: ૧૨.૦૩.૨૦૨૨ અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
સ્થળ : ગુજરાત (અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

૨૦૨૪ પહેલાં જ અરવિંદ કેજરીવાલે મમતા બેનરજીની રાષ્ટ્રીય નેતા બનવાની યોજના કેવી રીતે ખોરવી

(એજન્સી) તા.૧૧

ભારતીય રાજકીય વાર્તાની સ્ક્રિપ્ટ બદલાઈ રહી છે. હવે અમે લોકો નરેન્દ્ર મોદી વિરૂદ્ધ રાહુલ ગાંધીના કાવતરામાંથી આગળ વધ્યા હોય તેવું લાગે છે. ૨૦૧૪ અને ૨૦૧૯માં દ્વંદ્વયુદ્ધ થયા પછી, તેઓ હવે પૂર્વ, દક્ષિણ અને હવે ઉત્તરમાંથી પણ નવા પાત્રોને નાટકમાં આગળ ધપાવે છે. તેઓ બધા મુખ્ય નાયક, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ક્લાઈમેક્સ સેટ કરવાનું લક્ષ્ય રાખે છે. વિપક્ષી છાવણીમાં સૌથી ઝડપી અને શક્ય તેટલી વહેલી તકે બીજું સ્થાન મેળવવાની સ્પર્ધા તીવ્ર છે જે હાલમાં કોંગ્રેસ પાસે છે. ત્રણ મુખ્યપ્રધાનો તાજેતરમાં નરેન્દ્ર મોદી સામે રાષ્ટ્રીય નેતાનો દાવો કરવા માટે એકબીજા સાથે સ્પર્ધા કરતા દેખાયા છે. આ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, તેલંગાણાના કે ચંદ્રશેખર રાવ અને દિલ્હીના અરવિંદ કેજરીવાલ છે.

પંજાબમાં AAPની શાનદાર જીત સાથે અરવિંદ કેજરીવાલે નામ મેળવ્યું છે. ગોવા અને મણિપુરની ચૂંટણીમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ (TMC)ની નિષ્ફળતાએ તેણીને પૃષ્ઠભૂમિમાં નજીવી રીતે પાછળ ધકેલી દીધી છે, તેણીને હરીફ અરવિંદ કેજરીવાલને રાષ્ટ્રીય દશ્ય પર આગળ વધતા જોવાની ફરજ પડી છે. પંજાબની ચૂંટણી જીત્યા પછી, ભારતીય જનતા પાર્ટી (BJP) અને કોંગ્રેસ પછી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી (AAP) એકમાત્ર એવી પાર્ટી છે કે, જેની પાસે બે કે તેથી વધુ રાજયોમાં પોતાની બહુમતી સરકાર છે. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી-માર્કસવાદી પાસે પણ બે રાજયોમાં બહુમતી નથી. ત્રણ પ્રતિસ્પર્ધી મુખ્યપ્રધાનોમાંથી KCRની પાર્ટી તેલંગાણા રાષ્ટ્ર સમિતિ (TRS) સંભવતઃ સૌથી વધુ પ્રાદેશિક દૃષ્ટિકોણ ધરાવે છે અને તેથી લઘુત્તમ રાષ્ટ્રીય અપીલ ધરાવે છે. પાર્ટીનું નામ જ તેને તેલંગાણા સુધી સીમિત કરે છે, જેના માટે તેણે ૨૦૧૪માં આંધ્રપ્રદેશનું વિભાજન થયા પહેલા વર્ષો સુધી પ્રચાર કર્યો હતો. કેસીઆર મોદીના ભાજપને ટક્કર આપવા માટે રાષ્ટ્રીય વિકલ્પ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તેમની પાર્ટીની પ્રાદેશિક અપીલ તેમને માત્ર એક રાજ્ય સાથે જોડે છે. તેમની પાર્ટી પાસે વૈકલ્પિક બનવાની કે બીજેપીને પડકારવા માટે વૈકલ્પિક રાષ્ટ્રીય ગઠબંધનનું નેતૃત્વ કરવાની તક દેખાતી નથી.

કેજરીવાલ વિરૂદ્ધ મમતા

મમતા બેનરજી અને અરવિંદ કેજરીવાલ રાજ્યોમાં કોંગ્રેસની સત્તાને કબજે કરવા માટે જોરદાર સ્પર્ધા કરે છે. પાંચ વિધાનસભા ચૂંટણીઓમાં મમતા બેનરજી અને અરવિંદ કેજરીવાલ વચ્ચે એક બીજાથી આગળ વધવાની સ્પર્ધા હતી. પાંચેય રાજયોમાં કોંગ્રેસ બેકગ્રાઉન્ડમાં ચાલી ગઈ છે. મમતા બેનરજી અને અરવિંદ કેજરીવાલ બંનેએ તેમની આશા બે-બે રાજ્યો પર લગાવી હતી, અરવિંદ કેજરીવાલે પંજાબ અને ગોવા પર જ્યારે મમતા બેનરજીએ ગોવા અને મણિપુર પર. AAPએ પંજાબમાં ભારે જીત મેળવીને ૧૧૭ સભ્યોની વિધાનસભામાં પોતાના દમ પર ૯૦ કે તેથી વધુ બેઠકો જીતનારી પ્રથમ પાર્ટી બની છે. તેણે ગોવામાં બે બેઠકો જીતી હતી. જ્યારે TMC ગોવામાં તેનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી છે, મણિપુરમાં, ટીએમસીએ રાજ્ય વિધાનસભાની એક બેઠક ગુમાવી હતી.

રાષ્ટ્રીય સ્થિતિ

AAPએ ગોવાની ચૂંટણીમાં માત્ર બે બેઠકો જ જીતી ન હતી પરંતુ છ ટકાથી વધુ મત મેળવીને 'રાજ્ય પક્ષ'નો દરજ્જો મેળવવા માટે પણ લાયકાત મેળવી હતી. આનો અર્થ એ છે કે, AAP રાષ્ટ્રીય પક્ષના ટેગની નજીક છે. આ વર્ષના અંતમાં ગુજરાત અને હિમાચલપ્રદેશમાં ચૂંટણી થવાની હોવાથી કેજરીવાલની પાર્ટી પાસે આ ક્લબમાં પ્રવેશવા માટેની તક છે. AAPએ ૨૦૧૭માં બંને રાજ્યની ચૂંટણીઓ લડી હતી જેમાં ઘોર નિષ્ફળતા મળી હતી. જો કોઈ પક્ષને ચાર રાજ્યોમાં રાજ્ય પક્ષ તરીકે માન્યતા મળે અથવા સંસદીય ચૂંટણીમાં છ ટકા મત મળે તો તેને રાષ્ટ્રીય દરજ્જો મળી શકે છે. આઠ રાષ્ટ્રીય પક્ષોમાંથી, TMC, CPI, CPI-M અને NCP ૨૦૧૪ પછી વિવિધ ચૂંટણીઓ દ્વારા પાત્રતાના માપદંડોમાં નિષ્ફળ ગયા હોવા છતાં આ સ્થિતિનો આનંદ માણે છે. તેઓ રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો ભોવે છે કારણ કે, ૨૦૧૯માં ચૂંટણી પંચે તેમને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સુધી દરજ્જો જાળવી રાખવા દેવાની તેમની અપીલ બાદ સમીક્ષાને મુલતવી રાખી હતી.

નવી દિલ્હી વાયા વારાણસી

અરવિંદ કેજરીવાલને મમતા બેનરજી કરતાં વધુ ફાયદો થયો છે. અરવિંદ કેજરીવાલે શાસન અને ભ્રષ્ટાચારના મુદ્દાઓને લઈને રાષ્ટ્રીય દૃષ્ટિકોણ સાથે તેમની પાર્ટીની શરૂઆત કરી છે, ત્યારે મમતા બેનરજીનું કેન્દ્ર પશ્ચિમ બંગાળ હતું. બંગાળની બે ચૂંટણીમાં જીત્યા પછી જ મમતા બેનરજીએ રાષ્ટ્રીય લક્ષ્ય રાખ્યું હતું. મમતા બેનરજી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વારાણસી-યુપીની હરિફાઈનો ઈશારો કરી રહ્યા છે, જે કંઈક અરવિંદ કેજરીવાલે ૨૦૧૪માં તેમના 'રાષ્ટ્રીય' અંદાજ સાથે પહેલેથી જ પ્રયાસ કરી ચૂક્યા છે. તેમણે ચૂંટણી લડી હતી અને આઠ વર્ષ પહેલા વારાણસી લોકસભા બેઠક પર નરેન્દ્ર મોદી વિરૂદ્ધ હારી ગયા હતા.

રાષ્ટ્રીય સ્પર્ધા

પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મમતા બેનરજીએ બિહાર (કીર્તિ આઝાદ, પવન વર્મા), ઝારખંડ (યશવંત સિંહા), હરિયાણા (અશોક તંવર), આસામ (સુષ્મિતા દેવ) ગોવા (લુઈઝિન્હો ફાલેરો અને વધુ) અને અન્ય પક્ષોના નેતાઓને સામેલ કરીને આક્રમક વિસ્તરણની ગતિવિધિ કરી હતી. ટીએમસીએ ગોવા, હરિયાણા, ત્રિપુરા અને મેઘાલયમાં એકમો ખોલ્યા હતા (જ્યાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન મુકુલ સંગમા સહિત કોંગ્રેસના ૧૭માંથી ૧૩ ધારાસભ્યો પક્ષમાં જોડાયા હતા). મમતા બેનરજી ટીએમસીને 'વાસ્તવિક કોંગ્રેસ' તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓએ તો ૨૦૨૪ની સંસદીય હરીફાઈ માટે પાર્ટીને તૈયાર કરવા માટે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (AITC, પાર્ટીનું ઔપચારિક નામ)નું નામ બદલવાનો સંકેત પણ આપ્યો હતો.

બીજી તરફ, અરવિંદ કેજરીવાલ ૨૦૨૨ના અંતમાં ચૂંટણી માટે હિમાચલપ્રદેશ અને ગુજરાતમાં AAPને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે. AAPએ ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની ચૂંટણી લડી હતી. બંને સ્થળોએ AAP માટે ભૂલી ન શકાય તેવા પરિણામો આપ્યા છે પરંતુ તેની હાજરી નોંધવામાં આવી છે. જો કે, મમતા બેનરજીની વિપરીત, અરવિંદ કેજરીવાલની પાર્ટી પાંચ વિધાનસભા ચૂંટણીઓમાં મતો અને બેઠકોની દૃષ્ટિએ વધુ મજબૂત બની છે. પંજાબની ચૂંટણીમાં AAPની સફળતાએ અરવિંદ કેજરીવાલને ૨૦૨૪માં નહીં તો ૨૦૨૯માં ભાજપના મુખ્ય પડકાર તરીકે ઉભરવાની એક આપી છે. પંજાબની જીત બાદ તરત જ AAP નેતા રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, AAP બીજેપીની ચેલેન્જર બનવા જઈ રહી છે. મારા મનમાં કોઈ શંકા નથી કે આવનારા સમયમાં AAP રાષ્ટ્રીય સ્તરે કુદરતી રિપ્લેસમેન્ટ બનશે.

વિશ્વમાં કોરોનાથી મૃત્યુના કેસ નોંધાયેલા કરતા ૩ ગણા વધુ, ભારતમાં મૃત્યુદર સૌથી વધુ : લેન્સેટ

ભારતમાં કોવિડના કારણે મૃત્યુ પામેલા લોકોની વાસ્તવિક સંખ્યા સત્તાવાર આંકડા કરતા આઠ ગણી વધુ : અહેવાલમાં ચોંકાવનારો દાવો

(એજન્સી) તા.૧૧

બ્રિટિશ જર્નલ લેન્સેટમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ પ્રમાણે ૧ જાન્યુઆરી, ૨૦૨૦થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ની વચ્ચે કોવિડ-૧૯થી થયેલા મૃત્યુની સંખ્યા ભારતમાં સૌથી વધુ છે. લેન્સેટ રિપોર્ટમાં ભારતમાં નોંધાયેલા મૃત્યુ કરતાં ૪૧ લાખ વધુ મૃત્યુનો અંદાજ લગાવવામાં આવ્યો છે. કોવિડ-૧૯ને કારણે થયેલા કુલ વૈશ્વિક મૃત્યુમાં ભારત દેશનો હિસ્સો ૨૨% છે. ૨૦૨૧ના અંતમાં ભારતનો સત્તાવાર મૃત્યુઆંક ૪,૮૧,૦૦૦થી વધુ હતી. નવો અભ્યાસ ૧ જાન્યુઆરી, ૨૦૨૦ અને ડિસેમ્બર ૩૧, ૨૦૨૧ની વચ્ચે થયો હતો. અભ્યાસમાં વૈશ્વિક સ્તરે અને ૧૯૧ દેશો અને પ્રદેશો તથા ૨૫૨ રાજ્યો અને પ્રાંતોમાં રોગચાળાને કારણે થયેલા મૃત્યુનો અંદાજ લગાવવામાં આવ્યો છે. ભારત સરકારના એક વરિષ્ઠ અધિકારીએ આ દાવાને નકારી કાઢતા કહ્યું હતું છે કે, ભારત એક એવો દેશ છે જેણે રોગચાળાની શરૂઆતથી દરરોજ તેનો ડેટા પ્રકાશિત કર્યો હતો. જાન્યુઆરીમાં આરોગ્ય મંત્રાલયે મીડિયા અહેવાલોને પણ રદિયો આપ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, કોવિડ-૧૯થી થયેલા મૃત્યુના અહેવાલો ખોટા અને અયોગ્ય હતા. લેન્સેટ અનુસાર, અનુમાનિત વધારાના મૃત્યુની સંખ્યામાં ભારત પછી યુએસ (૧.૧ મિલિયન), રશિયા (૧.૧ મિલિયન), મેક્સિકો (૭,૯૮,૦૦૦), બ્રાઝિલ (૭,૯૨,૦૦૦), ઈન્ડોનેશિયા (૭,૩૬,૦૦૦) અને પાકિસ્તાન (૬,૬૪,૦૦૦) છે. ૨૪ મહિનાના સમયગાળામાં કોવિડના કારણે સમગ્ર વિશ્વમાં થયેલા મૃત્યુમાં અડધાથી વધારે મૃત્યુ આ સાત દેશોમાં થયા હોઈ શકે છે. કોવિડથી મૃત્યુના સમીક્ષા કરાયેલ વૈશ્વિક અંદાજ સૂચવે છે કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધીમાં કોવિડ-૧૯ને કારણે ૧.૮૨ કરોડ લોકો મૃત્યુ પામ્યા હશે. આ ૫૯ લાખના સત્તાવાર નોંધાયેલ આંક કરતાં ત્રણ ગણી વધુ છે. જેના પરથી કહી શકાય કે, કોવિડની સંપૂર્ણ અસર માનવામાં આવે છે તેના કરતા ઘણી વધારે હોઈ શકે છે. અધિક મૃત્યુ દર વૈશ્વિક સ્તરે ૧,૦૦,૦૦૦ વસ્તી દીઠ ૧૨૦ મૃત્યુ હોવાનો અંદાજ છે અને ૨૧ દેશોમાં ૧,૦૦,૦૦૦ લોકો દીઠ ૩૦૦થી વધુ મૃત્યુદર હોવાનો અંદાજ આ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. નિષ્ણાતોના મતે, કોવિડ-૧૯ ચેપને કારણે થતાં વધુ મૃત્યુના પ્રમાણ અને રોગચાળાની પરોક્ષ અસરો, જેમાં આરોગ્ય સંભાળ સેવાઓ પર અસર, અન્ય રોગોથી થતાં મૃત્યુ અને વ્યાપક આર્થિક અસરોને સમજવા માટે વધુ સંશોધનની જરૂર પડશે.

પાંચ રાજ્યોની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર

ગુલામનબી આઝાદના ઘરે G-23 નેતાની બેઠક મળી શકે

કોંગ્રેસ પાર્ટી જે રીતે નીચે પડી રહી છે તેનાથી પરેશાન G-23 નેતાઓએ આગામી ૪૮ કલાકમાં બેઠક બોલાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

મણિપુર, પંજાબ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને ગોવા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. આ ૫ રાજ્યોમાં મળેલા આકરા પરાજયના કારણે કોંગ્રેસના ૨૩ નેતાઓનું જૂથ એટલે કે, G-23 હવે એક બેઠક યોજવા જઈ રહ્યું છે જે આગામી ૪૮ કલાકની અંદર જ મળશે. પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ પોતાનું નામ ન બતાવવાની શરતે આ બેઠક અંગે જાણકારી આપી હતી. મે ૨૦૧૪માં જ્યારે નરેન્દ્ર મોદીએ કેન્દ્રની સત્તા સંભાળી હતી ત્યારે કોંગ્રેસના પદચિન્હ ૯માંથી માત્ર ૨ રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢમાં સમેટાઈ ગયા હતા. ત્યારે કોંગ્રેસ હવે ફરી એક વખત વિશ્વસનીયતા અને નેતૃત્વના સંકટ સામે ઝઝૂમી રહી છે. પાર્ટીએ વર્ષ ૨૦૧૪ બાદ યોજાયેલી ૪૫ ચૂંટણીઓમાંથી માત્ર ૫માં વિજય મેળવ્યો છે. આ વખતે પરિણામો પહેલાથી જ સૌને કોંગ્રેસમાં આંતરિક ઉથલ-પાથલનો આભાસ હતો. ત્યારે હવે ૫ રાજ્યોમાં મળેલી હાર બાદ કોંગ્રેસમાં બગાવતના સૂર ઉઠવા લાગ્યા છે અને ગુલામ નબી આઝાદના ઘરે G23 નેતાઓની બેઠક યોજાશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે, તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન અને પાર્ટી જે રીતે નીચે પડી રહી છે તેનાથી પરેશાન G-23 નેતાઓએ આગામી ૪૮ કલાકમાં બેઠક બોલાવી છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦માં કોંગ્રેસના ૨૩ નેતાઓના જૂથે સોનિયા ગાંધીને એક પત્ર લખ્યો હતો. તેમાં CWCના સદસ્યો, તેના અધ્યક્ષ અને પાર્ટીના સંસદીય બોર્ડને ચૂંટણી સહિત અનેક સંગઠનાત્મક સુધારાઓની માગ કરી હતી.

કોંગ્રેસ મહાસચિવ રણદીપ સૂરજેવાલાએ જણાવ્યું હતું કે, પાર્ટીના પરિણામોનું આત્મનિરીક્ષણ કરવા માટે જલ્દી જ કોંગ્રેસ કાર્યસમિતિની બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં જણાવ્યું કે, અમે ચૂંટણી પરિણામોથી નિરાશ જરૂર થયા છીએ પરંતુ હતાશ નથી થયા. અમે ફક્ત ચૂંટણી હાર્યા છીએ, હિંમત નથી હાર્યા.

ગાંધી પરિવારના નેતૃત્વ વગર કોંગ્રેસની કલ્પના શક્ય નથી : વરિષ્ઠ નેતા ડી.કે. શિવકુમાર

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસના સંકટ મોચક ગણાતા ડી.કે. શિવકુમારે પાંચ રાજયોમાં થયેલા અપમાનજનક પરાજય મુદ્દે પાર્ટીના નેતૃત્વનો બચાવ કરતા કહ્યું હતું કે, ગાંધી પરિવાર વગર કોંગ્રેસને એકજૂટ રાખી ન શકાય. પાર્ટીના કર્ણાટક એકમના અધ્યક્ષે કહ્યું હતું કે, ગાંધી પરિવાર કોંગ્રેસને એકજૂટ રાખવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ગાંધી પરિવાર વગર કોંગ્રેસ માટે અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ છે. શિવકુમારે કહ્યું હતું કે, સત્તા ભૂખ્યા લોકો પાર્ટી છોડી જઈ શકે છે. પોતાનો અંગત સ્વાર્થ જોતા નેતાઓ પણ કોંગ્રેસ છોડી રહ્યા છે. પરંતુ અમે કોંગ્રેસ પાર્ટી અને તેની વિચારધારા પ્રત્યે વફાદાર છીએ. અમે હંમેશા ગાંધી પરિવારની વળગે ઊભા રહીશું.

CBSEએ તેની સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર ધો.૧૦, ૧૨ ટર્મ-૨ પરીક્ષા ૨૦૨૨નો સમયપત્રક બહાર પાડ્યો

(એજન્સી) તા.૧૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાની બીજી ટર્મનો સમયપત્રક જાહેર કર્યો છે. ધો.૧૦ અને ૧૨ માટે બોર્ડની બીજી ટર્મની પરીક્ષાઓ ૨૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ શરૂ થશે. ધો.૧૦ની પરીક્ષાઓ ૨૪ મે ૨૦૨૨ના રોજ પૂર્ણ થશે જયારે ધો.૧૨ની પરીક્ષાઓ ૨૪ મે ૨૦૨૨ના રોજ પૂર્ણ થશે. આ પરીક્ષા સબ્જેક્ટિવ રીતે લેવાશે. વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ૨ કલાકનો સમય ફાળવવામાં આવશે. પરીક્ષાનો સમયગાળો સવારે ૧૦:૩૦થી બપોરે ૧૨:૩૦ સુધીનો રહેશે. વિદ્યાર્થીઓ બોર્ડની સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર આ વિગતવાર સમયપત્રક જોઈ શકે છે.

ભારતે પાકિસ્તાનમાં પડેલી મિસાઈલના 'આકસ્મિક રીતે ફાયરિંગ' અંગે 'ઘેરો ખેદ' વ્યક્ત કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૧

સુરક્ષા મંત્રાલયે ઘોષણા કરી છે કે, જે હાઈસ્પીડ ફ્લાઈંગ વસ્તુનો દાવો પાકિસ્તાને ૯ માર્ચે તેના હવાઈ ક્ષેત્રમાં પડ્યું હોવાનો કર્યો હતો તે વાસ્તવમાં એક મિસાઈલ હતી જે ભૂલથી ફાયર થઈ ગઈ હતી. આ અંગે ઘેરો ખેદ વ્યક્ત કરતાં સંરક્ષણ મંત્રાલયે ટાંક્યું છે કે, ટેકનિકલ ખામીને કારણે મિસાઈલ ફાયર થઈ ગઈ હતી જ્યારે ભારતે દાવો કર્યો હતો કે ત્યારે નિયમિત જાળવણી ચાલી રહી હતી. એક પ્રેસ બ્રિફિંગમાં સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ૯ માર્ચ ૨૦૨૨ના રોજ એક નિયમિત જાળવણી દરમિયાન તકનીકી ખામીને કારણે મિસાઈલનું આકસ્મિક ફાયરિંગ થયું હતું. શુક્રવારે સવારે પાકિસ્તાનની વિદેશ વિભાગની કચેરીએ ઉશ્કેરણી વિના હવાઈ સ્પેસના ઉલ્લંઘન મામલે વિરોધ દર્શાવવા ભારતીય દૂતને બોલાવ્યા હતા. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આવી બેજવાબદાર ઘટનાઓ ભારતની હવાઈ સુરક્ષા પ્રત્યેની અવગણના અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા પ્રત્યે ઉદાસિનતા દર્શાવે છે. આ અંગે ભારતે આજે જણાવ્યું હતું કે, અમે આ અંગે તપાસના આદેશ આપ્યા છે.

યુપીની લગભગ ડઝનબંધ બેઠકો પર ૫૦૦થી પણ ઓછા મતોના તફાવતથી હાર-જીતનો નિર્ણય થયો

દોઢ ડઝન જેટલી બેઠકો પર ૧૦૦૦થી ઓછા મતોના તફાવતથી વિજેતા નક્કી થયા

(એજન્સી) તા.૧૧

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં લગભગ એક ડઝન જેટલી બેઠકો પર ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે કાંટાની ટક્કર હતી જેના લીધે ૫૦૦થી ઓછા મતોના તફાવતથી હાર-જીતનો નિર્ણય થયો હતો. ચૂંટણી પરિણામોના વિશ્લેષણ પરથી આ જાણવા મળે છે કે, ૧૧ બેઠકો પર ૫૦૦થી ઓછા મતોના તફાવતથી હાર-જીતનો નિર્ણય થયો હતો જ્યારે દોઢ ડઝન જેટલી બેઠકો પર ૧૦૦૦થી ઓછા મતોના તફાવતથી પરિણામ નક્કી થયું હતું. ભાજપ ગઠબંધનના ઉમેદવારોએ સાત બેઠકો પર સપા ગઠબંધનના ઉમેદવારોને ૫૦૦થી ઓછા મતોના અંતરથી પરાજીત કર્યા હતા. જ્યારે અન્ય ૪ બેઠકો પર સપા ગઠબંધનના ઉમેદવારોએ ભાજપ ગઠબંધનના ઉમેદવારોને ૫૦૦થી ઓછા મતોના તફાવતથી હરાવ્યા હતા. ઉત્તરપ્રદેશમાં ૪૦૩ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપ, અપનાદળ(એસ) અને નિષાદ પાર્ટીના ગઠબંધને ૨૭૩ બેઠકો પર કબજો જમાવ્યો હતો. જયારે સપા, આરએલડી અને એસબીએસપીના ફાળે ૧૨૫ બેઠકો આવી હતી. ભાજપે એકલા હાથે ૨૫૫ બેઠકો પર જ્યારે સપાએ ૧૧૧ બેઠકો પર જીત મેળવી હતી.

પાકિસ્તાને તેની હદમાં ક્રેશ થયેલા ફ્લાઈંગ ઓબ્જેક્ટ અંગે ભારતને ચેતવણી આપી

(એજન્સી) તા.૧૧

પાકિસ્તાનની સેનાએ દાવો કર્યો હતો કે, તેણે કથિત રીતે ભારતથી તેના એરસ્પેસમાં આવી રહેલી એક મિસાઈલ શોધી હતી, જે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પડી હતી. પાકિસ્તાની સેનાના પ્રવક્તા મેજર જનરલ બાબર ઈફ્તિખારે મીડિયાને જણાવ્યું હતું કે, '૯ માર્ચે સાંજે ૬:૪૩ કલાકે, એક હાઈ-સ્પીડ ઓબ્જેક્ટ ભારતીય ક્ષેત્રમાંથી ઉડાન ભરી અને પાકિસ્તાની ક્ષેત્રમાં પ્રવેશ કરતા પડી હતી. બાબર ઈફ્તિખારે કહ્યું, 'મિસાઈલ પડવાને કારણે વિસ્તારોમાં થોડું નુકસાન થયું છે, પરંતુ તેમાં કોઈનું મોત થયું નથી.' ભારત તરફથી અત્યાર સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. મેજર જનરલ ઈફ્તિખારે જણાવ્યું કે, બુધવારે રાત્રે પંજાબના ખાનવાલ જિલ્લાના મિયાં ચન્નુ વિસ્તારમાં અજાણી વસ્તુ (મિસાઈલ) પડી હતી. આની જાણ થતાં જ પાકિસ્તાની વાયુસેનાએ સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. ભારતને કારણ પૂછવામાં આવ્યું હતું, તેમણે કહ્યું, 'મિસાઈલની ઉડાનથી પાકિસ્તાન અને ભારત બંનેમાં નાગરિકો જોખમમાં મૂકાયા છે. ભારતે જણાવવું જોઈએ કે તેનું કારણ શું છે, તે એક મોટી ઉડ્ડયન દુર્ઘટના બની શકે છે તે ૪૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પરથી પસાર થઈ રહ્યું હતું. પાકિસ્તાને એવો પણ દાવો કર્યો છે કે, આ મિસાઈલ ૨૬૦ કિ.મી.ની ઝડપે તેના ક્ષેત્રમાં આવી હતી. પાકિસ્તાન દ્વારા ભૂતકાળમાં પણ આવા અનેક દાવા કરવામાં આવ્યા હતા, જેમાં કોઈ દમ નથી, તે પોતે પણ આતંકવાદના કારણે FATFની ગ્રે લિસ્ટમાં ફસાઈ ગયો છે. મિસાઈલના દાવા પાછળનું બીજું કારણ લોકોનું ધ્યાન હટાવવાનું પણ માનવામાં આવે છે. કારણ કે, વધતી મોંઘવારી અને રાજકીય વિખવાદને કારણે વડાપ્રધાન ઈમરાનખાનની સરકાર આ સમયે તમામ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. વિપક્ષી પાર્ટીઓ સરકાર પર મોટા આરોપો લગાવી રહી છે.

અમેરિકામાં પેટ્રોલની કિંમત ૧૪ વર્ષમાં સૌથી ઊંચી સપાટીએ પહોંચી છતાંય ભારત કરતાં સસ્તી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

અમેરિકામાં ઈંધણની કિંમતો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે પરંતુ તે હજુ પણ ભારતમાં દરોની તુલનામાં ખૂબ ઓછી છે.૧૦ માર્ચે એક ગેલન પેટ્રોલની સરેરાશ કિંમત ૪.૩૧ ડોલર (અંદાજે રૂ.૩૨૯) હતી. આ અઠવાડિયે પેટ્રોલના ભાવ ૧૪ વર્ષમાં સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા હતા અને ૧૭ જુલાઈ, ૨૦૦૮ના રોજ ૪.૧૧ ડોલરના અગાઉના રેકોર્ડને તોડ્યો હતો. સરેરાશ ૫.૦૫ ડોલર પ્રતિગેલન કિંમતે ડીઝલ વધુ મોંઘુ છે, USમાં બળતણ ગેલનમાં નહીં પરંતુ લિટરમાં વેચાય છે. એક યુએસ ગેલન ૩.૭૮ લિટર બરાબર છે, જ્યારે યુકે ગેલન જેને ઈમ્પિરિયલ ગેલન તરીકે પણ ઓળખવામાં આવે છે તે ૪.૫૪ લિટરનું માપ લે છે. તેથી યુએસમાં એક લિટર પેટ્રોલ, યુએસ ગેલનને લિટર અને ડોલરને રૂપિયામાં રૂપાંતરિત કરવા માટે ૮૬.૯૭ રૂપિયા ખર્ચ થાય છે. ભારતમાં મહિનાઓથી જે ભાવે પેટ્રોલ વેચાઈ રહ્યું છે તેના કરતાં આ સસ્તું છે. મોટાભાગના ભારતીય શહેરોમાં પેટ્રોલના ભાવ કાં તો રૂ.૯૦ અથવા રૂ.૧૦૦થી વધુ છે. મુંબઈમાં કિંમત રૂ. ૧૦૯.૯૮ પ્રતિ લિટર છે, દિલ્હીમાં ૯૫.૪૧, ચેન્નાઈમાં રૂ.૧૦૧.૪૦ અને કોલકાતામાં રૂ.૧૦૪.૬૭. કેન્દ્ર સરકારે પેટ્રોલ પર પ્રતિ લિટર રૂ.૫ અને ડીઝલ પર રૂ.૧૦ પ્રતિ લિટર એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાની જાહેરાત કર્યા પછી ૪ નવેમ્બર, ૨૦૨૧થી કિંમતો સ્થિર છે. મોટાભાગની રાજ્ય સરકારોએ પણ સ્થાનિક સેલ્સ ટેક્સમાં ઘટાડો કર્યો છે. અમેરિકાની સરેરાશ કિંમત ભારતના દરો કરતાં ઓછી હોવા છતાં યુ.એસ.માં એવા સ્થાનો છે જ્યાં કિંમતો ભારત કરતાં સમાન અથવા તો વધારે છે. યુએસમાં પાંચ સૌથી મોંઘા બજારો (ગેલન દીઠ) લિટર અને રૂપિયામાં કન્વર્ટ કરીને, કેલિફોર્નિયામાં કિંમતો ૧૧૪.૮૨ નેવાડામાં ૯૮.૨૭, હવાઈમાં ૯૭.૦૬ રૂપિયા, ઓરેગોનમાં ૯૫.૨૫, વોશિંગ્ટનમાં ૯૪.૮૫ રૂપિયા છે. પરંતુ એવી જગ્યાઓ પણ છે જ્યાં પેટ્રોલ ભારત કરતા ક્યાંય સસ્તું છે. કેન્સાસમાં પેટ્રોલ સૌથી સસ્તું છે, જ્યાં કિંમત ૩.૮૧ ડોલર પ્રતિ ગેલન (રૂ. ૭૬.૮૮ પ્રતિ લીટર) છે. મિઝોરી અને ઓક્લાહોમામાં કિંમત ૩.૮૫ ડોલર પ્રતિ ગેલન (રૂ.૭૭.૬૯ પ્રતિ લિટર) છે.

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank

(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited)
CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road, Chetpet, Chennai-600031. TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
AUTHORIZED OFFICER – Himanshu Singh CONTACT NUMBER- 9621177755
AUTHORIZED OFFICER – Debjyoti Roy CONTACT NUMBER- 9874702021

ખાનગી કરારનામાં દ્વારા સરફેસી એક્ટ, ૨૦૦૨ની જોગવાઈ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

અધિકૃત અધિકારી દ્વારા સદરહુ એક્ટની કલમ ૧૩(૪) ના નીકળતા બાકી લેણાની વસુલાત સંદર્ભમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડનાં અધિકૃત અધિકારીએ મિલકતના તમામ ભાગ સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટના અધિનિયમ, ૨૦૦૨ (ધ સરફેસી એક્ટ, ૨૦૦૨) હેઠળ કબજો લીધો છે, **પ્લોટ નં.આઈ/૪૦ ક્ષેત્રફળ ૬૨.૨૨ ચો. યાર્ડ એટલે ૪૦ X ૧૪ ફીટ એટલે ૫૬૦ ચો.ફુટ એટલે ૫૨.૯૩ ચો.મી. અને ૧૪૦.૦૯ ચો.મી. બાંધકામ, "ઓરોવિલ સોસાયટી", રેવન્યુ સર્વે નં. ૭૪ પૈકી, ટી.પી. સ્કીમ નં.૬ (ખટોદરા-મજુરા), ફાઈનલ પ્લોટ નં. ૨૪(૨૩) મોજે ગામ મજુરા, સુરત, ગુજરાત-૩૯૫૦૦૩. ("સુરક્ષિત મિલકત") જેનો લોન ખાતા નં. ૧૪૨૯૩૩૬૨ જે ૧. કૃષ્ણા મોબાઈલ અને ૨. શ્રી બાબુભાઈ જાદવભાઈ ગોયાણી, ૩. શ્રી જતીનકુમાર બાબુભાઈ ગોયાણી (કરજદારો)** ધરાવતા મિલકતના તમામ ભાગ અને હિસ્સા કે જે અધિકૃત અધિકારીએ ખરીદનાર પાસેથી સરફેસી અધિનિયમ હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ મિલકત અન્ય દ્વારા ખરીદ કરવા રસ દર્શાવ્યો છે. અધિકૃત અધિકારી દ્વારા સલામતીના હિત માટે સરફેસી એક્ટ (એન્ફોર્સમેન્ટ) ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ મુજબ ની શરત હેઠળ મિલકતના વેચાણ અંગેની નોટીસ આપવામાં આવી રહી છે. 'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે' તે મુજબ વેચાણ કરવાના રહેશે.

ખાનગી સંધિ હેઠળ વેચાણની તારીખ ૩૧.૦૩.૨૦૨૨ નિર્ધારિત કરેલ છે અને મિલકતના વેચાણ માટે નક્કી કરેલ અનામત કિંમત રૂા.૪૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાલીસ લાખ પુરા)

અહી કરજદાર અને સહ-કરજદાર નોટીસ દ્વારા બાકી રકમ રૂ. ૭૨,૯૧,૦૧૦.૨૨/- તા. ૩૧.૦૩.૨૦૨૨ પહેલા વ્યાજ અને ખર્ચ સહિત રકમ ચુકવવા સુચિત કરવામાં આવે છે અને જો રકમ ચુકવવામાં નિષ્ફળ થશે તો મિલકતનું ખાનગી સંધિ દ્વારા વેચાણ કરવામાં આવશે.

તારીખ : ૧૨-૦૩-૨૦૨૨ **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**

STL

STERLITE TECHNOLOGIES LIMITED
Registered Office : 4th floor, Godrej Millennium, Koregaon Road, 9, STS 12/1, Pune, Maharastra-411 001, India
CIN : L31300PN2000PLC202408, Phone : +91-020-3051 4000, Fax: +91-020-30514113,
Website : www.sti.tech, Email id : secretarial@sti.tech

NOTICE is here by given that following share certificates of face value Rs.2/- of the Compeny as per details given hereunder have been reported LOST/MISPLACED and if no OBJECTION is recived within 15 days from the date of publication of this notice. we shall consider issue of Duplicate Share Certificates thereof.

SL No.	Shareholder name	follo no.	cert no.	no. of shares	Dist. nos.
1.	ABDUL REHMAN SHAIKH MOHMED KHALID SHAIKH	A22718	180965	500	156814954-156815203 318449209-318449458

Place : Ahmedabad For sterlite Technologies Limited
Date : 11/3/2022 Company Secretary

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank

(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited)CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
AUTHORIZED OFFICER –Satyendra Maurya CONTACT NUMBER- 8306001848
AUTHORIZED OFFICER – Debjyoti Roy CONTACT NUMBER- 9874702021

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઇનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** તા.૩૧-૦૩-૨૦૨૨ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઇનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ** www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

	(i)	(ii)	(iii)	(iv)	(v)	(vi)
ક્રમ	ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	દેણદાર(રો) અને સહદેણદાર(રો)નાં નામ	મિલકતનું સરનામું	રિઝર્વ કિંમતની રકમ	ઈએમડી રકમ	હરાજીની તારીખ અને સમય
૧	રૂા. ૫૦,૫૬,૬૯૭.૪૧/- ૧૧-૧૧-૨૦૧૯	અશ્વિનભાઈ વશરામભાઈ ભુત અને રવિ અશ્વિનભાઈ ભુત	પ્લોટ નં. ૧૧, ૧૨, પટેલ નગર, ગામ , તાલુકો કામરેજ, જિ. સુરત, સુરત- ગુજરાત-૩૯૪૧૮૦.	૪૧,૨૮,૨૬૪/-	૪,૧૨,૮૨૬.૪/-	૩૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૨	રૂા. ૪૨,૬૫,૯૨૦.૯/- ૨૪-૦૧-૨૦૨૦	શ્રી ગૌરાંગ પી સાવલીયા, શ્રીમતી આશિકા ગૌરાંગ સાવલીયા અને શ્રી નિરવ પ્રવિણભાઈ સાવલીયા	મિલકતના તમામ ભાગ અને હિસ્સા સ્થાવર મિલકતનો સમાવેશ થાય છે, જેમાં ફ્લેટ નં. બી/૧૦૩, પ્રથમ માળે ક્ષેત્રફળ ૧૫૦૧ ચો. ફૂટ, ૧૩૯.૪૯ ચો. મી. સુપર બિલ્ટ અપ એરિયા અને ૯૧૨.૮૮ ચો. ફૂટ. એટલે કે ૮૪.૮૪ ચો. મી. જમીનની અવિભાજિત હિસ્સા રોડ અને સીપી સાથે જેનું રેવન્યુ સર્વે નં. ૩૩૬, ૩૫૭, ૩૫૮, ૩૫૯, બ્લોક નં. ૩૪૧, ટીપી સ્કીમ ૨૫ (મોટા વરાછા) ઓરીજનલ પ્લોટ નં. ૩૧, ફાઈનલ પ્લોટ નં. ૩૧ ક્ષેત્રફળ ૧૦૫૮૬ ચો. મી. તેના પર આવેલ "શિવધારા કેમ્પસ, બિલ્ડીંગ નં. બી" મોજે મોટા વરાછા, સુરત શહેર, ચતુર્સીમા : ઉત્તરઃ મકાન નં. એ, દક્ષિણઃ રોડ, પૂર્વઃ રોડ અને પશ્ચિમઃ બ્લોક નં. ૩૪૦	૩૧,૫૨,૧૦૦/-	૩,૧૫,૨૧૦/-	૩૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૩	રૂા. ૪૮,૫૪,૭૪૪.૨૬/- ૧૧-૦૪-૨૦૨૧	શ્રી ગુણવંતીભાઈ ભાણજીભાઈ પટેલ, શ્રીમતી સરસ્વતીબેન ગુણવંતભાઈ પટેલ અને જોગ મિયા ટીમ્બર માર્ટ	પ્લોટ નં. એ-૧૦૨નો તે તમામ ભાગ અને હિસ્સા, ક્ષેત્રફળ૧૬.૬૫ X ૬.૪૦ એટલે ૧૦૬.૫૩ ચો.મી., સાથે ૫૯.૩૮ ચો. "શાંતિનિકેતન બંગ્લોઝ" જમીનની અવિભાજિત હિસ્સા રોડ અને ખુલ્લી જમીન, બ્લોક નં.૫૪ ક્ષેત્રફળ ૩૩૪૮૮ ચો.મી.. મોજે ગામ કડોદરા, તાઃ પલસાણા જિલ્લોઃ સુરત, અને સીમાઃ પૂર્વઃ રોડ, પશ્ચિમઃ સર્વે નં., ઉત્તરઃ પ્લોટ નં. એ-૧૦૩ અને દક્ષિણઃ પ્લોટ નં. એ-૧૦૧	૩૩,૨૦,૫૨૦/-	૩,૩૨,૦૫૨/-	૩૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

તા.: ૧૨.૦૩.૨૦૨૨ અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
સ્થળ : ગુજરાત (અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઇનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

ચાર રાજ્યોમાં ભવ્ય જીત હાંસલ કર્યા બાદ બે દિવસની ગુજરાતની મુલાકાતે આવેલ વડાપ્રધાને એક પ્રકારે ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંક્યું !

વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતે : ભવ્ય રોડ-શો યોજી ભાજપની જીતની ઉજવણી કરી

એરપોર્ટથી ભાજપ મુખ્યાલય કમલમ્ સુધીના રોડ-શોમાં ઠેર-ઠેર સ્વાગતની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો થકી વડાપ્રધાનને આવકારાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૧

પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામમાં ભવ્ય જીત હાંસલ કર્યા બાદ ગુજરાત આવી પહોંચેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીનો એરપોર્ટથી ભાજપ મુખ્ય કાર્યાલય કમલમ સુધી ભવ્ય રોડ-શો યોજાયો હતો. જેમાં ત્રણથી ચાર લાખ લોકો ઉમટી પડ્યાનો ભાજપના દાવા સામે ઓછી સંખ્યામાં લોકો જોવા મળ્યા હતા. રોડ-શોમાં ઠેર-ઠેર સ્વાગતની સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોથી વડાપ્રધાનને વધાવવામાં આવ્યા હતા. ૧૦ માર્ચે જાહેર થયેલા પાંચ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ચાર રાજ્યોમાં ભાજપની જીત થઈ છે ત્યારે આ જ વર્ષે ચૂંટણી યોજાવાની છે ગુજરાતમાં પીએમ મોદીએ આજે વિશાળ રોડ શો કર્યો હતો. પીએમ ગુજરાતના બેદિવસના પ્રવાસે છે. તેઓ આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં અમદાવાદ આવી પહોંચ્યા હતા, અને એરપોર્ટ પરથી જ તેમનો રોડ શો શરુ થયો હતો જે કમલમ સુધી ચાલ્યો હતો. પીએમના રોડ શોમાં તેમની સાથે ખૂલ્લી જીપમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પક્ષના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ પણ જોડાયા હતા. પીએમના રોડ શોમાં સામેલ થવા ગુજરાતભરમાંથી ભાજપના કાર્યકર્તાઓ અમદાવાદ પહોંચ્યા હતા. ભાજપના દાવા અનુસાર, એરપોર્ટથી કમલમ સુધી યોજાયેલા આ રોડ શોમાં ચાર લાખ લોકો ઉમટી પડ્યા હતા. રુટ પર ઠેર-ઠેર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને દરેક વિધાનસભા બેઠકના નામ સાથે સ્ટેજ પણ ઉભા કરવામાં આવ્યા હતા. પીએમે પણ ગરમી હોવા છતાંય ખૂલ્લી જીપમાં જવાનું પસંદ કરીને રોડ શોમાં હાજર રહેલી જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું. બે કલાક સુધી ચાલેલા રોડ શો બાદ પીએમ મોદી પક્ષના પ્રદેશ મુખ્યાલય કમલમ પહોંચ્યા હતા, જ્યાં તેમનું નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કમલમ ખાતે જ પીએમના ભોજન ઉપરાંત નેતાઓ સાથે વિશેષ ચર્ચાનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પોતાના બે દિવસના રોકાણ દરમિયાન પીએમ મોદી રાત્રે રાજભવનમાં રોકાયા હતા. તેઓ આજે જીએમડીસી ગ્રાઉન્ડમાં ગુજરાત પંચાયત મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ પંચાયતના પ્રમુખ, સભ્યો અને સરપંચોએ ભાગ લીધો હતો. ગુજરાતમાં પણ હવે ચૂંટણી ખાસ દૂર નથી રહી. જો ચૂંટણી સમયસર યોજાય તો ડિસેમ્બરની આસપાસ તેનું આયોજન શક્ય છે. યુપીમાં ભાજપને મોટી જીત મળ્યા બાદ ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાય તેવી ચર્ચા શરૂ થઈ છે. જો કે, ભાજપના મોવડી મંડળના મનમાં શું ચાલી રહ્યું છે તે કોઈ નથી જાણતું. તેવામાં પીએમ મોદીએ દેશભરમાં યુપીના પરિણામોની ચર્ચા છે તેવા સમયે જ અમદાવાદમાં ભવ્ય રોડ શો કરીને એક રીતે રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પ્રચારનો આરંભ કરી દીધો છે.

રાજ્યની ખાનગી-ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોને પોતાની રીતે પ્રશ્નપત્રો કાઢવાની મંજૂરી

અગાઉ તમામ સ્કૂલોની સમાન પ્રશ્નપત્રોના આધારે પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજ્યની ખાનગી અને ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો પોતાની રીતે કાઢવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ રાજ્યની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોના ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા સમાન પ્રશ્નપત્રોના આધારે લેવાનો નિર્ણય કરાયો હતો. જોકે, આ નિર્ણય સામે પેપર લીક સહિતના મુદ્દાઓને લઈને સંચાલકો દ્વારા શિક્ષણ વિભાગમાં રજૂઆતો કરવામાં આવી હતી. જેના પગલે હવે ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલો પોતાની રીતે પ્રશ્નપત્ર કાઢી પરીક્ષા લઈ શકે તેવો નિર્ણય કરાયો છે. જોકે, કોઈ સ્કૂલ સમાન પરીક્ષામાં જોડાવવા માંગતી હોય તો તે પોતાની રીતે નિર્ણય લઈ જોડાઈ શકે તેવો પણ નિર્ણય કરાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની પ્રાથમિક સ્કૂલોના ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓની દ્વીતીય સત્રાંત એટલે કે વાર્ષિક પરીક્ષાને લઈને સુચનાઓ બહાર પાડવામાં આવી હતી. જેમાં રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સમાન પ્રશ્નપત્રોથી કરવા માટેનો નિર્ણય લેવાયો હતો. સમાન કસોટીમાં ગુજરાતી પ્રથમ ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયની સમાન કસોટીઓ અમલી કરવાનું આયોજન કરાયું હતું. જ્યારે બાકીના વિષયોની કસોટી ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક સ્કૂલો પોતાની રીતે સ્વૈચ્છિક લઈ શકશે, તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રાથમિક સ્કૂલોની કસોટી ૧૮ એપ્રિલથી શરૂ કરવામાં આવનાર છે, અને ૨૮ એપ્રિલ સુધી ચાલશે તેમ પણ જણાવાયું હતું. આમ, પ્રાથમિક સ્કૂલોની પરીક્ષા સમાન પ્રશ્નપત્રોના આધારે લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હોઈ સંચાલકોમાં વિરોધ શરૂ થયો હતો અને આ મુદ્દે સંચાલકોએ શિક્ષણ વિભાગમાં રજૂઆતો પણ કરી હતી. સંચાલકોના મત મુજબ, પેપર લીક તેમજ પરીક્ષા પહેલા જ સોલ્યુશન સાથેના પેપરો ફરતા થઈ જતાં હોવાની ફરિયાદો વચ્ચે સમાન પ્રશ્નપત્રોના આધારે પરીક્ષા લેવામાં આવે તો ફરી પેપર લીક સહિતના પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. જેથી પ્રાથમિક વિભાગમાં ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં સમાન પ્રશ્નપત્રોના આધારે પરીક્ષા ન લેવામાં આવે અને સંચાલકોને પ્રશ્નપત્રો કાઢવાની છુટ આપવામાં આવે તેવી માંગણી કરાઈ હતી. દરમિયાન સંચાલકોની માગણીના પગલે જીસીઈઆરટીના નિયામક અને પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સંયુક્ત રીતે પરિપત્ર બહાર પાડી ધોરણ-૩થી ૮ની વાર્ષિક પરીક્ષાના સમાન પ્રશ્નપત્ર અંગે નવો નિર્ણય લીધો છે. જેમાં ૧૮ એપ્રિલથી શરૂ થતી ધોરણ-૩થી ૮ની પરીક્ષા માટે ખાનગી સ્કૂલો તેમજ ગ્રાન્ટેડ સ્કૂલોએ પોતાની રીતે પ્રશ્નપત્રો તૈયાર કરીને પરીક્ષા લેવાની રહેશે. જો કોઈ શાળા ઈચ્છે તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી અથવા શાસનાધિકારીનો સંપર્ક કરીને સમાન પરીક્ષામાં જોડાઈ શકે છે. આ નિર્ણય ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલો માટે છે, સરકારી સ્કૂલો માટે અગાઉના નિયમો જ યથાવત રહેશે.

કચ્છમાં જમીન વિવાદમાં ૯ લોકોની હત્યા કરાઈ હતી

૨૧ વર્ષના જેલવાસ બાદ ૫૩ વર્ષીય દોષિત હવે તેની સજાને પડકારશે

અમદાવાદ, તા.૧૧

૨૧ વર્ષ જેલમાં રહ્યા અને આજીવન કેદની સજા ફટકાર્યાના ૧૪ વર્ષ બાદ હત્યાનો દોષિત આ ચુકાદાને પડકારતી અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરશે. કચ્છના નાની રાવ ગામના વતની ૫૩ વર્ષીય જેસલ ધના કોળીને જુલાઈ ૨૦૦૧માં એક પરિવારના ૯ સભ્યોની હત્યા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો. પરંતુ એ સમયે ગરીબીના કારણે તેની પાસે આગળ કેસ લડવા માટેના સાધનો નહોતા. જેસલ સહિત કેસના ૨૦ દોષિતોએ ટ્રાયલ કોર્ટના આદેશ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. ટ્રાયલ કોર્ટે સામૂહિક હત્યા બદલ ૨૬ દોષિતોને આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારે આ દોષિતોને સુપ્રીમ કોર્ટે અરજી કરવાનો નિર્દેશ આપ્યો હતો. જેસલનો જેલવાસ હજી ચાલુ જ છે ત્યારે કેસના ૧૪ દોષિતોને ૨૧ વર્ષની સજા કાપ્યા બાદ જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટે ગત અઠવાડિયે જ તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. દોષિતોના વકીલ નરેન્દ્ર જૈનના જણાવ્યા અનુસાર, નાની રાવ ગામમાં જમીન બાબતે ગઢવી પરિવાર અને કોળી સમાજના સભ્યો વચ્ચે ઝઘડો થયો હતો. જેના પગલે ૧૩ જુલાઈ ૨૦૦૧ના રોજ ૯ લોકોની હત્યા થઈ હતી. ૧૦ મહિલાઓ સહિત કોળી સમાજના કુલ ૪૮ સભ્યો સામે ભૂજની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી. કોર્ટે ત્રણ મહિલાઓ સહિત ૨૫ લોકોને હત્યાના દોષી માનીને ૨૦૦૮માં આજીવન કેદની સજા સંભળાવી હતી. દોષિતોમાંથી ૨૪ જણાંએ સજાના ચુકાદાને પડકારતી અરજી કરી હતી અને રાજ્ય સરકારે દોષિતોને મુક્ત કરવાનો વિરોધ કરતી અરજી કરી હતી. ૨૦૧૫માં ગુજરાત હાઈકોર્ટે નીચલી અદાલતના ચુકાદાને માન્ય રાખ્યો અને છોડી મૂકાયેલી એક મહિલા પણ દોષી હોવાનું સાબિત થતાં તેને આજીવન કેદની સજા સંભળાવી. અહીં ગરીબીના કારણે જેસલ દાવો ના કરી શક્યો, તેમ તેના વકીલે જણાવ્યું. કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યાં સુધીમાં પાંચ દોષિતોનાં મોત થયા હતા. ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે ચાર દોષિત મહિલાઓ અને બે પુરુષોને છોડી મૂક્યા હતા. જ્યારે બાકીના ૧૪ દોષિતોને તાજેતરમાં જ જામીન મળ્યા છે. વકીલે કહ્યું, "તેઓ બે દશકાથી જેલમાં બંધ હતા.

લોકલાડીલા યશસ્વી વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદીને

આવકારવા પધારેલા લાખો લોકોની જનમેદની ગુજરાતનો અતૂટ પ્રેમ અને આશીર્વાદ દર્શાવે છે, ભવ્યાતિભવ્ય રોડ-શોને સફળ બનાવવા માટે જનતા જનાર્દનનો

ખૂબ ખૂબ આભાર

સૌનો સાથ । સૌનો વિકાસ । સૌનો વિશ્વાસ । સૌનો પ્રયાસ

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ